૨૦૩ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 57 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન સુદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 March 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૮ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


## નારી શક્તિ જીંદાબાદ !!!

સ્ત્રી - શક્તિ, સાહસ અને સપનાની યાત્રી



FORAM WORLDWIDE®
#ChaloForamKeSang
ફોરમ વર્લ્ડવાઈડ
(દુનિયા ના શ્રેષ્ઠ સ્થળો ની ટુરો)

INTERNATIONAL
Women's Day

Heena® TOURS & TRAVELS
DOMESTIC & INTERNATIONAL
હિના ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
(ભારત ની સુંદરતા - વિવિધતા ની ટુરો)

પ્રથમ પગલું હોય કે દૂરસ્થ મંજિલ, સફર દરેક સ્ત્રી માટે નવી શોધ છે – પોતાની, દુનિયાની અને નવાં અનુભવોની!

સહર્ષ રજુ કરે છે

## 'શક્તિ સ્વરૂપા' સ્પેશીયલ ટુરો

માત્ર ટુર નહી .. પણ ઉત્સવ ..

મહિલા મુસાફરી માટે વિશેષ ટુરો, જ્યાં તમારી સાથે રહેશે અનન્ય અનુભવ, આરામદાયી મુસાફરી, ધમાલ, મસ્તી, જ્ઞાન, કૌશલ્ય, આનંદ, પ્રમોદ અને અઢળક અનુભવો સાથે યાદગાર ટુરો નો પ્રવાસ - સાથે તમારી કિંમતી સમય તમારા પોતા ને આપો, તમારી અંદર રહેલી ક્ષમતા ઓની વિકાસ કરો, તમારી અંદરની સુંદરતાની ઉજવણી કરી સમય ને યાદગાર બનાવીએ

**+91 81040 68685 | 98339 98338**

હાલ તમારે અને તમારા મિત્રો - સંબંધીઓ એ ઉપરના WhatsApp નંબર પર તમારૂ નામ - ઉંમર - શહેર નું નામ લખીને રેજીસ્ટ્રેશન કરવાનું છે, ત્યાર બાદ અમે જાહેર કરશું દર મહિને 3 થી 20 દિવસની ટુરો

HEAD OFFICE : ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. OPP. JAIN MANDIR. MUMBAI

FORAMWORLDWIDE.COM | HEENATOURS.IN | FOLLOW US ON

# કેન્દ્રની લખપતિ દીદી યોજના હેઠળ ગુજરાતમાં દોઢ લાખ જેટલી મહિલાઓની આવક એક લાખે પહોંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશની મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩માં 'લખપતિ દીદી' યોજના શરૂ કરવામાં આવી હતી. ૨૦૨૭ સુધીમાં ૩ કરોડ મહિલાઓને આર્થિક રીતે સક્ષમ બનાવવાનો આ યોજનાનો ઉદ્દેશ છે. ગુજરાતની મહિલાઓને આ યોજનાનો બહોળો લાભ મળે તે માટે વ્યાપક પ્રયાસો કરવામાં આવ્યા છે. અત્યારે રાજ્યમાં ૧ લાખ ૫૦ હજાર જેટલી મહિલાઓની આવક એક લાખથી વધુ સુધી પહોંચી છે

વડા પ્રધાન મોદીએ ૨૦૨૪માં કહ્યું હતું કે, લખપતિ દીદી યોજના સમગ્ર દેશમાં મહિલાઓને સશક્ત બનાવવાનું એક મુખ્ય માધ્યમ બની રહી છે. સ્વ-સહાય જૂથો સાથે સંકળાયેલી આપણી માતાઓ, બહેનો અને પુત્રીઓ વિકસિત ભારતના નિર્માણમાં એક મજબૂત કડી છે. સમગ્ર દેશમાં ૩ કરોડ લખપતિ દીદીના લક્ષ્યાંક સામે ગુજરાત ૧૦ લાખ લખપતિ દીદીના લક્ષ્યાંક તરફ આગળ વધી રહ્યું છે.

આ યોજના સ્વસહાય જૂથો સાથે સંકળાયેલી ગ્રામીણ મહિલાઓને વ્યવસાય શરૂ કરવા માટે મદદરૂપ બને છે જેથી તેમની વાર્ષિક આવક એક લાખથી વધુ થઇ શકે. મહિલાઓ કૃષિ, પશુપાલન, હસ્તકળા અને અન્ય સ્થાનિક ક્ષેત્રોમાં વ્યવસાય શરૂ કરી શકે છે. તેના માટે સરકાર દ્વારા તાલીમ, આર્થિક સહાય અને બજાર સાથે જોડાણની સુવિધા આપવામાં આવે છે જેથી તેમની આવકમાં વધારો થઇ શકે. કેન્દ્ર સરકારની ગાઈડલાઈન અનુસાર લખપતિ દીદી માટે નીચેની વિગત અનુસાર આવક ગણતરી કરવામાં આવે છે.

ગુજરાતમાં ૭,૯૮,૩૩૩ મહિલાઓની આ યોજના અંતર્ગત નોંધણી કરવામાં આવી છે. તેમાંથી ૭,૬૬,૭૪૩ મહિલાઓ કૃષિ આધારિત રોજગારમાં સંકળાયેલી છે અને અન્ય મહિલા બિન-કૃષિ ક્ષેત્રો જેવા કે હસ્તકળા, ઉત્પાદન, સેવાઓ અને અન્ય નાના વ્યવસાયોમાંથી આવક મેળવી રહી છે.

નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લામાં ૧,૦૬,૮૨૩ મહિલાઓની ઓળખ કરવામાં આવી છે અને ૩૦,૫૨૭ મહિલાઓની આવક એક લાખથી વધુ થઇ ગઇ છે.

# ગુજરાતમાં ૧૮ હજાર ગામોને જમીન રિ-સર્વેની કામગીરીમાં આવરી લેવાયાંઃ ૩૩ જિલ્લાઓમાં કાર્ય હાથ ધરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં ચર્ચા દરમિયાન અરવલ્લી, સાબરકાંઠા અને છોટા ઉદેપુર જિલ્લામાં જમીન રી સરવેની કામગીરી અંગે પૂછવામાં આવેલા સવાલનો જવાબ આપતાં સરકારે કહ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં જમીન રી સરવે અંગે અરવલ્લીમાં જિલ્લામાં ૨૫૧૯ અને સાબરકાંઠા જિલ્લામાં ૬૩૫૮ અરજીઓ આવી હતી. તે પૈકી અરવલ્લી જિલ્લામાં ૧૨,૧૯૧ અરજીઓનો તથા સાબરકાંઠા જિલ્લામાં ૨૨,૨૨૬ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. જે અરજીઓ પેન્ડિંગ છે તે ગામોના કલસ્ટર બનાવી માઈક્રો પ્લાનિંગથી અરજીઓના નિકાલની કામગીરી પ્રગતિમાં છે.

મુખ્ય પ્રધાન વતી સવાલનો જવાબ આપતાં ઉદ્યોગ પ્રધાન બળવંતસિંહ રાજપૂતે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, સમગ્ર રાજયમાં મહેસૂલ વહીવટ સંગીન બનાવવો અને જમીન દફતર અદ્યતન કરવું. એસ.આર.એ. એન્ડ યુ.એલ.આર. યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૯-૧૦ થી પ્રથમ તબક્કામાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે જામનગર જિલ્લામાં ખેતીની જમીનોની આધુનિક સાધનો દ્વારા માપણી કરી અદ્યતન રેકર્ડ તૈયાર કરવાની કામગીરીનો આરંભ કરવામાં આવ્યો હતો.

ઉદ્યોગપ્રધાને કહ્યું હતું કે, રાજ્યના ૩૩ જિલ્લામાં ૨૭૨ તાલુકા, ૧૮,૭૨૩ ગામ માટે રી સરવેની કામગીરી નક્કી કરવામાં આવ્યું હતું જે પૈકી ૧૮,૦૪૬ ગામો રી સરવે કામગીરી હેઠળ આવરી લેવાયા હતા. જે પૈકી ૧૮,૦૩૫ ગામોમાં માપણી કામગીરી પૂર્ણ થઈ છે. છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ-૨૦૧૭ થી વર્ષ-૨૦૨૨ અંતિત ૪,૪૪૯ અરજીઓ આવેલ જેમાંથી ૩,૨૩૩ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યા છે.

ત્યારબાદ વર્ષ- ૨૦૨૩ તથા ૨૦૨૪માં નવી ૧,૩૦૫ અરજીઓ આવેલ તથા તે બે વર્ષના સમયગાળામાં ૩૪૫ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. વર્ષ-૨૦૧૭ થી વર્ષ-૨૦૨૪ અંતિત કુલ ૪,૭૫૪ અરજીઓ આવેલ તેમાંથી ૩,૫૭૮ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. જમીન રિ-સરવેની કામગીરી પારદર્શી રીતે અને ભૂલો વગરની થાય તે માટે રાજ્ય સરકારે રાજ્યમાં જમીનોની રિ-સરવે કામગીરી સને ૨૦૦૯-૧૦થી શરૂ કરી તબક્કા વાર તમામ ૩૩ જિલ્લામાં આ કામગીરી આવરી લેવામાં આવી છે.

# ગુજરાતનો વ્યાજ ખર્ચ ઘટીને ૧૧.૨૧ ટકા નોંધાયો

## મહેસૂલી અને મૂડી ખર્ચનો ગુણોત્તર અન્ય રાજ્યો કરતાં ઓછો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અંદાજપત્રના અંતિમ દિવસની સામાન્ય ચર્ચામાં નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતની અર્થવ્યવસ્થા છેલ્લા બે દાયકાથી પૂરવેગે વિકસી રહી છે. છલ્લા એક દાયકામાં જ સરેરાશ ૮.૨ ટકા જેટલા ઊંચા વિકાસ દર સાથે ગુજરાત સતત આગળ વધી રહ્યું છે. નાણાકીય શિસ્ત અને માળખાગત વિકાસ સાથે ગુજરાતને સુશાસન સૂચકાંકમાં દેશભરમાં પ્રથમ ક્રમ મળ્યો છે. નીતિ આયોગે વર્ષ-૨૦૨૫માં જાહેર કરેલા રાજકોષીય શિસ્ત સૂચકાંકમાં પણ ગુજરાત રાજ્યને ''એચિવર્સ''નો દરજજો મળ્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૧૨-૧૩ થી વર્ષ ૨૦૨૨-૨૩ના દાયકામાં ગુજરાતના કુલ જીએસડીપી સામે દેવામાં ૪.૫ ટકાનો ઘટાડો થયો છે. જે ભારતનાં મોટા રાજ્યોમાં સૌથી વધુ ઘટાડો છે. આ ઉપરાંત ગુજરાતનો મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચનો ગુણોત્તર ૨.૯ છે, જે ભારતનાં તમામ મોટાં રાજ્યોમાં સૌથી ઓછો છે. ભારતના અન્ય રાજ્યોમાં આ ગુણોત્તર સરેરાશ ૫.૧ જેટલો ઊંચો છે.

નાણાપ્રધાને કહ્યું હતું કે, ૧૩માં નાણાપંચની ભલામણ મુજબ વ્યાજનો ખર્ચ મહેસૂલી આવકના પ્રમાણમાં ૨૦ ટકાથી અંદર રહેવો જોઇએ. જે અન્વયે વર્ષ ૨૦૨૪-૨૫ના સુધારેલા અંદાજ પ્રમાણે ગુજરાતની મહેસૂલી આવકના પ્રમાણમાં વ્યાજનો ખર્ચ કુશળ નાણાકીય વ્યવસ્થાપનના પરિણામે ઘટીને માત્ર ૧૧.૨૧ ટકા જ થયો છે. વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં આ વ્યાજ ખર્ચને ઘટાડીને ૧૦.૯૮ ટકા સુધી સીમીત રાખવાનો અંદાજ છે.

વેરા રાહતો અંગે તેમણે કહ્યું હતું કે, વડીલોપાજીર્ત મિલકતમાં અવસાન પામેલી પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતાં હક કમીના લેખ પર પ્રવર્તમાન ૪.૯૦ ટકા સ્ટેમ્પ ડ્યૂટીના બદલે હવે ફક્ત રૂ. ૨૦૦ની સ્ટેમ્પ ડ્યુટીની જ ભરપાઇ કરવાની રહેશે. અત્યારે એક કરોડ રૂપિયા સુધીની લોનની રકમ માટેના 'ગીરોખત' પર લગભગ ૦.૨૫ ટકા લેખે મહત્તમ રૂ. ૨૫,૦૦૦ની સ્ટેમ્પ ડયૂટીને બદલે હવે મહત્તમ રૂ.૫,૦૦૦ની સ્ટેમ્પ ડ્યૂટી જ ભરપાઇ કરવાની રહેશે.

હાલ એક વર્ષ કરતાં ઓછા સમયગાળાના ભાડાપટ્ટાના લેખ પર સરેરાશ વાર્ષિક ભાડાની રકમ પર ૧ ટકા સ્ટેમ્પ ડ્યૂટી ભરવાની જોગવાઇ છે. જેના સ્થાને હવેથી રહેણાક માટે રૂ. ૫૦૦ તથા વાણિજ્ય માટે રૂ.૧૦૦૦ની સ્ટેમ્પ ડ્યૂટી જ ભરવાની રહેશે. આ ઉપરાંત નાગરિકોને હવે ગીરોખત, ગીરોમુક્તિ લેખ અને ભાડાપટ્ટા લેખ કરવા માટે સબ-રજિસ્ટ્રાર કચેરીઓમાં જવાને બદલે, ઘરે બેઠા ઇ-રજિસ્ટ્રેશનની સુવિધા પૂરી પાડવામાં આવશે.

# હોળી-ધુળેટીના પર્વ પર એસ.ટી નિગમ પાંચ દિવસ માટે અમદાવાદથી ૮૨૦ એક્સ્ટ્રા બસ દોડાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી દિવસોમાં આવી રહેલા હોળી-ધૂળેટીના પર્વમાં મોટી સંખ્યામાં લોકો પોતાના વતનની વાટ પકડતા હોય છે. ખાસ કરીને દાહોદ, ગોધરા, છોટા ઉદેપુર, પંચમહાલ જતાં મુસાફરોની સંખ્યા વધુ હોય છે. જેના પરિણામે દર વર્ષે એસ.ટી. નિગમ દ્વારા એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવે છે. આ વર્ષે પણ અમદાવાદથી ૮૨૦ જેટલી એક્સ્ટ્રા બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

હકીકતમાં ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમ દ્વારા હોળી-ધુળેટીના તહેવારના ધ્યાનમાં રાખીને આગામી ૯ માર્ચ થી ૧૩ માર્ચ, ૨૦૨૫ એમ ૫ દિવસ દરમિયાન ડાકોર, દાહોદ, ઝાલોદ, ફતેપુરા, બારીયા અને છોટા ઉદેપુર જતાં મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે અમદાવાદ સેન્ટ્રલ બસ સ્ટેશન, બોપલ સ્થિત વકીલ બ્રિજ અને ઓઢવ રિંગ રોડ પરથી ૮૨૦ જેટલી એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે દાહોદ, ગોધરા, છોટા ઉદેપુર, પંચમહાલ જેવા જિલ્લામાંથી અનેક લોકો નોકરી અને વેપાર-ધંધા માટે અમદાવાદમાં આવીને વસ્યા છે. જેઓ હોળી-ધુળેટીના તહેવાર માટે ખાસ પોતાના વતન જતા હોય છે.

## સમૃદ્ધ ગુજરાતમાં ૫.૪૦ લાખ બાળકો કુપોષિત

# કુપોષણ દૂર કરવા બે વર્ષમાં ૫૧૦ કરોડનો ખર્ચ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારની વર્ષોથી અનેક યોજનાઓ છતાં ગુજરાતમાં જાન્યુઆરી-૨૦૨૫ની સ્થિતિએ ૫,૪૦,૩૦૩ બાળકો કુપોષિત હોવાની માહિતી વિધાનસભામાં આપવામાં આવી હતી. જેમાં વય સામે ઓછા વજનવાળાં અને અતિ ઓછા વજનવાળાં બાળકોનો સમાવેશ થાય છે. રાજ્યના ૧૨ જિલ્લામાં જ ૧.૯૩ લાખ બાળકો કુપોષિત છે. જો કે મહિલા અને બાળ કલ્યાણ વિભાગે જવાબમાં જણાવ્યું હતું કે, જાન્યુઆરી-૨૦૨૩ની સરખામણીમાં ૨૦૨૪માં કુપોષિત બાળકોની સંખ્યામાં ૧.૫૧ લાખનો ઘટાડો થયો છે.

વિધાનસભામાં કૉંગ્રેસના ધારાસભ્યો દ્વારા વિવિધ જિલ્લાઓમાં કેટલાં બાળકો કુપોષિત છે તે અંગે સવાલ પૂછવામાં આવ્યા હતા. જેના લેખિત જવાબમાં વિભાગે જણાવ્યું હતું કે, કુપોષણને દૂર કરવા માટે સરકારે બે વર્ષમાં ૫૧૦ કરોડનો ખર્ચ કર્યો છે. જેમાં ૨૦૨૩-૨૪માં ૨૬૪ કરોડ અને ૨૦૨૪-૨૫માં ૨૪૫ કરોડની રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેમાં તમામ આંગણવાડી કેન્દ્રોમાં ત્રણથી છ વર્ષ સુધીનાં બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ગરમ ભોજન આપવામાં આવે છે. તે ઉપરાંત સપ્તાહમાં બે દિવસ ફળ સહિત અન્ય ભોજન સામગ્રી પણ આપવામાં આવે છે.

વિવિધ જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યા લગભગ તમામ તાલુકામાં છે. જેમાં સૌથી વધુ બનાસકાંઠા જિલ્લામાં ૪૨,૪૧૯, પંચમહાલ જિલ્લામાં ૩૫,૨૪૨, સાબરકાંઠા જિલ્લામાં ૨૧,૪૭૨ બાળકો, અરવલ્લીમાં ૧૦૭૨૯, ગીર સોમનાથમાં ૭૧૪૧, નર્મદા જિલ્લામાં ૧૧,૯૯૪, નવસારીમાં ૭૧૫૦, પાટણમાં ૧૧૮૬૮, ડાંગમાં ૫૧૦૦, મહીસાગરમાં ૧૬૮૪૫, વડોદરામાં ૧૪૨૯૩ બાળકો કુપોષિત છે. જેમાં ઓછા વજનવાળાં કે અતિ ઓછાં વજનવાળાં બાળકોનો સમાવેશ થાય છે.

જાન્યુઆરી ૨૦૨૩ની સ્થિતિએ ૬,૯૧,૧૪૪ બાળકો કુપોષિત હતાં તે જાન્યુઆરી-૨૦૨૪માં ૫,૪૦,૩૦૩ બાળકો કુપોષિત છે એટલે કે ૧૫૧૧૪૧ બાળકોનો કુપોષણની અવસ્થામાંથી બહાર કાઢવામાં સરકારને સફળતા મળી છે. બાળકોને દૂધ સંજીવની યોજના અને ફોર્ટીફાઇડ આટો, ચોખા અને તેલ પણ આપવામાં આવે છે.

# અમદાવાદના બોડકદેવમાં રહેણાક પ્લોટનો ભાવ અધધધ ₹ ૪.૧૨ લાખ પ્રતિ ચોરસ મીટરે પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં પ્રોપર્ટીના ભાવ આસમાને પહોંચ્યા છે. પરિસ્થિતિ એવી સર્જાઈ છે કે, અમદાવાદમાં ગરીબ અને મધ્યમ વર્ગ માટે ઘરનું ઘર ખરીદવું મુશ્કેલ બન્યું છે. શહેરનો બોડકદેવ વિસ્તાર સૌથી મોંઘો વિસ્તાર તરીકે ઉભરી આવ્યો છે. જ્યાં રહેણાંક પ્લોટનું મૂલ્યાંકન પ્રતિ ચોરસ મીટર રૂ. ૪.૧૨ લાખ પહોંચ્યું છે. અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) ની જમીન નિકાલ અને ભાવ નિર્ધારણ સમિતિની ગયા વર્ષે ડિસેમ્બરમાં મળેલી બેઠક દરમિયાન બોડકદેવમાં એક રહેણાંક પ્લોટનું મૂલ્યાંકન પ્રતિ ચોરસ મીટર રૂ. ૪.૧૨ લાખનું થયું હતું, જે શહેરમાં અત્યાર સુધીનું સૌથી વધુ છે. સમિતિ દ્વારા નિર્ધારિત પરિબળોના આધારે મૂલ્યાંકનની ગણતરી કરવામાં સામેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ જણાવ્યું હતું કે અંદાજો સૂચવે છે કે આ ઝોનમાં વાણિજ્યિક પ્લોટનું મૂલ્ય પ્રતિ ચોરસ મીટર રૂ. ૪.૧૨ લાખથી વધુ હોઈ શકે છે.

અમદાવાદ મનપાનાં સૂત્રોએ જણાવ્યું હતું કે ૯ માર્ચ, ૨૦૨૩ ના રોજ જમીન નિકાલ અને ભાવ નિર્ધારણ સમિતિની બેઠકમાં, સાબરમતી રિવરફ્રન્ટ પર એસવીપી હોસ્પિટલની બાજુમાં આવેલા મલ્ટી-લેવલ પાર્કિંગ પ્લોટનું મૂલ્ય પ્રતિ ચોરસ મીટર રૂ. ૨.૭૧ લાખ આંકવામાં આવ્યું હતું. પ્રહલાદનગર મલ્ટી-લેવલ પાર્કિંગ પ્લોટને પ્રતિ ચોરસ મીટર રૂ. ૪.૦૩ લાખનું સૌથી વધુ મૂલ્યાંકન મળ્યું હતું.

૨૬ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ, બોડકદેવની ટાઉન પ્લાનિંગ સ્કીમ ૫૦ માં અંતિમ પ્લોટ નં. ૩૫૬ ને બાજુના પ્લોટમાંથી છ વેચાણ દસ્તાવેજોના આધારે પ્રતિ ચોરસ મીટર રૂ.૪.૧૨ લાખનું રહેણાંક મૂલ્યાંકન મળ્યું હતું. જોકે, મૂલ્યાંકન રૂ. ૩.૧૦ લાખ પ્રતિ ચોરસ મીટર કરવામાં આવ્યું હતું. કારણ કે પ્લોટ ૨૨૩૯ ચોરસ મીટર માપવામાં આવ્યો હતો. રાજપથ ક્લબ નજીક ૩૦૦૦ ચોરસ મીટરથી મોટા પ્લોટનું મૂલ્ય રૂ. ૪.૧૨ લાખ કે તેથી વધુ છે, જેમાં વાણિજ્યિક પ્લોટના ભાવ ઊંચા હોઈ શકે છે.

મનપાના એક અધિકારીએ સમજાવ્યું હતું કે, જમીન કિંમત નિર્ધારણ સમિતિ જમીન મૂલ્યાંકન માટે રાજ્ય સરકારના નિયમોનું પાલન કરે છે. ૩૦૦૦ ચોરસ મીટરથી ઓછી જગ્યાના પ્લોટ માટે મૂલ્યાંકન નક્કી કરવા માટે ઓછામાં ઓછા ત્રણ વેચાણ દસ્તાવેજોની જરૂર પડે છે. ૩૦૦૦ થી ૧૦૦૦૦ ચોરસ મીટર વચ્ચેના પ્લોટ માટે સાત વેચાણ દસ્તાવેજોની જરૂર પડે છે અને ૧૦૦૦૦ ચોરસ મીટરથી વધુ વિસ્તાર માટે મૂલ્યાંકન નક્કી કરવા માટે ઓછામાં ઓછા દસ વેચાણ દસ્તાવેજોની જરૂર પડે છે.

૩ માર્ચ, ૨૦૨૪ ના રોજ, મનપાએ ૨૨ પ્લોટ માટે હરાજીની જાહેરાત કરી હતી. થલતેજની ટીપી સ્કીમ ૩૮માં ૪૦૬૨ ચોરસ મીટરનો રહેણાંક પ્લોટ સૌથી મૂલ્યવાન હતો, જેની કિંમત પ્રતિ ચોરસ મીટર ૨.૭૫ લાખ રૂપિયા હતી, જેની કુલ કિંમત રૂ. ૧૧૧.૭૦ કરોડ હતી. બોડકદેવની ટીપી સ્કીમ ૫૦ માં ત્રણ કોમર્શિયલ પ્લોટનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેની સૌથી વધુ કિંમત રૂ. ૨.૭૦ લાખ પ્રતિ ચોરસ મીટર હતી. બોડકદેવની ટીપી સ્કીમ ૫૦ માં એક પ્લોટનું મૂલ્યાંકન રૂ. ૪.૧૨ લાખ પ્રતિ ચોરસ મીટર થયું હતું, જે રિવરફ્રન્ટ પ્લોટની તુલનામાં વધારે છે. સુધારેલી સાબરમતી રિવરફ્રન્ટ લેન્ડ ડિસ્પોઝલ પોલિસી હેઠળ, વલ્લભ સદન ખાતે ૪૪૨૦ ચોરસ મીટરમાં ફેલાયેલા ૬૦૦૫૦ ચોરસ મીટરના પ્લોટના ડેવલપમેંટ રાઈટ્સ રૂ. ૧૫૬ કરોડમાં, રૂ. ૩.૫૨ લાખ પ્રતિ ચોરસ મીટરના ભાવે વેચવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં પાક નુકસાની માટે અસરગ્રસ્ત ખેડૂતોને ₹ ૧૩૩૩.૬૨ કરોડની સહાય ચૂકવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કુદરતી આપદાઓમાં ખેડૂતોને ચૂકવવામાં આવેલી સહાય અંગે ગુજરાત વિધાનસભામાં ધારાસભ્યએ પૂછેલા પ્રશ્નનો મુખ્ય પ્રધાન વતી જવાબ આપતાં ઉદ્યોગપ્રધાન બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, કુદરતી આફતો સમયે નાગરિકોને થયેલા નુકસાન સામે એસડીઆરએફના ધારાધોરણો મુજબ રાજ્ય સરકાર દ્વારા સહાય પૂરી પાડવામાં આવે છે. જેમાં ૭૫ ટકા કેન્દ્ર સરકાર અને ૨૫ ટકા ફાળો રાજ્ય સરકારનો હોય છે. તેમણે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૪માં ગુજરાતમાં પડેલા કમોસમી અને ભારે વરસાદમાં થયેલા નુકસાન સામે ખેડૂતોને સહાય ચૂકવવામાં માટે એસડીઆરએફમાંથી કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગને કુલ ૧૩૩૩.૬૨ કરોડની ફાળવણી કરવામાં આવી હતી. છેલ્લા પાંચ વર્ષમાં ભારત સરકારે એસડીઆરએફ હેઠળ ૭૫ ટકા લેખે કુલ રૂ. ૫,૮૫૨.૮ કરોડ તેમ જ ગુજરાત સરકારે ૨૫ ટકા લેખે કુલ રૂ. ૧,૯૪૯.૬ કરોડના ફંડની ફાળવણી કરી છે. કુદરતી આપત્તિઓ સમયે અસરગ્રસ્તોને માનવમૃત્યુ/માનવઇજા, કપડા અને ઘરવખરી સહાય, મકાન/ઝૂંપડા સહાય, ઘાસચારા સહાય, ખેડૂતોને પાક નુકસાન અને જમીન ધોવાણ સહાય, પશુ મૃત્યુ સહાય, દૈનિક રોકડ સહાય, માછીમારોની હોડી અને જાળીને થયેલ નુકસાન માટે, હસ્તકલા અને હાથશાળ કારીગરોને થયેલ નુકસાન માટેની સહાય રાજ્ય સરકાર દ્વારા એસડીઆરએફમાંથી આપવામાં આવે છે.

# નવથી ૧૩ માર્ચ દરમિયાન દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં હિટવેવની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી પવનનું જોર વધ્યું છે. કેટલાક વિસ્તારમાં તો ૩૦થી લઈને ૪૫ કિમી પ્રતિ કલાકની ઝડપથી પવન ફૂંકાઈ રહ્યો છે. દરિયામાં પણ પવનનું જોર વધીને ૫૫ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી ગયું હોવાથી હવામાન વિભાગે માછીમારોને દરિયો ન ખેડવા ચેતવણી આપી છે. અચાનક જ ઠંડા પવનની ગતિ વધવાના કારણે તથા પર્વતીય વિસ્તારમાં હિમવર્ષાને કારણે તાપમાન પણ ગગડ્યું છે અને ઠંડકનો માહોલ સર્જાયો છે. આ દરમિયાન હવામાન નિષ્ણાતે આગાહી કરી હતી કે, ૯થી ૧૩ માર્ચ દરમિયાન કેટલાક ભાગોમાં હીટવેવની વકી છે અને તાપમાન ૪૦ ડિગ્રી સુધી જઇ શકે છે. આ દરમિયાન રાજ્યના વિવિધ શહેરના તાપમાનમાં વધારો થવાની આગાહી હવામાન વિભાગે કરી હતી. માર્ચ મહિનાની શરૂઆતથી થોડું તાપમાન વધશે, રાજ્યમાં હીટવેવનો પ્રથમ રાઉન્ડ ૯ માર્ચથી ચાલુ થઈ શકે છે અને ૧૩ માર્ચ સુધી ચાલુ રહે તેમ છે.

## વિરોધ વધતા જ્ઞાનપ્રકાશ સ્વામી ઝૂક્યા

# વીરપુરમાં જલારામબાપાના મંદિરે જઈ માફી માગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જલારામ બાપા વિશે ટિપ્પણી કરી વિવાદનો મધપૂડો છંછેડનારા સુરતના અમરોલીના જ્ઞાનપ્રકાશ સ્વામી શુક્રવારે વીરપુર પહોંચ્યા હતા. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે કારમાં સ્વામી વીરપુર જલારામ બાપાના મંદિર પહોંચ્યા હતા. જ્યાં મંદિરના પાછળના દરવાજાથી સ્વામીએ બાપાના દર્શન કર્યા બાદ માફી માગી હતી. સ્વામીએ વડતાલ ટેમ્પલ બોર્ડ દ્વારા લેટરપેડમાં લેખિતમાં પૂજ્ય જલારામ બાપાના મંદિરની માફી માગી હતી. તેઓ રૂબરૂમાં માફી માગી રવાના થઈ ગયા હતા.

જ્ઞાનપ્રકાશ સ્વામી રૂબરૂ વીરપુર જલારામ બાપાની જગ્યામાં આવી માફી માગે એવી લાખો ભક્તોની માગ અને રઘુવંશી સમાજના આક્રોશને પગલે સ્વામી જ્ઞાનપ્રકાશ વીરપુર પહોંચ્યા હતા અને જલારામ બાપાનાં ચરણોમાં માથું નમાવી માફી માગી હતી. આ સાથે જ જ્ઞાન પ્રકાશ સ્વામી દ્વારા જલારામ બાપા વિશે કરવામાં આવેલી ટિપ્પણીના વિવાદનો શુક્રવારે અંત આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે જલારામ બાપા વિશે બફાટ કર્યા બાદ વિવાદ વકરતા સ્વામી જ્ઞાન પ્રકાશે એક વીડિયો બનાવીને માફી માગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ લોકોનો આક્રોશ શાંત થયો ન હતો. લોકોની લાગણી અને પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આખરે સ્વામી જ્ઞાનપ્રકાશ વીરપુર આવવા માટે તૈયાર થયા હતા.

સ્વામી જ્ઞાન પ્રકાશ દ્વારા જલારામબાપા વિશે કરવામાં આવેલી ટિપ્પણીમાં તેમણે દાવો કર્યો હતો કે જલારામબાપાનો ઇતિહાસ સ્વામી ગુણાતીતાનંદ સ્વામી સાથે જોડાયેલો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે જલારામબાપાએ ગુણાતીતાનંદ સ્વામી પાસેથી સદાવ્રત કાયમી ધોરણે ચલાવવા માટે આશીર્વાદ માગ્યા હતા અને ગુણાતીતાનંદ સ્વામીએ ભંડાર કાયમ ભરેલો રહે તેવા આશીર્વાદ આપ્યા હતા. વધુમાં, સ્વામીએ એમ પણ જણાવ્યું હતું કે જ્યારે ગુણાતીતાનંદ સ્વામી વીરપુર આવ્યા હતા, ત્યારે જલારામબાપાએ તેમને દાળ અને બાટી જમાડ્યા હતા. આ નિવેદન જલારામબાપાના ભક્તો અને રઘુવંશી સમાજને ગમ્યું ન હતું અને તુરંત જ તીવ્ર પ્રતિક્રિયાઓ આવવા લાગી હતી. લોકોએ સ્વામીના નિવેદનને જલારામબાપાના ઇતિહાસ સાથે ચેડાં કરવાનો પ્રયાસ ગણાવ્યો હતો.

# અમિત શાહ આજથી બે દિવસીય ગુજરાત પ્રવાસે

## સૌરાષ્ટ્ર અને અમદાવાદ-ગાંધીનગરના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ ૮ અને ૯ માર્ચ ૨૦૨૫ના રોજ બે દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન શાહ જૂનાગઢ, ગીર સોમનાથ, અમદાવાદ અને ગાંધીનગરના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે, જેમાં ધાર્મિક, સામાજિક અને વિકાસલક્ષી કાર્યક્રમોનો સમાવેશ થાય છે. ૮ માર્ચે બપોરે ૧૨:૦૦ વાગ્યે અમિત શાહ સોમનાથ મહાદેવ મંદિર ખાતે પૂજા-અર્ચન કરશે. પછી તેઓ કોડિનારના ચલાલા ખાતે સુગર મિલના પુનઃસ્થાપના માટે યોજાનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. સાંજે, જૂનાગઢ ખાતે બ્રહ્માનંદ વિદ્યાધામના વિવિધ પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન સમારોહમાં ભાગ લેશે.

તે ઉપરાંત તેઓ રાજ્યમાં વિવિધ નાના-મોટા કાર્યક્રમોમાં પણ ઉપસ્થિત રહેશે. જેમ કે જૈનાચાર્ય શ્રીમદ બુદ્ધિસાગર સૂરીશ્વર મહારાજની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે સ્મારક સિક્કાનું વિમોચન કરશે. સસ્તું સાહિત્ય મુદ્રાલય ટ્રસ્ટ દ્વારા પુનામુદ્રિત ૨૪ પુસ્તકોનું વિમોચન કરશે. ત્યાર બાદ એડીસી બેંકની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે શતાબ્દી સમારોહમાં હાજરી આપશે. તે ઉપરાંત કેસેજી દ્વારા નિર્માણ પામનાર 'ફેરા હાઈ પરફોર્મન્સ સેન્ટર' ના ભૂમિપૂજન પોર્ટલનું લોન્ચિંગ કરશે. શાશ્વત મિથિલા ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત ભવનના લોકાર્પણ પ્રસંગમાં હાજરી આપશે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા આયોજિત નવા નોંધાયેલા હજારો વકીલો માટે ૯ માર્ચે શપથ સમારોહ યોજાઇ રહ્યો છે. વકીલોના આ શપથ ગ્રહણ સમારોહમાં અમિત શાહ વિશેષ ઉપસ્થિત રહેશે. ત્યાર બાદ ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે દ્વારા નિર્માણ પામેલા પર્ફોર્મન્સ સેન્ટરના ભૂમિ પૂજન અને ડિજિટલ સેવા પોર્ટલના લોન્ચિંગ કાર્યક્રમમાં પણ હાજર રહેશે.

# રાહુલ ગાંધી સમક્ષ જિલ્લા-તાલુકા કૉંગ્રેસ પ્રમુખોએ રોષ ઠાલવ્યો

## પાર્ટી વિરુદ્ધ કામ કરનારા ગદ્દારોની હકાલપટ્ટીની માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી બે દિવસીય ગુજરાત પ્રવાસે છે. ૭ અને ૮ માર્ચના રોજ અમદાવાદમાં રહેશે. આગામી વિધાનસભાને અઢી વર્ષ કરતાં વધુ સમય બાકી છે ત્યારે રાહુલ ગાંધી ૨૦૨૭ના ચૂંટણી જંગ માટે રણશિંગુ ફૂંકવા ગુજરાતમાં આવ્યા છે. રાહુલ ગાંધીએ સવારથી લઈ સાંજ સુધીમાં ૫૦૦ જેટલા કૉંગ્રેસીઓને મળશે. સવારથી બપોર સુધી ૫ બેઠક યોજી હતી. જેમાં ૮-૯ એપ્રિલે યોજાનારા કૉંગ્રેસ અધિવેશનમાં ગુજરાત કૉંગ્રેસનો રોડમેપ તૈયાર કરી સોંપશે.

દરેક નેતાઓની જવાબદારી અને જવાબદેહી સુનિશ્ચિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. એક બાદ એક યોજેલી મિટિંગ દરમિયાન રાહુલ ગાંધીએ કૉંગ્રેસના આગેવાનોને ખૂબ જ ખખડાવી નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે તમામ સિનિયર આગેવાનોને પૂછ્યું કે,તમે બધા કરો છો શું?

કાર્યકરો અને વોર્ડ પ્રમુખોએ મીટિંગમાં રાહુલ ગાંધી સમક્ષ રજૂઆત કરી હતી કે જૂના લોકોને જ આગળ કરવામાં આવે છે, હવે નવા લોકોને આગળ કરવામાં આવે.

આ ઉપરાંત મીટિંગમાં કાર્યકરો સિનિયર નેતાઓ સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને તેઓ જાહેરમાં નામ આપવા પણ તૈયાર હતા, પરંતુ રાહુલ ગાંધીએ જાહેરમાં નામ લેતા લોકોને અટકાવ્યા હતા

અત્રે ઉલ્લેખનીય છે કે શુક્રવાર સવારના ૧૧ વાગ્યાથી બપોરના ૧.૩૦ વાગ્યા સુધી ત્રણ બેઠક યોજ્યા બાદ હોટલ હયાતમાં લંચ લીધું હતું. લંચ બાદ તેમણે ગુજરાતમાં કૉંગ્રેસના જિલ્લા પ્રમુખોની મહત્ત્વની બેઠક લીધી હતી. આ બેઠકમાં સંગઠન મહાસચિવ કે. સી વેણુગોપાલ , ગુજરાત પ્રભારી અને મહામંત્રી મુકુલ વાસનિક, પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, વિરોધપક્ષના નેતા અમિત ચાવડા સહિત કૉંગ્રેસના વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા.

દૈનિક મુંબઈ સમાચાર
203 વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 57 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ફાલ્ગુન સુદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 March 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૮ માર્ચ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સીરિયામાં આંતરવિગ્રહ: ૭૦થી વધુનાં મોત

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 78,930/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

**આમનેસામને:** સીરિયામાં સરકારી દળો અને નાગરિકો આમનેસામને આવી જતાં સ્ફોટક પરિસ્થિતિ સર્જાઈ હતી. જો કે, સરકારના લશ્કરી દળોએ પરિસ્થિતિ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. (પીટીઆઇ)



## બશર અલ અસદના સમર્થકો અને આર્મી વચ્ચે લોહિયાળ અથડામણ

લતાકિયા (સીરિયા): સીરિયામાં બશર અલઅસદના સમર્થકો અને નવી સરકારના સુરક્ષા દળો વચ્ચે ભીષણ લડાઈ થઇ હતી. જેના કારણે મધ્ય પૂર્વમાં અશાંતિ વધુ ફેલાઈ છે. ડિસેમ્બરમાં સત્તા પરિવર્તન પછી આ યુદ્ધને સૌથી ગંભીર હિંસક ઘટનાઓમાંની એક માનવામાં આવે છે.

સીરિયન સરકારે જણાવ્યું હતું કે જબલેહના દરિયાકાંઠાના વિસ્તારમાં થયેલી અથડામણમાં સુરક્ષા દળોના ઓછામાં ઓછા ૧૩ સભ્યો માર્યા ગયાં હતાં. યુકે સ્થિત સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઇટ્સ અનુસાર, આ હુમલામાં ૧૬ સુરક્ષા કર્મચારીઓ અને ચાર નાગરિકો માર્યા ગયાં હતાં. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે અસદના અનેક સમર્થકો માર્યા ગયા હતા અને ઇજાગ્રસ્ત થયા હતા.

ઓબ્ઝર્વેટરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું હતું કે ''સીરિયન સુરક્ષા દળો અને ગૃહ મંત્રાલયના સભ્યો અને ભૂતપૂર્વ અસદ શાસન સૈન્યના આતંકવાદીઓ વચ્ચેની અથડામણમાં ૭૦થી વધુ લોકો માર્યા ગયા અને ડઝનેક ઘાયલ થયા અથવા ઝડપી લેવામાં આવ્યા છે.''

સીરિયન ઓબ્ઝર્વેટરીના વડા રામી અબ્દુર્રહમાનના જણાવ્યા અનુસાર, પોલીસ દળ પર હુમલો કરનારા બંદૂકધારીઓ અલાવી સમુદાયના છે. તેમણે કહ્યું કે ''આ અથડામણો અસદ શાસનના પતન પછીની સૌથી ખરાબ હિંસા છે.'' અસદ સમર્થક લશ્કરી

(જુઓ પાનું ૨) ▸▸

## કેનેડા અને મેક્સિકોને આંશિક રાહત
## ટ્રમ્પે ટેરિફમાંના વધારાનો અમલ મહિનો પાછળ ઠેલ્યો

વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે મેક્સિકોથી આયાત કરાતા અનેક માલસામાન અને કેનેડાથી આયાત કરાતા અમુક માલસામાન પરના ટેરિફમાંનો વધારો એક મહિનો પાછળ ઠેલ્યો હતો.

અમેરિકાના આ બે પાડોશી દેશો સાથેના 'વેપાર યુદ્ધ'ની માઠી અસરથી ઘણી ચીજોના ભાવ વધી જતાં ટ્રમ્પે ટેરિફમાંના વધારાનો અમલ એક મહિનો પાછળ ઠેલવાની ગુરુવારે જાહેરાત કરી હતી. વાઇટ હાઉસે સ્પષ્ટતા કરી હતી કે અમે (દરદશામક) ફેન્ટેનાઇલ અને વસાહતીઓને અમેરિકામાં ઘુસાડવાની પ્રવૃત્તિ રોકવા પગલાં લેવાનું ચાલુ રાખીશું. ટ્રમ્પે કેનેડા અને મેક્સિકોથી આયાત કરાતા માલસામાન પર ટેરિફ વધારવાની કરેલી જાહેરાત બાદ અમેરિકામાં અનેક ચીજોના ભાવ વધી ગયા હતા અને શૅરબજારને માઠી અસર થઇ હતી. ટ્રમ્પે ઓવલ ઑફિસ ખાતે જણાવ્યું હતું કે અમે અમેરિકાની વેપારમાંની ખાધ ઘટાડવા આયાત પરના ટેરિફમાં વધારો કરી રહ્યા છીએ. અમે બીજી એપ્રિલથી અનેક દેશમાંથી કરાતી આયાત પરના ટેરિફમાં વધારો કરવા માટે કટિબદ્ધ છીએ. આમ છતાં, અમેરિકાના પ્રમુખે જણાવ્યું હતું કે વાહનોની આયાત પરના ટેરિફને પચીસ ટકા કરવાની જાહેરાતના અમલને વિલંબમાં નહિ નાખીએ. અમેરિકામાં મેક્સિકો ખાતેથી કરાતી '૨૦૨૦ના અમેરિકા-મેક્સિકો-કેનેડા વેપાર કરાર' મુજબની ચીજો પર એક મહિનો પચીસ ટકા ટેરિફ નહિ નખાય. (એજન્સી)■

## ભારત બહુ ટેરિફ વસૂલે છે: ટ્રમ્પ
### યુરોપિયન યુનિયન, ચીન, બ્રાઝિલની પણ ટીકા

ન્યૂ યોર્ક / વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ફરી આક્ષેપ કર્યો હતો કે ભારત આયાત પર બહુ ઊંચા દરે ટેરિફ વસૂલે છે. ભારત ઉપરાંત, યુરોપિયન યુનિયનના દેશો, ચીન, બ્રાઝિલ, મેક્સિકો, કેનેડા અને અન્ય અનેક દેશ અમેરિકાની ચીજો પર ટેરિફનો ઊંચો દર લાદી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે ભારત અમેરિકાના માલસામાન પર ૧૦૦ ટકાથી વધુ ટેરિફ લે છે. ભારત સાથેના વેપારમાં અમેરિકાની વેપારી ખાધ ૧૦૦ અબજ ડૉલર જેટલી છે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકાના માલસામાન પર જે દેશ જેટલો ટેરિફ લાદતું હશે એટલો અમે તે દેશના માલસામાનની આયાત પર બીજી એપ્રિલથી લાદીશું.

તેમણે જણાવ્યું હતું કે ભારત ઉપરાંત ચીન પણ આયાત કરાતા માલસામાન પર ટેરિફનો ઊંચો દર વસૂલ કરે છે. હવે અમેરિકા તેઓના માલસામાન પર બીજી એપ્રિલથી

(જુઓ પાનું ૨) ▸▸

KNB TOURS
Khojeste Noshir Bharucha
9987289154 / 8454041176/9967846353
JAPAN 13 DAYS | 23 MAY 4 JUN 2025 | INR 480000/-
TOKYO
• Tokyo Sky Tree • 3D Team Lab • Asakusa Temple • Nakamise Shopping Street • Sumida River Cruise • Ginza Shopping Area • Visit Odaiba • Shibuya Crossing Drive By • Tokyo Orientation Tour
KOBE
• Earthquake Museum • Todaiji Temple • Nara Deer Park • Kasuga Taisha Shrine • Akashi Kaiko Bridge • Visit Dotombori Street
GIFU
• Shirakawago Village Tour - Unesco • Ukai Boat Ride
MT FUJI AND HAKONE
• Mt Fuji - 5th Station (Weather Permitted) • Hakone Ropeway • Lake Ashi Cruise (Togendai to Hakone Machi) • Oshino Hakkai Village
ALL INCLUSIVE
TOYOMA - ALPINE ROUTE
• Ougisawa - Kurubo Dam by Tunnel Trolley Bus • Kurobe Lake Kurobe Dam by Cable Car • Kurobe Dairadaikan by Ropeway • Daikan Bou Murodo by Trolley Bus • Murudo Bijodaira by Highland Local Bus • (Snow Valley) • Bijodaira Tateyama by Cable Car
OSAKA
• Osaka Castle (Photostop) • Osaka Aquarium
HIROSHIMA
• Osaka - Hiroshima - Bullet Train • Atomic Bomb Dome • Peace Memorial Park • Miyajima Island • Itsukushima Shrine
KYOTO
• Arashiyama Bamboo Forest • Kiyomizudera • Giesha District • Kinkaku Ji Temple • Visit Kawaramachi Street • Fushimi Inari Taisha Shrine
NAGOYA
• SC Maglev and Railway Parl • Toyota Kikan Museum • Nabana No Sato

### પીએમ મોદીએ સેલવાસમાં નમો હૉસ્પિટલના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું



## સંઘપ્રદેશનો સિંગાપોર જેવો વિકાસ કરવાનું આહ્વાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન મોદી બે દિવસ ગુજરાતના પ્રવાસે આવ્યાં છે. સેલવાસ પધારેલા વડા પ્રધાનના હસ્તે દમણ, દીવ અને દાદરા નગર હવેલીના રૂ. ૨૫૮૭ કરોડના વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તેમણે નમો હોસ્પિટલના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યા બાદ રોડ શો યોજીને વિશાળ સભાને સંબોધિત કરી હતી.

વડા પ્રધાને સેલવાસમાં જાહેરસભાને સંબોધતા જનમેદનીને ગુજરાતીમાં કેમ છો બધા કહી ખબર અંતર પૂછ્યા હતા. સેલવાસના લોકો પર મને ભરોસો છે, ઘણા જૂના અને જાણીતા ચહેરાઓને મળ્યો છું. સેલવાસના વિકાસનું અભિયાન શરૂ થયું છે. સેલવાસમાં દરેક ક્ષેત્રના લોકો રહે છે. સેલવાસની નવી ઓળખ ઊભી થઇ રહી છે જેમાં ઘણા પ્રોજેક્ટ વિકાસને ગતિ આપશે.

વડા પ્રધાને ઉમેર્યું હતું કે, સિંગાપોર એક સમયે માછીમારોનું નાનું ગામ હતું. ખૂબ ટૂંકા ગાળામાં ત્યાંના લોકોની સંકલ્પ શક્તિએ સિંગાપોર બનાવી દીધું. જો સંઘપ્રદેશનો દરેક નાગરિક નક્કી કરે તો હું તમારી સાથે ઊભો રહેવા તૈયાર છું. દાદરા અને નગર હવેલી,

(જુઓ પાનું ૨) ▸▸

## પંજાબમાં હત્યાનું મોટું કાવતરું નિષ્ફળ
## બબ્બર ખાલસાના ત્રણ આતંકીઓની ધરપકડ

ચંદીગઢ: પંજાબમાં પ્રતિબંધિત બબ્બર ખાલસા ઇન્ટરનેશનલ (બીકેઆઇ) સમર્થિત આતંકવાદી મોડ્યુલ દ્વારા એક મોટી હત્યાની યોજના ઘડવામાં આવી રહી હતી, પરંતુ ત્રણ લોકોની ધરપકડ સાથે તેને નિષ્ફળ બનાવી દેવામાં આવી હતી. આ જાણકારી પંજાબ પોલીસે શુક્રવારે આપી હતી.

પંજાબના પોલીસ મહાનિર્દેશક ગૌરવ યાદવના જણાવ્યા અનુસાર પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે આ મોડ્યુલ અમેરિકા સ્થિત ગેંગસ્ટર ગુરપ્રીત સિંહ ઉર્ફે ગોપી નવશરિયા, જે હાલમાં ગ્રીસમાં રહેતા તેના સાથી લાડી બકાપુરિયા સાથે મળીને મોડ્યુલનું સંચાલન કરી રહ્યો હતો. ગુરપ્રીત સિંહ પાકિસ્તાન સ્થિત આતંકવાદી હરવિંદર સિંહ રિંડાનો નજીકનો સાથી છે.

યાદવે એક્સ પર જણાવ્યું કે એક મોટી સફળતામાં કાઉન્ટર ઇન્ટેલિજન્સ જાલંધરે પંજાબમાં બબ્બર ખાલસા ઇન્ટરનેશનલ (બીકેઆઇ) સમર્થિત આતંકવાદી મોડ્યુલ દ્વારા ઘડવામાં આવેલી વધુ એક મોટી હત્યાની યોજનાને

(જુઓ પાનું ૨) ▸▸

## ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટને રોકવાનો સુપ્રીમ કોર્ટનો ઇનકાર
### મહારાષ્ટ્ર સરકાર, અદાણી પાસે જવાબ મગાયો

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે મુંબઈના ધારાવી રિડેવલપમેન્ટ (પુનર્વિકાસ) પ્રોજેક્ટને રોકવા એટલે કે હાલમાં 'જેમ છે તેમ રાખવા'નો આદેશ આપવાનો શુક્રવારે ઇનકાર કર્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના અને ન્યાયાધીશ સંજય કુમારની બૅન્ચે બોમ્બે હાઇ કોર્ટ દ્વારા ૨૦૨૪ની ૨૦ ડિસેમ્બરે અપાયેલા સંબંધિત ચુકાદાને પડકારતી અરજીના સંબંધમાં મહારાષ્ટ્ર સરકાર અને આ પ્રોજેક્ટના ટેન્ડર મેળવનારી અદાણી પ્રોપર્ટીઝ પ્રાઇવેટ લિમિટેડની પાસે જવાબ માગ્યો હતો.

અગાઉ, વડી અદાલતે ધારાવીમાં ઝૂંપડપટ્ટીના પુનર્વિકાસનો માર્ગ મોકળો કર્યો હતો અને આ પ્રોજેક્ટ અદાણી ગ્રૂપને આપવાના નિર્ણયની યોગ્યતાને બહાલી આપી હતી.

યુએઇની કંપની સેકલિંક ટૅક્નોલૉજીસ કોર્પોરેશને

(જુઓ પાનું ૨) ▸▸

## રમજાનને લીધે યાસીન મલિકના કેસની સુનાવણી મુલતવી

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે જમ્મુ કાશ્મીર લિબરેશન ફ્રંટ (જેકેએલએફ)ના જેલમાંના વડા યાસીન મલિક અને અન્ય સાથી આરોપીઓ સામેના બે કેસ જમ્મુ અને કાશ્મીરથી દિલ્હી ટ્રાન્સફર કરવાની દાદ ચાહતી સીબીઆઇની અરજીની સુનાવણી એક મહિનો મુલતવી રાખીને હવે તેની સુનાવણી ચોથી એપ્રિલે હાથ ધરવાનો નિર્ણય શુક્રવારે જાહેર કર્યો હતો.

યાસીન મલિક શુક્રવારે સુનાવણી વખતે વીડિયો-કોન્ફરન્સ દ્વારા અદાલતમાં હાજર રહ્યો હતો.

યાસીન મલિકે રમજાનને ધ્યાનમાં રાખીને આ અરજીની સુનાવણી મુલતવી રાખવા વિનંતિ કરી હતી અને સર્વોચ્ચ અદાલત તેના માટે સહમત થઇ હતી.

ન્યાયાધીશ અભય એસ. ઓકા અને ન્યાયાધીશ ઉજ્જવલ ભૂયાનની બૅન્ચે સોલિસિટર જનરલ તુષાર મહેતાની ગેરહાજરીને લીધે પણ સંબંધિત અરજીની

(જુઓ પાનું ૨) ▸▸

## સંભલમાં ધુળેટી અને જુમાની નમાજ માટે સમજૂતી સધાઇ

સંભલ (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના કોમવાદની દૃષ્ટિએ સંવેદનશીલ આ શહેરમાં હિંદુઓ અને મુસલમાનો વચ્ચે ૧૪ માર્ચે ધુળેટીની ઉજવણી અને જુમાની નમાજ માટે સમજૂતી સધાઇ છે. અહીં હિંદુઓ ૧૪ માર્ચે ધુળેટી બપોરના અઢી વાગ્યા સુધી ઊજવવા અને તે પછી જ જુમાની નમાજ પઢવા મુસલમાનો સહમત થયા છે.

ધુળેટીના દિવસે અહીં કાયદો અને સલામતીનું ધ્યાન રાખવા માટે પ્રોવિન્શિયલ આર્મ્ડ કોન્સ્ટેબ્યુલરીની સાત ટુકડી ગોઠવાશે. અગાઉ, અહીંના પોલીસ અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું કે હોળી વર્ષમાં એક વાર આવે છે, જ્યારે જુમાની નમાજ બાવન વખત આવે છે. જેઓને હોળીના રંગ ન ગમતા હોય, તેઓ હોળીના દિવસે ઘરમાં રહે.

સંભલ સર્કલ ઑફિસર અનુજ ચૌધરીએ પત્રકારોને જણાવ્યું હતું કે હોળી બધાએ સાથે મળીને ઊજવવાની હોય છે. મોટું મન ધરાવતા લોકોએ જ હોળી ઊજવવા ઘરની બહાર નીકળવું જોઇએ.

હોળી અને રમજાન મહિનામાંની જુમાની નમાજના સંદર્ભમાં સંભલ કોટવાલી પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઇ હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે મુસલમાનો ઇદની આતુરતાથી રાહ જુએ છે, જ્યારે હિંદુઓ હોળીની રાહ જોતા હોય છે. તહેવારની ઉજવણી કોમી એખલાસ સાથે થવી જોઇએ. હોળીમાં રંગ લગાવવાની સાથે મીઠાઇઓ વહેંચાય છે. ઇદમાં પણ ખાસ મીઠાઇ અને અન્ય વાનગીઓ બનાવાય છે. જો કોઇને રંગ ગમતો ન હોય તો તેને બળજબરીથી લગાડવો ન જોઇએ. (એજન્સી)■



એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# શમીની ટીકા બકવાસ, ધર્મ કરતાં દેશ મોટો

**ભારતમાં** કેટલાક મુસ્લિમ મુલ્લા-મૌલવીઓને એક વાત સમજાતી નથી કે, દેશ બદલાઈ ગયો છે, દુનિયા બદલાઈ ગઈ છે. એ લોકો પોતે હજુ સાતમી સદીમાં જીવે છે ને પોતાની જેમ બીજાં લોકો પણ સાતમી સદીમાં જીવે એવી અપેક્ષા રાખે છે. ઉત્તર પ્રદેશના બરેલીના મૌલાના શહાબુદ્દીન રિઝવીએ ભારતીય ટીમના ફાસ્ટ બોલર મોહમ્મદ શમી તરફ નારાજગી વ્યક્ત કરીને પીરસેલું જ્ઞાન તેનો તાજો નમૂનો છે.

ભારત હમણાં દુબઈમાં મિનિ વર્લ્ડ કપ મનાતા ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમી રહ્યું છે ને મંગળવારે ઓસ્ટ્રેલિયા સામે અત્યંત મહત્ત્વની સેમી ફાઈનલ હતી. આ મેચ દરમિયાન મોહમ્મદ શમી મેદાન પર એનર્જી ડ્રિંક પીતો હતો એ લોકોએ લાઈવ ટેલીકાસ્ટમાં જોયું ને કોઈને કશું ખોટું ના લાગ્યું પણ ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના રાષ્ટ્રીય પ્રમુખ મૌલાના શહાબુદ્દીન રિઝવીને વાંધો પડી ગયો.

મૌલાના રિઝવીએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ વીડિયો જાહેર મૂકીને જાહેર કર્યું કે, શમી રમઝાન દરમિયાન રોજો નહીં રાખીને પાપ કરી રહ્યા છે. શરિયાના નિયમોનું પાલન કરવાની જવાબદારી દરેક વ્યક્તિની છે. ઇસ્લામમાં રોજો ફરજિયાત છે અને કોઈ વ્યક્તિ જાણીજોઈને રોઝા ન રાખે તો તેને ઇસ્લામિક કાયદા મુજબ પાપી ગણવામાં આવે છે. ક્રિકેટ રમવું ખરાબ નથી, પરંતુ ધાર્મિક જવાબદારીઓ પણ પૂરી કરવી જોઈએ. હું શમીને શરિયાના નિયમોનું પાલન કરવાની અને પોતાના ધર્મ પ્રત્યે જવાબદાર બનવાની સલાહ આપું છું.

મૌલાના શહાબુદ્દીન રઝવી બરેલવીએ વધારાનું જ્ઞાન આપ્યું છે કે, દરેક મુસલમાનની ફરજિયાત ફરજોમાંની એક ફરજ 'રોજો' એટલે કે રમજાન મહિના દરમિયાન ઉપવાસ રાખવા છે. કોઈ સ્વસ્થ પુરુષ કે સ્ત્રી 'રોજો' ન રાખે, તો તે અલ્લાહનો મોટો ગુનેગાર બનશે. ભારતના પ્રખ્યાત ક્રિકેટ વ્યક્તિત્વ મોહમ્મદ શમીએ મેચ દરમિયાન પાણી કે અન્ય કોઈ પીણું પીધું હતું. લોકો તેને જોઈ રહ્યા હતા. શમી ક્રિકેટ રમી રહ્યો હતો તેનો અર્થ એ કે તે સ્વસ્થ છે. આવી સ્થિતિમાં તેણે 'રોજો' રાખ્યો ન હતો અને પાણી પણ પીધું હતું. આનાથી લોકોને ખોટો સંદેશ મળે છે. 'રોજો' ન રાખીને શમીએ ગુનો કર્યો છે. શરિયતની નજરમાં તે ગુનેગાર છે. તેણે ખુદાને જવાબ આપવો પડશે.

શમીએ ખુદાને જવાબ આપવો પડશે કે નહીં એ તો ખબર નથી પણ લોકો અત્યારે તો મૌલાનાને જ જવાબ આપી રહ્યા છે. બીજા એક મૌલાના ફિરંગીમહેલે શમીની તરફેણ કરીને સાબિત કર્યું કે, બધા મૌલવીઓની માનસિકતા સંકુચિત નથી પણ સૌથી ચોટદાર જવાબ મોહમ્મદ શમીના ભાઈ મોહમ્મદ ઝૈદે આપ્યો છે. ઝૈદે કહ્યું કે, મને આવા નિવેદનો પર હસવું આવે છે. આ લોકો માત્ર ટીઆરપી માટે નિવેદનો આપે છે. મૌલાના સાહેબે પુસ્તકો વાંચવા જોઈએ કેમ કે ઈસ્લામમાં પણ રોજો નહીં રાખવાની છૂટ છે. કોઈ કોઈના હાથ નીચે હોય, આપણી ટીમ ક્યાંક બહાર જઈ રહી હોય તો તેને રોજામાં છૂટ આપવામાં આવી છે. આ સંજોગોમાં ઇમામ સાહેબના આ શબ્દોનો કોઈ અર્થ નથી.

મોહમ્મદ ઝૈદે તો ૨૦૧૭ની ચેમ્પિયન્સ ટ્રોફીની ઘટનાને પણ યાદ કરીને કહ્યું છે કે, આખી પાકિસ્તાન ટીમ સાથે બેસીને કોફી પી રહી હતી ત્યારે કોઈ મૌલવીએ તેમને જ્ઞાન નહોતું આપ્યું કે પાકિસ્તાની ટીમને ટ્રોલ નહોતી કરી પણ મોહમ્મદ શમીને વારંવાર નિશાન બનાવવામાં આવી રહ્યો છે. ઝૈદે એક સરસ વાત એ કરી કે, મોહમ્મદ શમીને ટાર્ગેટ કરવામાં આવી રહ્યો છે કારણ કે, તે સારું રમી રહ્યો છે અને તેને ટ્રોલ કરનારા બહુમતી લોકો પાકિસ્તાની છે કે પછી પાકિસ્તાનીઓના પીઠ્ઠુ છે.

ઝૈદે સારી ભાષામાં જવાબ આપી જ દીધો છે તેથી વધારે કંઈ કહેવાની જરૂર નથી પણ એટલું ચોક્કસ કહેવું જોઈએ કે, આ ટ્રોલ કે મૌલાના જેવા લોકોની વાતોને મહત્ત્વ ના આપવું જોઈએ. હાથી પાછળ કૂતરાં ભસે એમ આ લોકો ભસ્યા કરે. શમી આ દેશની સેવા કરી રહ્યો છે ને આ દેશનાં લોકોનો હીરો છે. મુઠ્ઠીભર કટ્ટરવાદી કે તેની સફળતાની ઈર્ષા કરનારાના કહેવાથી શમી કોઈનો ગુનેગાર નથી બની જતો.

મૌલાના શહાબુદ્દીન સહિતનાં લોકોનો ધર્મ સગવડિયો છે અને ધર્મનો ઉપયોગ એ લોકો પોતાની પબ્લિસિટી અને પ્રચાર માટે કરે છે. ભારત ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં પહોંચ્યું એટલે આખા દેશમાં ક્રિકેટનો માહોલ છે. મોહમ્મદ શમી સહિતના ક્રિકેટરો છવાયેલા છે એટલે તેમના નામે કંઈ પણ બોલીશું તો મીડિયામાં તની નોંધ લેવાશે ને આપણે ચર્ચામાં આવી જઈશું તેની તેમને ખબર છે એટલે આ બકવાસ કરે છે. તેના કારણે તેમને ઈસ્લામની ચિંતા છે એવું માનવાની જરૂર નથી.

મૌલાના શહાબુદ્દીન જેવા લોકો ખરેખર ઈસ્લામમાં માનતા હોત તો ઈસ્લામના નામે ચાલતાં બીજાં સંખ્યાબંધ તૂત સામે બોલતા હોત, પણ એ વખતે તેમની બોલતી બંધ થઈ જાય છે. ઈસ્લામના નામે જિહાદની વાતો કરીને નિર્દોષોની હત્યાઓ કરતા આતંકવાદીઓ સામે એ લોકો કદી બોલે છે ખરા? ઈસ્લામ તો નિર્દોષોની હત્યા કરવાને પાપ ગણાવે છે પણ એ પાપ સામે કોઈ મુલ્લા-મૌલવીને બોલતો સાંભળ્યો ખરો ? કદી કોઈ મુલ્લા-મૌલવીએ આતંકવાદીઓને એવું કહ્યું કે, આતંકવાદ ઈસ્લામ વિરોધી કૃત્ય છે?

ઈસ્લામમાં શરાબ પીવાની મનાઈ છે છતાં સંખ્યાબંધ મુસ્લિમ બુટલેગરો દારૂનો ગેરકાયદેસર ધંધો કરીને કમાય છે. કોઈ મુલ્લા-મૌલવીએ કદી આ ગેરકાયદેસર ધંધો કરનારા કે બીજી ગેરકાનૂની પ્રવૃત્તિઓ કરનારાં સામે કદી અવાજ ઉઠાવ્યો?

આ પ્રકારની બીજી ઘણી વાતો છે પણ કદી કોઈ મુલ્લા-મૌલવી તેની સામે બોલતો નથી. ઈસ્લામમાં જે હરામ છે એવું કરનારાં સામે તેમની બોલતી બંધ થઈ જાય છે પણ શમીએ ડ્રિંક્સ લીધું તેમાં તેમને ધર્મનું અપમાન લાગી ગયું.

આ મુલ્લા-મૌલવીઓએ સમજવાની જરૂર છે કે, શ્રદ્ધા અંગત બાબત છે અને આ દેશમાં દરેક વ્યક્તિને પોતાની શ્રધ્ધાને અનુસરવાનો અધિકાર છે. શમી હોય કે સાનિયા, આ દેશના મુસ્લિમોને પોતાની શ્રદ્ધાનું જતન કરતાં તમારા કરતાં વધારે સારી આવડે છે, કોઈને તમારા જ્ઞાનની જરૂર નથી. ને તેના કરતાં પણ વધારે તો એ સમજવાની જરૂર છે કે, રાષ્ટ્રસેવા જ સર્વોપરિ છે ને રાષ્ટ્ર કરતાં મોટું કશું નથી, ધર્મ પણ નહીં. રાષ્ટ્રની સેવા કરતા હો ત્યારે ધર્મ કે બીજું કશું વચ્ચે ના આવે.

શમી એ જ કરી રહ્યો છે ને એ કામ કઈ રીતે કરવું એ તેને સારી રીતે આવડે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, શનિવાર,
તા. ૮-૩-૨૦૨૫ શ્રી હરિ જયંતી

- ભારતીય દિનાંક ૧૭, માહે ફાગણ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ફાગણ સુદ -૯
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ફાગણ, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૯મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૬
- નક્ષત્ર આર્દ્રા રાત્રે ક. ૨૩-૨૮ સુધી, પછી પુનર્વસુ.
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૫, અમદાવાદ ક. ૧ ૮ મિ. ૪૪, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સાંજે ક. ૨૦-૨૮
- ઓટઃ બપોરે ક. ૧૩-૦૧, મધ્યરાત્રિ પછી ક.૦૨-૫૭ (તા.૯મી)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ફાગણ શુક્લ - નવમી. શ્રી હરિ જયંતી
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી લક્ષ્મીનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ સહસ્ત્રનામ સ્ત્રોત્રપાઠ વાંચન, તુલસી પૂજા, સ્વામિનારાયણ મંદિરોમાં હરિ જયંતી પૂજા, ઉત્સવ, મહાબલી હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલિસા વાંચન. શનિ-રાહુ દેવતાનું પૂજન, શિવ પૂજા, અગરનાં ઔષધિય પ્રયોગો, નિત્ય થતાં બગીચાંનાં કામકાજ, ખેતીવાડી.
- આચમનઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ ઉગ્ર પ્રકૃતિનાં, સૂર્ય-મંગળ ત્રિકોણ સાહસિક, ચંદ્ર-મંગળ યુતિ અવિચારી.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ, સૂર્ય-મંગળ ત્રિકોણ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ યુતિ.
- ગોચરગ્રહોઃ સૂર્ય-કુંભ, માર્ગી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## ટ્રમ્પ સરકારને કોર્ટે આપ્યો ઝટકોઃ યુએસએઇડ અને વિદેશ વિભાગના ભાગીદારોને બે અબજ ડૉલર આપવાનો આદેશ

વૉશિંગ્ટનઃ અમેરિકાના એક ફેડરલ જજે ટ્રમ્પ વહીવટીતંત્રને યુએસએડ અને વિદેશ વિભાગના ભાગીદારોને બે અબજ ડોલર આપવાનો આદેશ આપ્યો હતો. આ ભંડોળ ચૂકવવા માટે સોમવાર સુધીનો સમય આપ્યો છે. ગુરુવારના નિર્ણય સાથે વહીવટીતંત્રનો વિદેશી સહાય પરનો છ અઠવાડિયાનો પ્રતિબંધ પણ સમાપ્ત થઈ ગયો છે. આ નિર્ણય ટ્રમ્પ સરકાર માટે એક મોટો પડકાર સાબિત થઈ શકે છે.

યુએસ ડિસ્ટ્રિક્ટ જજ આમીર અલીએ ભંડોળ બંધ કરવા સામે દાવો કરનારા બિનનફાકારક જૂથો અને વ્યવસાયોની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. વહીવટીતંત્રના આ પગલાને કારણે વિશ્વભરના સંગઠનોને સેવાઓમાં ઘટાડો કરવાની અને હજારો કામદારોને છટણી કરવાની ફરજ પડી છે. આ કેસની સુનાવણી દરમિયાન કોર્ટે ઉઠાવેલા પ્રશ્નોએ ટ્રમ્પ વહીવટીતંત્રના આ દલીલ પર શંકા વ્યક્ત કરી હતી કે રાષ્ટ્રપતિઓ પાસે વિદેશી સહાય સહિત વિદેશ નીતિ ખર્ચ અંગેના કૉંગ્રેસના નિર્ણયોને નજરઅંદાજ કરવાનો વ્યાપક અધિકાર છે.

કોર્ટે સરકારી વકીલ ઇન્દ્રનીલ સૂરને પૂછ્યું, ''મારો તમને પ્રશ્ન છે કે, તમે બંધારણીય દસ્તાવેજમાં આ વાત ક્યાંથી લાવી રહ્યા છો?'' ગુરુવારનો આદેશ એવા કિસ્સામાં આવ્યો છે જ્યારે વહીવટીતંત્ર દ્વારા વિશ્વભરમાં ૯૦ ટકા યુએસએડ કરારોને ઝડપી સમાપ્ત કરવાથી વધુ નિર્ણયો લેવાની અપેક્ષા છે.

યુએસએડ દ્વારા ભંડોળ રોકવાના ટ્રમ્પ વહીવટીતંત્રના પ્રયાસને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધાના એક દિવસ બાદ ફેડરલ ન્યાયાધીશ દ્વારા અલીનો ચુકાદો આવ્યો છે. હાઈકોર્ટે અલીને સ્પષ્ટતા કરવાનો નિર્દેશ આપ્યો છે કે સરકારે તેના અગાઉના આદેશનું પાલન કરવા માટે શું કરવું જોઈએ, જેમાં પહેલાથી જ થઈ ગયેલા કામ માટે તાત્કાલિક ભંડોળ મુક્ત કરવાની માગ કરવામાં આવી હતી.

નોંધનીય છે કે ૨૦ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા હસ્તાક્ષર કરાયેલા એક એક્ઝિક્યુટિવ ઓર્ડર હેઠળ ભંડોળ રોકવામાં આવ્યું હતું. અલીએ કામચલાઉ પ્રતિબંધનો આદેશ જાહેર કર્યા પછી અને પહેલાથી જ થઈ ગયેલા કામ માટે ચૂકવણી ચૂકવવા માટે સમયમર્યાદા નક્કી કર્યા પછી વહીવટીતંત્રે કેસની અપીલ કરી હતી. વહીવટીતંત્રે જણાવ્યું હતું કે તેણે સંપૂર્ણ ખર્ચ સ્થગિત કરવાને બદલે વ્યક્તિગત નિર્ણયો લાગુ કર્યા છે, જેના પરિણામે ૫,૮૦૦ યુએસએડ કરાર અને ૪૧,૦૦૦ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ગ્રાન્ટ રદ કરવામાં આવ્યા છે, જે કુલ ૬૦ બિલિયન ડૉલર છે. ■

## ગુજરાતી ભાષાંતર માટે રમણીક અગ્રાવતને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર

નવી દિલ્હીઃ ગુજરાતી ભાષાંતર માટે રમણીક અગ્રાવતને અને મરાઠી ભાષાંતર માટે સુદર્શન આઠવલેને સાહિત્ય અકાદમીના પુરસ્કાર માટે પસંદ કરાયા છે. હિંદીમાં ભાષાંતર માટે મદન સોની, બંગાળીમાં વાસુદેવ દાસ, બોડોમાં ઉત્તરા વિશ્વમુથિરાય, કન્નડમાં સિદ્ધલિંગ પટ્ટાનશેટ્ટી, કાશ્મીરીમાં ગુલામ નબી આતશ, કોંકણીમાં મિલિંદ મહામલ, મૈથિલીમાં કેશકર ઠાકુર, મલાયલમમાં કે. વી. કુમારનને, ઉડિયામાં સુવાસ સતપથીને, પંજાબીમાં ચંદન નેગીને, રાજસ્થાનીમાં સોહાનંદન ચરણ, સંથલીમાં નાઝીર હેમબ્રમને, સિંધીમાં શોભા લાલચંદાનીને, તમિળમાં પી. વિમલાને અને તેલુગુમાં તરલાપતિ રાજેશ્વરીને અને અંગ્રેજીમાં અનિસુર રહેમાન સહિત કુલ ૨૧ જણને સાહિત્ય અકાદમીના આ પુરસ્કાર માટે પસંદ કરાયા છે. ભાષાંતર કરવા માટેના પુરસ્કારમાં રૂપિયા પચાસ હજાર અને તાંબાની તકતી અપાશે. પુરસ્કાર એનાયત કરવાનો કાર્યક્રમ ચાલુ વર્ષે જ બાદમાં યોજાશે. સાહિત્ય અકાદમીએ જણાવ્યું હતું કે પ્રમુખ માધવ કૌશિકની અધ્યક્ષતામાં રવીન્દ્રભવન ખાતે મળેલી અકાદમીની કારોબારી સમિતિની બેઠકમાં ૨૧ પુસ્તકને ભાષાંતર માટેના પુરસ્કાર માટે પસંદ કરાયા હતા. (એજન્સી) ■

## ડુપ્લિકેટ મતદાર ઓળખકાર્ડ નંબરના મુદ્દાને ત્રણ મહિનામાં ઉકેલીશુંઃ ચૂંટણી પંચનો મોટો દાવો

નવી દિલ્હીઃ ચૂંટણી પંચે (ઇસી એ શુક્રવારે જણાવ્યું હતું કે તે આગામી ત્રણ મહિનામાં ડુપ્લિકેટ મતદાર ઓળખકાર્ડ (ઇપીઆઇસી) નંબરોની દાયકાઓ જૂની સમસ્યાનો ઉકેલ લાવશે. ચૂંટણી પંચે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારતનું મતદાર રજિસ્ટર વિશ્વનું સૌથી મોટું મતદાતા ડેટાબેઝ છે, જેમાં ૯૯ કરોડથી વધુ મતદારો નોંધાયેલા છે.

ચૂંટણી પંચે એક નિવેદનમાં કહ્યું હતું કે 'ડુપ્લિકેટ ઇપીઆઇસી નંબરોના મામલામાં ચૂંટણી પંચે અગાઉ નોંધ લીધી છે. ઇપીઆઇસી નંબર ગમે તે હોય, જે એક મતદાતા જે એક વિશેષ મતદાન કેન્દ્રના ચૂંટણી રજિસ્ટર સાથો જોડાયેલ છે. તે ફક્ત તે મતદાન મથક પર જ મતદાન કરી શકે છે અને બીજે ક્યાંય નહીં.'

ચૂંટણી પંચે વધુમાં જણાવ્યું હતું કે ટેક્નિકલ ટીમો અને સંબંધિત રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કર્યા પછી તેમણે આગામી ત્રણ મહિનામાં આ પડતર મુદ્દાનો ઉકેલ લાવવાનો નિર્ણય લીધો છે. આ પ્રક્રિયા હેઠળ ડુપ્લિકેટ મતદાર ઓળખ કાર્ડ નંબર ધરાવતા મતદારોને એક વિશેષ રાષ્ટ્રીય ઇપીઆઇસી નંબર આપવામાં આવશે. નવી સિસ્ટમ ભવિષ્યના મતદારોને પણ લાગુ પડશે.

તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી) એ વિવિધ રાજ્યોમાં ડુપ્લિકેટ મતદાર ઓળખકાર્ડ નંબરોનો મુદ્દો ઉઠાવ્યો અને ચૂંટણી પંચ પર આ છૂપાવવાનો આરોપ લગાવ્યો હતો. ટીએમસીના સાંસદ સાકેત ગોખલેએ કહ્યું કે ચૂંટણી પંચે આખરે પોતાનો ગુનો સ્વીકાર્યો છે કે ડુપ્લિકેટ ચૂંટણી ફોટો ઓળખ કાર્ડ (ઇપીઆઇસી) નંબરો અનેક લોકોને ફાળવવામાં આવ્યા છે. તેમણે 'એક્સ' પર પોસ્ટમાં લખ્યું હતું કે ''આ એક કૌભાંડ છે અને તેના જવાબો આપવા જ જોઈએ.''

મતદાર યાદીના અપડેટ સંબંધિત પ્રક્રિયા સમજાવતા ચૂંટણી પંચે જણાવ્યું હતું કે પ્રત્યેક બૂથ પર રાજકીય પક્ષોના બૂથ-લેવલ એજન્ટો (બીએલએ)ની નિમણૂક કરવાનો પણ અધિકાર છે જેમને સંબંધિત બૂથની મતદાર યાદી ચકાસવાનો અને જો કોઈ હોય તો વિસંગતતા માટે ફરિયાદ કરવાનો અધિકાર છે. જો કોઈ વ્યક્તિને કોઈ વાંધો હોય તો તેની પાસે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૨૪(એ) હેઠળ જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા જિલ્લા ચૂંટણી અધિકારીને પ્રથમ અપીલ દાખલ કરવાનો વિકલ્પ છે. જો વ્યક્તિ પ્રથમ અપીલ અધિકારીના નિર્ણયથી સંતુષ્ટ ન હોય તો જનપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૨૪(બી) હેઠળ સંબંધિત રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારીને બીજી અપીલ દાખલ કરી શકે છે. મતદાન સત્તામંડળ દ્વારા શેર કરાયેલ ડેટા દર્શાવે છે કે દેશભરમાં મહારાષ્ટ્રમાં ૮૯ પ્રથમ-સ્તરની અપીલ અને એક બીજા-સ્તરની અપીલ કરવામાં આવી હતી અને અન્ય કોઈ રાજ્યમાં નહીં. ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું કે પશ્ચિમ બંગાળમાં કોઈ અપીલ દાખલ કરવામાં આવી નથી. ■

## છત્તીસગઢમાં પોલીસને મળી મોટી સફળતાઃ ૪૦ લાખના ઈનામી ૧૧ નક્સલવાદીઓએ કર્યું આત્મસમર્પણ

નારાયણપુરઃ છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં ૪૦ લાખ રૂપિયાનું ઈનામ ધરાવતા ૧૧ નક્સલીઓએ સુરક્ષા દળો સમક્ષ આત્મસમર્પણ કર્યું છે. પોલીસ અધિકારીઓએ શુક્રવારે આ માહિતી આપી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આત્મસમર્પણ કરનારા નક્સલીઓમાં સાત મહિલાઓનો પણ સમાવેશ થાય છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે નારાયણપુર પોલીસ, ભારત-તિબેટિયન બોર્ડર પોલીસ અને બોર્ડર સિક્યુરિટી ફોર્સના પ્રયાસોને કારણે જિલ્લામાં ૧૧ નક્સલીઓ સન્નુ ઉર્ફે મંગેશ (૩૮), સંતુ ઉર્ફે બદ્રુ વડદા (૩૫), જનીલા ઉર્ફે જલકો કોર્રામ (૩૬), સુક્કી મંડાવી (૨૫), શાંતિ કોવાચી (૨૦), માસે ઉર્ફે ક્રાંતિ (૨૦), સરિતા ઉસેન્ડી (૧૯), મંગતી (૨૫), દેવા રામ ઉર્ફે કારુ વડદા (૨૧), રતન ઉર્ફે મુકેશ પુનેમ (૨૧) અને કાલા ઉર્ફે સુખમતી (૨૦) એ સુરક્ષા દળો સમક્ષ આત્મસમર્પણ કર્યું છે.

તેમણે કહ્યું કે આત્મસમર્પણ કરનારા નક્સલીઓ સન્નુ અને સંતુના માથા પર આઠ-આઠ લાખ રૂપિયા, જનિલાના માથા પર પાંચ લાખ રૂપિયા અને સુક્કી, શાંતિ, માસે અને સરિતાના માથા પર ત્રણ લાખ રૂપિયાનું ઇનામ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે નક્સલીઓ મંગતી, દેવા અને રતનના માથા પર ૨-૨ લાખ રૂપિયાનું ઇનામ છે અને નક્સલી કલાના માથા પર ૧ લાખ રૂપિયાનું ઇનામ છે.

તેમણે કહ્યું કે છત્તીસગઢ સરકારની નક્સલ નાબૂદી નીતિ, નિયદ નેલ્લાનાર (તમારું સારું ગામ) ના પ્રમોશન અને મોટા કેડર માઓવાદીઓના શરણાગતિ પછી સરકાર દ્વારા તેમને આપવામાં આવતી વિવિધ સુવિધાઓથી પ્રભાવિત થઈને માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે નક્સલવાદીઓ સંગઠનની વિચારધારાથી ભ્રમિત થઈ ગયા છે અને સંગઠનમાં આંતરિક મતભેદો વધી રહ્યા છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે નક્સલીઓની સતત શરણાગતિને કારણે આ વિસ્તારમાં નક્સલ મુક્ત માડ (અબુઝહમાડ)નું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. આ નક્સલવાદી સંગઠન માટે એક ફટકા સમાન છે. તેમણે કહ્યું કે ૨૦૨૪-૨૫ના વર્ષમાં અત્યાર સુધીમાં જિલ્લામાં કુલ ૯૨ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. અધિકારીઓએ જણાવ્યું કે નક્સલીઓને આત્મસમર્પણ કરવા પર ૨૫,૦૦૦ રૂપિયાની પ્રોત્સાહન રકમ આપવામાં આવી હતી. તેમને નક્સલ નાબૂદી નીતિ હેઠળ ઉપલબ્ધ સુવિધાઓનો લાભ પણ આપવામાં આવશે. ■

## પહેલા પાનાનું ચાલુ

### સીરિયામાં આંતરવિગ્રહ

જૂથોએ અગાઉ જબલેહ ક્ષેત્રમાં સુરક્ષા દળોને નિશાન બનાવ્યા છે.

સીરિયાના નવા વહીવટીતંત્રે ગુનેગારોની ધરપકડ કરવાની જાહેરાત કરી છે. રાજ્ય સમાચાર એજન્સી સનાએ અહેવાલ આપ્યો છે કે સુરક્ષા દળોએ જબલેહમાં જનરલ ઇબ્રાહિમ હુવૈઝાની ધરપકડ કરી છે. હુવૈઝા પર સેંકડો હત્યાઓમાં સંડોવણીનો આરોપ છે, જેમાં ૧૯૭૭માં લેબનીઝ નેતા કમાલ બેક જમ્બલાટની હત્યાનો પણ સમાવેશ થાય છે.

૧૩ વર્ષના ગૃહયુદ્ધ પછી સીરિયાની નવી સરકાર દેશમાં સ્થિરતા લાવવાનો પ્રયાસ કરી રહી છે. ગૃહયુદ્ધમાં હજારો લોકો માર્યા ગયાં અને લાખો લોકો તુર્કી અને યુરોપ ભાગી ગયા છે.

### ભારત બહુ ટેરિફ

ટેરિફનો ઊંચો દર વસૂલશે.

અમેરિકાના પ્રમુખે જણાવ્યું હતું કે કેનેડા પણ અમેરિકાની ચીજો પર ટેરિફનો ઊંચો દર વસૂલે છે. કેનેડા અમેરિકાના દૂધના ઉત્પાદનો અને અન્ય પ્રોડક્ટ્સ પર અઢીસો ટકા ટેરિફ લાદે છે. અમેરિકાને ઓછા વપરાશવાળી નકામી ચીજોની આયાત કરવાની જરૂર નથી. કેનેડાથી નકામી ચીજોની આયાત બંધ થવી જોઇએ.

ટ્રમ્પે જણાવ્યું હતું કે અમે હાલમાં આયાત કરાતા માલસામાન પર ટેરિફનો બહુ જ ઓછો દર વસૂલીએ છીએ, પરંતુ બીજી એપ્રિલથી અમેરિકા 'જેવા સાથે તેવા'ની નીતિ અપનાવીને ટેરિફના દર વધારશે. (પીટીઆઇ) ■

### સંઘ પ્રદેશનો

દમણ અને દીવ અમારા માટે ફક્ત કેન્દ્રશાસિત પ્રદેશ નથી, આ સઘપ્રદેશ અમારું ગર્વ છે અને વિરાસત પણ છે. અમે આ પ્રદેશને એક એવું મોડલ સ્ટેટ બનાવી રહ્યા છીએ જે તેનો સમગ્ર વિકાસ હોલિસ્ટિક ડેવલપમેન્ટ માટે ઓળખાશે.

વડા પ્રધાને વધુમાં ઉમેર્યું હતું કે, સેલવાસ હવે મેડિકલ હબ તરીકે આગળ આવશે. ઓછી કિંમતમાં દવાઓ નાગરિકોને મળી રહી છે. દેશમાં ૨૫ હજાર જનઔષધિ કેન્દ્રનું લક્ષ્ય છે. અનેક બીમારીઓનું કારણ મેદસ્વિતા એક ગંભીર સમસ્યા છે. ૨૦૫૦ સુધી ૪૭ કરોડ લોકો મેદસ્વિતાનો શિકાર બનશે. મેદસ્વિતાથી બચવા માટે પીએમ મોદીએ અપીલ કરી હતી. ૧૦ ટકા ઓછા તેલનો ઉપયોગ કરવા તેમણે સલાહ પણ આપી હતી. વડા પ્રધાને કહ્યું હતું કે, ભલે હૉસ્પિટલ ખાલી રહે પણ તમે તંદુરસ્ત રહો. હવે તો સરકારના તમામ કામ મોબાઈલ પર એક ક્લિકથી થાય છે. કોઇ પણ યોજનાના લાભાર્થીઓ સરકારી યોજનાથી વંચિત હવે નહીં રહે. ■

### રમજાનને લીધે

સુનાવણી એક મહિનો મોકૂફ રાખી હતી. સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)એ ૧૯૮૯માં કેન્દ્રના ભૂતપૂર્વ પ્રધાન મુફ્તી મહંમદ સઇદની દીકરી રુબિયા સઇદના અપહરણ અને ૧૯૯૦માં શ્રીનગર ખાતે થયેલા ગોળીબારના કેસની સુનાવણી જમ્મુથી નવી દિલ્હી ટ્રાન્સફર કરવા સર્વોચ્ચ અદાલતને વિનંતિ કરી હતી. અગાઉ, સર્વોચ્ચ અદાલતે કેસ તબદીલ કરવાની સીબીઆઇની અરજીનો જવાબ આપવા છ આરોપીને ગયા વર્ષની ૧૮ ડિસેમ્બરે બે અઠવાડિયાંનો સમય આપ્યો હતો. (પીટીઆઇ) ■

### બબ્બર ખાલસાના

ટાળી દીધી હતી. જેમાં મોડ્યુલના ત્રણ સભ્યો- જગરુપ સિંહ ઉર્ફે જગ્ગા, સુખજીત સિંહ ઉર્ફે સુખા અને નવપ્રીત સિંહ ઉર્ફે નવની ધરપકડ કરવામાં આવી હતી. તેમજ દારૂગોળો અને ચાર અત્યાધુનિક હથિયારો જપ્ત કરવામાં આવ્યા હતા.

ડીજીપીએ જણાવ્યું કે જપ્તીમાં દારૂગોળા સાથે ૪ અત્યાધુનિક પિસ્તોલઃ એક ગ્લોક પિસ્તોલ ૯ એમએમ, એક મેગેઝિન અને ૬ કારતૂસ, એક પિસ્તોલ પીએક્સ૫ સ્ટોર્મ (બેરેટા) ૩૦ બોર, એક મેગેઝિન અને ૪ ગોળીઓ, એક દેશી બનાવટની ૩૦ બોર પિસ્તોલ, એક મેગેઝિન અને ૪ કારતૂસ અને એક દેશી બનાવટની ૩૨ બોર પિસ્તોલ, એક મેગેઝિન અને ૮ કારતૂસનો સમાવેશ થાય છે. અમૃતસર સ્થિત સ્ટેટ સ્પેશિયલ ઓપરેશન સેલમાં એફઆઇઆર નોંધવામાં આવી છે. તેમજ સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કરવા માટે વધુ તપાસ ચાલી રહી હોવાનું ડીજીપીએ જણાવ્યું હતું. ■

### ધારાવી રિડેવલપમેન્ટ

આ વિશાળ પુનર્વિકાસ પ્રકલ્પ રૂપિયા ૫,૦૬૯ કરોડની ઑફર કરનારી અદાણી પ્રોપર્ટીઝ પ્રાઇવેટ લિમિટેડને આપવાના રાજ્ય સરકારના નિર્ણયને પડકાર્યો હતો.

સેકલિંક ટૅક્નોલૉજીસ કોર્પોરેશને ૨૦૧૮માં રૂપિયા ૭,૨૦૦ કરોડની સૌથી મોટી રકમની બિડ ભરી હતી, પરંતુ સરકારે બાદમાં આ ટેન્ડર રદ કર્યા હતા.

બાદમાં અદાણી ગ્રૂપે ૨૦૨૨માં મુંબઈમાં ૨૫૯ હેક્ટરમાં ફેલાયેલી ધારાવીના પુનર્વિકાસના પ્રોજેક્ટ માટે સૌથી વધુ (રૂપિયા ૫,૦૬૯ કરોડ)ની બિડ ભરી હતી. સેકલિંક ટૅક્નોલૉજીસ કોર્પોરેશને વડી અદાલતના નિર્ણયને પડકાર્યો હતો.

બૅન્ચે આ અરજીને પગલે નોટિસ આપીને અદાણી પ્રોપર્ટીઝ પ્રાઇવેટ લિમિટેડને આ પ્રોજેક્ટ માટેની ચુકવણી એક જ બૅન્ક ખાતામાંથી કરવા આદેશ આપ્યો હતો.

બૅન્ચે આ નોટિસ આપી તે પછી સેકલિંક ટૅક્નોલૉજીસ કોર્પોરેશનના વકીલે આ પ્રકલ્પ હાલમાં 'જેમ છે તેમ' રાખવાનો આદેશ આપવા વિનંતિ કરી હતી.

તેના પ્રતિસાદમાં મુખ્ય ન્યાયાધીશે આવો આદેશ આપવાનો ઇનકાર કર્યો હતો.

સેકલિંક ટૅક્નોલૉજીસ કોર્પોરેશનના વકીલે બૅન્ચને જણાવ્યું હતું કે પ્રથમ ટેન્ડર વખતે મારા અસીલે રૂપિયા ૭,૨૦૦ કરોડની ઑફર કરી હતી. હવે અમે વીસ ટકા વધુ એટલે કે રૂપિયા ૮,૬૪૦ કરોડની ઑફર કરીએ છીએ.

બૅન્ચે અરજદારને સંબંધિત સોગંદનામું અદાલતમાં ફાઇલ કરવાની સૂચના આપી હતી. હવે આ કેસની વધુ સુનાવણી પચીસમી મેના સપ્તાહ દરમિયાન થશે.

દરમિયાન, અદાણી પ્રોપર્ટીઝ પ્રાઇવેટ લિમિટેડના વકીલે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટનું કામ શરૂ થઇ ગયું છે. અમે બાંધકામનો પ્રારંભ કર્યો છે. અમે ભંડોળ જમા કર્યું છે. અંદાજે ૨,૦૦૦ લોકોને કામ પર રખાયા છે. મહારાષ્ટ્ર રાજ્ય વતી દલીલ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે નવા બાંધકામની બાજુના રેલવેના અમુક ક્વાર્ટર્સ પણ તોડી નખાયા છે. (એજન્સી) ■




## મિત્ર મંડળ - મુંબઈ દ્વારા ભવ્ય આયોજન

# સમસ્ત વી.બી.સી. સમાજનો દ્વિતીય વડીલ મેળાવડો



શ્રી વાગડ બે ચોવીસી ગુર્જર જૈન સ્થાનકવાસી મિત્ર મંડળ - મુંબઈ દ્વારા તા. ૨૪ થી ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫આ ત્રણ દિવસ માટે રાજસ્થાનના સુપ્રસિદ્ધ શ્રી નાકોડા તીર્થ મધ્યે સમસ્ત વી.બી.સી.સમાજના દ્વિતીય વડીલ મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું.





મુંબઈ- સુરત- અમદાવાદ- ભુજ- માધાપર- ગાંધીધામ- રાપર- પાટણ વગેરે અલગ અલગ જગ્યાએથી ૬૦ વર્ષથી ઉપરના લગભગ ૯૦૦ જેટલા વડીલો આ મેળાવડામાં જોડાયા હતા.

ત્રણ દિવસ નાકોડા તીર્થ મુકામે રોકાઈને સૌએ નાકોડા પાર્શ્વનાથની ભકિત કરવાનો લ્હાવો ઉઠાવ્યો હતો અને સાથે - સાથે વર્ષો જૂનાં મિત્રો તેમજ સ્નેહીજનોને મળવાનો આનંદ લીધો હતો.

માતુશ્રી મણિબેન માવજી સ્વરૂપચંદ વોરા પરિવાર અને માતુશ્રી મંજુલાબેન જેઠાલાલ ખેંગાર મોરબીયા પરિવારે આ દ્વિતીય વડીલ મેળાવડાના મુખ્ય દાતાશ્રી તરીકેનો લાભ લીધો હતો.

દોશી શાંતિલાલ ભાણજી પરિવાર, મહેતા તેજમલ ગોડીદાસ પરિવાર, માતુશ્રી કમલાબેન ખીમજી દોશી પરિવાર, મોરબીયા હંસરાજ પાનાચંદ પરિવાર, મહેતા નેમચંદ ન્યાલચંદ પરિવાર, માતુશ્રી ગલાલબેન નેમજી ખંડોર પરિવાર, દોશી છગનલાલ રાયશી પરિવાર, માતુશ્રી પ્રભાબેન શાંતિલાલ પારેખ પરિવાર, માતુશ્રી મંછાબેન કેશવલાલ સંઘવી પરિવાર, માતુશ્રી શાંતાબેન નેમચંદ મહેતા પરિવાર, માતુશ્રી પાંચીબેન ધનજીભાઈ ખંડોર પરિવાર, કોરડીયા ધારશીભાઈ પોપટલાલ પરિવાર, માતુશ્રી કાનુબેન ત્રિભોવન મહેતા પરિવાર, માતુશ્રી પ્રભાબેન પ્રાણલાલ વોરા પરિવાર- આ ૧૪ પરિવારે સહયોગી દાતાશ્રી તરીકેનો લાભ લીધો હતો.

૨૪ તારીખે સવારે નાકોડાજી તીર્થ મુકામે ઢોલ-નગારાથી સર્વે વડીલો તથા દાતાશ્રીઓનું વાજતેગાજતે સ્વાગત કરવામાં આવ્યું હતું.

મિત્ર મંડળ - મુંબઈના કાર્યકર્તાઓએ દરેક વડીલોને કોઈ પણ જાતની તકલીફ ના પડે એ રીતે રૂમની ફાળવણી કરી હતી તથા રૂમમાં ઉપયોગી અને દૈનિક વપરાશની વસ્તુઓ સાથેની રૂમ-કિટ પણ વડીલોને આપવામાં આવી હતી.

મુખ્ય દાતા પરિવાર વતી ઉપસ્થિત રમેશભાઈ મોરબીયા તથા ભોગીભાઈ વોરાએ મિત્ર મંડળની ટીમને આ વડીલ મેળાવડાનું આયોજન કરવા માટે ધન્યવાદ આપ્યા હતા. ત્રીજા દિવસે સવારે આભારવિધિના કાર્યક્રમ દરમિયાન મિત્ર મંડળ - મુંબઈના મંત્રી શ્રી પિયુષ ખંડોરે વડીલ મેળાવડાના આયોજન વિષે માહિતી આપી હતી તથા ત્યારબાદ ઘણા બધા વડીલોએ આ વડીલ મેળાવડામાં પોતાને જે આનંદ આવ્યો એને શબ્દોમાં વ્યક્ત કર્યો હતો અને પોતાના પ્રતિભાવ રજૂ કર્યા હતા.

મોટા સમાજના પૂર્વ પ્રમુખશ્રીઓ ભોગીલાલ મહેતા, વિનોદભાઈ મહેતા, કાંતિલાલ વોરા તથા વસંતભાઈ ખંડોરની આ વડીલ મેળાવડામાં વિશેષ ઉપસ્થિતી રહી હતી તથા એ સર્વેએ આ સમગ્ર આયોજનની સરાહના કરી હતી. મિત્ર મંડળ - મુંબઈના સહમંત્રી નયન પારેખે આભારવિધિ દરમિયાન સર્વે દાતાશ્રીઓનો તેમ જ આ આયોજનમાં સાથ આપનાર દરેકનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

સંગીત સાથે નાકોડાજીની ભકિત કરાવવા માટે પ્રખ્યાત એવા નરેન્દ્ર વાણીગોટા (મુંબઈ)ની ટીમે ઉપસ્થિત સર્વેને ભક્તિરસથી તરબોળ કર્યા હતા, ઠીંગુજી કલાકારે અવનવી વેષભૂષા દ્વારા તેમ જ ખ્યાતનામ કોમેડી કલાકાર રણજીત નાયરે પોતાની મિમિક્રી અને જાદુના અજબગજબ ખેલથી સૌને મનોરંજન કરાવ્યું હતું.

મિત્ર મંડળ - મુંબઈના પ્રમુખશ્રી રસિકભાઈ વોરાના માર્ગદર્શન હેઠળ ઉપ-પ્રમુખ શ્રી શાંતિલાલ ખંડોલ, મંત્રીશ્રી પિયુષ ખંડોર, સહમંત્રીશ્રી નયન પારેખ, ખજાનચી શ્રી મહેન્દ્ર ભાભેરા તથા મિત્ર મંડળની પૂરી કમિટીએ આ વડીલ મેળાવડાના પ્રોગ્રામને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી. આ આયોજનમાં દરેક ગામના યુવક મંડળના પ્રતિનિધિઓનો ખૂબ જ સરસ સાથ સહકાર મિત્ર મંડળ-મુંબઈને મળ્યો હતો.

# શિંદેની યોજનાઓનો છેદ ઉડાવવા માટે હું કાંઇ ઉદ્ધવ છું?: ફડણવીસ

મુંબઈ: નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે જ્યારે મુખ્ય પ્રધાન હતા ત્યારે તેમના કાર્યકાળ દરમિયાન લેવાયેલા નિર્ણયો પર સ્ટે મૂકવામાં આવ્યા તથા તેમના કાર્યકાળ દરમિયાનના કેટલાક કામોની તપાસ શરૂ હોવાની ચર્ચા કેટલાક સમયથી રાજકીય વર્તુળોમાં થઇ રહી છે. તેમજ તાનાજી સાવંતના કાર્યકાળ દરમિયાનના અંદાજે ૩૧૯૦ કરોડ રૂપિયાના કામ પર પણ મુખ્ય પ્રધાન દ્વારા સ્ટે મૂકવામાં આવ્યો હોવાનું પણ કહેવાઇ રહ્યું હતું, પરંતુ હાલમાં ચાલી રહેલા વિધાનસભાના બજેટ સત્રમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે દરેક અટકળોને ફગાવી દીધી છે અને વિકાસકામોને અટકાવી દેવા માટે હું કંઈ ઉદ્ધવ ઠાકરે છું કે? એમ કહીને ફડણવીસે શિવસેના-યુબીટીના પ્રમુખ પર જ નિશાન તાક્યું હતું. મહાયુતિ સરકાર સત્તા પર આવ્યા બાદ ૧૦૦ દિવસનું મિશન હાથ ધરાયું. તાલુકા સ્તરના કાર્યાલયોને પણ ટાર્ગેટ આપવામાં આવ્યો અને ત્યાં થઇ રહેલા કામની સમીક્ષા પણ અમે કરી રહ્યા છે. ૧૦૦ દિવસના કામનો પ્રત્યેક વિભાગે એક ટાર્ગેટ ફાઇનલ કર્યો છે. જે કામ સારું કરશે તેનું સન્માન પણ કરાશે. હવે એક નવી પરંપરા જ શરૂ કરવાનો પ્રયાસ થઇ રહ્યો છે, એમ ફડણવીસે જણાવ્યું હતું. છેલ્લા કેટલાક દિવસથી મીડિયાના મનપસંદ સમાચાર બન્યા છે કે મુખ્ય પ્રધાને શિંદે સરકારના નિર્ણયો પર સ્ટે આપ્યો, પણ એ પહેલા વિચારવા જેવું હતું કે વિકાસકામોને રોકવા માટે હું કંઇ ઉદ્ધવ ઠાકરે નથી. શિંદે સરકારે જે કામો શરૂ કર્યા ત્યારે હું તેમની સાથે જ હતો. ત્યાર બાદ અજત પવાર પણ અમારી સાથે જોડાયા. તે વખતે જે નિર્ણયો લેવાયા તેની જવાબદારી અમારા ત્રણેયની છે, એમ ફડણવીસે કહ્યું હતું. ■

# એકનાથ શિંદેની 300 કરોડની યુવા રોજગાર સ્કીમને અભરાઇ પર ચડાવી દીધી ફડણવીસે

મુંબઈ: વિધાનસભાની ચૂંટણી પૂર્વે એકનાથ શિંદેના નેતૃત્વવાળી અગાઉની મહાયુતિ સરકારે શરૂ કરેલી વધુ એક લોકપ્રિય યોજના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના વડપણ હેઠળની મહાયુતિ ૨.૦ સરકારે અટકાવી દીધી છે. ઓગસ્ટ ૨૦૨૪માં જાહેર કરવામાં આવેલી ૩૦૦ કરોડ રૂપયાની જોગવાઈ ધરાવતી મુખ્ય પ્રધાન યોજનાદૂત સ્કીમ રોકડની તંગીનો સામનો કરી રહેલી રાજ્ય સરકાર દ્વારા અભરાઈ પર ચડાવી દેવામાં આવી છે.

યુવાનોને રોજગાર મળે એ હેતુથી આ યોજના જાહેર કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા આઠમી ઓગસ્ટ ૨૦૨૪ના દિવસે માસિક ૧૦ હજાર રૂપિયાના સ્ટાઈપેન્ડ પર ૫૦ હજાર યુવાનોની છ મહિના માટે ભરતી કરવાના વચન સાથે જાહેરાત કરવામાં આવી હતી. ગ્રામીણ વિસ્તારોમાં દરેક ગ્રામ પંચાયત માટે એક દૂત (સંદેશવાહક) અને શહેરી વિસ્તારના દરેક વોર્ડ માટે એક દૂત નીમવાની યોજના હતી. નિર્ધારિત વ્યક્તિઓને લાભ આપતી વિવિધ સરકારી યોજનાના પ્રચાર-પ્રસારનું કામ દૂતને સોંપવામાં આવનાર હતું.

આ યોજના તૈયાર કરવામાં સહભાગી થયેલા એક અધિકારીએ જણાવ્યું હતું કે 'ત્રણ શાસક પક્ષોના નેતાઓના આગ્રહથી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪થી અરજીઓ માટેની સમયમર્યાદા કેટલીક વખત વધારવામાં આવી હતી ત્યારે એ શરૂ થવા વિશે શંકા વ્યક્ત થઈ હતી.' ■







# પાર્લે બિસ્કિટ કંપની પર આઈટીના દરોડા

મુંબઈ: આવકવેરા વિભાગ (આઇટી) દ્વારા શુક્રવારે વિલેપાર્લે ખાતે આવેલી પાર્લે-જી બિસ્કિટ બનાવતી કંપની પારલે પ્રોડક્ટ્સ પ્રા. લિ. પર દરોડા પાડ્યા હતા, પરંતુ આ દરોડા પાડવા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. મળતી માહિતી મુજબ પાર્લે કંપનીની ગુજરાત કચ્છ ખાતેની ઓફિસ અને ફેક્ટરીમાં પણ આઇટી વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. કેન્દ્રીય એજન્સીની આર્થિક પાંખ દ્વારા કંપનીના નાણાકીય દસ્તાવેજો ચકાસવામાં આવી રહ્યા હોવાનું સૂત્રોનું કહેવું છે. આ તપાસ ફોરેન એસેસ્ટ યુનિટ અને આઇટી વિભાગની ઇન્વેસ્ટિગેશન ટીમ દ્વારા હાથ ધરવામાં આવી છે.

૧૯૨૯માં સ્થાપવામાં આવેલા પારલે પ્રોડક્ટ્સનું નામ મુંબઈના પાર્લે વિસ્તાર પરથી પાડવામાં આવ્યું હોવાનું કહેવાય છે. ૧૯૩૮માં પાર્લે-ગ્લુકો નામથી બિસ્કિટ બહાર પાડવામાં આવી જેને બહુ લોકપ્રિયતા મળી. તેમ છતાં ભારતને આઝાદી મળ્યા બાદ તેનું ઉત્પાદન થોડા સમય માટે બંધ કરી દેવામાં આવ્યું હતું અને પાછળથી ફરી શરૂ કરાયું હતું.

સૂત્રોનું કહેવું છે કે પાર્લે બિસ્કિટના નફામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે જે ૨૦૨૩માં ૭૪૩.૬૬ કરોડ રૂપિયા હતા તે ૨૦૨૪માં વધીને ૧,૬૦૬.૯૫ કરોડ રૂપિયા થયો હતો. ■










# માટુંગા ફૂલ બજારમાં ફરી 30 દુકાન પર ચાલ્યો સુધરાઈનો હથોડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: માટુંગા રેલવે સ્ટેશનની બહાર અને ભંડારકર રોડ પર ફૂલ બજાર વિસ્તારમાં સતત બીજા દિવસે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કાર્યવાહી કારવામાં આવી હતી. અહીં જગ્યા પર અતિક્રમણ કરવામાં આવેલા અને ૩૦ ગેરકાયદે દુકાનોને શુક્રવારે તોડી પાડવામાં આવી હતી. પાલિકાના એફ-ઉત્તર વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર નીતિન શુકલાના જણાવ્યા મુજબ માટુંગા રેલવે સ્ટેશન બહારનો પરિસર અને ભંડારકર રોડ પર ફૂલ બજાર પરિસરમાં ફૂટપાથ તથા રસ્તા પર મોટા પ્રમાણમાં અતિક્રમણ તથા ગેરકાયદે બાંધકામ ઊભા થયા હોવાની ફરિયાદ આવી હતી. તેથી ગુરુવાર બાદ શુક્રવારે સતત બીજા દિવસે ગેરકાયદે બાંધકામને તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ■






# સ્ત્રીઓ તમારું હૃદય સંભાળો !!!

જગતમાં (દુનિયામાં) એકંદરે થતા મૃત્યુમાં સૌથી વધારે મૃત્યુ હૃદયરોગની બીમારીને લીધે થાય છે. અને હૃદયરોગની બીમારીથી મોતના મુખમાં પડનારાની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે.

પહેલા આ બીમારી પ્રૌઢ (મોટી ઉંમરવાળી) વ્યક્તિઓમાં જણાતી હતી, પણ હવે થોડાંક વર્ષોથી આ બીમારીનાં મૂળ યુવાન પેઢીમાં પણ જણાઈ રહ્યા છે. પહેલા આ બીમારી ૫૦ વર્ષ અથવા તેનાથી વધુ ઉંમરવાળાઓમાં વધારે જણાતી હતી. (પહેલા આને Retirement બીમારી કહેવાતી) પણ હવે ૩૦ થી ૫૦ વર્ષની ઉંમરની વ્યક્તિઓમાં આ બીમારી દેખાવાનું પ્રમાણ ૩૫ થી ૪૦ ટકા જેટલું છે. મોટે ભાગે શહેરના વિસ્તારમાં કમાતી યુવાન વ્યક્તિ જો બીમાર પડે તો સંપૂર્ણ કુટુંબ બીમાર પડ્યું હોય એવું લાગે છે, સંપૂર્ણ કુટુંબ અસ્વસ્થ થાય છે, વિખરાય જાય.

તેમ જ હૃદયરોગની બીમારી એ સ્ત્રીઓમાં ઓછા પ્રમાણમાં જણાતી હતી... સ્ત્રીનાં શરીરમાં (Hormones) હોર્મોન્સ હૃદયરોગ ટાળવામાં મદદરૂપ થાય છે, પણ આજે સ્ત્રીઓ પુરુષોની સાથે ખભેથી ખભે મેળવીને સામાજિક કૌટુંબીક જવાબદારી ઉઠાવી રહી છે.

રાષ્ટ્રની પ્રગતિમાં મદદરૂપ થઈ રહી છે. આ સામાજિક પરિવર્તનને લીધે સ્ત્રીઓ પણ તણાવની શિકાર બને છે. એના પરિણામ સ્ત્રીઓનાં આરોગ્ય ઉપર થાય છે. એકંદરે હૃદય ઉપર થાય છે તેથી જ સ્ત્રીઓમાં હૃદયરોગનું પ્રમાણ વધતું જાય છે.

આગળનાં લેખમાં યુવાનોમાં અને સ્ત્રીઓમાં હૃદયરોગ વધતા પ્રમાણનાં કારણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.



ડૉ. જી.પી. રત્નપારખીને Interventional Cardiologist MBBS. MD. (MEDICINE). DM. (CARDIOLOGY), FESC, FCSI. F.S.C.A.I માનનીય શ્રી પ્રકાશ અબિતકર (જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મહારાષ્ટ્ર રાજ્ય) દ્વારા શ્રેષ્ઠ ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ તરીકે એનાયત કરવામાં આવ્યા છે.

**સ્ત્રીઓમાં હૃદયરોગ વધવાનું કારણ**

વધતું જતું શિક્ષણ અને વધતા જતા સામાજિક સમાનતાની જાણથી આજની સ્ત્રી એ સંસારની ચાર દીવાલોમાં ન રહેતા.... પુરુષ સમોવડી બનીને સામાજિક અને કૌટુંબીક જવાબદારી નિભાવી રહી છે.

તેથી જ સ્ત્રીઓનું નોકરી કરવાનું, કામકાજ (ધંધો) કરવાનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે. સાહજિક જ છે કે નોકરી ધંધામાં તાણ, તણાવ, સંઘર્ષ... સ્ત્રીઓને સહન કરવો પડે છે. કુદરતી રીતે સ્ત્રી એ વધુ સંવેદનશીલ અને ભાવુક હોય છે તથા સ્ત્રીની શારીરિક ક્ષમતા પણ કુદરતી રીતે ઓછી હોય છે. તેથી આ તાણ-તણાવનું પ્રમાણ પણ તેમના ઉપર વધુ પ્રમાણમાં હોય છે. તેના હળવા મન ઉપર પરિણામ છેક અંદર સુધી જાય છે. નાની નાની વાતોનું પણ વિપરીત પરિણામ મન ઉપર થઇ તેનું પરિણામ હૃદય પર થાય છે.

નોકરીના દરરોજના પ્રવાસને લીધે શારીરિક....માનસિક સંઘર્ષો તેનાથી સહન થશે જ એવું નથી એ સિવાય નોકરીનાં સમય પછી પાછી ઘરની જવાબદારી પણ હોય છે.

ઘણા બધા કિસ્સામાં એવું જોવામાં આવ્યું છે કે પુરુષો કરતાં સ્ત્રીઓનું ધ્યાન ઘરમાં અને ઘરની બધી બાબતો અને ઘટના ભાવનાત્મક વિચાર વધારે હોય છે તેના કારણે નોકરી કરવાવાળી સ્ત્રીઓને બહારની અને ઘરની સમસ્યાઓને એક જ સમયે નિભાવવી પડતી હોય છે. આવી સ્ત્રીઓમાં વધુ લોહીનું દબાણ અને હૃદયરોગની બીમારી થવાનું પ્રમાણ વધારે હોય છે.

બેસીને કામ કરવાની નોકરી હોવાની સમસ્યા એ જુદો જ ભાગ છે. સતત બેસી રહેવાથી વજન વધે છે. (વિશેષતા પેટનો ભાગ વધવાનો) આ બધું મોટા પ્રમાણમાં જોવા મળે છે. નોકરી અને ઘરની જવાબદારીને લીધે વ્યાયામ કરવા, Fitness માટે સમય મળતો જ નથી, તેથી પણ વજન વધે છે. અને પેટનો ઘેરાવો વધવો, મધુમેહ થાય છે. ઉપરાંત વધુ લોહીનું દબાણ બીમારી વગેરે આ બધાને આમંત્રણ મળે છે. આને "Metabolic Syndrome" મેટાબોલીક સિંડ્રોમ એવું કહેવાય છે. આનું પ્રમાણ ભારતમાં વધુ પ્રમાણમાં છે. આથી હૃદયરોગ અને હાર્ટએટેક આવવાની સંભાવના વધારે હોય છે.

આજકાલનાં મોડર્ન જમાનામાં સ્ત્રીઓમાં પણ ધૂમ્રપાનનું પ્રમાણ વધી રહ્યું છે. હાયફાય સંસ્કૃતિનાં ફેમિલીની પત્નીઓ વધુ મૉડલ એવી સ્ત્રીઓ ધૂમ્રપાન અને બીજાં વ્યસનોનો ભોગ બને છે. શરાબ... શબાબ...કબાબ...દારૂ... લેટ નાઈટ પાર્ટીઓ, કસમયે જમવાનું, તેમાં તળેલા, ઘીવાળા પદાર્થોની ભરમાર અને જાગરણ, આ બધાનું પરિણામ હૃદય ઉપર થાય છે અને આવી સ્ત્રીઓમાં હૃદયરોગ થવાના પરિણામ વધુ હોય છે.

મહત્ત્વનું કહેવાનું એ છે કે ઘણી સ્ત્રીઓ ગર્ભનિરોધક ગોળીઓ લેતી હોય છે તે સ્ત્રીઓની આજની એક જરૂરિયાત હોવા છતાં થોડાં વર્ષો બાદ એનું પરિણામ દેખાય છે. ઘણા સંશોધનમાં એવું જોવા મળ્યું છે કે જે સ્ત્રીઓ લાંબા સમય સુધી ગર્ભનિરોધક ગોળીઓ લેતી હોય છે, તેમનામાં હૃદયરોગ થવાનું પ્રમાણ વધુ હોય છે.

એકંદરે આપણા દેશમાંની સ્ત્રીઓની ઊંચાઈ અને આકારમાન (B.M.I.) પશ્ચિમના દેશની સ્ત્રીઓ કરતાં ઓછી હોય છે. તેને લીધે હૃદયનું લોહી પરિભ્રમણ કરનાર ધમનીનો આકાર અને તેનો વ્યાસ ખૂબ જ ઓછો હોય છે. ટૂંકમાં રકતનળીઓ આકાર કરતા નાની હોય છે. તેને લીધે રકતનળીમાં થનારો થોડો પણ અવરોધ (Block) એ વધુ દુષ્પરિણામ કરી શકે છે. (Micro Vascular Disease) તેમ જ વ્યાયામ અને શારીરિક હલનચલન ઓછું હોવાને લીધે સ્ત્રીઓનાં હૃદયમાં રકતનળીઓનું પરિભ્રમણ (Collateral Circulation) ઓછું જણાય છે. તેનાથી હૃદયરોગની તીવ્રતા સ્ત્રીઓમાં વધુ જણાય છે.

હજી પણ ભારતમાં સ્ત્રીઓને પુરુષો પછી બીજું સ્થાન આપવામાં આવ્યું છે. આ પ્રાચીન વિચારધારા હજુ પણ ઘણાં ગ્રામીણ અને કેટલાંક શહેરોનાં ભાગમાં દેખાઈ રહી છે. તેને લીધે સ્ત્રીઓની વ્યાધિ તરફ બેધ્યાન કરવામાં ઘરનાં લોકો અને સ્ત્રીઓ પોતે પણ બેદરકાર રહે છે. તેને લીધે હૃદયરોગનાં શરૂઆતમાં સ્ટેજનું નિદાન થતું નથી...જ્યારે તે વધે છે...ત્યારે ખૂબ મોડું થઈ ગયું હોય છે.

બીમારી ઉપર બેધ્યાન કરવું એવું કંઇક અંશે કહેવાય આ બધાને લીધે સ્ત્રીઓમાં હૃદયરોગનું પ્રમાણ વધતું જાય છે.

ઑફિસની પાર્ટીઓમાં ધૂમ્રપાન અને મદ્યપાન એ ખૂબ જ સહજ રીતે જોવા મળે છે. આ પણ યુવકોમાં હૃદયરોગને આમંત્રિત કરે છે.

આવી પાર્ટીઓમાં તળેલા મસાલાવાળા પદાર્થોની ભરમાર (Starters ચકના) વધુ કેલરીઝનાં ઠંડાં પીણાં, રાત્રે-મધ્યરાત્રે જાગરણ, ફરી બીજા દિવસની દોડધામ આ બધાને લીધે આ પેઢી શરીરના હાલ કરે છે. આવી જીવનશૈલીના કારણે યુવાન પેઢીમાં હૃદયરોગ વધતો ચાલ્યો છે.

ભારતની ઉચ્ચ સંસ્કૃતિથી ભટકી આપણે વિકૃતિની તરફ ચાલીએ છીએ. યોગવિલાસથી ભટકી ભોગવિલાસ તરફ જઇ રહ્યા છીએ.

આપણે આપણા આચાર... વિચાર... આહાર... વિહાર આ બાબતમાં સચેત રહેવું જોઈએ, કારણ આ પેઢીનું અનુકરણ આવવાવાળી પેઢી કરે છે.

પહેલાં જ વધુ પ્રમાણમાં વંશપરંપરાગત રહેનારાં હૃદયરોગને આ બધાં વ્યસનોની અને બીજી બાબતોની ઝડપથી વધી રહ્યો છે.

તેથી જ યુવકો જાગૃત થાઓ ...
વ્યસન વિરુદ્ધ એકજૂટ થાઓ ...
પ્રમાણિક થાઓ...
હૃદયરોગ ટાળો ...!

વધુ માહિતી માટે સંપર્કઃ
ગુરુકૃપા હાર્ટ સેન્ટર | જુહુ ગલી, અંધેરી (ઈસ્ટ)
8591282831 / 9821156115

# પ્રિય મહિલાઓ, વિશ્વ મહિલા દિવસ નિમિત્તે હું તમને શુભેચ્છા પાઠવું છું



**ડો. સ્મૃતિ જી. રત્નપારખી**
**બીડીએસ [ગોલ્ડ મેડલિસ્ટ]**
**એમડીએસ [એન્ડોડોન્ટિક્સ]**

છેલ્લાં ૨૮ વર્ષથી ગુરુકૃપા ડેન્ટલ ક્લિનિક અંધેરીમાં ડેન્ટલ સર્જન, એન્ડોડોન્ટિસ્ટ અને ઈમ્પ્લાનટોલોજીસ્ટ તરીકે પ્રેક્ટિસ કરી રહી છે. આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર ડો. સ્મૃતિ તમારા દાંતની સંભાળ કેવી રીતે રાખવી તે સમજાવી રહી છે.

સારા સ્મિત માટે સવારે અને સૂતા પહેલા દાંતને બ્રશ અને ફ્લોસ (Floss) કરવું ફરજિયાત છે, જેનાથી દાંત સાફ થશે, પ્લેક્સ (Plaque) અને બાકી રહી ગયેલા ખોરાકના કણો દૂર થશે.

યુવાવસ્થા, માસિક સ્રાવ, ગર્ભાવસ્થા, મેનોપોઝ (Menopause) અને જેઓ ઓરલ કોન્ટ્રાસેપ્ટીવ્ઝ પર છે આવા જીવનના ચોક્કસ તબક્કાઓ દરમિયાન સ્ત્રીઓએ વધારાની કાળજી લેવાની જરૂર છે, કારણ કે આ સમયગાળા દરમિયાન ઘણા હોર્મોનલ (Hormonal) ફેરફારો થાય છે જે પેઢાના સ્વાસ્થ્ય અને ઓરલ સ્વાસ્થ્યને અસર કરે છે.

મેનોપોઝ દરમિયાન, સ્ત્રીઓને મોંમાં શુષ્કતા (Hormones), મોંમાં બળતરાં, દાંતના સડોનું જોખમ વધી શકે છે. ડેન્ટલ સર્જનની સલાહ સાથે, પુષ્કળ ઓરલ પાણીનું સેવન, ફાઇબર, મલ્ટી-વિટામિન્સ, CA સપ્લિમેન્ટ્સ સાથે સંતુલિત (Balanced) આહાર લેવાની ભલામણ કરવામાં આવે છે. ઉચ્ચ ખાંડવાળા ખોરાક અથવા પીણાં ટાળો. આજકાલ દાંતને સફેદ (Dental whitening-Bleaching) કરવા માટે સફેદ કરનાર Whitening agent (Corbamide Peroxide) એજન્ટ લગાવીને C બ્લીચિંગ કરાય છે જે દંત ચિકિત્સક (Dentist) પાસે ઉપલબ્ધ છે.

ખાસ કરીને લગ્નો અથવા ભવ્ય કાર્યક્રમો દરમિયાન ઘરેણાં અને કોસ્મેટિક ચહેરાની સારવાર ઉપરાંત ''સુંદર સ્મિત'' ('Smile design') પણ જરૂરી છે. નિષ્ણાત દંત ચિકિત્સક અદ્યતન ડિજિટલ સ્મિત (Digital Smile) ડિઝાઇન (Design) દ્વારા તેમના સ્મિત- સ્માઈલને સુધારી શકે છે. તે સ્ત્રી માટે દુલ્હનની સુંદરતામાં અનેક ગણો વધારો કરશે. ''રુટ કેનાલ (Root Canal) ટ્રીટમેન્ટ રિસ્ટોરેશન અને ક્રાઉન'' કરીને કુદરતી દાંતને સાચવવાની હંમેશાં સલાહ આપવામાં આવે છે.

જો દાંત કાઢવાની જરૂર હોય, તો પરંપરાગત ક્રાઉન અને બ્રિજને બદલે ઇમ્પ્લાન્ટ (Implants) લગાવીને બદલી શકો છો, કારણ કે લાંબા ગાળે તે ફાયદાકારક છે. વ્યક્તિ ખોરાકને વધુ સારી રીતે ચાવી શકે છે, ખોરાકનો આનંદ માણી શકે છે અને તેને વધુ સારી રીતે પચાવી શકે છે. દંત ક્ષેત્રમાં ખૂબજ પ્રગતિ થઈ છે જે તમારા ચહેરા પર સ્મિત ઉમેરશે અને અલબત્ત તમારા જીવનમાં સ્મિત ઉમેરશે.

વધુ વિગતો માટે સંપર્ક કરોઃ

ગુરુકૃપા ડેન્ટલ ક્લિનિક

તક્ષશિલા બિલ્ડિંગ નંબર ૪, દુકાન નંબર ૬, મહાકાલી કેવ્ઝ રોડ, અંધેરી (પૂર્વ) કોલ કરોઃ 9594510742

સમરોક બિલ્ડિંગ નંબર ૧, જુહુ ગલી, બરફીવાલા લેન, મહિન્દ્રા શોરૂમની સામે, ઑફ એસવી રોડ, અંધેરી (પશ્ચિમ). કોલ કરોઃ 9820975698

# ઓમર અબ્દુલ્લાએ જમ્મુ અને કાશ્મીરનું બજેટ રજૂ કર્યું

જમ્મુઃ મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ શુક્રવારે જમ્મુ અને કાશ્મીરનું છ વર્ષમાં પ્રથમ બજેટ રજૂ કર્યું હતું અને કહ્યું કે તે આર્થિક વિકાસ માટેનો રોડમેપ છે અને લોકોની આકાંક્ષાઓનું સાચું પ્રતિબિંબ છે.

અહીં વિધાનસભામાં બજેટ રજૂ કરતા, ઓમર, જેમની પાસે નાણા મંત્રાલય છે, તેમણે વિવિધ ક્ષેત્રોમાં તેમના સમર્થન માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણની પ્રશંસા કરી હતી.

''જમ્મુ અને કાશ્મીરના નાણાપ્રધાન તરીકે પ્રથમ વખત બજેટ રજૂ કરવામાં મને આનંદ થાય છે. આ આર્થિક વિકાસ માટેનો રોડમેપ છે અને લોકોની આકાંક્ષાઓનું સાચું પ્રતિબિંબ છે,'' એમ મુખ્ય પ્રધાને કહ્યું, જેમણે પર્શિયન કમ્પ્લેટ સાથે બજેટ ભાષણની શરૂઆત કરી હતી.

કેન્દ્રીય શાસનના છ વર્ષનો અંત આવ્યા બાદ ગત વર્ષે ઓક્ટોબરમાં સત્તામાં આવ્યા બાદ નેશનલ કોન્ફરન્સ સરકારનું આ પ્રથમ બજેટ છે. છેલ્લું બજેટ સત્ર ૨૦૧૮માં તત્કાલીન જમ્મુ અને કાશ્મીર રાજ્યમાં પીડીપી-ભાજપ સરકાર હેઠળ જાહેર થયું હતું, જે ૫ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ કલમ ૩૭૦ નાબૂદ થયા પછી બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત થયું હતું.

''અમારા પડકારો વિશાળ છે અને અમારી મર્યાદાઓ ઘણી છે પરંતુ આપણે સામૂહિક રીતે આ પડકારોનો અટલ સંકલ્પ સાથે સામનો કરવાનો સંકલ્પ લેવો જોઈએ,'' એમ ઓમરે ગૃહને કહ્યું હતું. તેમણે કહ્યું કે તેમણે આ પ્રથમ બજેટને ''આપણા લોકોના સપનાં, આપણી ભાવિ પેઢીઓની જરૂરિયાતો અને જમ્મુ અને કાશ્મીરના દરેક નાગરિકની આકાંક્ષાઓનું સાચું પ્રતિબિંબ'' તરીકે તૈયાર કરવાનો પ્રયાસ કર્યો છે.

# ઇડીએ સિક્કિમ બૅંકના ભૂતપૂર્વ જીએમની મની લોન્ડરિંગ કેસમાં ૬૫ કરોડની સંપત્તિ જપ્ત કરી

ગંગટોકઃ સિક્કિમની એક બેંકના ભૂતપૂર્વ જનરલ મેનેજર કક્ષાના એક અધિકારી સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઇડી)એ રૂ. ૬૫.૪૬ કરોડની સ્થાવર અને જંગમ સંપત્તિને કામચલાઉ રીતે જપ્ત કરી હોવાના સમાચાર છે.

ઇડીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે જપ્ત કરાયેલી મિલકતોમાં સિક્કિમના દેવરાલી, સિયારી, રાનીપૂલ અને પેનલોંગ ખાતે સ્થિત ચાર રહેણાંક મિલકતો અને જમીનના ટુકડાઓનો સમાવેશ થાય છે. આ મિલકતો કથિત રીતે સ્ટેટ બેંક ઓફ સિક્કિમના ભૂતપૂર્વ જનરલ મેનેજર(ઓપરેશન્સ) દોરજી શેરિંગ લેપ્ચા દ્વારા ભંડોળના ઉચાપત સાથે સંકળાયેલી છેતરપિંડી પ્રવૃત્તિઓમાંથી મળેલાં નાણાંનો ઉપયોગ કરીને મેળવવામાં આવી હતી. આ ઉપરાંત લેપ્ચા અને તેમના પરિવારના સભ્યોના નામે લગભગ રૂ. ૫૩.૪૧ કરોડની સંયુક્ત થાપણો ધરાવતા અનેક બેંક ખાતાઓ પણ ફ્રીઝ કરવામાં આવ્યા હોવાનું નિવેદનમાં જણાવાયું છે. આ કાર્યવાહી પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ),૨૦૦૨ હેઠળ બેંકમાંથી ભંડોળના ગેરઉપયોગ અને લોન્ડરિંગ અંગે ચાલી રહેલી તપાસનો એક ભાગ છે.

# છત્તીસગઢમાં ખાણમાં નક્સલવાદીઓ દ્વારા લગાવવામાં આવેલા આઈઈડીના વિસ્ફોટ થતાં બે મજૂર ઘાયલ

નારાયણપુરઃ છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં શુક્રવારે લોખંડની (આયર્ન ઓરની) ખાણમાં નક્સલવાદીઓ દ્વારા લગાવવામાં આવેલ ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (આઈઈડી) ફાટતાં બે મજૂર ઘાયલ થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

રાજધાની રાયપુરથી લગભગ ૩૫૦ કિમી દૂર છોટે ડોંગર પોલીસ સ્ટેશનની હદમાં આવેલી આમદાઈ ઘાટીની ખાણમાં સવારે ૧૦.૪૫ વાગ્યે વિસ્ફોટ થયો હતો, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે બે મજૂર અજાણતા આઈઈડીના સંપર્કમાં આવ્યા, જેનાથી વિસ્ફોટ થયો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે ઘાયલ માણસો, દિલીપ કુમાર બઘેલ અને હરેન્દ્ર નાગને છોટે ડોંગરની એક હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા અને બાદમાં તેમને જિલ્લા હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સ્થિતિ ખતરાની બહાર હોવાનું કહેવાય છે.

તેમણે કહ્યું કે આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે.

જયસ્વાલ નેકો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડને આમદાઈ ઘાટીમાં આયર્ન ઓરની ખાણ ફાળવવામાં આવી છે અને નક્સલવાદીઓ લાંબા સમયથી આ પ્રોજેક્ટનો વિરોધ કરી રહ્યા છે. આ વર્ષે પાંચમી ફેબ્રુઆરીએ આમદાઈ ઘાટી ખાણમાં આવા જ વિસ્ફોટમાં એક મજૂર ઘાયલ થયો હતો, જ્યારે નવેમ્બર ૨૦૨૩માં થયેલા વિસ્ફોટમાં બે લોકોનાં મોત થયા હતા.

# જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં ત્રણ નાગરિકો ગુમ, વિધાનસભામાં ભાજપે મુદ્દો ઉઠાવ્યો

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં ભાજપના એક ધારાસભ્યએ શુક્રવારે કઠુઆ જિલ્લાના એક ગામમાંથી ત્રણ નાગરિકો ગુમ થયાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો. અધિકારીઓના જણાવ્યા અનુસાર લગ્નમાં હાજરી આપવા જઇ રહેલા ત્રણ લોકો ગુરુવારે રાત્રે ગુમ થઇ ગયા હતા. તેમને શોધવા માટે કઠુઆ જિલ્લાના લોહાઇ મલ્હાર વિસ્તારમાં મોટા પાયે શોધખોળ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. વિધાનસભા સત્ર શરૂ થતાની સાથે જ ભાજપના ધારાસભ્ય સતેશ શર્માએ બિલ્લાવર મતવિસ્તારના લોહાઇ મલ્હાર વિસ્તારમાં ગુમ થયેલા નાગરિકો વિશે ગૃહને જાણકારી આપવા માટે મુદ્દો ઉઠાવ્યો હતો. સતેશ શર્માએ જણાવ્યું કે હું તમને ત્રણ ગુમ થયેલા નાગરિકો વિશે માહિતી આપવા માગું છું. અમે સરકાર પાસેથી જવાબ ઇચ્છીએ છીએ. જેના જવાબમાં સ્પીકર અબ્દુલ રહીમ રાથરે જણાવ્યું કે પ્રશ્નકાળ શરૂ થઇ ગયો છે અને પ્રશ્ન પછીથી લેવામાં આવે તેવું સૂચન કર્યું હતું.

# જ્ઞાની રઘબીર સિંહને અકાલ તખ્તના જથેદાર પદેથી હટાવાયા, કુલદીપ સિંહ બન્યા કાર્યકારી જથેદાર

અમૃતસરઃ શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિ (એસજીપીસી) એ શુક્રવારે શીખોની સર્વોચ્ચ ધાર્મિક પીઠ અકાલ તખ્તના જથેદારના પદેથી જ્ઞાની રઘબીર સિંહને હટાવી દીધા હતા. એસજીપીસીએ કુલદીપ સિંહ ગડગજને અકાલ તખ્તના કાર્યકારી જથેદાર તરીકે નિયુક્ત કર્યા છે. તેમને તખ્ત કેસગઢ સાહિબના જથેદાર તરીકે પણ નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્ઞાની રઘબીર સિંહ સુવર્ણ મંદિરના મુખ્ય ગ્રંથી તરીકે સેવા આપતા રહેશે.આ નિર્ણયો અહીં એસજીપીસી કારોબારી સમિતિની બેઠકમાં લેવામાં આવ્યા હતા.

એસજીપીસીએ જ્ઞાની સુલતાન સિંહને રૂપનગરના તખ્ત કેસગઢ સાહિબના જથેદાર પદ પરથી દૂર કર્યા છે. હવે તેઓ હરમંદિર સાહિબના ગ્રંથી તરીકે કામ કરશે. બીજા એક નિર્ણયમાં એસજીપીસીના સભ્ય બાબા ટેક સિંહ ધનૌલાને ભટિંડામાં તખ્ત દમદમા સાહિબના જથેદાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. દરમિયાન, એસજીપીસીના અધ્યક્ષ પદેથી હરજિંદર સિંહ ધામીના રાજીનામા અંગેનો નિર્ણય પેન્ડિંગ રાખવામાં આવ્યો છે.

# 'કાશી અને અયોધ્યા બાદ હવે મથુરાનો વિકાસ કરાશે': યોગી આદિત્યનાથ

મથુરા (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શુક્રવારે કહ્યું કે કાશી અને અયોધ્યાના કાયાકલ્પ પછી હવે મથુરા અને બ્રજભૂમિના વિકાસનો સમય આવી ગયો છે. યોગીએ ખાતરી આપી હતી કે મથુરા, વૃંદાવન, બરસાના, ગોકુલ, નંદગાંવ, ગોવર્ધન અને બલદેવ સહિત બ્રજ ક્ષેત્રનો વિકાસ અયોધ્યા, વારાણસી અને પ્રયાગરાજના પરિવર્તનની જેમ ઝડપથી થશે.

બરસાનામાં આયોજિત કાર્યક્રમમાં મુખ્યપ્રધાને શ્રી લાડલી જી મહારાજ મંદિરની મુલાકાત લીધી અને પૂજા કરી અને ફૂલો અને લઠ્ઠમાર હોળીથી રંગોના તહેવારની શરૂઆત કરી હતી. મુખ્ય પ્રધાને પોતાના સંબોધનમાં કહ્યું કે, છેલ્લા ૫૦૦૦ વર્ષથી ભારતની સનાતન સંસ્કૃતિને ઊર્જા આપતી આ વ્રજ ભૂમિ ભક્તિ અને શ્રદ્ધાની ભૂમિ છે. તેના દરેક કણમાં શ્રી રાધા અને શ્રી કૃષ્ણના દર્શન થાય છે.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે 'ઉત્તર પ્રદેશ ભાગ્યશાળી છે કે કાશી, અયોધ્યા અને મથુરા આ ત્રણ તીર્થસ્થળો અહીં શાશ્વત એકતાના પ્રતીક તરીકે અસ્તિત્વ ધરાવે છે.' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વારસો અને વિકાસની એક નવી પરંપરા સ્થાપિત થઈ છે, જેનું પરિણામ તાજેતરમાં પૂર્ણ થયેલા પ્રયાગરાજ મહાકુંભના ભવ્ય આયોજનના રૂપમાં જોવા મળ્યું હતું.

તેમણે કહ્યું, 'જે કોઈએ સનાતન ધર્મ વિરુદ્ધ વાત કરી, અફવાઓ ફેલાવી અને અતાર્કિક વાતો કહી, સનાતન ધર્મના અનુયાયીઓએ તેમને મહાકુંભ દ્વારા યોગ્ય જવાબ આપ્યો છે.'

હોળીને એકતાનું પ્રતીક ગણાવતા સીએમ યોગીએ કહ્યું કે હોળી પરસ્પર સૌહાર્દ અને અંતર દૂર કરવાનો તહેવાર છે. મહાકુંભ વિશ્વને એકતાનો સંદેશ આપે છે, પરંતુ હોળી તેને વધુ મજબૂત બનાવે છે. તેમણે બરસાનાની વિશ્વ પ્રખ્યાત લઠ્ઠમાર હોળી અને લઠ્ઠમાર હોળીનો ઉલ્લેખ કરીને સનાતન ધર્મની અદ્ભુત પરંપરાઓની પ્રશંસા કરી હતી.

તેમણે કહ્યું કે , 'આ વર્ષના બજેટમાં વ્રજના વિકાસ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે કહ્યું કે બરસાનાને કરોડોની યોજનાઓ સાથે વિકાસ સાથે જોડવામાં આવી રહ્યું છે. બરસાનામાં પહેલી વાર રોપવે સુવિધા શરૂ થઈ છે. તેમણે કહ્યું કે મહાકુંભની સફળતાપૂર્વક પૂર્ણાહુતિ પછી હવે તેમને નવરાશનો સમય મળ્યો છે. કાશી, અયોધ્યા, પ્રયાગરાજ, મા વિંધ્યવાસિની ધામના વિકાસ પછી હવે આ પવિત્ર ભૂમિનો વારો છે. મથુરા, બરસાની, બ્રજભૂમિના વિકાસની કોઈ મર્યાદા નથી. તેમણે કહ્યું કે હોળીના અવસર પર, તેઓ આ વિનંતી સાથે શ્રી રાધારાણીજીનાં ચરણોમાં આવ્યા છે. દિલ્હીમાં રામ ભક્તોની સરકાર આવવાનો ઉલ્લેખ કરતા તેમણે યમુનાના સંરક્ષણના વચનનો પુનરોચ્ચાર કર્યો અને કહ્યું કે હવે યમુના મૈયા પણ માતા ગંગાની જેમ સ્વચ્છ અને અવિરત રહેશે.'

# ઈલોન મસ્કની સ્પેસ એકસનું વધુ એક લોન્ચ ફેઈલ; રોકેટ હવામાં જ ફાટી પડ્યું

માયામીઃ ઈલોન મસ્કની કંપની સ્પેસ-એક્સ સતત વિવિધ મિશનો માટે સતત રોકેટ લોન્ચ કરતી રહી છે, એવામાં ગઈ કાલે સ્ટારશિપ રોકેટના લોન્ચ થયાની થોડી મિનિટો બાદ કાબૂની બહાર થઇ ગયું હતું અને હવામાં જ વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ બાદ રોકેટનો કાટમાળ જમીન પર પડ્યો હતો. બહામાસના આકાશમાં રોકેટના સળગતા ટુકડા નીચે પડતા દેખાયાં હતાં. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી રહ્યો છે.

૪૦૩ ફૂટ ઊંચા રોકેટને સૂર્યાસ્ત પહેલા ટેક્સાસથી લોન્ચ કરવામાં આવ્યું હતું. પ્રથમ સ્ટેજમાં સ્ટારશિપે સફળતાપૂર્વક ઉડાન ભરી, પરંતુ ત્યાર બાદ તેના પૂર્વનિર્ધારિત માર્ગ પર આગળ વધી શક્યું નહીં અને નિયંત્રણની બહાર થઇ ગયું. સ્પેસએક્સના લાઇવ સ્ટ્રીમમાં સ્ટારશિપ અનિયંત્રિત રીતે ફરતું દેખાયું હતું, ત્યારબાદ કંપનીએ સંપર્ક તૂટવાની જાણ કરી હતી. થોડા સમય પછી, સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો શેર થયા હતા, જેમાં સ્ટારશિપના ટુકડા દક્ષિણ ફ્લોરિડા અને બહામાસ નજીક આકાશમાંથી નીચે પડતા જોવા મળ્યા હતા.આ ઘટના બાદ મિયામી, ફોર્ટ લોડરડેલ, પામ બીચ અને ઓર્લાન્ડો એરપોર્ટ પર ફ્લાઇટ્સ અસ્થાયી રૂપે બંધ કરવામાં આવી હતી.

સ્પેસએક્સે જણાવ્યું કે સુપર હેવી બૂસ્ટરે લિફ્ટઓફ દરમિયાન સારું પ્રદર્શન કર્યું. લિફ્ટઓફ અને સેપરેશન બાદ સ્ટારશિપ પૂર્વનિર્ધારિત માર્ગ પર આગળ વધી શક્યું ન હતું, જેના કારણે અમારો તેની સાથે સંપર્ક તૂટી ગયો. આ પછી ટીમે ઇમરજન્સી પ્રોટોકોલ લાગુ કરવાનો પ્રયાસ કર્યો અને તાત્કાલિક સુરક્ષા અધિકારીઓ સાથે વાત કરી.

સ્પેસએક્સે ટેક્સાસના બોકા ચિકા લોન્ચ પેડથી આ મિશન લોન્ચ કર્યું હતું. લોન્ચ થયા પછી બૂસ્ટર રોકેટથી અલગ થઈ ગયું અને સફળતાપૂર્વક લોન્ચ પેડ પરત ફર્યું. આવી સ્થિતિમાં, મિશનનો એક ભાગ સફળ રહ્યો. કંપનીએ કહ્યું કે આ ફ્લાઇટ ટેસ્ટનો ડેટા તપાસવામાં આવશે. આ નિષ્ફળતામાંથી પણ ઘણું શીખવા જેવું છે. બે મહિના પહેલા પણ સ્ટારશિપનું પરીક્ષણ નિષ્ફળ ગયું હતું.

# દક્ષિણ અમેરિકન દેશ ચિલીમાં ૬.૧ની તીવ્રતાનો ભયાનક ભૂકંપ

સેન્ટિયાગોઃ દક્ષિણ અમેરિકન દેશ ચિલીના ઉત્તરીય વિસ્તારની ધરતી ગુરુવારે (સ્થાનિક સમય મુજબ) ધ્રુણધ્રુણી ઊઠી હતી. અહેવાલ મુજબ રિક્ટર સ્કેલ પર ૬.૧ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. હજુ સુધી જાનહાનિના કોઈ અહેવાલ નથી.

યુનાઇટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે અનુસાર, ભૂકંપનું કેન્દ્રબિંદુ સાન પેડ્રો ડી અટાકામાંથી ૧૦૪ કિલોમીટર દક્ષિણપશ્ચિમમાં હતું, જે ચિલીની બોલિવિયા સરહદ નજીક ઉત્તરીય રણની સરહદ પર સ્થિત એક નાનું શહેર છે.

યુએસજીએસએ જણાવ્યું હતું કે સ્થાનિક સમય મુજબ બપોરે ૧૨:૨૧ વાગ્યે આવેલા ભૂકંપની ઊંડાઈ ૯૩ કિલોમીટર હતી. ચિલીની નેશનલ ડિઝાસ્ટર એજન્સીએ ભૂકંપને મધ્યમ તીવ્રતા ગણાવ્યો હતો અને કહ્યું હતું કે તે કોઈપણ સંભવિત નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. એજન્સીએ જણાવ્યું કે સુનામીની કોઈ શક્યતા નથી.નોંધનીય છે કે ચિલી રિંગ ઓફ ફાયર પર સ્થિત છે. પેસિફિક મહાસાગરની સપાટી નીચે રીંગ ઓફ ફાયર પાસે ટેક્ટોનિક પ્લેટો અથડાય છે, જેના કારણે ભૂકંપ અને સુનામી આવે છે.ચિલીના લોકોને હજુ પણ ૨૦૧૦ માં આવેલા ૮.૮ ની તીવ્રતાના ભૂકંપ યાદ છે, જેના કારણે સુનામી આવી હતી. જેના કારણે ૫૨૬ લોકોનાં મોત થયાં હતાં.

# તહવ્વૂર રાણાને અમેરિકાની કોર્ટે આપ્યો ઝટકો, ભારતને પ્રત્યર્પણ ન કરવાની અરજી ફગાવી

વોશિંગ્ટનઃ અમેરિકાની સુપ્રીમ કોર્ટે ૨૦૦૮ મુંબઈ હુમલાના દોષી તહવ્વુર રાણાને મોટો ઝટકો આપ્યો હતો. ભારતને પ્રત્યાર્પણ કરવાની રોક લગાવવાની તેની અરજી ફગાવી દેવામાં આવી હતી. પાકિસ્તાની મૂળના કેનેડિયન બિઝનેસમેન તહવ્વુર રાણાએ યુએસ ભારત પ્રત્યાર્પણ સંધિ હેઠળ ભારતમાં તેના પ્રત્યાર્પણ સામે સ્ટે મૂકવા સુપ્રીમ કોર્ટમાં ઇમરજન્સી અરજી કરી દાવો કર્યો હતો કે જો તેનું ભારતમાં પ્રત્યાર્પણ કરવામાં આવશે તો પાકિસ્તાની મુસ્લિમ હોવાને કારણે તેના પર અત્યાચાર કરવામાં આવશે. હ્યુમન રાઈટ્સ વોચ ૨૦૨૩ના વર્લ્ડ રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે ભારતની ભાજપ સરકાર ધાર્મિક લઘુમતીઓ ખાસ કરીને મુસ્લિમો સાથે ભેદભાવ કરે છે. જોકે સુપ્રીમ કોર્ટે તેની અરજી ફગાવી દેતા મુંબઈ આતંકી હુમલાના કાવતરાખોરને મોટો ઝટકો લાગ્યો હતો.

આ ઉપરાંત અરજીમાં એવું કહેવામાં આવ્યું હતું કે, ભારત સરકાર સતત તાનાશાહ થઈ રહી છે અને ભારત સરકારને સોંપવામાં આવ્યા બાદ તેના પર અત્યાચાર નહીં કરવામાં આવે તેનું કોઈ ચોક્કસ કારણ નથી. તહવ્વુર રાણાએ કહ્યું, તે અનેક પ્રકારની બીમારીથી પીડાય છે. પાર્કિંસંસની સમસ્યા પણ છે. જ્યાં રાષ્ટ્રીય, ધાર્મિક અને સાંસ્કૃતિક રીતે નિશાન બનાવવામાં આવે તેવી જગ્યાએ ન મોકલવો જોઈએ.

તહવ્વુર રાણા અને ડેવિડ કોલમેન હેડલી ઉર્ફે દાઉદ સઈદ ગિલાની બાળપણના મિત્ર છે. હેડલી એક અમેરિકન નાગરિક છે. તેની માતા અમેરિકન અને પિતા પાકિસ્તાની હતા. અમેરિકન અધિકારીઓ દ્વારા ઓક્ટોબર ૨૦૦૯માં તેની શિકાગોથી ધરપકડ કરવામાં આવી હતી.

હેડલીને અમેરિકન કોર્ટે ૨૪ જાન્યુઆરી, ૨૦૧૩ના મુંબઈ હુમલામાં સામેલ હોવા માટે દોષી માનીને ૩૫ વર્ષ જેલની સજા સંભળાવી હતી. તહવ્વુર રાણાએ પાકિસ્તાનની હસન અબ્દાલ કૈડેટ સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. હેડલીએ અમેરિકા શિફ્ટ થયો તે પહેલાં ત્યાં જ ૫ વર્ષ અભ્યાસ કર્યો હતો. પાકિસ્તાની સેનામાં એક ડોક્ટર તરીકે તેમના કાર્યકાળ બાદ તહવ્વુર રાણા કેનેડા શિફ્ટ થઈ ગયો હતો અને થોડા વર્ષોમાં ત્યાંનો જ નાગરિક બની ગયો હતો. તેણે શિકાગોમાં ફર્સ્ટ વર્લ્ડ ઈમિગ્રેશન સર્વિસિઝ નામની એક કન્સલટંસી ફર્મની સ્થાપના કરી હતી. રાણાની કંપનીની એક બ્રાંચ મુંબઈમાં હતી, તેણે હેડલી કોલમેનને મુંબઈમાં રેકી કરવામાં મદદ કરી હતી અને પાકિસ્તાની આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબાના આતંકીએ ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ નિશાન બનાવ્યું હતું. આ આતંકી હુમલામાં ૧૭૦થી વધુ લોકોનાં મૃત્યુ થયાં હતાં.



આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે

# મહિલાઓનાં હૃદયરોગ માટેનાં નવાં જોખમી પરિબળો

''સ્વાસ્થ્ય જાગૃતિ'' એ સ્વાસ્થ્ય વિશે ચિંતા ન કરવાની ગુરૂ ચાવી છે. સામાન્ય રીતે, સ્ત્રીઓ પાંત્રીસ વર્ષ પછી તેમના હોર્મોન્સ ગુમાવવાનું શરૂ કરે છે અને આગામી ૪-૫ વર્ષમાં, ''મેનોપોઝ'' ક્યારે આવશે તે આપણે જાણતા નથી. અને અહીં પહેલા એવું કહેવામાં આવતું હતું કે સ્ત્રીઓમાં સ્તન કેન્સરનો, ગર્ભાશય મુખના કેન્સરનો દર વધુ હતો, પરંતુ હવે આ નિવેદનને હૃદયરોગ દ્વારા પડકારવામાં આવ્યું છે.''

આરોગ્ય સંસ્થાના એક અહેવાલ મુજબ, હૃદયરોગને કારણે મૃત્યુ પામનારાઓમાં મહિલાઓનું પ્રમાણ સૌથી વધુ છે. હૃદયરોગ માટે ૧૫,૦૦૦ થી વધુ દર્દીઓ પર સફળતાપૂર્વક ઓપરેશન કરનારા મુંબઈના બાંદ્રા સ્થિત લીલાવતી હોસ્પિટલના ડૉ. પવન કુમારે કહ્યું, ''જ્યાં સુધી સ્ત્રીઓ પોતાના હોર્મોન્સનું રક્ષણ કરશે ત્યાં સુધી હૃદયરોગ નહીં થાય.'' આપણે આ પરંપરાગત, ભ્રામક વિચારસરણીથી તાત્કાલિક મુક્ત થવું જોઈએ.

▶ **હૃદયરોગ શા માટે થાય છે? શું તેના કારણો અને માપદંડો આપણને લાગુ પડે છે?**

આની સ્વ-તપાસ કરવી જોઈએ, જો વધુ કારણો લાગુ પડે તો, કાર્ડિયોલોજિસ્ટ દ્વારા હૃદયની તપાસ અને જરૂરી સારવાર કરાવવી જોઈએ અને જો આ સમયસર કરવામાં આવે તો, સ્ત્રીઓ લાંબું, સ્વસ્થ અને ગુણવત્તાયુક્ત જીવન જીવી શકશે.



ડૉ. પવન કુમાર
સિનિયર હાર્ટ સર્જન

▶ **યાદ રાખો કે હૃદયરોગ શું છે?**

હૃદય જ્યારે આખા શરીરને લોહી પૂરું પાડે છે, ત્યારે હૃદયને પોતાને પણ કાર્ય કરવા માટે લોહીની જરૂર હોય છે. આ રક્તપુરવઠો આપતી રક્તવાહિનીઓને કોરોનરી ધમનીઓ કહેવામાં આવે છે. આમાં જ્યારે નાનામોટા ચરબીના થર બને છે અને અવરોધ ઊભો કરે છે. પછી તેને કોરોનરી આર્ટરી ડિસીઝ (CAD) કહેવામાં આવે છે. આનાથી હાર્ટએટેક અથવા સ્ટ્રોક થઈ શકે છે.

▶ **નવીનતમ પ્રમાણ/આંકડાવારી:-**

૧૯૯૦માં દેશમાં મહિલાઓમાં સ્થૂળતાનો દર ૧.૨% હતો, જ્યારે ૨૦૨૨માં આ જ દર ૯.૮% હતો. દેશમાં લગભગ ૪.૪ કરોડ મહિલાઓ સ્થૂળતાનો શિકાર છે. છોકરીઓમાં સ્થૂળતાનું પ્રમાણ ૧૯૯૦માં ૦.૧% થી વધીને આજે ૩.૧% થયું છે.

''ભારતીય છોકરીઓ અને સ્ત્રીઓમાં સ્થૂળતાનો આ દર ભવિષ્યના હૃદયરોગનું મુખ્ય સંકટ બની રહેશે,'' એમ ડૉ. પવન કુમારે જણાવ્યું હતું.

સ્ત્રીઓમાં હૃદયરોગના હુમલાને કારણે વધતો મૃત્યુદર ખૂબ ચિંતાનો વિષય છે. આ અંગે પરંપરાગત વિચારસરણીનો જવાબ આપતા, ડૉ. પવન કુમારે કહ્યું, ''સ્ત્રીઓના શરીરમાંનું એસ્ટ્રોજન એક હોર્મોન છે જે માસિક સ્રાવ ચાલુ રહે ત્યાં સુધી સારી રીતે કાર્ય કરે છે.'' સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે તે હૃદયને હૃદયરોગથી બચાવે છે, પરંતુ તેમાં બહુ સત્ય નથી. મેનોપોઝ સુધી અથવા રજોનિવૃત્તિ સુધી એસ્ટ્રોજનના કારણે શરીરમાંનું HDL (ખરાબ) કોલેસ્ટ્રોલ, ખરાબ-સારા કોલેસ્ટ્રલનું પ્રમાણ નિયંત્રિત રહે છે, પરંતુ મેનોપોઝ પછી સ્ત્રીઓમાં, લોહીના પ્રવાહમાં ટ્રાઇગ્લિસરાઇડ્સનું સ્તર વધે છે, જેનાથી હૃદયરોગનું જોખમ પણ વધે છે. ઉપરાંત, જો તમે HRT (હોર્મોન રિપ્લેસમેન્ટ થેરેપી)લેવા માગતા હો, તો નિષ્ણાતના માર્ગદર્શન હેઠળ લો. અમેરિકન હાર્ટ એસોસિએશન કહે છે કે, હૃદયરોગ અટકાવવા માટે HRT ન લો. તેમાંથી, સ્થૂળતા, હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ, એનિમિયા, કસરતનો અભાવ અને સૌથી અગત્યનું, તણાવ, હૃદયરોગનું જોખમ વધારે છે.

હાલની મહિલાઓની વ્યસ્ત જીવનશૈલીની સાથે, તેમના આનંદપ્રમોદના વિચારો પણ ઝડપથી બદલાઈ રહ્યા છે. ડૉ.એ ચિંતા સાથે જણાવ્યું હતું કે નાની ઉંમરે (૩૫-૪૦) હૃદયરોગના જોખમમાં વધારો થવાનું એક મુખ્ય કારણ એ છે કે તમામ વય જૂથોની સ્ત્રીઓમાં ધૂમ્રપાન, દારૂ પીવા, ડ્રગ્સ અને ગર્ભનિરોધક ગોળીઓનો વધુ પડતો ઉપયોગ છે. આનું કારણ શારીરિક ફેરફારો દ્વારા હૃદયરોગને અટકાવવાનું આપણા હાથમાં નથી. તેને નિયંત્રણમાં રાખી શકાય છે, પરંતુ વ્યસન અને વ્યસનની આધીનતાથી બચવું એ ચોક્કસપણે દરેક સ્ત્રીના હાથમાં છે. ડૉ. પવન કુમારે કહ્યું, ''જો તમને હૃદયરોગ હોય તો પણ ગભરાશો નહીં.'' જો તમારા માતા-પિતામાં હૃદયરોગની કૌટુંબિક હીસ્ટ્રી હોય, તો નીચેના મુદ્દાઓને ગંભીરતાથી લો અને તરત જ હેલ્થૅક-અપ કરાવો. તેમણે કહ્યું, સૌ પ્રથમ, તમારી બીમારીનાં લક્ષણો પર ગંભીરતાથી નજર નાખો, જેમ કે છાતીમાં દુખાવો, હૃદયના ધબકારા વધવા, અચાનક ચક્કર આવવા, અતિશય થાક લાગવો, શ્વાસ લેવામાં તકલીફ થવી, થોડી વાર ચાલ્યા પછી શ્વાસ લેવામાં તકલીફ થવી, ડાબી બાજુ દુખાવો થવો, શરીરમાં ખાસ કરીને પગ અને પગની એડીમાં સોજો આવવો, જમ્યા પછી ડાબા ખભા અને ડાબી બાજુ ભારેપણું લાગવું, અયોગ્ય પાચનને કારણે ગૅસ થવો, પિત્ત થવો. ઘણી સ્ત્રીઓને છાતીમાં દુખાવો થાય છે અને તેઓ વિચારે છે કે તે પિત્તને કારણે છે, પરંતુ હોસ્પિટલની તપાસ વિના, ડૉકટરો પણ સરળ લક્ષણોના આધારે 100% કહી શકતા નથી કે છાતીમાં દુખાવો હૃદયરોગને કારણે છે કે પિત્તને કારણે. એટલે જ લક્ષણોની શરૂઆતમાં જ સલાહ લેવાનું ડૉ. કહે છે.

જો તમને છાતીમાં દુખાવો ન હોય પણ હૃદયરોગનું જોખમ હોય, તો કાર્ડિયોલોજિસ્ટને મળો. તેઓ ECG, ઇકોકાર્ડિયોગ્રાફી, કલર ડોપ્લર, એક્સ-રે, કસરત પરીક્ષણ (સ્ટ્રેસ પરીક્ષણ), વ્હોલ્ટર, રક્ત પરીક્ષણ વગેરે જેવા પ્રારંભિક પરીક્ષણો કરશે. રિપોર્ટના આધારે, જરૂર મુજબ કોરોનરી સ્કેનીંગ, એન્જીયોગ્રાફી કરવામાં આવે છે. એન્જીયોગ્રાફીથી ૧૦૦% હૃદયરોગનું નિદાન કરીને વાલ્વોનું અને રક્તવાહિનીઓમાં બ્લોકનું પ્રમાણ દર્શાવે છે. તે મુજબ, કાર્ડિયોલોજિસ્ટ દર્દીઓને વધુ સારવાર અંગે સલાહ આપે છે, એમ ડૉ. પવન કુમારે જણાવ્યું હતું.

ઘણા લોકોને બાયપાસ કરાવવાની સલાહ આપવામાં આવે છે, પરંતુ ઘણી સ્ત્રીઓને લાગે છે કે સર્જરી જટિલ છે, આ બાબતે ડૉ. પવન કુમારે કહ્યું, ''આજકાલ, મહિલાઓની રક્તવાહિનીઓની સારવાર માટે ધમની બાયપાસ જેવી તક્નીકોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને તેના લાંબા ગાળાના પરિણામો સારા છે. ઉપરાંત, હૃદયના વાલ્વની સર્જરી વધુ સફળ થઈ રહી છે. આનું કારણ એ છે કે તેમાં વપરાતા વાલ્વ અદ્યતન બાયોપ્રોસ્થેસિસ વાલ્વ છે. આવી રીતે હૃદયરોગ અને તેની સારવાર વિશે વિગતવાર માહિતી આપ્યા પછી, ડૉ. પવન કુમાર મહિલાઓને કહે છે કે પરિવાર અને ઑફિસની જવાબદારીઓ નિભાવતી વખતે, તમારા પોતાના હૃદયની સમયસર અને યોગ્ય કાળજી લો. જરૂર મુજબ સારવાર લો અને ખુશીથી જીવન જીવો.''

સંપર્ક : 9820086580 \ 9833517474

વેબસાઈટ: www.heartvalveclinic.com/www.drpavankumar.in

# રોબૉટીક ની રિપ્લેસમેન્ટ : શું કામ?

આજે ૮મી માર્ચ ''આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'' (International Women's day) નિમિત્તે મુંબઈ સમાચારના વાચકોને ડૉ. આશીત શાહની શુભેચ્છા.

આયુષ્યના લગભગ ૭ દાયકા વિત્યા બાદ કાંદિવલીમાં રહેતા જ્યોતીબહેનને ઘૂંટણનો સખત દુ:ખાવો રહ્યા કરતો. દુ:ખાવા, પગનો આકાર બદલાઈ જવો અને પીડાને લીધે રોજિંદા કામકાજમાં પણ અવરોધ થતો. ઘૂંટણ માટેની બધી ટ્રિટમેન્ટ કરી જોઈ પણ ફાયદો બિલકુલ નહીં થયો- વધારામાં દુ:ખાવો વધતો ચાલ્યો. પીડાથી ત્રસ્ત જ્યોતીબહેને મલાડ અને અંધેરીમાં સ્વતંત્ર પ્રેક્ટિસ કરતા ઘૂંટણના સ્પેશ્યાલિસ્ટ સર્જન એવા ડૉ. આશીતભાઈનો સંપર્ક સાધ્યો. ડૉ. આશીતભાઈએ જ્યોતીબહેનને તપાસીને, X-ray કરાવીને બંને ઘૂંટણમાં રોબોટ દ્વારા થતી (Robotict Knee Replacement) ઢાંકણીની શસ્ત્રક્રિયા કરાવવાની સલાહ આપી. ગભરાયા વગર જ્યોતીબહેને તેમના કુટુંબ સાથે ચર્ચા-વિચારણા કરીને તરત જ ઓપરેશન કરાવવાનો નિર્ણય કર્યો; ડૉ. આશીતભાઈ દ્વારા Robotic Knee Replacement અને તે પણ બંને ઘૂંટણનું એક સાથે!!



ડૉ. આશીત શાહ રોબૉટ મશીન સાથે
MS, MCH orth, FRCS orth (London),
ROBOTIC KNEE REPLACEMENT SURGEON




બંને ઘૂંટણનાં સફળ ઑપરેશન બાદ જ્યોતીબહેન મહેતા

આજે ઓપરેશન બાદ જ્યોતીબહેનના જ શબ્દોમાં ''મારું બંને ઘૂંટણનું રોબોટિક Knee ઓપરેશન બહુ સરસ થઈ ગયું છે. ત્રીજે દિવસે હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ લઈને તરત જ હું કાંદિવલીથી (મુંબઈ) પૂનામાં રહેતા મારા દીકરાને ત્યાં જતી રહી. ડૉ. આશીતભાઈની દેખરેખ હેઠળ જે થોડી ઘણી Physiotherapy કરાવવી પડી તે કરાવી લીધી. આજે હું સ્વતંત્રપણે હરી ફરી શકું છું. કોઈ પ્રકારનો દુ:ખાવો નથી. બંને ઘૂંટણ એક સરખા અને સીધા થઈ ગયા હોવાને લીધે ચાલવા, ઊઠવા, બેસવામાં કોઈ તકલીફ પડતી નથી. અવાર-નવાર મુંબઈ-પૂના વચ્ચે બસ, ટ્રેન, ગાડીમાં મુસાફરી પણ આરામથી થાય છે. લગભગ મને ''નવજીવન'' જ મળ્યું છે. આ બધાનો શ્રેય હું ડૉ. આશીતભાઈને અને Robotic Knee Replacementની ટૅક્નોલૉજીને આપું છું.''

ડૉ. આશીત શાહ છેલ્લાં ૨૫ વર્ષથી ઘૂંટણના Knee replacement ઓપરેશન કરે છે. દર્દીને તપાસ્યા બાદ તેમના મત મુજબ partial knee replacement અથવા Robotic Assisted Knee replacement ઓપરેશન કરાવવાની સલાહ આપે છે. હાલમાં આ બન્ને ઓપરેશન પદ્ધતિ પ્રચલિત અને અત્યાધુનિક છે.

રોબોટિક ઓપરેશન બદલ માહિતી આપતા ડૉ. સાહેબ સમજાવે છે કે

★ રોબોટ ૧ મિ.મિ. કરતા પણ ઓછી માત્રામાં કાપકૂપ કરી શકે છે, જે હાથ વડે કરવામાં આવતાં ઓપરેશનમાં શક્ય નથી. આમ અત્યંત ચોક્સાઇપૂર્વક, સચોટ માપપૂર્વક આ ઓપરેશન થાય છે.

★ નવી ઢાંકણીને ચોક્કસ માપસર પરફેક્ટ *Alignment* મુજબ એવી સચોટ રીતે બેસાડવામાં આવે છે કે દર્દીને ઓપરેશનની શરૂઆતની સામાન્ય તકલીફ બાદ ઘૂંટણમાં એકદમ નોર્મલ જેવી પ્રતીતિ થાય છે.

★ ઘૂંટણની આજુબાજુની માંસ-પેશી લિગામેન્ટમાં સૌથી ઓછા વિચ્છેદનને કારણે દુ:ખાવો નહીંવત્ થાય છે અને ઓપરેશન બાદ *Pain Killer* (દર્દનાશક) દવાની જરૂર બહુ ખાસ પડતી નથી.

★ **રોબોટિક ઓપરેશનમાં ઓપરેશન હંમેશાં સર્જન ડૉક્ટર જ કરે છે, રોબોટ મશીન ઓપરેશનથી ચોક્સાઇની માત્રા વધારી દે છે, જેથી ઓપરેશન બાદ દર્દીને ફિઝિયોથેરેપીની જરૂર બહુ ઓછી પડે છે.**

★ ઓપરેશન બાદ દુ:ખાવો નહીંવત્, ઓપરેશનનાં ચાર-છ કલાકમાં જ થોડું ચાલવું, સાધારણ કસરત આ બધા તારણોને હિસાબે રોબોટિક ઓપરેશન પછી રિકવરી ઝડપથી થાય છે.

ડૉ. સાહેબની ઓપરેશન કરવાની હથોટી અને Latest technology (Robot પદ્ધતિ વડે ઓપરેશન)ના સુભગ સમન્વયથી અનેક દર્દીઓને ''પગભર'' કરવામાં ડૉ. સાહેબનો ફાળો ''અમૂલ્ય'' છે.

સંપર્ક:
- TechKNEEque® Clinics
- Malad West - 9819707319
- Andheri West – 8591307319
- www.robotickneereplacementmumbai.com
- www.drashitshah.com

# મહિલાના સ્વાસ્થ્યની ત્વરીત દેખભાળ: ભારતીય આરોગ્યનિધિ દ્વારા પ્રતિબદ્ધતા

Your Health We Care

''કાર્યને ઝડપી બનાવો'' થીમ સાથે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૫ નજીક આવી રહ્યો છે, ત્યારે મહિલાઓના સ્વાસ્થ્યમાં સુધારો કરવાની તાત્કાલિક જરૂરિયાત આજ પહેલા ક્યારેય સ્પષ્ટ થઈ નથી. ભારતમાં મહિલાઓને હઠીલા રોગો, પ્રજનન સ્વાસ્થ્ય સમસ્યાઓ, માનસિક સ્વાસ્થ્ય સંઘર્ષો અને જીવનશૈલી સંબંધિત પરિસ્થિતિઓ જેવા અનેક સ્વાસ્થ્ય પડકારોનો સામનો કરવો પડે છે. ભારતીય આરોગ્યનિધિ હોસ્પિટલમાં, અમે વ્યાપક આરોગ્યસંભાળ ઉકેલો, અર્લી સ્ક્રીનિંગ અને સામાજીક પહોંચ કાર્યક્રમો પ્રદાન કરીને મહિલા સ્વાસ્થ્યની ત્વરીત દેખભાળ માટે પ્રતિબદ્ધ છીએ જે ગુણવત્તાયુક્ત સંભાળ મેળવવામાં મહિલાઓને અનન્ય પડકારોનો સામનો કરવો પડે છે.

**ભારતમાં મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવતા મુખ્ય સ્વાસ્થ્ય પડકારો**

**કિડની આરોગ્ય:** કિડની રોગ, ખાસ કરીને હઠીલા કિડની રોગ (CKD), એક શાંત રોગ છે જે ઘણીવાર છેલ્લા તબક્કા સુધી પહોંચે ત્યાં સુધી ધ્યાન બહાર રહે છે. રોગની પ્રગતિ ધીમી કરવા માટે પ્રારંભિક તપાસ અને હસ્તક્ષેપ મહત્ત્વપૂર્ણ છે. જો કે, કિડની રોગ સામાન્ય રીતે સૂક્ષ્મ લક્ષણો સાથે દેખાય છે, જેમ કે થાક, સોજો અને પેશાબની અનિયમીતતા, જેના કારણે તેને શરૂઆતમાં ઓળખવું મુશ્કેલ બને છે. હોર્મોનલ વધઘટ, ગર્ભાવસ્થા અને અમુક હઠીલી સ્થિતિના વ્યાપ સહિતના અનેક અનોખા પરિબળોને કારણે સ્ત્રીઓ ખાસ કરીને કિડની રોગ માટે સંવેદનશીલ હોય છે.

**ભારતીય આરોગ્યનિધિ હોસ્પિટલમાં કાર્યવાહી:** ● ચાલુ નેફ્રોકેર કેમ્પ (૧ માર્ચ થી ૧૩ માર્ચ) - રૂ. ૨૩૦૦/- ને બદલે રૂ. ૧૨૪૯/-ના ખાસ દરે કિડની આરોગ્ય (CBC. HbA1c, પેશાબ રૂટિન, રેનલ પ્રોફાઇલ) માટે સ્ક્રીનિંગ અને વરિષ્ઠ નેફ્રોલોજિસ્ટ સાથે મફત પરામર્શ પ્રદાન કરે છે. +91-9372761995 પર કોલ કરીને અથવા WhatsApp-ing કરીને એપોઇન્ટમેન્ટ બુક કરો. ● પ્રખ્યાત સલાહકારો, પ્રશિક્ષિત ટેક્નિશિયન અને કરુણાસભર નર્સિંગ સાથેનો એક વિશિષ્ટ AKD વિભાગ.

● **સર્વાઇકલ કેન્સર: એક રોકી શકાય તેવો રોગ**

ભારતીય મહિલાઓમાં સર્વાઇકલ કેન્સર મૃત્યુના મુખ્ય કારણોમાંનું એક છે, પરંતુ વહેલાસર નિદાન અને HPV રસીથી તેને અટકાવી શકાય છે.

**ભારતીય આરોગ્યનિધિ હોસ્પિટલમાં કાર્યવાહી:** ● નિયમિત સર્વાઇકલ કેન્સર સ્ક્રીનિંગ (પેપ સ્મીયર્સ અને HPV પરીક્ષણ) ● સ્ત્રીઓને વહેલાસર નિદાન અંગે શિક્ષિત કરવા માટે જાગૃતિ ઝુંબેશ. ● ભવિષ્યના જોખમો ઘટાડવા માટે પરવડી શકે તેવું HPV રસીકરણ. ● પ્રજનન અને માસિક સ્વાસ્થ્ય: ઉપેક્ષિત મુદ્દાઓનું નિરાકરણ: હોર્મોનલ અસંતુલન, PCOS, એન્ડોમેટ્રિઓસિસ અને માસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ જેવી પરિસ્થિતિઓ સામાન્ય છે પરંતુ ઘણીવાર ઓછી નિદાન થાય છે. સારવાર ન કરવામાં આવે તો, આ પરિસ્થિતિઓ પ્રજનનક્ષમતા અને એકંદર સ્વાસ્થ્યને વિપરીત અસર કરી શકે છે.

**ભારતીય આરોગ્યનિધિ હોસ્પિટલમાં કાર્યવાહી:** ● PCOS, થાઇરોઇડ વિકૃતિઓ અને હોર્મોન અસંતુલન માટે વિશેષ સ્ક્રીનિંગ. ● શાળાઓ, કાર્યસ્થળો અને સમુદાયોમાં માસિક સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમો. ● કાઉન્સેલિંગ, કસરતની પદ્ધતિઓ અને દવા સહિત ખાસ સારવાર યોજનાઓ.

**માનસિક સ્વાસ્થ્ય: અશાંત જીવન:** ● ચિંતા, હતાશા અને તણાવ સંબંધિત વિકૃતિઓ જેવી માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ ઘણી સ્ત્રીઓને અસર કરે છે. કમનસીબે, સામાજિક કલંક ઘણી સ્ત્રીઓને મદદ લેતા અટકાવે છે.

**ભારતીય આરોગ્યનિધિ હોસ્પિટલમાં કાર્યવાહી:** ● કાઉન્સેલિંગ અને ઉપચાર પ્રદાન કરતું સમર્પિત મનોચિકિત્સા એકમ ● ભાવનાત્મક સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે તણાવ વ્યવસ્થાપન કાર્યશાળાઓ.

**ડાયાબિટીસ અને હૃદયરોગ: વધતી જતી મહામારી:** ● મહિલાઓમાં ડાયાબિટીસ, હાયપરટેન્શન અને હૃદયરોગનું જોખમ વધી રહ્યું છે. જોકે, આ સ્થિતિઓને ઘણીવાર અવગણવામાં આવે છે, જેના કારણે નિદાનમાં વિલંબ અને ગૂંચવણો ઊભી થાય છે.

**ભારતીય આરોગ્યનિધિ હોસ્પિટલમાં કાર્યવાહી:** ● હૃદય સ્વાસ્થ્ય અને ડાયાબિટીસ પર ધ્યાન કેન્દ્રિત કરતી વ્યાપક આરોગ્ય તપાસ ● જીવનશૈલીમાં ફેરફાર કાર્યક્રમો, જેમાં આહાર સલાહ અને ફિટનેસ યોજનાઓનો સમાવેશ થાય છે.

**ઓસ્ટીયોપોરોસિસ અને હાડકાંનું સ્વાસ્થ્ય: મૂક ચિંતા**

ઘણી સ્ત્રીઓ ઓસ્ટીયોપોરોસિસ અને કેલ્શિયમ અથવા વિટામિન ડીની ઊણપથી પીડાય છે, જેના કારણે તેમને ફ્રેક્ચર અને ગતિશીલતાની સમસ્યાઓનું જોખમ વધુ હોય છે. નબળું પોષણ અને કસરતનો અભાવ હાડકાના સ્વાસ્થ્ય માટે જોખમી છે.

**ભારતીય આરોગ્યનિધિ હોસ્પિટલમાં કાર્યવાહી:** ● હાડકાંની ઘનતા તપાસ અને પ્રારંભિક તપાસ કાર્યક્રમો. ● કેલ્શિયમ અને વિટામિન ડી પૂરકતા પર માર્ગદર્શન ● મજબૂત હાડકાં જાળવવા માટે કસરતની ભલામણો.

**ભારતીય આરોગ્યનિધિ હોસ્પિટલમાં વ્યાપક સંભાળ:**

ભારતીય આરોગ્યનિધિ હોસ્પિટલમાં, અમે નિવારણ, પ્રારંભિક તપાસ અને સર્વાંગી સારવાર પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ જેથી મહિલાઓ સ્વસ્થ, સુઘડ જીવન જીવે. અમારી સેવાઓમાં નીચેનું સામેલ છે.

● **પરવડી શકે તેવી અને સુલભ સારવાર:** અમે પોષણ અને માનસિક સ્વાસ્થ્ય સહાય સહિત પરવડી શકે તેવી સારવાર યોજનાઓ અને સર્વાંગી સંભાળ પ્રદાન કરીએ છીએ, જે ગુણવત્તાયુક્ત સુલભ આરોગ્યસંભાળ છે તેની ખાતરી કરે છે.

● **અદ્યતન નિદાન સેવાઓ:** અમે સર્વાઇકલ કેન્સર, હૃદયરોગ, ડાયાબિટીસ અને હોર્મોન અસંતુલનના પ્રારંભિક તપાસ માટે અદ્યતન નિદાન સેવાઓ પ્રદાન કરીએ છીએ, જે સમયસર સારવારને સક્ષમ બનાવે છે.

● **સમુદાય આરોગ્ય કાર્યક્રમો:** અમે સુખાકારી પહેલ, કેન્સર જાગૃતિ ઝુંબેશ, તણાવ વ્યવસ્થાપન કાર્યક્રમો અને કાર્ય-જીવન સંતુલનની હિમાયત દ્વારા સમાજમાં કાર્યરત છીએ.

● **નિવારક આરોગ્યસંભાળ પેકેજો:** અમારા આરોગ્ય તપાસ ખાસ કરીને મહિલાઓ માટે રચાયેલ છે, જેમાં કેન્સર, હૃદયરોગ અને હોર્મોનલ મૂલ્યાંકન માટે સ્ક્રીનિંગનો સમાવેશ થાય છે. કેટલાક નિવારક પેકેજોમાં સામેલ છે:

● **વેલ વુમન પેકેજ:** મહિલાઓ માટે વ્યાપક આરોગ્ય તપાસ, જેમાં રક્ત પરીક્ષણો, ECG અને છાતીના એક્સ-રેનો સમાવેશ થાય છે.

● **વરિષ્ઠ નાગરિક મહિલા વિશેષ પેકેજ:** પેપ સ્મીયર્સ, થાઇરોઇડ સ્ક્રીનિંગ અને અન્ય સામેલ છે.

● **હાડકાંની સુખાકારી પ્રોફાઇલ:** હાડકાંના સ્વાસ્થ્યની તપાસ અને ઓસ્ટીયોપોરોસિસ પરીક્ષણોનો સમાવેશ થાય છે.

ભારતીય આરોગ્યનિધિ હોસ્પિટલમાં, અમે મહિલાઓના સ્વાસ્થ્યને સુધારવા માટે પ્રતિબદ્ધ છીએ કારણ કે સ્વસ્થ મહિલાઓ મજબૂત પરિવારો અને સમુદાયોનો આધારસ્તંભ છે.

વધુ વિગતો માટે સંપર્ક કરો: ભારતીય આરોગ્યનિધિ શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલ, એનએસ રોડ ૧૩, જેવીપીડી સ્કીમ, વિલે પાર્લે (વે.), મુંબઈ, ૪૦૦૦૪૯

info@arogyanidhihospital.com www.arogyanidhihospital.com
https://www.facebook.com/bharatiyaarogyanidhi/ @arogyanidhi_hospital
https://www.linkedin.com/company/bharatiya-arogya-nidhi-multispecialty- hospital/
8108439203
022-69486060

# પ્રજનન ક્ષમતા વધારતી લેપ્રોસ્કોપી અને હિસ્ટરોસ્કોપી શસ્ત્રક્રિયા અને તેની અસરો

ભારતમાં દર ૭ થી ૮ યુગલોમાંથી એકને બાળક મેળવવામાં મુશ્કેલી પડે છે અને આ યુગલોને પ્રજનન નિષ્ણાતની સલાહ અને વધુ સારવારની જરૂર પડશે.

સ્ત્રી જનનાંગોમાં એક ગર્ભાશય, બે અંડાશય જ્યાં સ્ત્રીબીજ બને છે અને બે ફેલોપિયન ટ્યુબ હોય છે. ગર્ભાશય માસિક સ્રાવ અને ગર્ભાવસ્થા માટે જવાબદાર છે, અંડાશયનું કાર્ય સ્ત્રીબીજ ઉત્પન્ન કરવાનું અને રીલીઝ કરવાનું છે અને ફેલોપિયન ટ્યુબ એ સ્થાન છે જ્યાં ગર્ભાધાન થાય છે. કેટલીક સ્ત્રીઓને આ અવયવોમાં શરીરરચના અથવા પેથોલોજિકલ ખામીઓ હોય છે જેને શસ્ત્રક્રિયા દ્વારા સુધારી શકાય છે. આ શસ્ત્રક્રિયાઓ, જ્યારે કરવામાં આવે છે, ત્યારે તે સ્ત્રીની પ્રજનન ક્ષમતામાં સુધારો થાય છે અને તેણીની ગર્ભવતી થવાની શક્યતા વધી જાય છે. આ શસ્ત્રક્રિયાઓને પ્રજનન ક્ષમતા વધારવાની શસ્ત્રક્રિયાઓ કહેવામાં આવે છે. સામાન્ય રીતે, આ શસ્ત્રક્રિયાઓ લેપ્રોસ્કોપી (લેપ્રોસ્કોપ પેટની પોલાણની અંદર જાય છે) અથવા હિસ્ટરોસ્કોપી (હિસ્ટરોસ્કોપ સ્ત્રીના ગર્ભાશયની અંદર જાય છે) દ્વારા કરવામાં આવે છે. આજનો લેખ વાચકોને આ શસ્ત્રક્રિયાઓ અને તેની અસરોથી વાકેફ કરવા માટે છે.



ડૉ. સંદીપ પાટિલ અને ડૉ. સયાલી પાટિલ

ઘણી સ્ત્રીઓ ફાઇબ્રોઇડ્સથી પીડાઈ રહી છે. આ ફાઇબ્રોઇડ્સ ગાંઠ વંધ્યત્વમાં ફાળો આપી રહ્યા છે. ગર્ભવતી થવાના માર્ગમાં આવતી ફાઇબ્રોઇડ્સને દૂર કરવાની જરૂર છે. સામાન્ય રીતે, ફાઇબ્રોઇડ દૂર કરવાની આ શસ્ત્રક્રિયા લેપ્રોસ્કોપી દ્વારા કરવામાં આવે છે. ગર્ભાશયની પોલાણની અંદર રહેલી ફાઇબ્રોઇડ્સને હિસ્ટરોસ્કોપી દ્વારા દૂર કરવામાં આવે છે. ફાઇબ્રોઇડ દૂર કર્યા પછી પ્રજનન દરમાં સુધારો થાય છે.

જ્યારે આપણે પ્રજનન ક્ષમતા વધારવાની શસ્ત્રક્રિયાઓ વિશે વાત કરી રહ્યા છીએ, ત્યારે આપણે એન્ડોમેટ્રિઓસિસને ચૂકી ન શકીએ. એન્ડોમેટ્રિઓસિસ એ એક છુપો રોગ છે જે લગભગ ૧૦% સ્ત્રીઓમાં જોવા મળે છે. આમાં સ્ત્રીઓને માસિક સ્રાવ દરમિયાન તીવ્ર દુખાવો થઈ શકે છે, સંભોગ દરમિયાન તીવ્ર દુખાવો થઈ શકે છે અને જો ઍડવાન્સ સ્ટેજમાં એન્ડોમેટ્રિઓસિસ આંતરડામાં સામેલ હોય તો તેમને મળત્યાગ દરમિયાન દુખાવો થઈ શકે છે. ઘણી સ્ત્રીઓમાં કોઈ લક્ષણો હોતા નથી અને તેમની અલ્ટ્રાસાઉન્ડ પરીક્ષા દરમિયાન કેટલીક ચોકલેટ સિસ્ટ જોવા મળે છે, આ સ્ત્રીઓને સમગ્ર રોગને દૂર કરવા માટે સર્જરીની જરૂર પડશે. એન્ડોમેટ્રિઓસિસ માટે સર્જરી ફક્ત નિષ્ણાત લેપ્રોસ્કોપિક સર્જન દ્વારા લેપ્રોસ્કોપી દ્વારા કરવામાં આવે છે. અમે નિયમિતપણે અમારી હોસ્પિટલમાં જટિલ એન્ડોમેટ્રિઓસિસ સર્જરી કરીએ છીએ. જો એન્ડોમેટ્રિઓસિસ પ્રારંભિક તબક્કામાં હોય તો ૩૦% શક્યતા છે કે સ્ત્રી કુદરતી રીતે ગર્ભધારણ કરશે, પરંતુ જો રોગ આગળ વધેલો હોય, તો તેને IVF અથવા ટેસ્ટ ટ્યુબ બેબી સારવારની જરૂર પડશે. એન્ડોમેટ્રિઓસિસ માટે તબીબી વ્યવસ્થાપન છે, પરંતુ તેની અસર કામચલાઉ છે અને દવા બંધ કર્યા પછી રોગ ફરીથી શરૂ થાય છે.

અંડાશયમાંથી નીકળતું સ્ત્રીબીજ ફેલોપિયન ટ્યુબમાં આવે છે અને ફેલોપિયન ટ્યુબ તે સ્થાન છે જ્યાં તે શુક્રાણુ દ્વારા ફળદ્રુપ થાય છે. ફેલોપિયન ટ્યુબ કુદરતી ગર્ભાધાન માટે જરૂરી અંગ છે. જો ફેલોપિયન ટ્યુબને નુકસાન થાય છે, હાઇડ્રોસાલ્ફિંક્સની જેમ અવરોધિત અથવા સોજો આવે છે, તો ગર્ભાધાન થઈ શકતું નથી અને સ્ત્રી બીનફળદ્રુપ રહે છે. લેપ્રોસ્કોપિક સર્જરી કરીને અમે ફેલોપિયન ટ્યુબમાં બ્લોક દૂર કરી શકીએ છીએ અને મહિલા તરત જ ગર્ભધારણ કરી શકે છે. ફેલોપિયન ટ્યુબ (હાઇડ્રોસાલ્ફિંક્સ)માં સોજો આવે તો અમે ગર્ભાશયમાંથી ટ્યુબને અલગ કરીને ટેસ્ટ ટ્યુબ બેબી સારવાર માટે આગળ વધીએ છીએ.

ગર્ભાધાન પછી ગર્ભનું નિર્માણ થાય છે, ગર્ભાશયની પોલાણની અંદર ઇમ્પ્લાન્ટ થાય છે. જો ગર્ભાશયની પોલાણમાં કોઈ શરીરરચનાત્મક અસામાન્યતા હોય તો આ ઇમ્પ્લાન્ટેશન થતું નથી. એન્ડોમેટ્રાયલ પોલિપ્સ, સબમ્યુકોસ ફાઇબ્રોઇડ્સ, ઇન્ટ્રા યુટેરીન સેપ્ટમ એવી કેટલીક સ્થિતિઓ છે જ્યાં આપણે તેમને દૂર કરી શકીએ છીએ અને ગર્ભાશયને ઇમ્પ્લાન્ટેશન માટે સામાન્ય ફીટ બનાવી શકીએ છીએ.

આ થોડી સર્જરીઓ છે જેને પ્રજનન ક્ષમતા વધારવાની સર્જરી માનવામાં આવે છે. વિગતવાર ચર્ચા આજના લેખના અવકાશની બહાર છે, પરંતુ અંતે તમે ચોક્કસપણે સમજી શકશો કે અમે વંધ્યત્વના દર્દી માટે શા માટે સર્જરીની સલાહ આપીએ છીએ અને કરીએ છીએ. ઘણા વૈજ્ઞાનિક અભ્યાસોએ પ્રજનન ક્ષમતા સારવારમાં આ સર્જરીઓની ફાયદાકારક ભૂમિકા દર્શાવી છે. ઘણી સ્ત્રીઓ શસ્ત્રક્રિયા કર્યા પછી કુદરતી રીતે ગર્ભધારણ કરે છે અને અન્યમાં IVF અથવા IUI સારવાર પછી ગર્ભવતી થવાની શક્યતા વધી જાય છે.

યશદા હોસ્પિટલ ભાંડુપ પશ્ચિમમાં સ્થિત એક સુસજ્જ મહિલા સંભાળ હોસ્પિટલ છે. તે 3D લેપ્રોસ્કોપી, IUI, IVF ટેસ્ટ ટ્યુબ બેબી સારવારથી સજ્જ છે. ભારતભરમાંથી મહિલાઓ પ્રજનન ક્ષમતા સારવાર માટે અહીં આવે છે અને સકારાત્મક પરિણામો મેળવે છે. યશદા હોસ્પિટલના ડોકટરો અને તેમની ટીમ પણ સારી રીતે તાલીમ પામેલી અને કુશળ છે, જે દરેક મહિલાની સારવાર કરે છે જેથી તેમનું બાળક મેળવવાનું સ્વપ્ન સાકાર થાય.

યશદા હૉસ્પિટલ, ટેસ્ટ ટ્યુબ બેબી અને એડવાન્સ્ડ 3D લેપ્રોસ્કોપી સેન્ટર,
૧૧૮-૧૨૫, સ્કાય સિટી રિટેલ, પહેલો માળ, ભાંડુપ પોલીસ સ્ટેશનની સામે, લેક રોડ, ભાંડુપ પશ્ચિમ, મુંબઈ ૪૦૦૦૭૮.
મોબાઈલ: 9136559622 / 9136559633
ઈમેઈલ: yashadaahospital@gmail.com
વેબસાઈટ: www.yashadaahospital.com

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બદલાપુરમાં લોકલ ટ્રેનમાં ચઢવા જતા મહિલા રેલવે ટ્રેક પર પડી, ગંભીર ઈજા પહોંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મધ્ય રેલવેના બદલાપુર રેલવે સ્ટેશને તાજેતરમાં ટ્રેનમાં ચઢવા જતી વખતે મહિલાએ સંતુલન ગુમાવતા ગંભીર ઈજા પહોંચી હતી. કર્જતથી મુંબઈ જનારી લોકલ ટ્રેન બદલાપુર સ્ટેશને પહોંચેલી લોકલ ટ્રેનમાં ચઢવા જતી વખતે મહિલા પ્રવાસી રેલવેના પાટા પર પડતા માથામાં ઈજા પહોંચી હોવાનું પોલીસે જણાવ્યું હતું. બદલાપુર રેલવે સ્ટેશન ખાતે આ બનાવ બન્યો હતો, જ્યાં ભીડવાળી ટ્રેનમાં પ્રવાસી ચઢવા જવાના પ્રયાસમાં સંતુલન ગુમાવ્યું હતું. લોકલ ટ્રેનમાંથી ટ્રેક પર પડતા તેને ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત પછી તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર ચાલી રહી હોવાનું રેલવે પોલીસે જણાવ્યું હતું. બદલાપુર રેલવે સ્ટેશને આજે સવારના ૮.૫૯ વાગ્યાના સુમારે આ બનાવ બન્યો હતો. કર્જતથી સીએસએમટી જનારી લોકલ ટ્રેન બદલાપુર પહોંચી ત્યારે બહુ ભીડ હતી. સ્ટેશન પર પ્રવાસીઓની ભીડ વધારે હતી, તેથી મહિલા ટ્રેનમાં એન્ટર થઈ શકી નહીં. થોડો પ્રયાસ કરીને ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કર્યો ત્યારે મહિલાએ સંતુલન ગુમાવ્યું હતું અને પ્લેટફોર્મથી ટ્રેક પર પડી હતી. ત્યારબાદ તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

ઈજાગ્રસ્ત મહિલાનું નામ કલ્પના જેડિયા તરીકે કરી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

હાલમાં ઈજાગ્રસ્ત મહિલાની સારવાર ચાલી રહી છે. તેના માથામાં ગંભીર ઈજા પહોંચી હોવાથી ગંભીર હાલત છે. સામાન્ય રીતે બદલાપુરથી સવારના ૮.૫૯ વાગ્યાની લોકલ ટ્રેન ઉપડતી હોય છે, પરંતુ એના અડધો કલાક પછી બીજી કોઈ ટ્રેન હોતી નથી, તેથી પ્રવાસીઓ આ જ ટ્રેન પકડવા માટે દોડાદોડી કરતા હોય છે. આ ટ્રેન છેક કર્જતથી આવતી હોવાથી ટ્રેનમાં ચઢવા માટે પ્રવાસીઓની વધુ ભીડ હોય છે. અહીંથી વધુ ટ્રેનની સર્વિસ ઉપલબ્ધ થાય એ જરૂરી છે, એમ પ્રવાસી સંગઠને જણાવ્યું હતું.

# ડૉ. જવાહર બક્ષીના નરસિંહ મહેતાના પુસ્તકની ત્રીજી આવૃત્તિનું લોકાર્પણ

ચર્ચગેટ ખાતે યોજાયેલા એક સમારંભમાં જાણીતા ગઝલકાર અને આધ્યાત્મિક સંશોધક ડૉ. જવાહર બક્ષીના ''નરસિંહ મહેતાની કવિતામાં આધ્યાત્મિકતા'' પુસ્તકનું લોકાર્પણ લોકલાગણીને માન આપીને (ત્રીજી આવૃત્તિ) દક્ષા બક્ષી, દીના મહેતા અને આસિત મહેતાને હસ્તે થયું હતું.

જવાહર બક્ષીએ જણાવ્યું હતું કે વૈદિક ઋષિઓની વાણી ગુજરાતી ભાષામાં નરસિંહ મહેતામાં સર્વપ્રથમ ઉતરી હતી. આજે ૬૦૦ વર્ષ પછી પણ તે તાજી અને સનાતન લાગે છે. ડૉ. જવાહર બક્ષીએ ૨૫ વર્ષના સંશોધન તથા તેમની દાયકાઓની આધ્યાત્મિક સાધનાના પ્રકાશમાં ૬૦૦ વર્ષમાં ન ઉકેલાયેલા ગૂઢ રહસ્યોને ઉજાગર કર્યા છે. રૂપાયતન ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા પ્રકાશિત આ પુસ્તકના વિક્રેતા છે. એન.એમ. ઠક્કરની કંપની.

# હીરાવેપારી સાથે ૪૮ લાખ રૂપિયાની ઠગાઈ

મુંબઈ: ભારત ડાયમંડ બુર્સમાં ઑફિસ ધરાવતા હીરાવેપારી પાસેથી ૪૮ લાખ રૂપિયાના હીરા લઈ ફરાર થઈ ગયેલા શખસ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.

બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી) પોલીસના જણાવ્યા મુજબ હીરાવેપારી રસિક દેસાઈ (૪૬)ની ફરિયાદને આધારે રૂપેશ સોની વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. સપ્તાહમાં હીરાની રકમ ચૂકવી દેવાની ખાતરી આપીને ફરિયાદીની ઑફિસમાંથી ૪૮ લાખના હીરા લઈ આરોપી રફુચક્કર થઈ ગયો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર એક હીરાવેપારી જ્ઞાનચંદ મારફત આરોપી સોનીની ઓળખાણ ફરિયાદી સાથે થઈ હતી. આઠમી ઑક્ટોબર, ૨૦૨૪ના રોજ જ્ઞાનચંદ આરોપીને ફરિયાદીની ઑફિસમાં લઈ ગયો હતો અને તેની આરોપીની ઓળખાણ એક જ્વેલરી ફર્મના પાર્ટનર તરીકે કરાવી હતી. તે સમયે સોનીએ ૨૧ લાખ રૂપિયાના નૅચરલ ડાયમંડ ખરીદવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.

જ્ઞાનચંદ સાથે અગાઉ પણ વ્યવહાર કરવામાં આવ્યો હોવાથી ફરિયાદીને તેના પર વિશ્વાસ હતો. પરિણામે ફરિયાદીએ ૨૧ લાખ રૂપિયાના હીરા ક્રેડિટ પર સોનીને આપ્યા હતા. રસીદ પર સોની અને જ્ઞાનચંદના હસ્તાક્ષર પણ લીધા હતા. બીજે દિવસે આરોપી ફરી દેસાઈની ઑફિસમાં આવ્યો હતો અને વધુ ૨૭ લાખ રૂપિયાના હીરા લઈ ગયો હતો. તે સમયે પણ જ્ઞાનચંદે સાક્ષી તરીકે રસીદ પર હસ્તાક્ષર કર્યા હતા. બન્ને વખત લીધેલા હીરાની કિંમત ૪૮ લાખ રૂપિયા અઠવાડિયામાં ચૂકવી દેવાની ખાતરી સોનીએ આપી હતી. જોકે અઠવાડિયું વીત્યા પછી સોની નાણાં ચૂકવવા માટે વારંવાર સમય માગતો હતો. બાદમાં તેનો મોબાઈલ ફોન સ્વીચ ઑફ્ફ આવવા લાગતાં પોતે છેતરાયો હોવાનું વેપારીને લાગ્યું હતું. વેપારીએ આ મામલે બીકેસી પોલીસમાં લેખિત ફરિયાદ કરી હતી. ફરિયાદની ખાતરી કર્યા પછી પોલીસે એફઆઈઆર નોંધ્યો હતો.

## સંસ્થા સમાચાર

### ધીરગુરુદેવના સાંનિધ્યે ગોપાલગ્રામમાં રવિવારે વિમલ વૈયાવચ્ચ ભવનનું ઉદ્ઘાટન

શ્રી વર્ધમાન વૈયાવચ્ચ કેન્દ્ર - રાજકોટ નિર્મિત અને શ્રી ગોપાલગ્રામ સ્થાનકવાસી જૈન સંઘ સંચાલિત ચંપાબેન ધીરજલાલ ભાઈચંદ મગીયા પરિવાર પ્રેરિત વિમલ વૈયાવચ્ચ ભવનનું નવનિર્માણ શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. શ્રી ધીરગુરુદેવના અનુગ્રહથી આઠ મહિનામાં કરવામાં આવ્યું છે. સંપૂર્ણ ભવન સ્વદ્રવ્યથી મગીયા પરિવારના કુલ દીપિકા પૂ. વિમળાબાઈ મહાસતીજીની સ્મૃતિમાં કરાયું છે.

નિર્માણમાં કેન્દ્રના તારક વોરા, જયશ્રી શાહ તથા બાંધકામમાં રાજુ ઝાટકીયા, સમીર ઝાટકીયા એ જહેમત ઉઠાવી છે. આઠમી રવિવારે સવારે ૯:૪૫ કલાકે પૂ. શ્રી ધીરગુરુદેવના મંગલપાઠ બાદ ઉદઘાટન અને દાતા સન્માન તથા સંઘજમણ રાખેલ છે. આ વૈયાવચ્ચ ભવન જૈનોના ચારેય ફિરકાને ઉપયોગી બની રહેશે.

### સાવરકુંડલામાં આરોગ્ય મંદિરમાં ધીરગુરુદેવની પ્રથમવાર પધરામણીથી હર્ષોલ્લાસ

શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ આરોગ્ય મંદિર, સાવરકુંડલા ખાતે પ્રથમવાર પૂ. શ્રી ધીરગુરુદેવની પધરામણીથી હર્ષોલ્લાસ છવાયો હતો. પ્રમુખ હરેશભાઈ મહેતાએ ઋણ સ્વીકાર કરેલ. ટ્રસ્ટી અમિત માગીયા વગેરે સદભાવના વૃદ્ધાશ્રમ - રાજકોટ ના પ્રમુખ વિજયભાઈ ડોબરીયા, કરુણા ફાઉન્ડેશનના મીતલ ખેતાણી વગેરેએ સેવા ભાવનાની મહત્તા દર્શાવી હતી.

રોજની ૧૫૦૦ દર્દીઓની વિનામૂલ્યે કેન્સરથી લઈ દરેક પ્રકારના ઓપરેશન, દવાનું વિતરણ, ભોજન ફ્રીમાં અપાય છે. સંચાલક પ્રકાશ કટારીયાએ સવિગત માહિતી સાથે દરેક વિભાગમાં ગુરુદેવના પગલા કરાવી ધન્યતા અનુભવી હતી. સપ્રસિદ્ધ કથાકાર પૂ. મોરારી બાપુના સત્ય, પ્રેમ, કરુણાના સંદેશને સાર્થક કરનાર ટ્રસ્ટીઓને ગુરુદેવે બિરદાવ્યા હતા.

ગુરુદેવે સત્સંગમાં જણાવેલ કે ગુડ હેલ્થ ઈઝ ધ બેસ્ટ વેલ્થ - સારું સ્વાસ્થ્ય એ શ્રેષ્ઠ સંપત્તિ છે. આ સૂત્રને સફળ બનાવવા હોસ્પિટલ નહિ આરોગ્ય મંદિર નામકરણ સાર્થક થઈ રહેલ છે.

ચંદ્રિકાબેન ઘેલાણી કામદાર, સંઘ પ્રમુખ રાજુભાઈ દોશી, કિરીટભાઇ મગીયા વગેરે નગરજનો ઉપસ્થિત હતા. આજે તા. ૮ને શનિવારે રીટાબેન કિરીટભાઇ મગીયા પ્રેરિત ઉપાશ્રય સુશોભન તક્તી અનાવરણ વિધિ અને ૯:૩૦ કલાકે ''પ્રભુના ચરણ... શરણમાં'' વિષયે પ્રવચન અને સંઘજમણ રાખેલ છે.

પૂ. શ્રી ધીરગુરુદેવ પ્રેરિત ડીવાઈન ચેરિટેબલ ટ્રસ્ટ આયોજીત દંત યજ્ઞમાં ૭૧ દર્દીઓએ દાંત કઢાવવાનો તથા ૨૮ લોકોને ફ્રીમાં દાંતની બત્રીસી અર્પણ કરાશે.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) આલોક રોય | ૨૯ | ૨,૫૦,૦૦૦ |
| ૨) મહેન્દ્ર સિંહ | ૫૨ | ૬૦,૦૦૦ |
| ૩) ઝુમા પોલ | ૪૭ | ૩૦,૦૦૦ |
| ૪) શકીલા ઈસરાર શેઈક | ૪૫ | ૧,૨૦,૦૦૦ |
| ૫) બિશ્વાનાથ રક્ષિત | ૫૧ | ૧૫,૦૦૦ |
| ૬) સીમા સરકાર | ૫૩ | ૭૦,૦૦૦ |
| ૭) મોહડ મુશ્તાક અલી | ૬૧ | ૨૦,૦૦૦ |
| ૮) અનિતા દેવી | ૬૧ | ૮૦,૦૦૦ |
| ૯) ગોકુલ બિસ્વાલ | ૬૫ | ૧,૫૦,૦૦૦ |
| ૧૦) વિનિતા વિશ્વાસ | ૪૨ | ૮૦,૦૦૦ |
| ૧૧) બિશ્વાશેરી દાસ | ૨૬ | ૬૦,૦૦૦ |
| ૧૨) શમ્પા બર્મન | ૭૫ | ૩૦,૦૦૦ |
| ૧૩) અબ્દુલ લતીફ કુરેશી | ૩૯ | ૨૫,૦૦૦ |
| ૧૪) રાધા રાની સંચાલ દાસ | ૩૯ | ૧,૦૦,૦૦૦ |
| ૧૫) પંકજ કુમાર મંડળ | ૪૬ | ૩૫,૦૦૦ |
| નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૧૬) દાનિયલ શહેઝાદ ખાન | ૨ | ૩,૦૦,૦૦૦ |
| ૧૭) મોહડ. અસદ અલમ કુરેશી | ૮ | ૨૯,૦૦૦ |
| ૧૮) આયુશા કિશોર ગોવિત | ૧ | ૪,૦૦,૦૦૦ |
| નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૧૯) નિયતી સચ્ચીદાનંદ તિવારી | ૫ | ૮,૧૦,૩૨૭ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

છેલ્લા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્રનું દેવું

૬,૩૭,૧૪૧ કરોડ રહેવાની આશા છે, જ્યારે મેહસુલ, નાણાકીય ખાધ અને પ્રાથમીક ખાધ અનુક્રમે (જીએસડીપીના ૦.૪ ટકા) ૫૨૦,૦૫૧ કરોડ રૂપિયા, (જીએસડીપીના ૨.૪ ટકા) ૧,૧૦૩૫૫ કરોડ રૂપિયા, (જીએસડીપીના ૧.૨ ટકા) ૫૩,૬૨૮ કરોડ રૂપિયા રહેશે. રાજ્ય મહારાષ્ટ્ર ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી એન્ડ બજેટરી મેનેજમેન્ટ (એમએફઆરબીએમ) રૂલ્સ ૨૦૦૬ના નિયમોનું પાલન કરી રહ્યું છે, એમ સર્વેમાં વધુમાં જણાવાયું હતું.

### મહારાષ્ટ્રના

આવક ૧.૮૯ લાખ રૂપિયાથી ઓછી છે. ગયા નાણાકીય વર્ષના આંકડા મુજબ મહારાષ્ટ્રની માથાદીઠ આવક (૨.૭૮ લાખ રૂપિયા) હજુ પણ તમિલનાડુ (૩.૧૪ લાખ), કર્ણાટક (૩.૩૨ લાખ), ગુજરાત (૨.૯૮ લાખ) અને તેલંગાણા (૩.૫૭ લાખ) જેવા રાજ્યોથી ઓછી છે. ૨૦૨૪-૨૫માં કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓનો અંદાજિત વિકાસ છેલ્લા ચાર વર્ષમાં સૌથી વધુ રહેવાની ધારણા છે. ૨૦૨૦-૨૧માં તે ૧૧.૬ ટકા હતો. રાજ્ય સરકારની આવક ગયા વર્ષના ૪.૮૬ લાખ કરોડ રૂપિયાના પ્રારંભિક અંદાજથી વધીને ૪.૯૯ લાખ કરોડ રૂપિયા થવાની ધારણા છે. જોકે, ચાલુ નાણાકીય વર્ષમાં મહેસૂલી ખાધ ૨૦,૦૫૧ કરોડ રહેવાની ધારણા છે જ્યારે જીએસડીપીની સરખામણીએ સામે મહેસૂલ ખાધ ૦.૪ ટકા રહેશે. જીએસડીપી સામે રાજકોષીય ખાધ ૨.૪ ટકા અને જીએસડીપી સામે દેવું ૧૭.૩ ટકા રહેશે.

**મેટ્રો-૧માં રોજના પાંચ લાખ મુસાફરો:** દસ્તાવેજ મુજબ, મેટ્રો લાઇન ૧ (વર્સોવાથી ઘાટકોપર) માં ૨૦૨૪-૨૫માં દરરોજ ૫,૦૦,૦૦૦ મુસાફરો મુસાફરી કરતા હતા, જ્યારે લાઇન ૨-એ (દહિસર-ડીએન નગર) અને ૭ (દહિસર-અંધેરી પૂર્વ) માં દરરોજ ૧,૫૨,૦૦૦ મુસાફરો મુસાફરી કરતા હતા. આરે અને બીકેસી વચ્ચે મેટ્રો-૩ના પ્રથમ તબક્કામાં દરરોજ ૨૧,૬૯૩ મુસાફરો છે. ગયા વર્ષના સપ્ટેમ્બરના અંત સુધીમાં, રાજ્યમાં ઇન્ટરનેટ સબ્સ્ક્રાઇબર બેઝ ૧૧.૦૬ કરોડ હતો, જ્યારે મોબાઇલ કનેક્શન ૧૨.૫૬ કરોડ હતા. રાજ્યમાં ૧૭,૫૫૨ ઘરોમાં વાઇ-ફાઇ હોટસ્પોટ છે અને ૩૮,૭૧૭ એક્સેસ પોઇન્ટ ઉપલબ્ધ છે, એમ અહેવાલમાં જણાવાયું છે.

**૨.૩૮ કરોડ સ્ત્રીઓને લાડકી બહેન યોજનાનો લાભ:** રાજ્ય સરકારે ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ૨.૩૮ કરોડ સ્ત્રીઓને લાડકી બહેન યોજના હેઠળ ૧૭,૫૦૬ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા.

**એક વર્ષમાં આઠ લાખ વાહનો વધ્યા:** રાજ્યમાં પહેલી જાન્યુઆરી-૨૦૨૫ના રોજ રસ્તા પર કુલ વાહનોની સંખ્યા ૪૮૮ લાખ હતી, જે એક કિલોમીટર રસ્તા પર ૧૪૯ વાહનો થવા જાય છે. જે ગયા વર્ષે ૪૫૮ લાખ (એક કિલોમીટર રોડ પર ૧૪૧ વાહનો) હતી. આમ એક વર્ષમાં આઠ લાખ વાહનોનો વધારો થયો છે.

બેટરી સંચાલિત વાહનોની ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં થયેલી નોંધણી ૬,૪૪,૭૭૯ પર પહોંચી હતી, જે આગલા વર્ષે ૩,૯૪,૩૩૭ હતી.

**હવાઈ યાત્રીઓ અને એર કાર્ગોમાં પણ વૃદ્ધિ:** રાજ્યમાં ૨૦૨૩-૨૪માં રાજ્યના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી પેસેન્જરની સંખ્યા સ્થાનિકમાં ૫૨૪.૭૦ લાખ અને આંતરરાષ્ટ્રીય ૧૪૬.૦૩ લાખ હતી, જે અગાઉના વર્ષમાં અનુક્રમે ૪૪૬.૯૮ લાખ અને ૧૧૪.૧૩ લાખ હતી.

આવી જ રીતે ૨૦૨૩-૨૪માં એરપોર્ટ પરથી ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ કાર્ગો ૨.૭૯ લાખ મે.ટન અને ૫.૯૨ લાખ મે. ટન અનુક્રમે રહ્યો હતો, જે અગાઉના વર્ષે ૨.૮૭ લાખ મે. ટન અને ૫.૪૦ લાખ મે. ટન હતો.

**દૂધના ઉત્પાદનમાં મહારાષ્ટ્ર પાંચમા સ્થાને:** દૂધના ઉત્પાદનમાં મહારાષ્ટ્ર ઠેઠ પાંચમા સ્થાને રહ્યું હતું અને રાષ્ટ્રીય સ્તરે તેનું યોગદાન ફક્ત ૬.૭ ટકા જેટલું છે. મહારાષ્ટ્રમાં ૨૦૨૩-૨૪માં બધી સહકારી દૂધ કંપનીઓ દ્વારા સરેરાશ દૈનિક ઉત્પાદન ૪૨.૩૨ લાખ લિટર રહ્યું હતું, જે અગાઉના વર્ષે ૩૮.૪૫ લાખ લિટર હતું.

**શેરડીના ઉત્પાદનમાં ૬.૬ ટકાનો ઘટાડો, તેલિબિયામાં ૨૨.૭ ટકા ઘટાડો:** રાજ્યમાં શેરડીના ઉત્પાદનમાં ૬.૬ ટકાનો ઘટાડો થવાની શક્યતા છે. દાળના ઉત્પાદનમાં ૨૫ ટકાનો વધારો થવાની શક્યતા છે, જ્યારે તેલિબિયાંના ઉત્પાદનમાં ૨૨.૭ ટકાનો ઘટાડો થવાની શક્યતા છે. ઓક્ટોબર-૨૦૧૯થી સપ્ટેમ્બર-૨૦૨૪ સુધીના સમયગાળામાં મહારાષ્ટ્ર સીધા વિદેશી રોકાણ (એફડીઆઈ)માં ૩૧ ટકા હિસ્સા સાથે દેશમાં મોખરે રહ્યું હતું.

### મહાવિતરણના કરજને

ભટની એક ગઝલ રજૂ કરી વિપક્ષ પર કટાક્ષ કરતા સભાગૃહમાં હાસ્યની છોળો ઊડી હતી.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્ર ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રીબ્યુશન કંપની (એમએસઇડીસીએલ)ની અવસ્થા વિશે ટિપ્પણી કરતી વખતે એનસીપી (એસપી) અધ્યક્ષ જયંત પાટીલની ઝાટકણી કાઢી હતી. 'અમે ભૂતકાળમાં ખેડૂતો પાસેથી વીજળીના બિલ વસૂલ્યા ન હોવાને કારણે અમારી સરકારી માલિકીની કંપની પર ૭૫ હજાર કરોડ રૂપિયાનું દેવું છે. ધીરે ધીરે બધું ભરપાઈ થઈ જશે. સરકાર જો થોડી પણ મદદરૂપ થશે તો દેશની પહેલી એવી પાવર કંપની બનશે જેનું લિસ્ટિંગ શેરબજારમાં થશે એવી અમારી કોશિશ છે. તેમાંથી પૈસા ઊભા કરવામાં આવશે. એ દિશામાં કામ ચાલી રહ્યું છે' એમ ફડણવીસે જણાવ્યું હતું. આ માટે કંપનીનું વેલ્યુએશન ચાલી રહ્યું છે એવું ફડણવીસે કહ્યું ત્યારે સામે બેઠેલા જયંત પાટીલે કહ્યું હતું કે 'એ વખતે તમારા મનમાં હતું, પણ એવું થયું નહીં. ૨૦૦૩માં પણ તેનું મૂલ્ય આંકવામાં આવ્યું હતું, એમ તેમણે કહ્યું હતું. એ વખતે સત્તામાં રહેલી કોંગ્રેસ-એનસીપીની સરકારનો ઉલ્લેખ કરતાં દેવેન્દ્ર ફડણવીસે જયંત પાટીલ પર કટાક્ષ કર્યો હતો.'

''જયંતરાવ, તમારી સમસ્યા એ છે કે તમે ખોટા સમયે ખોટી જગ્યાએ રહો છો અને ખોટી વાતો કરો છો. જો યોગ્ય સમયે યોગ્ય લોકો સાથે યોગ્ય વાતો કહેવામાં આવે તો તેઓ કામ કરે છે, એમ ફડણવીસે જણાવ્યું હતું. તેમની બાજુમાં બેઠેલા અજિત પવારે તરત જ કહ્યું, ''તેઓ મને પસંદ નથી કરતા'', ઘરમાં એક મોટું હાસ્ય હતું. આના પર ફડણવીસે તરત જ ઉમેર્યું, ''તમારી સમસ્યા એ છે કે તમે દાદાની વાત સાંભળતા નથી અને મારી વાત સાંભળતા નથી'' અને ફરી હસી પડ્યા!

ફડણવીસે મહારાષ્ટ્રમાં રોકાણના મુદ્દે જયંત પાટીલ પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, ''યુવકે તે કર્યું હતું અથવા વરુણે તે કર્યું હતું.'' જયંતરાવ જેવા નેતાઓએ રાજ્યમાં આવતા રોકાણ પર શંકા ન કરવી જોઈએ. રોહિત દાદા વગેરે તો ઠીક છે. જો તેઓ શંકા ઉઠાવે તો પણ, તે આગળ વધી શકે છે. એવું નથી કે તેઓ અજાણ છે. પરંતુ તેઓ પ્રમાણમાં યુવાન છે. તેથી જો કોઈ યુવાન તે કરે છે અથવા વરુણ તે (વરુણ સરદેસાઈ) કરે છે, તો તે આગળ વધી શકે છે. પરંતુ તમારે એવું ન કરવું જોઈએ, એમ ફડણવીસે કહ્યું હતું.

## હિન્દુ મરણ

**ભરૂચ દશા લાડ**

ધીરજલાલ બાલુભાઇ શાહ (ઉં. વ. ૯૪) તે સ્વ. હંસાબેનનાં પતિ. તે નિર્મળાબેન તથા બાલુભાઇના સુપુત્ર. તે રૂપલ મયંક ગાંધી, સોનલ અકબર પિંઝારા તથા નીલેશના પિતાશ્રી. કાજલના સસરા. તે ઝેદ, નમન, અંક્તિ, અમીર, સમીર, નવન તથા જીયાના દાદા. તે જયાબેન અનંતલાલ ભગત, સ્વ. બંસીભાઇ, તથા સ્વ. અન્નપૂર્ણાબેન વિનોદચંદ્ર ડાંગરવાળાના ભાઇ. ગુરુવાર તા. ૬ માર્ચ ૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની અંતિમયાત્રા આનંદનગર નિવાસ સ્થાનથી શનિવાર તા. ૮ માર્ચે બપોરે ૪ વાગ્યે. લૌકિક રિવાજ બંધ છે.

**સુરતી કંસારા**

પ્રવિણાબેન શાંતિલાલ કંસારા (ઉં.વ. ૭૭) તા. ૬-૩-૨૫ના દેવલોક પામ્યા છે. ઠે. રૂમ. નં. ૪, ૨જે માળે, બિલ્ડિંગ નં. ૨૧, કંસારા બિલ્ડિંગ, વિજયવાડી, ડો. એન.એન. શાહ માર્ગ, ચીરાબજાર, મુંબઇ-૨.

**કચ્છી લોહાણા**

ઠા. ગં. સ્વ. જયાબેન બાબુલાલ જોબનપુત્રા તથા ઠા.બાબુલાલ ગોરધનદાસ જોબનપુત્રા કચ્છ ગામ નાની ખેડોઇવાલા હાલ માટુંગાના સુપુત્ર સુરેશ (ઉં. વ. ૬૦)તે રશ્મિબેનના પતિ. રાહુલ (રામ)ના પિતા. અને પૂજાના સસરા. તે કચ્છ ગામ જખૌ, સ્વ. મંગળાબેન રમેશભાઇ સેજપાલના જમાઇ. તે સુધાબેન નરેન્દ્રભાઇ રૂપારેલ, ભાવનાબેન સુનિલભાઇ અનમ, સ્વ. બીપીનભાઇ, હિમાંશુભાઇના બનેવી. તે જયોતિબેન અવિનાશ નાગવેકરના ભાઇ. મંગળવાર તા. ૪-૩-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૮-૩-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. ગુજરાતી સેવા મંડળ હોલ, ફૂલ બજારની બાજુમાં, માટુંગા (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**શીહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસી બ્રાહ્મણ**

મૂળ વતન વળાવડ હાલ સાયન અ. સૌ. દક્ષા દવે (ઉં. વ. ૬૯) તા. ૪-૩-૨૫ના મંગળવારે અવસાન પામ્યા છે. તે અનિલભાઇ વ્રજલાલ દવેના પત્ની. તે રીતેશ અને વિવેકના માતા. ચૈતાલી રિતેશ દવેના સાસુ. યશમીતના દાદી. તે સ્વ. ઇન્દુમતિબેન અને સ્વ. ભૂપતરાય જટાશંકર બધેકાના પુત્રી. સ્વ. જશુબેન જીતેન્દ્ર, જનાર્દનભાઇ ભૂપતરાય, સ્વ. અજીતાબેન પ્રદીપભાઇના બહેન. પ્રાર્થનાસભા તા. ૮-૩-૨૫ના શનિવારે ૪થી ૬. ઠે. માનવ સેવા સંઘ, ગાંધી માર્કેટ સામે, સાયન મેઇન રોડ, સાયન (પશ્ચિમ).

**ઘોઘારી લોહાણા**

ગામ સાવરકુંડલા હાલ મીરારોડ, સ્વ. હર્ષાબેન પ્રભુદાસ સરૈયા (ઉં. વ. ૬૩) તા. ૬-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.રમાબેન પ્રભુદાસ સરૈયાના પુત્રી. ગં.સ્વ.મંજુલાબેન જયેન્દ્રભાઈ, અ.સૌ.કુંદનબેન સુભાષભાઈ, અ.સૌ.દક્ષાબેન શૈલેષભાઈ, હરીશભાઈ પ્રભુદાસના બહેન, કુ. પ્રિયંકાના માતુશ્રી. નીરવ, કૃણાલ કોટેચા, અંકિત વડેરા, તેજલ, મોક્ષા વસાણીના માસી, મોસાળ પક્ષે સ્વ.નરભેરામ ધારસી કારિયા નડિયાદવાળા દોહિત્રી તા. ૮-૩-૨૫ના શનિવારે ૪થી ૬. કાંદિવલી લોહાણા મહાજન વાડી, સ્વામી વિવેકાનંદ રોડ, શંકર મંદિરની બાજુમા, કાંદિવલી વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

મૂળ નિવાસી અંજનગામ હાલ ડોંબિવલી, ગં.સ્વ.ભાનુમતી કઢી (ઉં. વ. ૮૪) તે સ્વ.મનસુખલાલ રાયચંદ કઢીના ધર્મપત્ની તા.૦૬.૦૩.૨૦૨૫ ગુરુવાર શ્રીજીશરણ પામેલ છે. તે અનીશ, હરીશ, કેતન, પ્રેરણા રશ્મિકાંત વખારિયા તથા પલ્લવી રાજેશકુમાર ઘોળાકિયાના માતુશ્રી. સ્વ.પોપટલાલ માધવજી મૈયાણીની દીકરી. ભારતી અને અનિતાની સાસુ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ જામખંભાળિયા નિવાસી હાલ દહિસર, ગં.સ્વ.જશુબેન ડાહ્યાલાલ ગોકાણીના પુત્ર દિનેશભાઇ ગોકાણી (ઉં. વ. ૭૩) ૬/૩/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. હેતલ નિલેશ પુજારા, તેજલ હાર્દિક સિમરીયા, રૂપલ જીજ્ઞેશ જસાણી, સંકેતના પિતા. મયુરીના સસરા. સાસરાપક્ષે સ્વ.દયાબેન વાલજીભાઇ પુજારાના જમાઈ. દિશા તથા ધ્યારાના નાના. પ્રાર્થનાસભા ૮/૩/૨૫ના ૪ થી ૬. દહિસર સુંદરબાગ બિલ્ડીંગ, માનવ કલ્યાણ કેન્દ્રની સામે, દહિસર ફાટક, એસ. વિ રોડ, દહિસર ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

સિહોરવાળા, સ્વ.મંજુલાબેન જગમોહનદાસ મુનિના પૌત્ર તથા સ્વ.કલ્પના મુનિ તથા આશિષ મુનિના પુત્ર હર્ષ (ઉં. વ. ૩૩) ગુરુવારે તા.૬/૩/૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે દેવાંશીના પતિ, ઉત્સવના ભાઈ, શિવાંગીના દિયર, રાજુલાવાળા અનિલભાઈ મુકુન્દરાય સંઘવીના જમાઈ, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. આશિષ જગમોહનદાસ મુનિ, ૧૦૧ અલકનંદા ,નિલકંઠ વેલી, રાજાવાડી, ઘાટકોપર પૂર્વ.

**કપોળ**

લાઠીવાળા હાલ કાંદિવલી, સ્વ.ચંદ્રકાન્ત બાલકૃષ્ણ સંઘવીના ધર્મપત્ની મિનાક્ષી (ઉં. વ. ૭૭) તે સ્વ. પ્રાણજીવનદાસ, સ્વ.દિલીપ, હરેશ, સ્વ.રમાબેન વેણીલાલ મોદી, સ્વ.વિણાબેન પ્રતાપરાય મહેતા, ગં.સ્વ. સવિતાબેન મનસુખલાલ મહેતા, મધુબેન સવાઈલાલ મોદીના ભાભી. કુસુમબેનના દેરાણી, ગં.સ્વ. હંસાબેન, રોહિણીબેનના જેઠાણી. પિયરપક્ષે સાવરકુંડલાવાળા હિંમતલાલ પારેખ તથા દોલતરાય પારેખના ભાણેજ. તા. ૬-૩-૨૫ ગુરૂવારના શ્રીજીચરણ પામેલ છે. સર્વપક્ષિય પ્રાર્થનાસભા રવિવાર તા. ૦૯-૩-૨૦૨૫ના ૫ થી ૭. લોહાણા બાળાશ્રમ હોલ, મથુરાદાસ એક્સ. રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ,

**હાલાઈ લોહાણા**

પ્રદ્યુમન સીમરીયા (ઉં. વ. ૭૩) પોરબંદર નિવાસી હાલ વિલેપારલે, તે સ્વ.જયાબેન વલ્લભદાસ સીમરીયાનાં પુત્ર. વિદ્યાબેનનાં પતિ. જતીનભાઈ, પંકિતાબેનનાં પિતાશ્રી. સ્વ.લક્ષ્મીદાસભાઈ, સ્વ.દિલીપભાઈ, સુરેશભાઈ તથા હસમુખભાઈ, કિરણબેન અનિલભાઈ ઠક્કર, પૂર્ણિમાબેન પ્રકાશભાઈ કાપડીયા તથા ભારતીબેન ભરતભાઈ જોબનપુત્રાનાં ભાઈ. તે સ્વ.હરગોવિંદભાઈ રામજીભાઈ જોબનપુત્રાનાં જમાઈ. ગુરૂવાર તા. ૦૬.૦૩.૨૫નાં શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર તા. ૦૮.૦૩.૨૫નાં ૧૦ થી ૧૨. ઠે. સરદાર પટેલ બાગ, દાસ કાકા હોલ, પારલેશ્વર મંદિરની સામે, વિલેપાર્લે (ઈસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મુંબઈ નિવાસી હાલ વડાલા, સ્વ.ગૌરીલક્ષ્મી ત્રિભોવનદાસ કોન્ટ્રાક્ટરના પુત્ર કેતનભાઈ (ઉં. વ. ૭૧) તા. ૬/૦૩/૨૫, ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે શ્રીમતી બિંદુબેનના પતિ. હર્ષિની તથા હેમાલીના પિતાશ્રી. નીતિનકુમાર વિજયભાઈ શર્માના સસરા. સ્વ. દિવાળીબેન વિઠ્ઠલદાસ ઓધવજી મજીઠીયાના જમાઈ. ધ્રૂવ, હેમાક્ષીના નનાજી. પ્રાર્થનાસભા શનિવાર તા ૦૮/૦૩/૨૫ના એસ. એન. ડી. ટી. કોલેજ, માટુંગાના સભાગૃહમાં, ૫.૩૦ થી ૭. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ડો. ભાવનાબેન (ઉં. વ. ૭૭) તે સ્વ. સરોજબેન શરદચંદ્ર દોશીના પુત્રી. ગૌતમભાઇ, જનક (જયકર) દોશીના બહેન. સ્વ. અનિલાબેન, સ્વ. નયનાબેનના નણંદ. પ્રણવ, રોહન, હરિતા (રીતુ) ગૌરવ ગુપ્તાના ફઇ. માનસી મોનાલીના ફઇસાસુ. જાયસા, ફિયોનાના દાદી ફઇ. તા. ૬-૩-૨૫ના સ્વર્ગવાસ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ચોગઠવાળા વ્રજલાલ નારણભાઇ દેસાઇના પુત્રવધુ હાલ અમેરિકા સ્વ. વિનોદભાઇ વ્રજલાલ દેસાઇના ધર્મપત્ની ગં. સ્વ. હીરાલક્ષ્મીબેન (ઉં. વ. ૧૦૦) તા. ૨-૩-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અમરીષભાઇ, નિખીલભાઇ તથા સોનલબેનના માતુશ્રી. શોભનાબહેન, વર્ષાબહેન તથા પ્રવીણભાઇ પટેલના સાસુજી. તે સ્વ. નટુભાઇ, સ્વ. ઇશ્વરભાઇ, સ્વ. સુરેશભાઇ, સ્વ. મનુભાઇ, મધુભાઇ, સ્વ. રમાબેન વળીયા, મંજુબેન વળીયાના ભાભી. પીયર પક્ષે સાવરકુંડલાના સ્વ. છગનલાલ ગાંધીના સુપુત્રી.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

ગં. સ્વ. રેખાબેન રતિલાલ જોશી (ઉં. વ. ૮૫) કચ્છ ભુજ હાલે ઘાટકોપર પૂર્વ તા. ૬-૩-૨૫ના હરિઓમ શરણ પામેલ છે. દીપક, મયુર, તુષારના માતુશ્રી. નિશા, છાયા, વિભાના સાસુ. નિશિદ, શ્રીધર, હર્ષ, જેસિકા, કૃષ્ણના દાદી. અરવિંદ શર્માની પુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૮-૩-૨૫ના શનિવારે ૪થી ૬. ઠે. શ્રી સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર (પૂર્વ).

**લુહાર સુતાર**

ગામ અમરેલીવાળા હાલ અંધેરી ગં. સ્વ. રેખાબેન ડોડીયા અને સ્વ. મુકેશભાઇ ગિરધરલાલ ડોડીયાના પુત્ર.સ્વ. પ્રેમલ ડોડીયા (ઉં. વ.૩૮) તા. ૬-૩-૨૫ના ગુરુવારના શ્રીરામચરણ પામ્યા છે. તે પંકજભાઇ અને જગદીશભાઇના ભત્રીજા. તે હિરલબેન ભાવેશકુમાર પરમારના ભાઇ. સ્વ. બાબુભાઇ છગનભાઇ ચૌહાણ (મહુવાવાળા હાલ કાંદિવલી)ના દોહિત્ર. પ્રાર્થનાસભા તા. ૮-૩-૨૫ શનિવારના ૫થી ૭. ઠે. લુહાર સુતાર જ્ઞાતિ વેલ્ફેર સેન્ટર, વિશ્વકર્મા ચોક વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ નં.૩, અંબાજી મંદિરની પાસે, બોરીવલી (પૂર્વ).

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## જૈન મરણ

**કચ્છી દશા શ્રીમાળી વણિક જૈન**

ભરતભાઇ પારેખ (ઉં. વ. ૭૩) માંડવી નિવાસી હાલ સાયન તા. ૬-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. તારાબેન મનસુખભાઇ (મનુભાઇ)ના પુત્ર. તે રક્ષાબેનના પતિ. નીરવ અને દેવાંગના પિતા. મેઘાના સસરા. તે હસમુખલાલ ચુનીલાલ વોરાના જમાઇ. તે સ્વ. કોકીલા, ચંદ્રીકા અને સ્વ. જયંતનાભાઇ. પ્રાર્થનાસભા તા. ૮-૩-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. રામવાડી, ચંદાવરકર રોડ, માટુંગા (સે. રે.) મુંબઇ-૧૯.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભીંસરાના મુકેશ જીવરાજ સાવલા (ઉં. વ. ૫૬) તા. ૬-૩-૨૫ના અવસાન પામેલ છે. કુંવરબાઇ નરપાર નાગશીના પૌત્ર. નવલબેન જીવરાજના સુપુત્ર. વિનોદ, ચંદ્રીકા, સ્વ. દક્ષાના ભાઇ. નેણબાઇ તલકશી મણશીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. વિનોદ સાવલા, ૨૦૫, અનુશ્રી, ગાંવદેવી મેદાનની સામે, કલવા (વે.).

કપાયાના લક્ષ્મીચંદ મુરજી ગોગરી (ઉં. વ. ૯૧) તા. ૪-૩-૨૫ના યુ.એસ.એ.માં અવસાન પામેલ છે. પાંચીબાઇ મુરજી ઓભાયાના પુત્ર. હેમલતાબેનના પતિ. સોનલ, નિખિલના પિતા. લાલજી,ભૂજપુરના સાકરબેન મગનલાલ દેઢિયા, કેસરબેન મૂરજી કેનીયાના ભાઈ. કપાયાના જેતબાઇ લાલજી તેજુના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી.

ભોરારાના નિર્મળાબેન વેલજી દેઢિયા (ઉં. વ. ૭૯) તા. ૪-૩-૨૫ના ભોરારા મધ્યે દેવલોક પામ્યા છે. પુરબાઈ કેશવજી દેઢિયાના પૌત્રી. માતુશ્રી સુંદરબેન વેલજીના સુપુત્રી. કુંવરબાઈ ઘેલાભાઈના દોહિત્રી. જાદવજીભાઈ, દિનેશભાઈ, સમાઘોઘાના હાંસબાઈ વિશનજી વીરા, વિમળાબેન મગનલાલ સૈયાના બહેન. સરનામું : મનોજ જાદવજી દેઢિયા, ૬૦૩, સાઈ જ્યોત, નીપા સરોજની નાયડુ રોડ, મુલુંડ (વેસ્ટ).

**ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ કાંદિવલી, વાડીલાલ મણિલાલ શાહ (ઉં. વ. ૯૨) ૬/૩/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.કાંતાબેનના પતિ. સ્વ.વલ્લભદાસ શાહના જમાઈ. ઉષા, જાગૃતિ, રાજેશ તથા નિલેશના પિતા, યોગેશકુમાર હીરાલાલ શાહ, હિરેન્દ્રકુમાર હીરાલાલ ગાંધી, રીટાબેન તથા અમિષાના સસરા. નીરવ, ચિંતન, વિવેક, જીનલ, આશની, જીનલ, ખબ્બૂ, શ્રેય, જય, રિદ્ધિ તથા વિહાના દાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સી/૨, ડી ૬૨, મહાવીર નગર, શંકર ગલ્લી, કાંદિવલી વેસ્ટ.

**રાધનપુર તિર્થ જૈન**

તારાબેન તથા પ્રભાબેન કાંતિલાલ વર્ધિલાલ દ્રેશીના સુપુત્ર સ્વ.દેવીબેનના પતિ. એવંતીભાઇ દ્રેશી (ઉં. વ. ૯૩) તે અંજુબેન, પ્રકાશભાઇ, નિતિનભાઇ, સ્વાતિબેનના પિતા. મુકેશભાઇ, પરેશભાઈ, સુશીલાબેન, નીપાબેનના સસરા, આ.ભ. શ્રી સ્થૂલભદ્રસૂરિશ્વરજી મ.સા, અશોકભાઈ, દિનેશભાઈ, વિનોદભાઈ, અરવિંદભાઈ, પ્રદ્યુમનભાઇ, અનુપમાબેન, નિરૂપમાબેન, તિલુબેન, રમાબેન, ઉર્વશીબેનના મોટાભાઈ. કુશલ, સાગર, કૃપા, સલોનીના દાદા, હીરાલાલ નરપતલાલ ઝોટાના જમાઈ, તા.૬.૩.૨૦૨૫ના અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા હુંમડ દિગંબર જૈન**

સુરત નિવાસી હાલ બોરીવલી, ગં.સ્વ. પ્રજ્ઞાબેન (બંટીબેન) શાહ (ઉં. વ. ૭૦) તા ૬-૩-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.ભાનુમતીબેન પન્નાલાલ મથુરાદાસ શાહના સુપુત્રી. શ્રીમતિ ચાંદની દોટિયાના માતુશ્રી. કાસવી દોટિયાના નાની. સુષ્માબેન ગાંધી, રીટાબેન શાહ, સ્વ.કુમારભાઈના બહેન, ગ.સ્વ.ચારુશીલાબેન શાહના ભત્રીજી. પ્રાર્થનાસભા તા.૮-૩-૨૫, શનિવારે ૪ થી ૫. ગુરુ ગણેશ નિવાસ સોસાયટી, દૌલત નગર રોડ ન. ૯, હિન્દુજા હોલ પાસે, બોરીવલી (ઇસ્ટ).

**રાધનપુર જૈન**

રાધનપુર તીર્થ નિવાસી સ્વ. જાસુદબેન પન્નાલાલ શાહના સુપુત્ર જસવંતભાઈ (ઉં. વ. ૬૯) તે કલાબેનના પતિ. નિરવ, અવનીના પિતાશ્રી, દર્શના, હિમાંશુના સસરા. સ્વ. માણેકલાલ ભુરાલાલ દોશીના જમાઈ. સ્વ.પદ્માબેન, સ્વ. કોકિલાબેન, અરુણાબેનના ભાઈ, તા. ૬-૩-૨૫ના અવસાન પામેલ છે. તા. ૯-૩-૨૫ રવિવાર ૪ થી ૬, અવિઘ્ના, ૯, બેન્કવેટ હોલ, ભારતમાતા સિનેમાની બાજુમાં, પરેલ-ઈસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ગોવિંદપુર નિવાસી હાલ મિરારોડ, કિશોરભાઈ ઝવેરચંદ ઘાટલિયા (ઉં. વ. ૮૭) શનિવાર તા. ૧-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે જ્યોતિબેનના પતિ. વિપુલ તથા ફાલ્ગુનીના પિતા. દીપ્તિ તથા દેવાંગભાઈના સસરા. સ્વ. મધુભાઈ, નવીનભાઈ, સ્વ. તારાબેન મહેતા, સ્વ. ઈન્દુબેન શેઠના ભાઈ. લાઠી નિવાસી સ્વ. મનસુખલાલ હેમચંદ તુરખીયાના જમાઈ. દેવમ, મિશાના દાદા, પ્રાર્થનાસભા શનિવાર તા. ૮-૩-૨૫ ૫ થી ૭. રાધા ક્રિષ્ના બેન્કવેટ હોલ, પૂનમસાગર, કાસાડેલાની બાજુમાં, મિરારોડ ઈસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોટા સુરકાવાળા હાલ ચેન્નઇ યશવંતભાઇ પાનાચંદ શાહ (ઉં. વ. ૭૯) મંગળવાર તા. ૪-૩-૨૫ અરિહંતશરણ પામેલ છે. તે યશોધરાના પતિ. દર્શિત, કુણાલના પિતા. વીરતી, ગ્રીષ્માના સસરા. પ્રતાપભાઇ, લલિતાબેન કાંતિલાલ શાહ, મધુબેન કાંતિલાલ દોશી, ભદ્રાબેન અરવિંદભાઇ શાહના ભાઇ. સસરા પક્ષ મનસુખલાલ માવજીભાઇ કનાડીયાના જમાઇ. લૌકિક વ્યવહાર રાખેલ નથી. ઠે. ગ્રીન અવેન્યુ, કીલપોક, ચેન્નઇ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જૂનાગઢ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. વિનોદચંદ્ર હરીલાલ પંચમીયાના સુપુત્ર નિલેશકુમાર (ઉં. વ. ૫૭) તા. ૬-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ગં. સ્વ. પ્રીતીબેનના પતિ. પાર્થના પિતા. સ્વ. નગીનચંદ્ર હરિલાલ પંચમીયાના ભત્રીજા. તે નીશીથભાઇ, મેહુલભાઇ, હેમલબેન નીખીલકુમાર કામદાર, સ્વ. પ્રીતીબેન મહેશકુમાર શાહના ભાઇ. પ્રફુલભાઇ, અ. સૌ. જયશ્રીબેન ગાંધીના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.


**દશા શ્રીમાળી સ્થા. જૈન**

બગસરા નિવાસી હાલ સાયન સ્વ. લીલાવંતીબેન પ્રાણલાલ બજરીયાના પુત્રવધૂ મનીષાબેન અનીલભાઇ બજરીયા (ઉં. વ. ૬૫) તે વીરાજ-શ્રદ્ધા, સ્વ. આશીષના માતુશ્રી. હર્ષાબેન કીરીટભાઇ, ઇલાબેન જીતુભાઇ, મયુરીબેન લલિતભાઇ, જયોતિબેન તરુણભાઇના દેરાણી. હંસાબેન ગીરીશભાઇ, મીનાબેન ધનજીભાઇના ભાભી. સ્વ. શાંતિલાલ ચુનીલાલ કામદારના દીકરી. અશ્વીનભાઇ રસીકલાલ શેઠના વેવાણ. ગુરુવાર તા. ૬-૩-૨૫ના અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા રવિવાર, તા. ૯-૩-૨૫ના ૧૦થી ૧૨. ઠે. શ્રી માનવ સેવા સંઘ, સાયન મેઇન રોડ, ગાંધી માર્કેટની સામે, સાયન (વેસ્ટ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મોટા આંતરડાના કેન્સરને કેવી રીતે હરાવવું?

# કોલોરેક્ટલ કેન્સરને કેવી રીતે હરાવવું?




તમામ બહાદુર મહિલાઓને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભકામનાઓ. આ દિવસ મહિલા સશક્તિકરણની ઉજવણી કરવાનો અને તેમના પ્રયત્નોને સ્વીકારવાનો છે. દરેક સ્ત્રી ભારતીય પરિવારનો મુખ્ય ભાગ છે જો તે બીમાર હોય, તો આખો પરિવાર પ્રભાવિત થાય છે. સાચું જ્ઞાન અને યોગ્ય સારવાર મોટાભાગના કેન્સરને હરાવી શકે છે.

તો ચાલો, જાણીએ કે કોલોરેક્ટલ કેન્સરને હરાવવા માટે આપણે શું કરી શકીએ છીએ.

★ લક્ષણો જાણવા

પહેલું પગલું એ છે કે શરૂઆતના ચેતવણીના સંકેતો જાણવા. મળમાં સતત લોહી આવવું એ ઘણીવાર સૌથી મહત્ત્વપૂર્ણ ચેતવણી ચિહ્નોમાંનું એક છે. ઘણા દર્દીઓમાં પાઈલ્સ હોવાથી ઘણીવાર મૂંઝવણ થાય છે. મહત્ત્વપૂર્ણ મુદ્દો એ છે કે પાઈલ્સમાં મોશન દરમિયાન અથવા પછી મળમાં બ્રાઈટ લાલ રક્ત હોય છે, તે ક્યારેક પેરિયાનલ વિસ્તારમાં દુખાવો / સોજો સાથે સંકળાયેલું હોય છે. તેનાથી વિપરીત કેન્સરમાં ડાર્ક રક્ત હોય છે અને ઘણીવાર પેટમાં દુખાવો / ખેંચાણ, કબજિયાત / ઝાડા સાથે સંકળાયેલું હોય છે.



ડૉ. નીલેશ ચોરડિયા
GI અને GYENAC
કેન્સર સર્જન

પાઈલ્સ / કેન્સર ઓળખવા માટે ક્લિનિકલ ગુદામાર્ગ તપાસ ચાવીરૂપ છે.

★ જો કેન્સરની શંકા હોય તો શું કોલોનોસ્કોપી જરૂરી છે?

હા. કોલોનોસ્કોપી ગાંઠનું સ્થાન, ગાંઠોની સંખ્યા, અને કેન્સર પહેલાના જખમ પણ ઓળખી શકે છે. કેન્સરના વિકાસને અટકાવવા માટે આપણે કેન્સર પહેલાના પોલિપ્સ દૂર કરી શકીએ છીએ.

★ શું કોલોરેક્ટલ કેન્સરમાં સર્જરી જરૂરી છે?

કોલોરેક્ટલ કેન્સરમાં સર્જરી અત્યાર સુધી માત્ર ઉપચારાત્મક સારવાર છે, સદનસીબે, લેપ્રોસ્કોપી/રોબોટિક સર્જરીએ સર્જરીને વધુ પીડા વિના સરળતાથી સહન કરી શકાય તેવી સરળ બનાવી છે, તે મેગ્નિફિકેશનને કારણે ચોકસાઈ વધારે છે, નાના કાપથી હીલિંગ સમસ્યા ઓછી થાય છે, જેના કારણે હૉસ્પિટલમાં રહેવાનું ઓછું થાય છે અને વહેલી રીકવરી પ્રાપ્ત થાય છે.

★ શું કોલોસ્ટોમી (સ્ટૂલ માટે કાયમી બેગ લગાવવી) જરૂરી છે?

જૂના સમયમાં, નીચલા ગુદામાર્ગમાં ગાંઠને દૂર કરવા માટે સંકેત માનવામાં આવતો હતો અને કાયમી સ્ટોમા બનાવવા પડતા હતા. ઘણા જૂના સર્જનો હજુ પણ તે કરે છે, પરંતુ ટેકનોલૉજીમાં પ્રગતિએ અમને ખૂબ જ નીચલા ગુદામાર્ગ ગાંઠના મોટાભાગના દર્દીઓમાં પણ કાયમી સ્ટોમા અટકાવવામાં સક્ષમ બનાવ્યા છે. ભાગ્યે જ ૫-૧૦% દર્દીઓને તેની જરૂર પડે છે.

★ શું બધા દર્દીઓને કીમો/રેડિયેશનની જરૂર છે?

સદભાગ્યે સ્ટેજ ૨ સુધીના મોટાભાગના કેન્સરમાં, માત્ર શસ્ત્રક્રિયા પૂરતી સારવાર છે.

ગુદામાર્ગના કેન્સરમાં સ્થાનિક પુનરાવૃત્તિ ઘટાડવા માટે શસ્ત્રક્રિયા પહેલાં કીમો/રેડિયેશન થેરાપીનો ઉપયોગ કરવામાં આવે છે. તે એટલા માટે કે આ કેન્સરને હરાવવા માટે ટીમનો પ્રયાસ છે.

વધુ માહિતી માટે સંપર્ક કરોઃ

SSO Cancer Centre
Specialty Surgical Oncology Hospital
Precise and Personalised Care

સ્પેશિયાલિટી સર્જિકલ ઓન્કોલોજી હૉસ્પિટલ અને રિસર્ચ સેન્ટર

સિલ્વર પોઈન્ટ બિલ્ડિંગ, ૭ મો માળ, માણેકલાલ એસ્ટેટ, LBS રોડ, ઘાટકોપર (પશ્ચિમ)

ઈન્ફિનિટી મેડિસર્જ સેન્ટર

વાવીકર આય ઈન્સ્ટીટ્યૂટની નીચે, લોઢા સર્વિસ રોડ, સાઈનાથ નગર, માજીવાડા, થાણે પશ્ચિમ. ફોન-9136150151, 9653665448

# ની કેપ જે સતત બહાર સરકી રહી છે!

## (વારંવાર પેટેલર અસ્થિરતા)



ડૉ. ભૂષણ સબનીસ

ચાલો આજે અસ્થિર ની કેપ વિષય પર વાત કરીએ. કિશોરવયની છોકરીઓમાં સામાન્ય રીતે જોવા મળે છે, જો તેને અવગણવામાં આવે તો તે નોંધપાત્ર પ્રવૃત્તિ અવરોધ, સ્નાયુઓની નબળાઇ અને વહેલા ઘૂંટણના સંધિવા તરફ દોરી શકે છે.

ઘૂંટણનો સાંધો ત્રણ હાડકાંથી બનેલો છેઃ ઉપર જાંઘનું હાડકું, નીચે શિનનું હાડકું અને આગળના ભાગમાં ની કેપ અથવા પેટેલા. પેટેલા ક્વાડ્રિસેપ્સ સ્નાયુને પગ પર સમાન રીતે બળ લગાવવા દેવા માટે મહત્ત્વપૂર્ણ છે, જે આપણે કેવી રીતે ચાલીએ છીએ, દોડીએ છીએ, બેસીએ છીએ અને ઊભા થઈએ છીએ તેમાં મદદ કરે છે.

પેટેલા જાંઘના હાડકામાં એક ખાંચ પર સસ્પેન્શન બ્રિજની જેમ લટકેલું હોય છે અને અંદર તથા બહાર લીગામેન્ટસ (અસ્થિબંધન) દ્વારા પકડી રખાય છે. પેટેલાની આ કેન્દ્રીય સ્થિતિ ઘૂંટણની સામાન્ય કામગીરી માટે જરૂરી છે.

વિવિધ માળખાકીય અથવા એલાઈનમેન્ટ સમસ્યાઓને કારણે, પેટેલા તેની સ્થિતિથી બહાર ખસી શકે છે અથવા ડીસલોકેટ થઈ શકે છે. પ્રથમ એપિસોડ સામાન્ય રીતે ઈજા પછી થાય છે. પેટેલા ઘૂંટણની બહારની બાજુએ અટવાઈ શકે છે અથવા સ્વયંભૂ પાછું આવી શકે છે. આ સામાન્ય રીતે ખૂબ જ પીડાદાયક હોય છે અને ઘૂંટણમાં નોંધપાત્ર સોજો અને દુખાવો સાથે સંકળાયેલું હોય છે. જો આ ૨-૩ વખતથી વધુ વખત થાય છે, તો તેને 'પેટેલાનું રિકરન્ટ ડિસલોકેશન' કહેવામાં આવે છે અને તે નોંધપાત્ર નબળાઈ, દુખાવો અને જડતા, ઘૂંટણની અસ્થિરતાની લાગણી અને રમતો રમવામાં મુશ્કેલીનું કારણ બની શકે છે, જે આખરે દૈનિક પ્રવૃત્તિઓમાં પણ મુશ્કેલીનું કારણ બને છે.

આ સમસ્યા શરૂઆતમાં ૧૦-૨૦ વર્ષની વયના બાળકોમાં વધુ જોવા મળે છે, છોકરીઓમાં વધુ સામાન્ય છે અને દોડવામાં અને કોઈપણ રમતગમતની પ્રવૃત્તિઓ કરવામાં મુશ્કેલી અનુભવે છે; સીડી ચઢતી વખતે ડરની લાગણી અથવા ઘૂંટણનું લોકિંગ વિગેરે થાય છે.

જો સમયસર સારવાર ન કરવામાં આવે તો વારંવાર પેટેલર ડિસલોકેશન થવાથી ગ્રોથ સાથે ઘૂંટણની વિકૃતિ, વારંવાર સોજો, દુખાવો અને જડતા, સ્નાયુઓની નબળાઈ અને આખરે, વહેલો ઘૂંટણના સંધિવા સાથે વિકૃતિ થઈ શકે છે.



MPFL પુનર્નિર્માણ + ટિબિયલ ટ્યુબરકલ ટ્રાન્સફર-ઇન્ટ્રાઓપરેટિવ ઈમેજ



ઘૂંટણના સાંધામાં પુનઃનિર્માણ થયેલ MPFL



ડીરોટેશન + એલાઇનમેન્ટ કરેક્શન DFO

આના કારણમાં વિવિધ પરિબળો ભૂમિકા ભજવે છે અને તેને ઈલાજ કરવાની જરૂર છે. સામાન્ય સમસ્યાઓમાં મધ્યસ્થ અસ્થિબંધનને નુકસાન, જાંઘના હાડકાની સામે છીછરા ખાંચ, હાઇ રાઇડિંગ પેટેલા (પેટેલા અલ્ટા), સાંધામાં હાઇપરલેક્સિટી, નીચલા અંગનું રોટેશનલ મેલાલાઇનમેન્ટ- (કેટલાક બાળકોને હિપ એન્ટિવર્ઝન વધવાને કારણે રિવર્સ ક્રોસ લેગ્ડ પોઝિશનમાં બેસવાની લાક્ષણિક આદત હોય છે- આ બાળકોમાં વારંવાર પેટેલાનું ડિસલોકેશન થવાની શક્યતા વધુ હોય છે) નો સમાવેશ થાય છે.

પુનરાવર્તિત ડિસલોકેશનનું સંચાલન જટિલ છે અને સમસ્યાના મૂળ કારણને શોધવા અને સારવાર પર આધારિત છે. કોઈપણ માળખાકીય અને રોટેશનલ અસામાન્યતાને વધારામાં MPFL પુનર્નિર્માણ સાથે સુધારવાની જરૂર હોય છે. MPFL-મેડિયલ પેટેલો ફેમોરલ લિગામેન્ટ રિકન્સ્ટ્રક્શનમાં સામાન્ય રીતે જાંઘના આંતરિક ભાગમાંથી હેમસ્ટ્રિંગ ટેન્ડન્સમાંથી એકને ગ્રાફ્ટ તરીકે લેવાનો સમાવેશ થાય છે જેથી એક નવું ચેક-રેઇન લિગામેન્ટ બનાવવામાં આવે જે ઘૂંટણની ગતિ દરમિયાન પેટેલાને પકડી રાખે છે. નવા લિગામેન્ટને જાંઘના હાડકા પર સ્ક્રૂ અને પેટેલામાં બે ટાઇટેનિયમ એન્કર્સ વડે ફીક્ષ કરવામાં આવે છે. યોગ્ય રીતે પસંદ કરાયેલા દર્દીઓમાં આ એક ખૂબ જ સફળ સર્જરી છે અને સામાન્ય કામગીરી સાથે સ્થિર ઘૂંટણ આપી શકે છે.

ફરી એકવાર, સમસ્યાને વહેલી તકે ઓળખવી, ઘૂંટણના કાર્ટિલેજ, કોમલાસ્થિને વધુ નુકસાન ન થાય તે માટે વિલંબ કર્યા વિના યોગ્ય સારવાર કરવી મહત્ત્વપૂર્ણ છે જે સારવાર ના કરાય તો ઘૂંટણના સંધિવાની શરૂઆત થઈ જાય છે.

ડૉ. ભૂષણ સબનીસ એક નિષ્ણાત ની સર્જન છે અને તેમણે પેટેલર અસ્થિરતા ધરાવતા ઘણા દર્દીઓની સારવાર કરી છે. તેઓ સ્પોર્ટ્સમેડ ક્લિનિક, પરેલ (પશ્ચિમ) અને ઓર્થોડોક્સ ક્લિનિક અંધેરી (પશ્ચિમ) ખાતે સલાહ માટે ઉપલબ્ધ છે.

ફોનઃ 022 49227777
8928608377
વેબસાઇટઃ
www.Kneesolutions.co.in
યુ ટ્યુબ ચેનલ-
Dr. Bhushan Sabnis

# ટાઈમની 'વુમન ઑફ ધ યર-૨૦૨૫'ના લિસ્ટમાં સામેલ કરાયેલા ડૉ. પૂર્ણિમા દેવી બર્મન કોણ છે?

વીણા ગૌતમ

ભારતીય જીવ વિજ્ઞાન અને વન્યજીવ સંરક્ષણવાદી ડૉ. પૂર્ણિમા દેવી બર્મનને ટાઇમની પત્રિકામાં 'વુમન ઑફ ધ યર-૨૦૨૫'ના લિસ્ટમાં સામેલ કરવામાં આવ્યાં છે. આસામમાં રહેતાં આ ડૉક્ટર એક માત્ર ભારતીય મહિલા છે જેમને આ સન્માન મળ્યું છે. તેમણે કરેલાં કાર્યો પર નજર નાખીએ તો તેમણે ગ્રેટર એડજુટેન્ટ સ્ટૉક એટલે કે હર્ગિલાના સંરક્ષણ માટે યુદ્ધના ધોરણે કામ શરૂ કર્યું હતું. એના માટે તેમણે 'હર્ગિલા આર્મી' નામનું એક આંદોલન શરૂ કર્યું, જેમાં તેમણે મહિલાઓનો સમાવેશ કર્યો. હર્ગિલા એ સારસ પક્ષીની એક વિશેષ જાતી છે. છેલ્લાં થોડાં વર્ષોમાં તેમની સંખ્યા ૪૫૦થી વધીને હવે ૧૮૦૦ સુધી પહોંચી ગઈ છે. એનો શ્રેય ડૉ. પૂર્ણિમા દેવી બર્મનને જાય છે. તેમના નેતૃત્ત્વમાં મહિલાઓએ હર્ગિલાના સંરક્ષણ માટે યોગદાન તો આપ્યું જ, પરંતુ સાથે-સાથે મહિલાઓ આર્થિક અને સામાજિક રૂપે સશક્ત બની છે. ત્યાંની મહિલાઓ તો હર્ગિલાનાં ચિત્રોવાળા પોષાક બનાવીને આવક રળી રહી છે.




કરી. અનેક વર્ષોથી આ દિશામાં કામ કરતાં ડૉ. પૂર્ણિમાની મહેનત આખરે રંગ લાવી. આ જ કારણ છે કે આજે ત્યાંના લોકોને હર્ગિલા સાથે લાગણીનો સેતુ બંધાયો છે. એથી સારસ પ્રજાતિના આ પશુઓ અહીં પોતાને વધુ સલામત માને છે અને બેફિકર બનીને ઊડે પણ છે. તેમની સંખ્યામાં પણ હવે વધારો થઈ રહ્યો છે.

ડૉ. પૂર્ણિમાએ હર્ગિલાને બચાવવા માટે અરણ્યક સંગઠન બનાવ્યું અને એમાં તેમણે વરિષ્ઠ વન્યજીવ વિજ્ઞાની તરીકે કામ કર્યું. ૧૬ વર્ષની તેમની અથાક મહેનત બાદ કામાખ્યા ક્ષેત્રમાં ૧૦ હજાર મહિલાઓની હર્ગિલા ટીમ તેમણે તૈયાર કરી છે. આ ટીમ હર્ગિલાના માળાની રક્ષા કરે છે. આટલું જ નહીં સારસના જન્મ થતાં પરંપરાગત વિધિઓ પણ કરે છે.

ડૉ. પૂર્ણિમાની આ પહેલ માત્ર સારસના સંવર્ધન પૂરતી જ સીમિત નથી. તેમણે સ્થાનિક મહિલાઓને વણાટકામ તરફ પણ વાળી છે. આ મહિલાઓ હર્ગિલાને પ્રોત્સાહન આપવા માટે તેનાં ચિત્રોવાળાં કપડાં બનાવે છે.

ડૉ. પૂર્ણિમા દેવી બર્મનને વર્ષ ૨૦૧૭માં સર્વોચ્ચ નાગરિક સન્માન એવા 'નારી શક્તિ પુરસ્કાર'થી પણ નવાજવામાં આવ્યાં હતાં. એ જ વર્ષે બ્રિટનની રાજકુમારી દ્વારા વ્હિટલી એવૉર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ટાઇમ પત્રિકાની 'વુમન ઑફ ધ યર' લિસ્ટનો ઉદ્દેશ એ મહિલાઓને સન્માનિત કરવાનો હોય છે, જેમણે પોતાના ક્ષેત્રમાં અગત્યનું યોગદાન આપ્યું હોય અને સમાજમાં સકારાત્મક છાપ છોડી હોય. આ લિસ્ટની શરૂઆત ૨૦૨૦માં થઈ હતી. અત્યાર સુધી આ લિસ્ટમાં ૧૦૦ મહિલાઓને સન્માનિત કરવામાં આવી છે. અત્યાર સુધી કોઈપણ ભારતીય મહિલાને આ લિસ્ટમાં સ્થાન નથી મળ્યું. ડૉ. પૂર્ણિમા દેવી બર્મન આ લિસ્ટમાં સામેલ થનાર પહેલી ભારતીય મહિલા છે.

ઉલ્લેખનીય છે કે ડૉ. બર્મનને ૨૦૨૨માં સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ હેઠળ 'ચેમ્પિયન ઑફ ધ અર્થ'ના પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવ્યાં હતાં, જેને પર્યાવરણ ક્ષેત્રનું સર્વોચ્ચ સન્માન ગણવામાં આવે છે. એવામાં આ વર્ષે ટાઇમની પત્રિકામાં 'વુમન ઑફ ધ યર-૨૦૨૫'ના લિસ્ટમાં સામેલ થવાથી આસામમાં તેમના પર પ્રશંસાઓનો વરસાદ વરસી રહ્યો છે. તેમને લોકો એક પ્રેરણા ગણી રહ્યાં છે. ડૉ. પૂર્ણિમા દેવી બર્મનનું યોગદાન ન માત્ર વન્યજીવના સંરક્ષણમાં અગત્યનું યોગદાન આપે છે, પરંતુ સામાજિક પરિવર્તન અને મહિલા સશક્તીકરણની દિશામાં પણ એક ઉત્તમ ઉદાહરણ છે.

આસામમાં જન્મેલાં ડૉ. પૂર્ણિમાએ ગુવાહાટી વિશ્વવિદ્યાલયથી પર્યાવરણ વિજ્ઞાન અને વન્યજીવ વિજ્ઞાનમાં વિશેષતાની સાથે જ જિયોલોજીમાં માસ્ટરની ડિગ્રી મેળવી છે. ૨૦૦૭માં પીએચડીની સ્ટડી દરમ્યાન તેમને ધ્યાનમાં આવ્યું કે એક વ્યક્તિએ એક ઝાડ પરથી હર્ગિલાનો માળો તોડી પાડ્યો હતો. આ ઘટનાથી તેઓ એટલાં દુઃખી થયાં કે તેમણે પોતાનો અભ્યાસ બાજુએ રાખી સ્થાનિક લોકોને આ પક્ષીના પર્યાવરણીય મહત્ત્વ અંગે સમજાવવાની શરૂઆત કરી.

ડૉ. પૂર્ણિમા દેવી બર્મને કરેલાં કાર્યોને કારણે જ આજે આસામના લોકોમાં હર્ગિલા પક્ષીને લઈને ઘણીબધી માહિતીઓ છે. આ દુર્લભ પક્ષી માટે લોકોના મનમાં દયા અને કરુણાનો ભાવ છે. તેમની સલામતી માટે તેઓ ખડેપગે તૈયાર રહે છે.

આજે મહિલા દિવસ નિમિત્તે ડૉ. પૂર્ણિમા દેવી બર્મનને તેમની સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન. ■

# સ્ત્રીરોગવિજ્ઞાન કેન્સર સારવારમાં નવું શું છે!

સ્ત્રીરોગવિજ્ઞાન કેન્સર સ્ત્રીઓમાં પ્રજનન અંગોને અસર કરે છે અને તેમાં સર્વિક્સ, ગર્ભાશય, અંડાશય, ફેલોપિયન ટ્યુબ, વલ્વા અને વજાયનાના કેન્સરોનો સમાવેશ થાય છે. સ્ત્રીઓને અસર કરી શકે તેવા તમામ કેન્સરોમાંથી, સ્ત્રીરોગવિજ્ઞાન કેન્સર લગભગ ૪૦% છે. તેમની સારવાર પડકારજનક હોઈ શકે છે, પરંતુ તબીબી વિજ્ઞાનમાં નવી નવી પ્રગતિથી આશા જાગી છે અને સુધારેલાં પરિણામો જોવા મળ્યાં છે.

▶ ૧. ઇમ્યુનોથેરાપીઃ ઇમ્યુનોથેરાપી શરીરની રોગપ્રતિકારક શક્તિનો ઉપયોગ કેન્સરના કોષોને લક્ષ્ય બનાવવા અને છુટકારો મેળવવા માટે કરે છે. પેમ્બ્રોલિઝુમાબ, ડોસ્ટારલિમાબ અને નિવોલુમાબ જેવી દવાઓએ અદ્યતન સ્ત્રીરોગવિજ્ઞાન કેન્સરોના અમુક કિસ્સાઓમાં અસરકારકતા દર્શાવી છે, જે એવા દર્દીઓ માટે નવા વિકલ્પો પ્રદાન કરે છે જેઓ પરંપરાગત સારવારને સારી રીતે પ્રતિસાદ નથી આપી શકતા.

▶ ૨. પ્રિસિઝન મેડિસિનઃ પ્રિસિઝન મેડિસિનમાં દરેક દર્દીની વ્યક્તિગત લાક્ષણિકતાઓના આધારે સારવારને અનુરૂપ બનાવવામાં આવે છે જેમાં કેન્સરના વિકાસને વેગ આપતા ચોક્કસ પરિવર્તનો અથવા બાયોમાર્કર્સને ઓળખવા માટે અદ્યતન આનુવંશિક પરીક્ષણનો ઉપયોગ કરવામાં આવે છે. આ ભૂલોને લક્ષ્ય બનાવવાથી, સુધારેલાં પરિણામો મળી શકે છે અને ઓછી આડઅસરો થઈ શકે છે.

▶ ૩. મિનિમલી ઇન્વેસિવ સર્જરીઃ કેટલાક ચોક્કસ પ્રારંભિક તબક્કાના કેન્સરો માટે, લેપ્રોસ્કોપી અને રોબોટિક સર્જરી જેવી મિનિમલી ઇન્વેસિવ પ્રક્રિયાઓ, નાના ચીરા સાથે ગાંઠોને દૂર કરવાની મંજૂરી આપે છે.

મિનિમલી ઇન્વેસિવ સર્જરી (MIS) એ ગાયનેકોલોજિકલ કેન્સરોની સારવારમાં પરિવર્તન આણ્યું છે, જે દર્દીઓને પરંપરાગત ઓપન સર્જરીની તુલનામાં સુરક્ષિત અને વધુ અસરકારક સર્જિકલ વિકલ્પ પ્રદાન કરે છે. લેપ્રોસ્કોપીની રજૂઆત અને તાજેતરમાં, રોબોટિક સર્જરીએ ગાયનેકોલોજિકલ મેલિગ્નન્સી માટે ઉપલબ્ધ સર્જિકલ હસ્તક્ષેપોની શ્રેણીનો વિસ્તાર કર્યો છે, ખાસ કરીને એન્ડોમેટ્રાયલ (ગર્ભાશયના કેન્સર) માટે.



ડૉ. સમર ગુપ્તે, એમ.ડી.

એન્ડોમેટ્રાયલ કેન્સરમાં, MIS એ પ્રારંભિક તબક્કાની સારવાર માટે કાળજીનું ધોરણ છે, જેમાં લેપ્રોસ્કોપિક હિસ્ટરેકટમી તેમજ લસિકા ગાંઠો અને રોગ હાજર હોઈ શકે તેવા અન્ય વિસ્તારોને દૂર કરવામાં આવે છે.

અંડાશયના કેન્સર માટે, MIS હજુ પણ સંભાળનું ધોરણ નથી, પરંતુ તેનો ઉપયોગ રોગ કેટલો ફેલાયો છે અને શસ્ત્રક્રિયા શક્ય છે કે કેમ તે મૂલ્યાંકન કરવા માટે નિદાન સાધન તરીકે કરવામાં આવે છે.

સર્વાઇકલ કેન્સરમાં, MIS ની ભૂમિકા વિવાદાસ્પદ છે અને હાલમાં સ્ટાન્ડર્ડ ઓપન સર્જરી શ્રેષ્ઠ વિકલ્પ છે. જો કે, પસંદગીના કિસ્સાઓમાં પ્રજનનક્ષમતા જાળવવા ઇચ્છતી સ્ત્રીઓ માટે, લેપ્રોસ્કોપિક પેલ્વિક લિમ્ફેડેનેક્ટોમી સાથે રેડિકલ વજાયનલ ટ્રેકેલેક્ટોમી (માત્ર સર્વિક્સ દૂર કરવું) માં MIS સ્વીકાર્ય છે.

સ્ત્રીરોગવિજ્ઞાનના કેન્સરોમાં MIS ના ફાયદાઓમાં ગૂંચવણોમાં ઘટાડો, હૉસ્પિટલમાં ઓછું રોકાણ અને ઝડપી રિકવરી સમયનો સમાવેશ થાય છે. જો કે, તેના સાર્વત્રિક ઉપયોગ માટેના મુખ્ય પડકારોમાં વિશિષ્ટ તાલીમ અને સાધનોની જરૂરિયાત, તેમજ લાંબા ગાળાના અસ્તિત્વ અને ઉપચાર દર અંગે ચિંતાઓનો સમાવેશ થાય છે.

ભવિષ્યના અભ્યાસો સ્ત્રીરોગવિજ્ઞાન કેન્સરોમાં MIS માટેના સાધનો, તકનિકો અને સંકેતોને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, તેમજ ચોક્કસ દર્દીઓની વસ્તીમાં પરિણામો સુધારવા માટે તેની સંભાવનાનું અન્વેષણ કરશે. જેમ જેમ આ ક્ષેત્ર વિકસિત થતું રહે છે, તેમ તેમ MIS સ્ત્રીરોગવિજ્ઞાન ઓન્કોલોજીનો એક મહત્ત્વપૂર્ણ ઘટક રહેવાની શક્યતા છે, જે દર્દીઓને આ જટિલ અને ઘણીવાર આક્રમક જીવલેણ રોગોના સંચાલન માટે સલામત અને વધુ અસરકારક સર્જિકલ વિકલ્પ પ્રદાન કરે છે.

▶ ૪. લક્ષિત ઉપચારઃ લક્ષિત ઉપચાર, દવાનું એક સ્વરૂપ છે જે ફક્ત લક્ષ્ય કેન્સર કોષો પર કાર્ય કરે છે જ્યારે સામાન્ય કોષોને બચાવે છે, આડઅસરો ઘટાડે છે. ઉદાહરણ તરીકે, ઓલાપેરીબ અને નિરાપેરીબ જેવા PARP અવરોધકોનો ઉપયોગ અંડાશય અને ફેલોપિયન ટ્યુબ કેન્સરોની સારવાર માટે પ્રોટીનને અવરોધિત કરીને થાય છે જે કેન્સર કોષોને DNA નુકસાનને સુધારવામાં મદદ કરે છે. હાલમાં, BRCA મ્યુટેશન્સ ધરાવતા દર્દીઓને આ સારવારોથી મહત્તમ ફાયદો થયો છે.

▶ ૫. કોમ્બિનેશન થેરાપીઃ ઉપર સૂચિબદ્ધ વિવિધ સારવાર પદ્ધતિઓનું મિશ્રણ, જે તાર્કિક રીતે પગલાવાર રીતે પરિણામો સુધારવા માટે કરવામાં આવ્યું છે. આ અભિગમ, જેને મલ્ટિમોડલ થેરાપી તરીકે ઓળખવામાં આવે છે, તેનો ઉપયોગ ઘણીવાર અદ્યતન અથવા આક્રમક સ્ત્રીરોગવિજ્ઞાન કેન્સરોમાં કેન્સર કોષો પર બહુવિધ ખૂણાઓથી હુમલો કરવા અને પુનરાવૃત્તિ અટકાવવા માટે થાય છે.

▶ ૬. સહાયક સંભાળઃ કેન્સર સારવારની આડઅસરોનું સંચાલન કરવું એ સંભાળનું એક આવશ્યક પાસું છે. ઉબકા વિરોધી દવાઓ, પીડા વ્યવસ્થાપન તક્નિકો, પોષણ સહાય અને મનોવૈજ્ઞાનિક પરામર્શ જેવા સહાયક ઉપચારો સારવાર અને રિકવરી દરમિયાન દર્દીઓના જીવનની ગુણવત્તામાં સુધારો કરી શકે છે.

▶ ૭. સ્ક્રીનીંગ અને પ્રારંભિક તપાસઃ સર્વાઇકલ કેન્સર માટે પેપ સ્મીયર્સ અને HPV પરીક્ષણો,

સ્તન કેન્સર માટે મેમોગ્રામ અને પેલ્વિક પરીક્ષણ, સ્ત્રીરોગવિજ્ઞાન કેન્સરોને પ્રારંભિક તબક્કે શોધવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે જ્યારે તેઓ વધુ સારવારપાત્ર હોય છે.

આ બધી પદ્ધતિઓએ સ્ત્રીરોગવિજ્ઞાન કેન્સરોથી પ્રભાવિત મહિલાઓ માટે પરિણામોમાં સુધારો કર્યો છે. વધુમાં, આ નવી નવી તક્નિકો હવે ભારતમાં પ્રમાણમાં સસ્તા દરે ઉપલબ્ધ છે.

ડૉ. સમર ગુપ્તે, એમડી
કંસલટન્ટ ગાયનેકોલોજિક ઓન્કોસર્જન અને એન્કોલોજિસ્ટ
મોબાઈલઃ +91-98204 58696
ઈમેઈલઃ samargupte@gmail.com
વેબસાઈટઃ https://drsamargupte.com/

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**

**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

## ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**

રોજના ૪૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૪૭૨)

## ૯. લગ્ન સંબંધી

**''કંકોત્રી-50''**

અસંખ્ય વેરાયટી - વ્યાજબી પ્રિન્ટીંગ ભાવ - ડિલિવરી 6 દિવસમાં સંપર્ક જલારામ ઈન્દ્રપ્રસ્થ - બોરીવલી - 9820000538 / 9820441711. (દહેજ નહીં). (૧૫૬૬૪-એ)

**''ગુજરાતી''**

અમેરિકા સ્થિત 1986, Dr. (PhD Medical) કન્યા માટે યોગ્ય ગુજરાતી (ફ્રેશ/ કુંવારા) IIM, Dr., IIT, CA, B.Tech, Engineer) યુવકના વડીલો. સંપર્કઃ 9324031686. (દહેજ નહીં). (૧૫૬૬૦-એ)

**નાગર બ્રાહ્મણ**

જેવીપીડીમાં રહેતા, અવિવાહિત યુવક, ૧૯૭૨/૫'-૭'', સુખી I. T. જોબ કરતા માટે યોગ્ય કન્યા આવકાર્ય. સંપર્કઃ 9769932212 / 8452007078. (દહેજ નહીં). (૧૫૬૪૮-એ)

**ગુજરાતી VIP SHAADI**

**- 2000 + candidates, 3 વર્ષની સેવા. USA NRI clients માટે ગુજરાતી જૈન/ વૈષ્ણવ યુવાનોના પ્રોફાઈલ (1995-2000) આવકાર્ય છે. 100% confidential. સ્નેહા - Whatsapp: +918956459611, gicarke@gmail.com, sneha @cyberwebhotels.com (દહેજ નહીં). (૧૫૬૭૦-એ)**

**જીવનસાથી પસંદગી સંમેલન**
**શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ**
**રવિવાર, તા. ૬ એપ્રીલ ૨૦૨૫**
**HIGHLY QUALIFIED BOYS & GIRLS**
**માંથી વિશાળ પસંદગી**
**યુવક માટે રૂા. ૫૦૦/- યુવતી માટે નિઃશુલ્ક**
**ફોર્મ મેળવવા માટે સંપર્ક**
**સમાજ ભવન : 9137407959**
**ઈલાબેન : 9821918605**
**ફોર્મ ભરવાની આખરી તા. ૧૭-૦૩-૨૫**
(૧૫૬૮૯-એફ)

**મેરેજ મેનેજર**

પરફેક્ટ ઉંમરમાં પરફેક્ટ જીવનસાથી મેળવવામાં બહુ મુશ્કેલીઓ થઈ રહી છે? તો સંપર્ક કરો - 9321693211. (દહેજ નહીં). (૧૫૩૨૧/સી)

**કપોળ યુવક**

**કેનેડિયન સિટીઝન 1989 બોર્ન / 5'5'', નિર્દોષ ઈસ્યૂલેસ ડિવોર્સી CA/CFA/ MBA યુવક, પેરેન્ટ વિલેપાર્લે સ્થિત માટે સમકક્ષ પરિવારની કેનેડા સ્થિત/સ્થાયી ઈચ્છુક યુવતીના વડીલો સંપર્ક 9820127258. (દહેજ નહીં.). (એસડીબી-૨૪૮૪)**

**નરેન્દ્રકાકા લગ્ન સેવા કેન્દ્ર (સંગમ)**

(સામાજીક સેવા). લગ્ન પહેલા કે પછી કોઈપણ રકમ આપવાની નથી. બહેનો/ દીકરીઓને તદ્દન ફ્રી. જરૂરતમંદને મદદ મળશે. (શરતો લાગુ) ગુજરાતી, મારવાડી, કચ્છી, પંચાલ, પટેલ, વૈષ્ણવ, જૈન, બ્રાહ્મણ, લોહાણા, અનાવિલ બ્રાહ્મણ, બ્રહ્મક્ષત્રિય, પ્રજાપતિ મનપસંદ જીવનસાથી માટે મળો D-502, આલાપ હાઈટ્સ, ગાંધીવાડી, ઉમરગામ (જિલ્લો-વલસાડ) ગુજરાત WhatsApp 9327048671. (દહેજ નહીં.) (૧૫૬૭૯-એ)


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## ૯. લગ્ન સંબંધી

**હસ્તમેળાપ મેરેજ બ્યુરો**

થાણાસ્થિત રાજગોર બ્રાહ્મણ દેખાવડી 90 Born, B.Com. જોબ કરતી યુવતીને જોબ કરતો યુવક, સેન્ટ્રલ લાઈનમાં રહેતા. સંયુક્ત કુટુંબ જોઈએ. જ્ઞાતિબાદ નથી. ફોનઃ 9869004894/9969371273/ 7304132551/9757051802. (દહેજ નહીં.) (બી-૧૫૬૫૨)

**કેતા વૈદ્ય**

મુંબઈ સ્થિત વૈષ્ણવ યુવક 1997, Master in Physiotherapist 9869474431. (દહેજ નહીં.) (એસડીબી-૨૪૯૨)

■ દુબઈ સ્થિત સોની 1993 ડિવોર્સી કન્યાને NRI જોઈએ દુબઈને અગ્રતા રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૫૬૫૬)

■ મુંબઈના હાયર સેલરી પ્રોફેશનલી યુવક- 1989 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૫૬૫૭)

■ મુંબઈની CA જૈન 1987 કન્યાને જૈન યુવક જોઈએ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૫૬૫૮)

■ વરલી આવેલી કેનેડીયન સીટીઝન 1986 કન્યાને મુંબઈનાં / ફોરેનનાં યુવક આવકાર્ય રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૫૬૫૯)

■ નેપયેન્સી રોડ 1992 માસ્ટર સાયકોલોજી એક્ટીવ દેખાવડીને ક્વોલિફાઈડ યુવક 9920817551. (દહેજ નહીં.) (બી-૧૫૬૬૪)

■ એમ. બી. એ. ફાયનાન્સ 1984 મેનેજર પોસ્ટ હેન્ડસમને એજ્યુકેટેડ કન્યા -9920817551. (દહેજ નહીં.) (બી-૧૫૬૬૪)

■ 1995 એમ. બી. એ. 95 કિલો એક્ટીવ દેખાવડીને એજ્યુકેટેડ યુવક આવકાર્ય -9920817551. (દહેજ નહીં.) (બી-૧૫૬૬૪)

■ એમ. બી. એ., સી. એફ. એ. 1980 પ્રોફેસર વેલસેટ સ્માર્ટને શિક્ષિત કન્યા 9920817551. (દહેજ નહીં.) (બી-૧૫૬૬૪)

■ પાર્લામાં 1979, એલ. એલ. બી દેખાવડી એક્ટીવ ડાયવોર્સીને વેલસેટ યુવક આવકાર્ય - 9920817551. (દહેજ નહીં.) (બી-૧૫૬૬૪)

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. ''Neela sheth'' 9833676409/7045657510 (No Dowry). (15621-A)**

**SAPTPADI**

**Highly Qualified Jain, Vaishnav, Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409/ 7045657510. (No Dowry). (15686-A)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૫૫૮૪)

**મહેમાનોનો ઉતારો**

બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૬૮૮-એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**નિઃશુલ્ક મહાબળેશ્વર**

નિઃશુલ્ક મહાબળેશ્વર ૪ દિવસ પ્રવાસ ૬૫ વર્ષથી વધુ ઉંમરના હિન્દુઓ માટે દર રવિવાર/ મંગળવાર/ગુરુવારે શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૬૭૯૭૭૪૪૨ ફક્ત વોટ્સ એપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૪૮૨)

**મુંબઈ - શ્રીનગર - મુંબઈ એર ટિકિટ 22000 થી**
**કાશ્મીરના 12 ગ્રુપો હાઉસફૂલ ! બધાજ ગ્રુપોમાં જબરદસ્ત બુકીંગ. આભાર!**
**2000 PP તથા 5000 PP ડિસ્કાઉન્ટ ટુંક સમય માટે લંબાવેલ છે.**
**કાશ્મીરની બધીજ ટુરોમાં ફેન્ટાસ્ટીક ફૂડ કારનીવલ.**
**સર્વ શ્રેષ્ઠ 100% સંપૂર્ણ**
**કાશ્મીર લેહ લદાખ**
**ચેલેંજીંગ ભાવે પરફેક્ટ પેકેજ**
**એક માત્ર સુપર સ્પેશ્યાલીસ્ટ સાથે જ. સાથે / સિવાય અમૃતસર, વૈષ્ણોદેવી**
**સ્વતંત્ર ગુજરાતી / જૈન રસોડે બેડ ટી થી મસાલા દૂધ સુધીની જાન જેવી બાદશાહી સરભરા. ચટપટા નાસ્તા, ડ્રાયફ્રુટ બિસ્લેરી**
**બ્રાન્ડેડ 3-4* ફિક્સ લક્ઝરી હોટેલમાં બાદશાહી નિવાસ**
**ફેબ્રુ.થી જૂન દર અઠવાડિયે 3 પ્રસ્થાન**
**સૌથી વધુ બધાજ સાઈટ સીઈંગ, ગેમ્સ, ગરબા, ડાન્સ, ડીજે, કેમ્પફાયર બધા જ ખર્ચા સામિલ બધી જ હાઈફાઈ સુવિધાઓ**
**કેરાલા, હિમાચલ, ઉત્તરાંચલ, રાજસ્થાન, દુબઈ, બાલી, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, માલદિવ્સ, નોર્થ ઈસ્ટ કસ્ટમાઈઝ પેકેજ મળશે**
**26 વર્ષથી કાશ્મીર/લેહ લદાખની ટુરો આપનાર એકમાત્ર સુપર સ્પેશ્યાલિસ્ટ**
**સતીશભાઈ શાહ પૂજા ટુર્સ 9869066942 9869056942 9869010141**
**ઘાટકોપર (મલાડ) www.poojaholidays.com**
(બી-૧૫૬૫૫)

**''MANDANI TRAVELS''**

''ચારધામ યાત્રા MAY - JUNE, કાશ્મીર ટૂર, કેરાલા ટૂર, સંપૂર્ણ ભારત યાત્રા'' - 9167184467 / 9372396434. (૧૫૬૬૯-એ)

**તુષારભાઈ**

ઉત્તરાખંડ ચારધામ, નેપાળ મુક્તિનાથ પુલ્હાશ્રમ,. દેવીબેન પ્રવાસ : 9892496610, 9833730639. (૧૫૬૬૮-એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**નિઃશુલ્ક જાત્રા**

મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. (એસડીબી-૨૪૭૩)

## ૧૪. નોકરી ખાલી છે

**કમાઓ 8-12 લાખ**

પરિપક્વ અને મેનેજરીયલ ગુણવત્તાવાળા વ્યક્તિઓ, 40-75 વર્ષ. સરકારી સંલગ્ન કંપની. સંપર્કઃ 8356933068 / 8766534390. (જેપી/૪૯૭૩-બી)

**ફિમેલ એકાઉન્ટન્ટ**

ટેલી ઓપરેટર (GST નોલેજ જરૂરી) દહિસર 9322286126. (૧૫૬૬૮-એ)

**''ફીમેલ સ્ટાફ જોઈએ...''**

ફોન ઉપર માર્કેટિંગના કામ માટે... (ગુજરાતીમાં-અંગ્રેજીમાં-મરાઠીમાં બોલી શકે...) ''ઈન્વેસ્ટમેન્ટ હાઉસ'' કાંદિવલી- 8291225710. (બી-૧૫૬૫૪)

**ગુજરાતી બહેન**

જોઈએ છે. ગુજરાતી પરિવારને ચેન્નઈમાં બે સભ્યોના કુટુંબ માટે ઘર અને રસોઈ બનાવવાની જવાબદારી સંભાળવા માટે એક જરૂરતમંદ મહિલાની જરૂર છે. પગાર ૨૦,૦૦૦/- મહિને. રહેવા માટે અલગ રૂમ તથા પ્રાયવેટ બાથરૂમ મળશે. કુટુંબ જેવો વ્યવહાર. રસ ધરાવતી મહિલાઓ કૃપા કરીને સંપર્ક કરો. ૯૦૨૨૨૩૦૩૦૦/ - ૭૦૫૭૭૦૫૭૩૯. (૧૫૬૮૧-એ)

**''વૃદ્ધાશ્રમ''**

**મુંબઈ, રાજકોટ અને સુરેન્દ્રનગર માટે સ્ટાફ જોઈએ છે.: 9022684667, 08169314451. (૧૫૬૮૩-એ)**

**"COMPUTER OPERATOR"...**

Required Fresher Female for Full Time - Vileparle (East) - 9869009892, 9869481310. (B-15649)

**DTP OPERATOR**

At Borivali - Knowledge of Coreldraw - Pagemaker - Salary Rs. 15000/- +., Female Prefered. Jalaram Indraprasth - 9820000538/ 9820441711. (15687-A)

## ૧૫. નોકરી જોઈએ છે

**એકાઉન્ટન્ટ**

GST, TDS, IT સાથે ફાઈનલાઈઝેશન સુધી પાર્ટ, ફુલ ટાઈમ કામ જોઈએ છે. 9821115178. (૧૫૬૭૭/એ)

## ૧૭. જગ્યા આપવી છે

**રજવાડી ફ્લેટ ગોરેગામ (વેસ્ટ)**

**સ્ટેશન નજીક, જૈન દેરાસર અને શંકર મંદિરની નજીક ફુલ્લી ફર્નિશ્ડ અઢી બેડરૂમ, 1000 ફૂટ કારપેટ + 1000' ફૂટ ટેરેસ (ચારે બાજુથી ઓપન વાસ્તુનુસાર બનાવેલો) વેચવાનો (3.75 Cr નેગોશીએબલ). સંપર્કઃ 7506345205. (૧૫૬૫૮-આઈ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**પ્રાઈમ લોકેશન, રેપ્યુટેડ બિલ્ડરનાં બંધાતા આલીશાન ટાવરમાં, 2, 3, 4 બેડરૂમ, હોલ, કિચન ફ્લેટો / જોડી, એમેનીટીશ સાથે, લાઈફટાઈમ ઓપન વ્યુ, જુગ્નું શાહ - HOMEALONE PROPERTY 9833352224. (૧૫૬૪૪-બી)**

**વિલેપાર્લે (વેસ્ટ)**

**લીવલાયસંસથી નવા બિલ્ડિંગમાં 3 બેડરૂમ્સના ૪ ફ્લેટ જૈન દેરાસર પાસે આપવાના છે. એજન્ટઃ અશ્વીન મરચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫. (૧૫૬૫૦-એ)**

**મલાડ (વેસ્ટમાં) ભાડેથી**

બે બેડરૂમ, હાયર ફ્લોર, માર્વે રોડ ફેસીંગ, જૈન અને લક્ષ્મી નારાયણ મંદિરની નજીક. 9821933375. (૧૫૬૭૨/એ)

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૬૨૦)

**ખાર (વેસ્ટ)**

તદ્દન નવા બિલ્ડીંગમાં ૩ બેડરૂમ એરિયા ૧૧૫૦' કારપેટ, ૫ બેડરૂમ ૨૩૦૦' કારપેટ, પોશ લોકેશન, ફક્ત ગુજરાતી માટે, જીમ્નેશીયમ સાથે, તુરંત વેચવાના. ફોનઃ ૯૮૬૭૧૫૩૩૭૭. (બી-૧૫૫૧૯)

**જુહુ**

મોડલ ટાઉન સોસાયટીમાં લેવીશ ૪ બેડરૂમ ભાડેથી અને ડી.એલ.એચ. રીજેન્સી બિલ્ડિંગમાં ૩ બેડરૂમ ભાડેથી મળશે. સંપર્કઃ ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૬૫૭-એ)

**ભાડેથી ફ્લેટ**

3 બેડરૂમ બોરીવલી (વેસ્ટ) લીંક રોડ, એક્સર રોડ, રેન્ટ 70000/- ડિપોઝિટ 275000/- બે પાર્કિંગ, કિચન કેબિનેટ બનાવેલું સંપર્ક 9619326869. (જેપી/૪૯૭૫-સી)

**લોનાવાલા - ખંડાલા**

ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૫૫૩૪)

## ૧૭. જગ્યા આપવી છે

**સાંતાક્રુઝ વેસ્ટ**

**ન્યૂ સાકેત સોસાયટી ૨ BHK, 3 BHK ટાગોર રોડ સાંતાક્રુઝ વેસ્ટ નવી બિલ્ડિંગ સારું બાંધકામ ઓ.સી. સાથે. મો. ૯૮૨૧૦૭૭૩૩૧. (એસડીબી-૨૪૮૯)**

**ગોરેગાવ વેસ્ટ**

કલ્પતરુ રેડિયેન્સ, બ્રાન્ડ ન્યૂ ફ્લેટ, ૨ બેડરૂમ, પાર્કિંગ, સ્વિમિંગ પૂલ, જીમ, બધુજ કોમ્પ્લેક્સમાં જ. મેટ્રો, સ્ટેશન, સ્કૂલ, માર્કેટ નજીક. ઓસી સાથે રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૬૨૬)

**ઘાટકોપર (ઈસ્ટ)**

વેચાણથી. પંતનગર, શુભમમાં, ૨/૩ બેડરૂમ, હોલ, કિચન, OC પાર્કિંગ સાથે, રેડી પઝેશન. કૌશલ કાંતિલાલ મહેતા- 9323871933. (૧૫૬૬૨-એ)

**વિલેપાર્લે (વેસ્ટ)**

બજાજ રોડ, સ્ટેશન નજીક, 2 બેડ, 736 કારપેટ, 3 બેડ 934 કારપેટ અંડર કન્સ્ટ્રક્શન, પઝેશન 12 મહિનામાં જીમ, રૂફ ટોપ ગાર્ડન વેચાણથી. 9136663063. (૧૫૫૬૨-એ)

**માટુંગા (સે.રે), લક્ઝુરીયસ ટાવરમાં એસી લોબી, ફીટનેસ સેન્ટર સાથે તમામ મોર્ડન એમેનીટીઝ**
**૧ બેડરૂમ હોલ કીચનના ઓનરશીપ, હાયર ફ્લોર, ફુલ્લી ફર્નીશ્ડ ફ્લેટ (એટેચ ટોઈલેટ ઉપરાંત પાવડર ટોઈલેટ) – પઝેશન ટુંક સમયમાં**
**સંપર્ક હરેશ ગાલા : 98198 22449**
(બી-૧૫૫૯૫)

**દાદર (વેસ્ટ)**

54 માળના બંધાતા ટાવરમાં 2 BHK - 818' કાર્પેટ, જોડી શક્ય, 3.50 Cr. થી શરૂ. દેરાસર, મંદિર નજીક. 9819122491/ 9920244534. (જેપી-૪૯૭૨-એ)

**બોરીવલી વેસ્ટ**

અભિલાષા 2, પોશ, 3 BHK 1150 ફૂટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હૉટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૬૨૫)

**બોરીવલીમાં - વલસાડમાં -**

સામખીયારીમાં મકાન - બંગલા - ફ્લેટો લેવા / આપવા મળો 9022470425. દામજીભાઈ ગડા. (૧૫૬૧૮-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**ફ્લેટ, ઓફિસ, દુકાન/ ભાડે/ વેચાણથી લેવા- વેચવા રાજેશભાઈ સાવલા- 9892329269. (૧૫૬૨૬-એ)**

**પારલા વેસ્ટ**

ગાર્ડન ફેસિંગ 3 બેડ 1200' કાર્પેટ નવા બિલ્ડીંગમાં સ્ટેશન/ દેરાસર નજીક- 7045622403. (બી-૧૫૬૪૫)

**અંધેરી (ઈસ્ટ)**

**સ્ટેશન/ મેટ્રોથી 2 મિનિટે, રેડી ટાવરમાં હાયરફ્લોરના, 3 બેડરૂમના ફ્લેટો 3,45,00,000/- ઓલ ઇન્ક્લુજીવ (2 પાર્કિંગ સાથે) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૪૫૬)**

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

એસ. વી. રોડ - ૩ બેડરૂમનો ટેરેસ ફ્લેટ + ક્લોઝડ ગેરેજ - વેચાણથી 3,65,000,00/- ફ્લેટો લેવા / વેચવા / ભાડેથી. સંપર્કઃ- ''ચેતન નાગર'' ૯૮૨૦૧૪૧૫૪૪ / ૯૯૨૦૧૪૧૫૪૪. (બી-૧૫૫૯૧)

**ચેમ્બુર**

ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી - વેચાણથી લેવા-આપવા વર્ધમાન-પ્રોપર્ટીઝ - ૯૮૯૨૮ ૩૩૯૩૯. (બી-૧૫૫૯૧)

**વિલેપાર્લા (ઈસ્ટ)**

**3 બેડરૂમ હોલ કિચન ચાર બાલ્કની હવા ઉજાસવાળો ૧૧૫૦ ફ્લેટ 3.50 કરોડ 2 પાર્કિંગ 9619018233. આશાબેન (૨૫૭)**

**રાજસ્થાન એસ્ટેટ એજન્સી**

**નેપયન્સી, પેડર, વાલ્કેશ્વર, બ્રીચકેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો કોમર્શીયલ જગ્યા સાથે લીવ લાયસન્સથી લેવા વેચવા Contact ગોપાલભાઈ જયપુરવાલા 9322898994. મુકેશભાઈ મહેતા 9967502537. ઓફિસઃ ભવન્સ કોલેજ (ભારત જ્યુસ સેન્ટર) ભારતીય વિદ્યા ભવન ગીરગાવ ચોપાટી (૨૫૮)**

**''કાંદિવલી-બોરીવલી''**

**''(વેસ્ટમાં) 1/2/3 બેડરૂમના મોટા કાર્પેટવાળા ફ્લેટ્સ વેચવાના/ ભાડેથી.'':- 7710979702/ 9930626313. (૧૫૬૭૮-એ)**

**મુલુંડ (વેસ્ટ)**

સ્ટેશન પાસે, વન બેડરૂમ, ન્યુ બિલ્ડિંગમાં ૧,૦૫૦૦,૦૦૦/- ડૂપ્લેક્સ તાંબેનગર, ૩ બેડરૂમ, ૨,૨૫,૦૦,૦૦૦/-; ૪ બેડરૂમ ડૂપ્લેક્સ, લોકએવરેસ્ટ ફુલ્લી ફર્નિશ્ડ ૩,૧૧,૦૦,૦૦૦/-, દેવીદયાલ ૩ બેડરૂમ, ન્યુ ટાવર ૧૦૩૦ એરિયા, હાયર ફ્લોર, ૩,૧૦,૦૦,૦૦૦/-, ફ્લેટ લેવા/વેચવા ''કોઠારી'' ૯૮૨૦૩૩૦૯૯૩. (૧૫૬૭૭-બી)

**અંધેરી (વેસ્ટ)**

1 BHK એસ.વી. રોડ, 1.80 કરોડ તેમજ ૧થી ૪ BHK અંધેરી, પાર્લે વેસ્ટ, જુહુ, ઓનરશિપ/લીવ લાયસન્સથી. ગૌતમ જોશી 9322236433/9821069632. (૧૫૬૭૫-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**''દહિસર (વેસ્ટ)''**

**''સ્ટેશન પાસે નવા ટાવરમાં ૨ બેડરૂમ - ૪૨૦૦૦/- ભાડેથી આપવાનું છે.'' ''દિલીપ ગુજર''- 9820311842. (૧૫૬૭૮-બી)**

**બોરીવલી (વેસ્ટ)**

**3 બેડરૂમ 785' કારપેટ, યોગી નગર ન્યુ બિલ્ડીંગ, હાયર ફ્લોર, (2.55 CRORE ALL INCLUSIVE) SHREE VARDHMAN REALTORS: 7666270456 / 9821040812. (૧૫૬૭૯-સી)**

**SKY CITY**

By Oberoi બોરીવલી ઇસ્ટ 3 બેડરૂમ વેચાણથી 5 કરોડ 4 બેડરૂમ વેચાણથી 7 કરોડ- ભાડેથી 3 બેડરૂમ 95000/- ભાડેથી 4 બેડરૂમ 1.50 લાખ ઇન્વેસ્ટરોના ફ્લેટો લેવા 9619193345. (જેપી/૪૯૭૬-એ)

**ગામદેવી**

3 બેડરૂમ - 850' - પાર્કીંગ - સી.વ્યું 50000000/= સ્ટેમ્પડ્યુટીની સાથે. 9820068382. (૧૫૩૨૭/ડી)

**ઘાટકોપર ઈસ્ટ**

2 બેડરૂમ હોલ કિચન વિથ ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ, સ્ટેશનની નજીક, જૈન દેરાસરની સામે, વેચવાનો છે. દલાલ માફ, Contact : 9820788049. (૧૫૬૭૬/એ)

**પેડર રોડ**

**૧ બીએચકે ફૂલ્લી ફર્નીશડ ફ્લેટ વેચવાનો છે. રાજેન્દ્ર - 9819122136. (૨૫૯)**

**કેમ્પ્સ કોર્નર**

2 બેડરૂમ - 850' - ગેરેજ - પાર્કીંગ - 4,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૨૭/ડી)

**ગ્રાન્ટ રોડ**

3 બેડરૂમ - 1250' - કાર્પેટ - વેલે પાર્કીંગ - 4,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૨૭/ડી)

**કેમ્પ્સ કોર્નર**

2 બેડરૂમ - 780' - પાર્કીંગ - સી.વ્યું. 4,80,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૨૭/સી)

**નાનાચોક**

1 બેડરૂમ - 400' - કાર્પેટ - પાર્કીંગ 1,50,00000 નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૨૭/સી)

**ગામદેવી**

2 બેડરૂમ - 825' - કાર્પેટ - પાર્કીંગ - 3,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૨૭/સી)

**મલબાર હીલ**

6 બેડરૂમ - 3500' - કાર્પેટ - પાર્કીંગ, સી.ફેસીંગ - જૈન મંદિર 9820068382. (૧૫૩૨૭/બી)

**મલબાર હીલ**

7 બેડરૂમ - 3500' - ગેરેજ - પાર્કીંગ, સી.ફેસીંગ - ફરનીસ્ટ શાહ 9820068382. (૧૫૩૨૭/બી)

**નેપેન્સી**

4 બેડરૂમ - 3500' - કાર્પેટ - પાર્કીંગ - સી.ફેસીંગ - ટેરેશ - શાહ - 9820068382. (૧૫૩૨૭/બી)

**તારદેવ**

2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કીંગ 3,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૨૭/એ)

**હાજીઅલી**

2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કીંગ 3,25,00000/= શાહ - 9820068382. (૧૫૩૨૭/એ)

**નાનાચોક**

4 બેડરૂમ - 2700' - કાર્પેટ - પાર્કીંગ - 5,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૨૭/એ)

**મલાડ (વેસ્ટ)**

**S.V. ROAD TOUCH, નવા હાઈરાઈઝ ટાવરમાં, 1 બેડરૂમ (426'/489') કારપેટના વાસ્તુનુસાર UNTOUCH FLAT 20મે માળે, વેચાણથી આપવાનાં (જોડીમાં ઉપલબ્ધ). RCC STRUCTURE (LIFE TIME OPEN VIEW) સંપર્કઃ 9769605225. (૧૫૬૭૯-ડી)**

**સાંતાક્રુઝ વેસ્ટ**

ફિરોજશા રોડ આઉટરાઈટથી કલ્પતરૂ ઈમ્પેરિયા 3 બેડરૂમ 1069 કાર્પેટ + 2 પાર્કિંગ ''રીમા એસ્ટેટ'' 9820000627/7045660627. (એસડીબી-૨૪૯૬)

**અંધેરી ઈસ્ટ**

વિશાલ હોલ પાસે 2 બેડરૂમ 725 કાર્પેટ સ્ટેશન નજીક નવા બિલ્ડિંગમાં 2 બેડરૂમ 720 કાર્પેટ ''રીમા એસ્ટેટ'' 9820000627/ 7045660627. (એસડીબી-૨૪૯૭)

**MATUNGA WEST**

માટુંગા (પશ્ચિમ) ખાતે નવી ઈમારતમાં દુકાન ભાડા માટે છે. કાર્પેટ 300 ચોરસ ફૂટ, 12 ફૂટ ઊંચાઈ. રોડ ફેસિંગ, ચૌધરી-8779393445/ 9869236731/ 9869236732/ 9821519553. (બી-૧૫૬૬૧)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર ઈસ્ટ પ્રાઈમ લોકેશન હાયર બજેટના ફ્લેટો, 3 બેડરૂમ 1000'થી 1200', 4 બેડરૂમ 1200'થી 1400', 2 બેડરૂમ જોડી 1700' -2300' નવા ટાવરમાં. તેમજ એક બેડરૂમ ફુલ્લી ફર્નિશડ 515', બે બેડરૂમ ફુલ્લી ફર્નિશડ 700' વેચાણથી લેવા, ''જ્યોતિ એસ્ટેટ''- 9029335133/ 9323523535. (૧૫૬૮૫-એ)**

**બોરીવલી (ઈસ્ટ)**

કાર્ટર રોડ નંબર 3-13 માળના નવા ટાવરમાં, 2 બેડરૂમ 1.55 + 3 બેડરૂમ 1.92 કરોડ + નીગોસીએબલ, ફુલ CC Received, luxurious amenities, માર્કેટ સ્કૂલ મંદિર રેલવે સ્ટેશન નજીક સંપર્ક સાઈટ નિલેશ 9323596718/ અભિષેક 7700033148. (જેપી/૪૯૭૫-એફ)

**પાર્લા (ઈસ્ટ)**

૧ બેડરૂમ-1,50,00,000/-, ૨ બેડરૂમ 2,50,00,000/-, મીઠીબાઈ- રૂમ કિચન - 400'-1,15,00,000/- પાર્લા, શાંતાક્રુઝ, અંધેરીમાં ફ્લેટો લેવા-વેચવા/ભાડેથી. ભુપેનભાઈ-9892536334. (૧૫૬૮૯-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**આજે નહીં તો ક્યારે નહીં, રાજાવાડી 3 બેડરૂમ, હોલ, કિચન, 1011' કારપેટ, ૧ સ્ટીલ્ટ પાર્કિંગ, 2.11 CR. સોલ એજન્ટઃ જુગ્નું શાહ- HOMEALONE PROPERTY - 9833352224. (૧૫૬૮૯-બી)**

**ઘાટકોપર (વેસ્ટ)**

**વેચાણથી. કામાલેન, જોલી જીમખાના પાસે, 3 બેડરૂમ, હોલ, કિચન - 1070' યુઝેબલ કારપેટ, લીફ્ટ, પાર્કિંગ, રેડી પઝેશન. વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૫૬૮૯-સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**વેચાણથી. રાજાવાડી, 2 બેડરૂમ, હોલ, કિચન, 715' કારપેટ, હાયર ફ્લોર, ઓપન વ્યુ, પાર્કિંગ સાથે, રેડી કબજો. વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૫૬૮૯-ડી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**વેચાણથી. સ્ટેશન પાસે, 3 બેડરૂમ, હોલ, કિચન- 1160' & 1260' કારપેટ (જોડી શક્ય) સ્પેશ્યસ ફ્લેટ, હાયર ફ્લોર, જીમ & રૂફટોપ ગાર્ડન, OC, રેડી કબજો. વિશાલ મહેશ ઠક્કર- (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૫૬૮૯-ઈ)**

**વાલ્કેશ્વર**

પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૪૯૪)

**સિક્કાનગર**

સામે, શુભમ ટાવરમાં, ૧ બેડરૂમ 385 / 410 / 450 ઓનરશીપ / લીવલાયસન્સ / રોડ સાઈડ 3 બેડરૂમ ૧૨૫૦ રેડી કબજો 9820034317. (બી-૧૫૬૬૦)

**કાંદીવલી (વેસ્ટમાં):**

મહાવીરનગરનાં- બેસ્ટ ટાવરમાંઃ ૨ બેડ ૧ બેડની જોડી (૧૨૦૦ કાર્પેટની) હાયર ફ્લોર- ૩ સાઈડ ઓપન, હવા- ઉજાસવાળો ક્રોસ વેન્ટીલેશન, દેરાસર - હવેલીની પાસે વાસ્તુપ્રમાણે વેચાણથી... (ફૂલ ચેક પેમેન્ટ), 'રાજેશ ગાંધી'- 9819091998. (બી-૧૫૬૬૩)

**પેડર રોડ**

જસલોક સામે, નિલકમલમાં, લીવલાયસન્સથી ૧ BHK ફુલ્લી ફર્નિશ્ડ, ૭૫,૦૦૦/=, 9820296693 'કટારીયા' એજન્ટ. (૧૫૬૮૨-એ)

**SOUTH MUMBAI - LOWER PAREL**

5500 sq. ft. Independent Structure 3200 sq. ft. Worli Shah & Nahar 2500 sq. ft. Sunmill Compound 895 sq. ft. Marathon Innova 1100 sq.ft. Aurus, Worli All on Rent & many other options for Rent - Sale. Brokers welcome, From Colaba to Worli, Prabhadevi. Residential Flats 1/2/3/4 BHK Purchase / Sale / Rent. Ashok Turakhia 9820777676 White Housing Realtors 34, Panchratna Ground Floor, Opera House, Mumbai - 400004. (B-15630)

**GHATKOPAR EAST**
**NEELSIDHI JAYBANDHU ON 90 FEET ROAD**
**3 BHK LUXURY FLATS**
**₹ 3.19 CR*. ONWARDS**
**READY POSSESSION**
**OC RECEIVED**
MahaRERA Registration No.: P51800045951, available on https://maharera.mahaonline.gov.in
**98334 69305**
(B-15638)

**PAREL EAST**

Ready OC Luxury New Tower Low density Pool, Club, Gym Amazing views 1800 carpet 11 Cr. / 10 yr. old Bldg. Low maintenance Pool, Club, Gym Party Area, Jain Mandir 3 BHK 1280 cpt. Earlier 5.11, now 4.70 Seller from our Office Bombay +91 86559 29524. (B-15647)

## ૧૭. જગ્યા આપવી છે

**TARDEO, BIG LAUNCH**

**Prime Location Reputed Builder Pay only 40 now Bal on possn. Pool, Gym Roftop 2, 3 Bed 3.99 to 6.5 Cr. Best yr end discounts - 8450997242. (B-15618)**

**KANDIVALI EAST**

**2 BHK, Thakur Village, Reputed Builder, Higher Floor, One minute WEH, Metro Station, Thakur College, Bus Stop, Rickshaw Stand, Temple, Chemist, Doctor, Grocery Store Below Building (Broker excuse) Call Owner: 9820112323. (15550-A)**

**VAKOLA, SANTACRUZ EAST**
**PRIME LOCATION - Flat For Sale**
- New Tower
- 3 BHK
- 1155' usable carpet
- Parking

**Immediate Possession with O.C.**
**For Details Contact 11.00 am onwards: - 9821019093**
(15623-A)

**VILEPARLE EAST**

Parlashray-Azad Road, Near Milan Subway 2 BHK 650', 4th Floor, Parking, Lift, OC@ 2.30+Taxes For Videos-96196 74640. (JP/4975-E))

**FLAT FOR SALE**

@ Azad Road, Vileparle East, Parlashray bldg, Fully Furnished 3 BHK 985', 1st Floor, Parking, OC. 3.25 Cr. Negotiable.-96196 74640. (JP/4975-D)

## ૧૮. જગ્યા જોઈએ છે

**ભાડુઆતવાળા**

**જુના બિલ્ડીંગ મુંબઈ તથા પશ્ચિમ ઉપનગરમાં વેચાણમાં જોઈએ છે- 9320279802. (એસડીબી-૨૪૨૭)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**અંધેરી (ઈસ્ટ)**

એમઆઈડીસી, સ્વતંત્ર બિલ્ડીંગ, ફેક્ટરી યુનિટ, ૧૦૦૦' ૨૦૦૦', ૨૫૦૦', ૫૨૦૦', ૮૪૦૦' ગ્રાઉન્ડ/ ફર્સ્ટ ફ્લોર, જ્વેલરી, લોજીસ્ટીક, કુરીયર, મેન્યુફેક્ચરીંગ માટે ભાડા/ વેચાણથી. ૯૮૨૦૦૨૮૦૦૪. (૧૫૬૫૫-એ)

**વસઈ**

**શીરસાટ ઈન્ડસ્ટ્રીયલ N.A. PLOT- 10,000'- 20,000' ફૂટ લેવાઃ 8780264376. (૧૫૬૧૮-બી)**

**ઘાટકોપરમાં**

**મેટલ લેબલ મેન્યુફેક્ચરીંગ કંપની - ભાડેથી આપવાની. સંપર્ક :- 9833729454. (૧૫૬૭૯-બી)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**

વેચાણથી/ભાડેથી. પંતનગર, શુભમમાં, ઓફિસો-225', 365', 440', કૌશલ કાંતિલાલ મહેતા - 9323871933. (૧૫૬૬૨-બી)

■ ઝવેરી બજારમાં ઓનરશીપથી વેચાણ માટે તૈયાર ઓફિસ ઓમ ગોલ્ડન સોસાયટી 37 શેખ મેમણ સ્ટ્રીટ પર 231 sq ft રજિસ્ટર્ડ સોસાયટી, તાત્કાલિક કબજો. હવા ઉજાસવાળી, સોના, હીરા દાગીના કારખાના માટે અનુકૂળ એસી ઈલેક્ટ્રિસિટી પાણીની વ્યવસ્થા સાથે 14 ફૂટની 2 મોટી કાચની બારી શેખ મેમણ સ્ટ્રીટ ફેસિંગ સંપર્કઃ હરકિશન ઝવેરી 9821401638/ 9223242268. (બી-૧૫૬૦૯)

**દાદર પૂર્વ**

(વડાલા રામ મંદિર પાસે) ઈન્ડસ્ટ્રીયલ યુનિટ ભાડેથી આપવાનું છે. કાર્પેટ એરિયા ૧૬૬૧ અને ૧૧૦૦ ફૂટ લોફ્ટ, એક રિઝર્વ પાર્કિંગ, ક્લાઉડ કિચન / ઓફિસ / ઈન્ડસ્ટ્રીઅલ / ફેક્ટરી માટે ખાસ લાયક, ફાયર એક્ઝિટ સીડીથી સજ્જ છે, જેથી ગ્રેટર મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (MCGM) પાસેથી જરૂરી રસોડું લાઇસન્સ મેળવવા માટે ખૂબ જ સરળ રહેશે. પૂછપરછ માટે સંપર્કઃ જીતુભાઈ મજીઠિયા ૯૭૦૨૪૩૪૩૪૩, ૯૮૨૧૦૪૧૫૧૫. (એસડીબી-૨૪૯૧)

**ઘાટકોપર (ઈસ્ટ)**

**''કૈલાસ પ્લાઝામાં 277' ફુલ્લી ફર્નિશ્ડ અને વલ્લભબાગ લેનમાં 261' ઓફિસ ભાડેથી /વેચાણથી લેવા ઓનર - 9321690977. (૧૫૬૭૩/એ)**

**દુકાન વેચાણથી**

મથુરાદાસ રોડ કાંદિવલી (વેસ્ટ) 346' કારપેટ નવું બિલ્ડીંગ મેન માર્કેટ એરીયામાં, રેડી લેવા owner 9920369901. (જેપી-૪૯૭૫-બી)

**LOWER PAREL**

1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2493)

(જુઓ પાનું ૧૦) ▶▶

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

NRLM

ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ. (ગ્રામ વિકાસ વિભાગ)
દ્વારા આયોજિત

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે



# લખપતિ દીદી સંમેલન

સખી બહેનોની મહેનત અને સમર્પણને સન્માન



માનનીય વડાપ્રધાન
**શ્રી નરેન્દ્રભાઈ મોદી**ના
વરદ્હસ્તે

**૨૫ હજારથી વધુ સ્વ-સહાય જૂથની ૨.૫ લાખથી વધુ મહિલાઓને ₹૪૫૦ કરોડથી વધુની સહાય**

લોકાર્પણ

**જી-સફલ**
૨ મહત્વાકાંક્ષી જિલ્લાઓ અને ૧૩ મહત્વાકાંક્ષી તાલુકાઓમાં અંત્યોદય પરિવારોની સ્વ-સહાય જૂથની મહિલાઓને આજીવિકાલક્ષી પ્રવૃતિઓ અંતર્ગત નાણાંકીય સહાય માટેની યોજના

**જી-મૈત્રી**
ગ્રામીણ આજીવિકા માટે કાર્યરત સ્ટાર્ટઅપ્સને નાણાંકીય સહાય અને માર્ગદર્શન માટેની યોજના

ગરિમામયી ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

અતિથિ વિશેષ

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય કેન્દ્રીય મંત્રી, જલ શક્તિ મંત્રાલય

વિશેષ ઉપસ્થિતિ

**શ્રી રાઘવજીભાઈ પટેલ**
માનનીય મંત્રી, કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ, ગુજરાત

**શ્રી કનુભાઈ દેસાઈ**
માનનીય મંત્રી, નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, ગુજરાત

**શ્રી કુંવરજીભાઈ હળપતિ**
માનનીય મંત્રી (રા.ક.),આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ, ગુજરાત




તારીખ: ૦૮ માર્ચ, ૨૦૨૫
સમય: સવારે ૧૦.૩૦ વાગે
સ્થળ: વાંસી-બોરસી, તા. જલાલપોર, જિ. નવસારી

# કોસ્ટલ રોડ-ફેઝ ટૂ માટે ઝાડ કાપવા સામે કાંદિવલીના રહેવાસીઓનો જબરદસ્ત વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ (ઉત્તર) ફેઝ-ટૂ માટે ૩૩૭ વૃક્ષોને કાપી નાખવાની મુંબઈ મહાનગરપાલિકાની યોજના સામે કાંદિવલીના નાગરિકોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. પાલિકા પ્રશાસને ૨૨૮ વૃક્ષોનું પુનઃરોપણ કરવાની ખાતરી આપી છે, છતાં મૂળથી ઉખેડી નાંખ્યા બાદ આ વૃક્ષો જીવી શકશે નહીં એવો ડર રહેવાસીઓને સતાવી રહ્યો છે. તેથી હવે સ્થાનિક પ્રધિનિધીઓએ આ પૂરા વિવાદમાં ઝુકાવ્યું છે અને હવે શક્ય હોય તેટલા વૃક્ષોને બચાવવા માટે રસ્તો શોધવા માટે પાલિકા પ્રશાસન સાથે તાત્કાલિક ધોરણે એક મીટિંગનું આયોજન કર્યું છે.

ગુરુવારે સાંજે કાંદિવલી (પશ્ચિમ)ના ચારકોપર સેકટર આઠના રહેવાસીઓએ તેમના વિસ્તારમાં આવેલા વૃક્ષો પર પાલિકા દ્વારા લગાવવામાં આવેલી જાહેર નોટિસને જોઈને ચિંતામાં મુકાઈ ગયા હતા. બે દાયકા પહેલા વાવેલા વૃક્ષો આજે ઘટાદાર બની ગયા છે ત્યારે તેને કોસ્ટલ રોડ-ટૂ માટે કાપવાની યોજના પાલિકાએ બનાવી છે. આ કોસ્ટલ રોડ વર્સોવાથી દહિસર જવાનો છે. લગભગ ૧૬,૬૨૧ કરોડ રૂપિયાના ખર્ચે બની રહેલા ૨૦ કિલોમીટરના આ પ્રોજેક્ટનો હેતુ વર્સોવા અને દહિસર વચ્ચે એક મહત્ત્વની લિંક બની રહેવાનો છે. જોકે કોસ્ટલ રોડ માટે વૃક્ષો કાપવાના પાલિકાના નિર્ણયથી વર્ષો સુધી ઉછેરેલા વૃક્ષોને કાપી નાખવા સામે સ્થાનિકો નારાજ થઈ ગયા છે અને પર્યાવરણને તેનાથી નુકસાન થવાનો ભય પણ તેઓએ વ્યક્ત કર્યો છે. સ્થાનિક નેતાના કહેવા મુજબ તેઓએ આ બાબતે પાલિકાના અધિકારીઓ સાથે ચર્ચા કરી છે અને શનિવારે આ બાબતે વધુ ચર્ચા થવાની છે. શક્ય હોય એટલા ઓછો વૃક્ષોને બચાવી શકાય તેવી વિનંતી પ્રશાસનને કરાઈ છે.

## કોસ્ટલ રોડ પર કોપર વાયરની ચોરીઃ પાંચ એફઆઈઆર

મરીન ડ્રાઈવ પર પ્રિન્સેસ સ્ટ્રીટ ફલાયઓવરથી બાન્દ્રા-વરલી સી લિંકના વરલી છેડા સુધી ફેલાયેલા ૧૦.૫૮ કિલોમીટરના મુંબઈ કોસ્ટલ રોડ પર અજાણ્યા શખસો દ્વારા કોપર વાયરની ચોરી થવાના બનાવ નોંધાયા છે, જે જાહેર માળખાકીય સુવિધા સહિત વાહનચાલકોની સુરક્ષા માટે જોખમી સાબિત થઈ શકે છે. છેલ્લા અમુક મહિનામાં ચોરોએ કિંમતી કોપર કેબલ ચોરવા માટે કોસ્ટલ રોડના કોંક્રીટના રસ્તા ખોદી નાખ્યા હતા. પાલિકાએ તેની સામે અત્યાર સુધી છ અલગ અલગ કેસમાં પોલીસમાં એફઆઈઆર નોંધાવી હોવાની માહિતી આપતા પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે ટ્રાફિક પોલીસ અને કોસ્ટલ રોડના પાલિકા અધિકારીઓ દ્વારા સતત પેટ્રોલિંગ થતું હોવા છતાં ચોરોને પકડકવા મુશ્કેલ બની ગયા છે.

છેલ્લા બે મહિનામાં ચોરોએ વરલીના લવ ગ્રોવ્હ બ્રિજ, હાજી અલી જંકશન અને મેઈન કોસ્ટલ રોડ પર ખોદકામ કરી નાંખ્યું હતું. બજારમાં કોપરની કિંમત વધુ હોવાથી મધરાતે કોંક્રીટના રસ્તા ખોદીને કોપર ચોર્યા છે તેને કારણે સ્ટ્રીટ લાઈટને અસર થઈ છે. રસ્તો ખુલ્લો હોવાથી કોપર ચોરીને ચોરટા ભાગી છૂટે છે. પાલિકાએ વાહનોની સ્પીડ પર નજર રાખવા અત્યાધુનિક કેમેરા બેસાડવા આઠ કરોડ રૂપિયા ફાળવ્યા છે. તેમ જ પોલીસ અને ટ્રાફિક ચોકી માટે ત્રણ મુખ્ય સ્થળ ઓળખી કાઢવામાં આવ્યા છે, જેમાં લવ ગ્રોવ્હ ફલાયઓવર, ટાટા ગાર્ડન નજીક અને વરલી કાર પાર્કિંગના વિસ્તારનો સમાવેશ થાય છે. કોસ્ટલની સુરક્ષા માટે અઠવાડિયાના સાતેય દિવસ ૨૪ કલાક પોલીસ તહેનાત કરવામાં આવવાના છે.

# થાણે મહાનગરપાલિકાનું ₹ ૫,૬૪૫ કરોડનું બજેટ

થાણેઃ થાણે મહાનગરપાલિકાએ શુક્રવારે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૫,૬૪૫ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યું હતું જેમાં નાણાકીય સ્થિરતા, નાગરિકો માટે સુવિધાઓ અને શહેરી વિકાસ પર વધુ ધ્યાન આપવામાં આવ્યું હતું.

બજેટ પાલિકાના કમિશનર સૌરભ રાવે રજૂ કર્યું હતું જેઓ વહીવટકર્તા પણ છે, કારણ કે નગરસેવકોની પાંચ વર્ષની મુદત પહેલાથી પૂરી થઇ છે. ગયા વર્ષની સરખામણીમાં બજેટમાં અંદાજે ૧૨.૯ ટકાનો વધારો કરાયો છે. ગયા વર્ષે ૫૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કરાયું હતું.

રાવે જણાવ્યું હતું કે બજેટમાં કોઈ નવા કર લાદવામાં આવ્યા નથી કે કરના દરમાં પણ કોઇ વધારો કરાયો નથી. તેના બદલે યોગ્ય રીતે કર ચૂકવણી દ્વારા આવક વધારવા પર ધ્યાન આપવામાં આવશે.

આ સિવાય મહેસૂલ વધારવા માટે રાવે કર વગરની અથવા ઓછા કરવાળી મિલકતોને કરવેરાના દાયરામાં લાવવા પર ભાર મૂક્યો હતો.

પાલિકાને પ્રોપર્ટી અને અન્ય કરવેરા દ્વારા ૮૪૧.૫૮ કરોડ રૂપિયા, ડેવલપમેન્ટ ચાર્જીસ દ્વારા ૬૫૦.૮ કરોડ રૂપિયા, તથા જીએસટી અને અન્ય ગ્રાન્ટ્સ દ્વારા ૧,૪૪૧.૭૯ કરોડ રૂપિયા મળવાની આશા છે.

શહેરી નવીનીકરણ માટેની અમૃત ૨.૦ યોજના માટે ૮૦ કરોડ રૂપિયા, રાજીવ ગાંધી મેડિકલ કોલેજ બિલ્ડિંગ અને સ્ટાફ ક્વોટર્સ માટે ૧૩૨ કરોડ રૂપિયા, શિવસેનાના દિવંગત નેતા આનંદ દિઘેના નામ પર બની રહેલા આનંદ આશ્રમ માટે ત્રણ કરોડ રૂપિયા બજેટમાં ફાળવવામાં આવ્યા છે. પાલિકાએ મુંબઈ સાથેના જાહેર પરિવહન, બસ સેવા વધારવા તથા ઘન કચરાના નિકાલ માટે, સ્કૂલોને વધુ સુવિધાપૂર્ણ બનાવવા માટે વધારાના ૨૮૫ કરોડ રૂપિયા અલગથી રાખ્યા છે.

## બાળકુમથી ગાયમુખ કોસ્ટલ રોડ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે શહેરમાં રહેલા ઘોડબંદર રોડ પરની ભારે ટ્રાફિકની સમસ્યાનો નિકાલ લાવવા માટે તેને સમાંતર કોસ્ટલ રોડ બનાવવાની યોજના થાણે મહાનગરપાલિકાએ હાથ ધરી છે. થાણે મહાનગરપાલિકાના કમિશનર સૌરભ રાવના જણાવ્યા મુજબ ઘોડબંદર રોડ પર ટ્રાફિકની કાયમી સમસ્યા રહેલી છે. તેથી ડેલવપમેન્ટ પ્લાનમાં દર્શાવેલા ૪૦-૪૫ મીટર પહોળા અને ૧૩.૪૪૭ કિલોમીટર લંબાઈના ઘોડબંદર રોડને સમાંતર બાળકુમથી ગાયમુખ (કોસ્ટલ રોડ) મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ની મદદથી બનાવવામાં આવવાનો છે.

આ કામ માટે ૩,૩૬૪.૬૨ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટના અહેવાલને એમએમઆરડીએ તરફથી પ્રશાસકીય અને નાણાકીય માન્યતા મળી ગઈ છે.

### થાણે-બોરીવલી ટનલ એલિવેટેડ રોડથી કોસ્ટલ રોડને જોડશે

થાણે શહેરથી મુંબઈ તરફ જવા માટે ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે તેમ જ મુંબઈના પશ્ચિમ ઉપનગરમાં જવા માટે ઘોડબંદર રોડ માર્ગે ફાઉન્ટન હોટલ મીરા-ભાયદંર રોડ એ કુલ ૨૩ કિલોમીટરનો લાંબો પ્રવાસ કરવો પડે છે. તેથી એમએમઆરડીએના માધ્યમથી ઘોડબંદર રોડના બ્રહ્માંડથી બોરીવલીના સંજય ગાંધી નેશનલ પાર્કની નીચે ટનલ તૈયાર કરવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો છે. હવે આ રોડને સીધો કોસ્ટલ રોડથી એલિવેટેડ રોડ સાથે જોડવાની યોજના બનાવી છે. તેથી બોરીવલીથી આવનારો ટ્રાફિક થાણે શહેરમાંથી નહીં પસાર થતા એલિવેટેડ માર્ગે સીધો કોસ્ટલ રોડને જોડશે.

## કોસ્ટલની ટનલમાં પડી બે તિરાડ

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડના કામની ગુણવત્તા પર સવાલ ઊઠી રહ્યા છે. ખરેખર કોસ્ટલની ટનલમાં તિરાડ પડવાના ફોટો સાશ્યલ મીડિયા પર વાયરલ થઇ રહ્યા છે. પાલિકાએ આ અંગે ખુલાસો કરતાં જણાવ્યું છે કે ટનલની સપાટી પર નાના સમારકામ કરવામાં આવ્યા છે. સુકાઈ ગયા બાદ તેના પર પેઈન્ટ કરવામાં આવશે. કોસ્ટલ રોડની બંને કિનાર પર દેખાતા પેચના ફોટો સોશિયલ મીડિયાના એક્સ પ્લેટફોર્મ જોવા મળ્યા હતા. એમાં એવું લખવામાં આવ્યું છે કે કોસ્ટલ રોડની નવી સુરંગથી એ તિરાડો પડી રહી છે. પેઈન્ટ નીકળી રહ્યા છે અને પાણી અંદર સરકી રહ્યું છે. એટલું જ નહીં કામની ગુણવત્તા ખરાબ છે.


## કલાસિફાઈડ

### ૨૦. ધંધાદારી જગ્યા

**SNACKS MANUFACTURING**
Require 6000 sq.ft. on Rent at Vasai, Panvel, MIDC,Turbhe for Snacks Manufacturing. Rakesh 9821156360. (SDB-2479)

**MIDC TALOJA L BLOCK ON L & L Basis built up Shed area: 690 sq. mtrs & open space area: 400 sq. mtrs. Call: 9322591285. (B-15518)**

**VILE PARLE (EAST)**
Rambhau Barve Marg, Basement of 1100 sq. ft. & above it Office of 450 sq. ft. on Ground Floor with 2 Parkings Sale 3.75 Cr. OC received 9320075559. (15667/A)

**ANDHERI WEST**
**Commercial Premises at Parul Society, Off Veera Desai Road, 100 ft Frontage, 2500 sq. ft. Carpet for Outright. Call: 8828869998. (B-15629)**

### ૨૩. મનોરંજન

**પ્રતીક મહેતા**
સંગીતસંધ્યા, લગ્નગીત, એનીવર્સરી, પ્રાર્થના, ભજન, ડાયરો, બર્થડે. 9821153026. (૧૫૬૫૩-બી)

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'' ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૬૬૯-બી)

**''હર્ષ શાહ...''**
'Live...' લગ્નગીતો, સંગીત સંધ્યા, ઓરકેસ્ટ્રા, કોર્પોરેટ, મ્યુઝીકલ પ્રોગ્રામો - 9920553345. (બી-૧૫૬૬૨)

### ૨૭. ઔષધ ઉપચાર

**કોઢ-સોરાયસીસ**
ખરજવું ચામડીની એલર્જી-વેરીકોઝ વેઇન્સ, અલ્સર, સંધિવાની જળો, આયુર્વેદથી સફળ સારવાર, સૌરાષ્ટ્રના ૩૫ વર્ષના અનુભવી, વૈદ્ય ગોસ્વામી બોરીવલીમાં - ૯૮૯૨૧૮૮૦૯૦. (બી-૧૫૬૪૩)

### ૩૧. નાણાંકીય

**''ઈન્વેસ્ટમેન્ટ હાઉસ''..**
દરેક કંપનીનાઃ 'શેર' ખરીદશું.. Listed, Delisted, ફીઝીકલ, ડીમેટનાં 'શેર' તથા શેરનાં કોઈપણ પ્રોબ્લેમસ માટેઃ સર્વિસ આપીશું.. (IEPF, ડીમેટ, સીંગલ Deceased, Probate, Succession, ડુપ્લીકેટ, ટ્રાન્સમીશનની..) - સંપર્ક - 9619315362, 9321043842, 8291225710. (બી-૧૫૬૫૦)

### ૩૨. જમીન-મિલકત

**રાજકોટમાં જોઈએ**
**પ્લોટ, કાલાવડ રોડ, હરીપર, કણકોટ, વડવાજડી-વિરડાવાજડી, ઈશ્વરીયા, અમરેલી, મોટાવડા, આણંદપર, મોરબી રોડ, હડાળા, વિજયનગર, રતનપર, નાના મોટા પ્લોટ કેશ પેમેન્ટથી. કીર્તિભાઈ કંસારા 9825160974. (બી-૧૫૬૧૪)**

**શાહાપુર આજા પર્વત**
પર ફુલ્લી ડેવલપ પ્રીમિયમ N.A. પ્લોટ તેમજ ફાર્મહાઉસ પ્લોટ લેવા- 9869108628. (જેપી/૪૯૭૬-બી)

### ૩૨. જમીન-મિલકત

**દેવલાલી**
પ્રાઈમ એરિયામાં ૩૨૫ વાર પ્લોટ વેચવાનો છે. દેરાસર નજીક મોબાઈલ - 9322683175 / 7738323175. (એસડીબીજી-૨૪૯૫)

■ 5 એકર NA પ્લોટ વેચવાનો છે. રોડટચ મહાબળેશ્વર- કાસ રોડ, રેગડેવાડી- મહાબળેશ્વર. ભાવ- રૂ.14.25 કરોડ. સંપર્ક- 9765407930. (૧૫૬૮૪-એ)

### ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025/ 26822572. (બી-૧૫૫૬૦)

**DISTRIBUTION BUSINESS FOR OUTRIGHT SALE IN MUMBAI**
- Multi National Famous Brand,
- Pull Product for Stationary, Office Supply and Corporate Gifting with more than 600 established Dealer Network.
- Turn Over Rs. 9.0 Cr Plus,
- GP before Tax 5% Plus approx.
- Royalty/Goodwill amount 4 times GP.
- Direct investment in Business approx 1.25- 1.75 cr during peak times.
- The Owner wants to retire

**Please Reply to : distributorship. mumbai@gmail.com**
(B-15646)

**HOME LOAN - MORTGAGE LOAN**
From 5 Cr. to 50 Cr. - To Professional - Lawyers - Doctors - Architect (From 15% to 18%) Redevelopment of Society - Self Redevelopment NPA Cases can be solved. Jalaram Finance 9820441711. (15653-A)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૬૭૦/બી)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૬૫૮-ઈ)

### ૪૬. વોટર પ્રુફિંગ

**બિલ્ડીંગ રીપેરીંગ**
વોટર પ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ વીથ પેઈન્ટીંગ, ટેરેસ, છજીયા, આઉટસાઈડ વોલ. સંપર્ક : 9987414990 / 9324558334. (૧૫૬૮૦-એ)

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલીસ્ટ**
ટેરેસ, છજ્જા, બાથરૂમ, સીવીલ કામ, પેઈન્ટીંગ, 7 વર્ષની વોરન્ટી. - 7021222104, -8450941119. (બી-૧૫૬૪૨)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)


## ફોરેક્સ ટ્રેડિંગ સ્કેમમાં યુવકે ૧૩.૫૪ લાખ રૂપિયા ગુમાવ્યા

થાણેઃ ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે અંબરનાથના ૩૮ વર્ષના યુવક સાથે ૧૩.૫૪ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી.

અંબરનાથના ચિકલોલી વિસ્તારમાં રહેનારો ફરિયાદી યુવક બીજી અને ૧૪મી ફેબ્રુઆરી દરમિયાન કેટલાક લોકોના સંપર્કમાં આવ્યો હતો, જેમણે યુવકને તેમના મારફત ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ કરવા માટે સમજાવ્યો હતો.

ફોરેક્સ ટ્રેડિંગમાં રોકાણ પર આકર્ષક વળતર મળશે, એવી ખાતરી આરોપીએ યુવકને આપી હતી. તેમની વાતો માનીને યુવકે વિવિધ બેન્ક અકાઉન્ટમાં ૧૩.૫૪ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા, પણ તેને રોકાણ પર કોઇ વળતર મળ્યું નહોતું.

દરમિયાન પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં તેણે અંબરનાથ પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદને આધારે પોલીસે ત્રણ આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો, જેમની ઓળખ અનુપ કમાલ, સોનિયા અને હમઝા ખાન તરીકે થઇ હતી. (પીટીઆઇ)

## નાના પાટેકર સામેની તનુશ્રી દત્તાની ફરિયાદ કોર્ટે ફગાવી

મુંબઈઃ મુંબઈની એક કોર્ટે શુક્રવારે અભિનેતા નાના પાટેકર સામે તેમની સહ-અભિનેત્રી તનુશ્રી દત્તા દ્વારા ૨૦૧૮ માં લગાવવામાં આવેલા ''મીટુ'' આરોપોની નોંધ લેવાનો ઇનકાર કર્યો હતો કારણ કે વિલંબનું કારણ આપ્યા વિના ફરિયાદ ''કાનૂની સમયમર્યાદાની પછી'' દાખલ કરવામાં આવી હતી.

ઓક્ટોબર, ૨૦૧૮માં દાખલ કરવામાં આવેલી પોતાની ફરિયાદમાં, તનુશ્રીએ નાના પાટેકર અને અન્ય ત્રણ લોકો પર ૨૦૦૮ માં ફિલ્મ ''હોર્ન ઓકે પ્લીઝ'' ના સેટ પર એક ગીતના શૂટિંગ દરમિયાન તેણીને હેરાન કરવાનો અને ગેરવર્તન કરવાનો આરોપ મૂક્યો હતો.

આ મુદ્દો રાષ્ટ્રીય હેડલાઇન્સમાં આવ્યો હતો અને સોશ્યલ મીડિયા પર મીટુ ચળવળને વેગ આપ્યો હતો.

પોલીસે ૨૦૧૯ માં મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ પોતાનો અંતિમ અહેવાલ રજૂ કર્યો હતો જેમાં જણાવ્યું હતું કે તપાસમાં કોઈપણ આરોપી સામે ગુનાહિત કંઈ જ મળ્યું નથી.

પોલીસે પોતાના અહેવાલમાં વધુમાં જણાવ્યું હતું કે, એફઆઈઆર ખોટો હોવાનું જાણવા મળ્યું હતું.

જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (અંધેરી) એન.વી. બંસલે જણાવ્યું હતું કે તનુશ્રી દત્તાએ ૨૩ માર્ચ, ૨૦૦૮ના રોજ બનેલી ઘટના અંગે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૫૪ અને ૫૦૯ હેઠળ ૨૦૧૮માં એફઆઈઆર દાખલ કર્યો હતો. મેજિસ્ટ્રેટે જણાવ્યું હતું કે, બંને ગુનાઓ માટે ફોજદારી કાર્યવાહી સંહિતા (સીઆરપીસી)ની જોગવાઈઓ મુજબ ત્રણ વર્ષની સમય મર્યાદા છે. (પીટીઆઈ)

## રોહિત શર્માની ગોરાઇની સ્કૂલની સ્પોર્ટ્સ સુવિધાઓના ઉપયોગને મ્હાડા દ્વારા મંજૂરી

મુંબઈઃ મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા)એ વ્યાપારલક્ષી ઉપયોગની ફરિયાદોને પગલે મુંબઈની એક સ્કૂલને આપવામાં આવેલી મેદાન અને ફૂટબોલ નેટની સુવિધા તોડી પાડ્યા પછી હવે એનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે. અહીં ક્રિકેટર રોહિત શર્મા વિદ્યાર્થીકાળમાં રમ્યો હતો.

આ સપ્તાહની શરૂઆતમાં મ્હાડા અધિકારીઓએ ગોરાઈની સ્વામી વિવેકાનંદ સ્કૂલમાં આ સુવિધાનો વ્યાવસાયિક ઉપયોગ થતો હોવાની ફરિયાદો બાદ જમીન ખોદી નાખી હતી અને ફૂટબોલની જાળી તોડી નાખી હતી.

૨૯ વર્ષથી આ સુવિધા ઉપયોગમાં લેવાતી હતી અને રોહિત શર્મા સહિત કેટલાક યુવા ક્રિકેટરોના વિકાસમાં તેણે નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. રોહિત શર્માએ ત્યાં ઘણી પ્રેક્ટિસ કરી હતી.

મ્હાડાના મુંબઈ બોર્ડના વાઇસ ચેરમેન અને ચીફ ઓફિસર મિલિંદ બોરીકરે જણાવ્યું હતું કે 'સુવિધાનો કોઈ વ્યાવસાયિક ઉપયોગ નહીં કરવામાં આવે એવી ખાતરી સંબંધિત લોકો દ્વારા આપવામાં આવ્યા પછી અમે વધુ એક વર્ષ માટે સુવિધા લીઝ પર આપી છે.' (પીટીઆઈ)

## રેલવેમાં નોકરીને બહાને લાખોની છેતરપિંડીઃ મહિલા વિરુદ્ધ ગુનો

થાણેઃ રેલવેમાં નોકરી મેળવી આપવાની લાલચે યુવક સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવા પ્રકરણે પોલીસે ૪૨ વર્ષની મહિલા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. કલ્યાણ પોલીસના જણાવ્યા મુજબ ફરિયાદી યુવકને ભારતીય રેલવેમાં હેલ્પર તરીકે નોકરી મેળવી આપવાનું આશ્વાસન આપ્યું હતું અને આ કામ માટે પાંચ લાખ રૂપિયાની માગણી કરી હતી. ત્યાર બાદ ફરિયાદી કલ્યાણની હોટેલમાં મહિલાને મળ્યો હતો અને તેને ૩.૨ લાખ રૂપિયા એડવાન્સ આપ્યા હતા.

આરોપી મહિલાએ ત્યાર બાદ બનાવટી દસ્તાવેજો તૈયાર કર્યા હતા, જે કેન્દ્ર, રેલવે મંત્રાયલ અને રેલવે રિક્રૂટમેન્ટ બોર્ડ દ્વારા જારી કરાયેલા મૂળ દસ્તાવેજો તરીકે રજૂ કરાયા હતા. દસ્તાવેજોની બનાવટી હોવાનું જાણવા મળતાં યુવકે મહિલાનો સંપર્ક સાધીને રૂપિયા પાછા માગ્યા હતા. જોકે મહિલા તેને ટાળવા લાગી હતી.

યુવકે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે કલ્યાણ પોલીસે બુધવારે મહિલા વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી. (પીટીઆઇ)

## સોમવારથી દરરોજ શીના બોરા હત્યા કેસની સુનાવણી

મુંબઈઃ વિશેષ ન્યાયાધીશની બદલી થયા પછી ચાર મહિનાથી વધુ સમય સુધી સ્થગિત થયા બાદ શીના બોરા હત્યા કેસની સુનાવણી સોમવાર, ૧૦ માર્ચથી દરરોજ કરવામાં આવશે.

આ કેસની છેલ્લી નોંધપાત્ર સુનાવણી ગયા વર્ષે ૨૩ ઓક્ટોબરે સીબીઆઈના વિશેષ ન્યાયાધીશ એસ. પી. નાઈક નિંબાળકરની બદલી પહેલા કરવામાં આવી હતી. આ કેસમાં શીના બોરાની માતા ઇન્દ્રાણી મુખરજી મુખ્ય આરોપી છે.

શુક્રવારે, નવા નિયુક્ત વિશેષ ન્યાયમૂર્તિ જે. પી. દરેકરે ફરિયાદી અને બચાવ પક્ષના વકીલોને જણાવ્યું હતું કે બોમ્બે હાઈકોર્ટના નિર્દેશ મુજબ આ કેસની સુનાવણી ૧૦ માર્ચથી દૈનિક ધોરણે ફરી શરૂ કરવામાં આવશે.

ઈન્દ્રાણી મુખરજી, તેના તત્કાલીન ડ્રાઇવર શ્યામવર રાય (જે બાદમાં આ કેસમાં સરકારના સાક્ષી બન્યા હતા) અને ઈન્દ્રાણીના પૂર્વ પતિ સંજીવ ખન્નાએ એપ્રિલ ૨૦૧૨માં એક કારમાં કથિત રીતે ગળું દબાવીને શીના બોરા (૨૪)ની હત્યા કરી હતી. હત્યા બાદ મૃતદેહને સળગાવી નજીકના રાયગઢના જંગલમાં નિકાલ કરવામાં આવ્યો હતો. ઈન્દ્રાણીના પૂર્વ પતિ મીડિયા બેરોન પીટર મુખરજી પણ આ કેસમાં આરોપી છે. ફેબ્રુઆરી ૨૦૧૭માં કેસની સુનાવણી શરૂ થઈ હતી. (પીટીઆઈ)

## પત્ની પીડિત પતિએ પાર્લાની ફાઈવસ્ટાર હોટેલમાં કરી આત્મહત્યા

મુંબઈઃ વિલે પાર્લે પૂર્વમાં આવેલી ફાઇવસ્ટાર હોટલમાં ૪૧ વર્ષના શખસે ૨૮ ફેબ્રુઆરીએ ગળાફાંસો ખાઇ જીવનનો અંત આણ્યો હતો. મૃતકની ઓળખ નિશાંત ત્રિપાઠી તરીકે થઇ હતી, જેણે અંતિમ પગલું ભરતા પહેલા કંપનીની વેબસાઇટ પર મેસેજ લખ્યો હતો, જેમાં તેના મૃત્યુ માટે પત્ની અને તેની માસી જવાબદાર હોવાનું જણાવ્યું હતું.

નિશાંતની માતા અને સમાજસેવિકા નીલમે (૬૪) આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી અને ૩ માર્ચે નિશાંતની પત્ની અપૂર્વા પરિક (૩૬) અને તેની માસી પ્રાર્થના (૫૦) વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ફાઇવસ્ટાર હોટેલની રૂમના બાથરૂમમાં ૨૮ ફેબ્રુઆરીએ નિશાંત ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. નિશાંત એનિમેટેડ અને ફિલ્મ નિર્માણના કામ કરતો હતો અને તે પોતાની કંપની પણ ધરાવતો હતો.

નિશાંતની માતાએ જણાવ્યું હતું કે નિશાંત વિરારમાં રહેતો હતો. તે તેની પત્નીથી કંટાળી ગયો હતો અને હોટેલમાં રહેવા જતો રહ્યો હતો. તે ત્યાં ત્રણ દિવસ રહ્યો હતો. ૨૮ ફેબ્રુઆરીએ હોટેલના સ્ટાફે રૂમનો દરવાજો ખટખટાવ્યો હતો, પણ અંદરથી કોઇ પ્રતિસાદ ન મળતાં બીજી ચાવીથી દરવાજો ખોલવામાં આવ્યો હતો, જ્યાં બાથરૂમમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો. નિશાંતે હુક સાથે રસ્સી બાંધી ગળાફાંસો ખાધો હતો.

એફઆઇઆર અનુસાર નિશાંતના મોબાઇલમાં સુસાઇડ નોટ મળી આવી હતી, જેમાં તેના મૃત્યુ માટે પત્ની અને તેની માસીને તેણે જવાબદાર ઠેરવી હતી.

નિશાંતની માતાએ કહ્યું હતું કે નિશાંતની પત્નીએ બીબીએ કર્યું છે અને તે ખાનગી કંપનીમાં કામ રહે છે. તેઓ છેલ્લા દિવસોમાં સાથે રહેતા નહોતાં. નિશાંતની પત્નીએ તેનો વારંવાર સંપર્ક સાધ્યો હતો અને તેને ખૂબ પરેશાન કર્યો હતો. તે શારીરિક-માનસિક અને આર્થિક રીતે બરબાદ થઇ ગયો હતો.

## મોતીલાલ નગરના રિડેવલપમેન્ટનો માર્ગ મોકળોઃ ખાનગી કંપનીને કામ કરવા માટે હાઈ કોર્ટની લીલી ઝંડી

મુંબઈઃ ગોરેગાંવ સ્થિત અંદાજે ૧૪૩ એકર જમીન પર ૬૦ વર્ષ પહેલાં વસવાટ થયેલા મોતીલાલ નગરનો પુનર્વિકાસ ખાનગી ડેવલપર કંપની મારફત કરી શકે છે, એ અંગેની લીલી ઝંડી હાઈ કોર્ટે આપી દીધી હતી. આને કારણે છેલ્લાં ઘણાં વર્ષથી ઘોંચમાં પડેલો મોતીલાલ નગરનો પુનર્વિકાસનો માર્ગ મોકળો થયો છે. આ પુનર્વિકાસ માટે મ્હાડાએ આ પહેલાં જ ટેન્ડર ખોલ્યાં હતાં. કોર્ટના નિર્ણયને કારણે હવે નાણાકીય ટેન્ડર પ્રક્રિયા અને પ્રોજેક્ટ પાટે ચડશે.

મ્હાડાના પ્રસ્તાવનો વિરોધ હતો એ સોસાયટીઓએ નિર્ણયના વિરોધમાં સુપ્રીમ કોર્ટ અપીલ કરી શકે એ માટે આદેશને ચાર અઠવાડિયાં માટે વચગાળાનો સ્ટે આપવાની વિનંતી કરી હતી. જોકે અમે આદેશને સ્ટે આપીશું નહીં. તમે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરો, એવું મુખ્ય ન્યાયાધીશ આલોક આરાધે અને ન્યાયાધીશ ભારતી ડાંગરેની ખંડપીઠે જણાવીને સ્ટે આપવાની માગણીને ફગાવી દીધી હતી.

મોતીલાલ નગર કોલોની રાજ્ય સરકારે મ્હાડાના માધ્યમથી વસાવી હતી. આ પ્રોજેક્ટમાં વિસ્થાપિત થનારા ઝૂંપડપટ્ટીવાસીઓને પુનર્વસન કરવા માટે ગોરેગાંવમાં ૨૨૫ ચોરસ ફૂટનાં ૩૭૦૦ ઘર બાંધીને પાત્ર લાભાર્થીઓને ઘરનો તાબો આપવાનો નિર્ણય લીધો હતો. તે અનુસાર ૧૯૬૧માં મ્હાડાની સૌથી મોટી કોલોની બાંધવામાં આવી હતી. મોતીલાલ નગર ૧, ૨ અને ૩ એમ ત્રણ કોલોનીમાં ઘરમાલિકી હક લાભાર્થીઓને આપવાનો નિર્ણય ૧૯૮૭માં લેવામાં આવ્યો હતો. એ માટે અમુક નિશ્ચિત રકમ વસૂલવામાં આવી હતી. આ રકમ પર અમુક વિવાદ થયો હતો, પણ છેવટે લાભાર્થીઓએ રકમ ભરીને ઘરની માલિકીનો હક મેળવ્યો હતો.

મોતીલાલ નગર પુનર્વિકાસ પ્રકરણમાં સરકારે જીઆર મંજૂર કરીને પ્રોજેક્ટને વિશેષ પ્રોજેક્ટ તરીકે જાહેર કર્યો હતો. એ જ પ્રમાણે મ્હાડાના નિયંત્રણ હેઠળ મોતીલાલ નંગર-૧, ૨ અને ૩ના પુનર્વિકાસ માટે પરવાનગી આપવામાં આવી છે. આ ઉપરાંત આ પ્રોજેક્ટ ખૂબ જ મોટો હોઈ મ્હાડા પાસે જરૂરી ભંડોળ નથી. આને કારણે પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે સી એન્ડ ડીએ દ્વારા કામ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોઇ એ આર્થિક વ્યહાર તેમ જ પુનર્વિકાસની પ્રક્રિયા હાથ ધરવાની ક્ષમતા પર આધારિત છે. આ તમામ પાર્શ્વભૂમિનો વિચાર કરીને અમે આ પ્રકરણે દરમિયાનગીરી કરીશું નહીં, એવું કોર્ટે જણાવ્યું હતું.



# ચાર મિત્રની જૉયરાઈડ બે ગુજરાતી દોસ્તો માટે બની ડેથરાઈડ

## વાકોલા બ્રિજ નજીક કારે ડિવાઈડર કુદાવીને સ્કૂટર પર સવાર બે ગુજરાતીને ઉડાવ્યા: બોરીવલીના બિલ્ડરના પુત્રની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર પૂરપાટ દોડતી કારે ડિવાઈડર કુદાવીને સામેની દિશામાં ફંગોળાયા બાદ એક સ્કૂટરને કચડી નાખતાં ભયંકર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં સ્કૂટર સવાર વિલેપાર્લેના બે ગુજરાતી યુવાને જીવ ગુમાવ્યા હતા, જ્યારે પોલીસે બેફામ કાર દોડાવી અકસ્માત કરનારા બોરીવલીના બિલ્ડરના પુત્રની ધરપકડ કરી હતી. ખેરવાડી પોલીસના જણાવ્યા મુજબ વાકોલા બ્રિજ નજીક ગુરુવારની મધરાતે દોઢ વાગ્યાની આસપાસ થયેલા અકસ્માતમાં માનવ વિનોદ પટેલ (૨૧) અને હર્ષ આશિષ મકવાણા (૨૨)નાં મોત નીપજ્યાં હતાં. વિલેપાર્લે પશ્ચિમમાં પાર્લા ગાંવઠણ પરિસરમાં રહેતા બન્ને જણ નાનપણના મિત્ર હોવાનું જાણવા મળ્યું હતું.અકસ્માત પ્રકરણે પોલીસે આરોપી સિદ્ધેશ બેળકર (૨૩)ની ધરપકડ કરી હતી. શુક્રવારે કોર્ટ સમક્ષ હાજર કરાયેલા આરોપીને અદાલતે સોમવાર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. બોરીવલીના બિલ્ડરના પુત્ર બેળકર વિરુદ્ધ સદોષ મનુષ્યવધનો ગુનો નોંધવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. સિદ્ધેશ ત્રણ મિત્ર સાથે જૉયરાઈડ માટે કારમાં બોરીવલીથી બાન્દ્રા તરફ જઈ રહ્યો હતો. પૂરપાટ વેગે દોડતી કાર વાકોલા બ્રિજ પરથી નીચે ઊતરી ત્યારે સિદ્ધેશે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. કાર ડિવાઈડર સાથે ટકરાયા પછી સામેની દિશામાં જતી રહી હતી. તે જ સમયે બાન્દ્રાથી વિલેપાર્લે તરફ જઈ રહેલા સ્કૂટરને કારે અડફેટે લીધું હતું. અકસ્માતમાં કાર અને સ્કૂટર બન્નેનો કચ્ચરઘાણ વળી ગયો હતો. સ્કૂટર માનવ પટેલ ચલાવી રહ્યો હતો, જ્યારે હર્ષ સ્કૂટર પર પાછળ બેઠો હતો. બન્ને જણ ઘરે પાછા ફરી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી.



હર્ષ આશિષ મકવાણા



માનવ વિનોદ પટેલ

દરમિયાન અકસ્માતને પગલે સ્થાનિક રહેવાસીઓ દોડી આવ્યા હતા. બન્નેને વી. એન. દેસાઈ હૉસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં તબીબે હર્ષને મૃત જાહેર કર્યો હતો. માનવે હેલ્મેટ પહેરી હોવાથી તે ગંભીર રીતે ઘવાયો હતો. જોકે વધુ સારવાર માટે તેને કૂપર હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો ત્યાં સુધીમાં તેણે પણ છેલ્લા શ્વાસ લીધા હતા. પાર્લા ગાંવઠણની અંજલિના કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં રહેતા હર્ષ મકવાણાના અંધેરીમાં રહેતા ફુઆ જતીનભાઈએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે હર્ષ વિલેપાર્લેના જ એક મેડિકલ સ્ટોરમાં કામ કરતો હતો, જ્યારે સેન્ટ એન્થની રોડ પરની મિસ્કિટા ચાલમાં રહેતો માનવ ફૂડ ડિલિવરીના કામ સાથે સંકળાયેલો હતો. બન્ને નાનપણના મિત્રતા હતા. રાતે મોડું થયા છતાં હર્ષ ઘરે પાછો ફર્યો નહોતો. તેના પિતા આશિષે વારંવાર હર્ષના મોબાઈલ પર સંપર્ક સાધવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સંપર્ક થઈ શક્યો નહોતો. તેમણે માનવના મોબાઈલ પર કૉલ કર્યો ત્યારે પોલીસે કૉલ રિસીવ કર્યો હતો. પોલીસે આપેલી જાણકારી પછી તેમને અકસ્માતની જાણ થઈ હતી. ખેરવાડી પોલીસે આરોપી સિદ્ધેશના લોહીના નમૂના તપાસ માટે મોકલાવ્યા હતા. પ્રાથમિક તપાસમાં તે દારૂના નશામાં ન હોવાનું પોલીસનું કહેવું છે. જોકે જતીનભાઈના કહેવા મુજબ આરોપીના લોહીના નમૂના છેક સવારે લેવામાં આવ્યા હતા. અમને શંકા છે કે આરોપી નશામાં જ વાહન ચલાવતો હતો. ■

### ઍર બૅગ સમયસર ખૂલી એટલે આરોપી બચી ગયો

વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર થયેલા ભયંકર અકસ્માતમાં સ્કૂટરસવાર બે ગુજરાતી યુવાને જીવ ગુમાવ્યા છતાં કારમાં હાજર ચારેયને કોઈ ઇજા થઈ નહોતી. ખેરવાડી પોલીસના જણાવ્યા મુજબ અકસ્માત સમયે કારની ચારેય ઍર બૅગ સમયસર ખૂલી જવાને કારણે આરોપી સિદ્ધેશ અને તેના ત્રણેય મિત્ર બચી ગયા હતા. ડિવાઈડર સાથે ટકરાઈને કારે સ્કૂટરને અડફેટે લીધું હતું. આટલા ભયંકર અકસ્માતમાં પણ ઍર બૅગે ચારેય યુવાનને બચાવી લીધા હતા.

### કાર રેસિંગ ચાલતી હતી?

હાઈવે પર બાઈક અને કારની રેસિંગની ઘટનાઓ વારંવાર બનતી હોય છે. ગુરુવારની રાતે પણ કાર રેસિંગને કારણે અકસ્માત થયો હોવાનો દાવો ઘટનાસ્થળે હાજર રહેવાસીઓનો છે. રહેવાસીઓના કહેવા મુજબ આરોપી એક કારની સાથે રેસિંગ કરતો હોવાનું જણાયું હતું. આરોપીની કાર આડેધડ ચલાવતો હતો, જેને કારણે સ્ટિયરિંગ પરથી તેણે કાબૂ ગુમાવ્યો હતો. જોકે રેસિંગ અંગે પોલીસ તપાસ કરી રહી છે. ■

આદમી હું આદમી સે...

# પુણેની ટ્રેનમાં પુરુષે જ બીજા પુરુષને કિસ કરી લીધા પછી થઇ ધમાલ: કિસ કરનારા પુરુષની ભારે મારપીટ

મુંબઈ: એક પુરુષે દોડતી પેસેન્જર ટ્રેનમાં એક યુવકને ચુંબન કરતાં મોટો વિવાદ ઊભો થયો છે. નવાઈની વાત તો એ છે કે ચુંબન લેતો વીડિયો ખુદ યુવકે જ ઉતાર્યો હતો. હાલમાં આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહ્યો છે. મને શું કામ કિસ કરી એવો સવાલ યુવક પેલા પુરુષને કરી રહ્યો છે. વીડિયોની શરૂઆતમાં તો યુવક પુરુષને સવાલ પૂછી રહ્યો છે, પણ બાદમાં તેણે પેલા પુરુષની ધોલધપાટ કરી નાખી હતી. આ વીડિયો ખરેખર ક્યારે અને ક્યાં શૂટ કરવામાં આવ્યો છે તેની માહિતી સામે નથી આવી. આ વીડિયો જોકે છેલ્લા ઘણા સમયથી વાયરલ થઇ રહ્યો છે. પુણે-હટિયા એક્સપ્રેસ ટ્રેનમાં ભારે ભીડની વચ્ચે આ વ્યક્તિએ યુવકને કિસ કરી હતી. ટ્રેનના જનરલ ડબ્બામાં આ વીડિયો ઉતારવામાં આવ્યો હોવાનું કહેવાઇ રહ્યું છે. યુવકનું ચુંબન લેનારી વ્યક્તિ લોઅર બર્થ પર બેઠો હતો અને હું સૂતો હતો એ સમયે એણે મને કિસ કરી હતી, એવો દાવો યુવકે કર્યો હતો. ટ્રેનમાં આટલા બધા પ્રવાસીઓની વચ્ચે તે આવું શા માટે કર્યું એવું યુવકે પૂછ્યું હતું. પેલી વ્યક્તિએ 'અચ્છા લગા ઈસ લિયે કિયા' એવો જવાબ આપ્યો હતો. યુવકે કહ્યું હતું કે હું આ હરકતને માફ નહીં કરું, એમ કહીને તેણે પેલી વ્યક્તિની મારપીટ કરી હતી. ■

# માસ્ટેક ફાઉન્ડેશન દ્વારા "સેન્ટિમેન્ટલ R.D." એક વિશિષ્ટ કાર્યક્રમ રંગશારદા ઓડિટોરિયમમાં તારીખ નવમી માર્ચે યોજાયેલ છે

મુંબઈ: પ્રખ્યાત પ્લેબેક સિંગર સંજીવની બેલાંદેના દિગ્દર્શનમાં સંગીતકાર રાહુલ દેવ બર્મનના ભાવપૂર્ણ ગીતો ૯ માર્ચે રંગશારદા થિયેટર, બાંદ્રા ખાતે યોજાયેલ છે. સાથી ગાયકો આલોક કટદરે અને મુખ્તાર શાહ, કિશોર કુમાર અને મુકેશનાં ગીતો રજૂ કરશે.



સંજીવની મીઠા ગળાની મલ્લિકા છે. તે લતાજી અને આશાજીના ગાયેલાં ગીતો રજૂ કરશે. આરડી બર્મનના અનોખા ગીતો સાંભળવા મળશે.

સંજીવની બેલાંદેને ૨૦૨૪માં લતા મંગેશકરની યાદમાં બનેલા લતાદીદી પુરસ્કારથી સન્માનિત કર્યા છે. પંડિત હૃદયનાથ મંગેશકરે તેમને શ્રેષ્ઠ ગાયિકા તરીકે સિલેક્ટ કર્યા. સંજીવનીએ ઘણી હિન્દી ફિલ્મોમાં પ્લેબેક કર્યું છે. કરીબ ફિલ્મનું તેમનું સૌથી લોકપ્રિય ગીત 'ચોરી ચોરી જબ નઝરે મિલી' (શ્રેષ્ઠ પ્લેબેક સિંગર એવોર્ડ) હતું. તેમનું ગીત 'નિકમ્મા કિયા' પણ ખૂબ જ લોકપ્રિય છે. 'મીરા એન્ડ મી' એ સંજીવની દ્વારા લખાયેલ એક પુસ્તક અને આલબમ છે જેમાં તેણે મીરાની પંક્તિઓનો અંગ્રેજી ગીતોમાં અનુવાદ કર્યો છે. સંજીવનીએ સમગ્ર વિશ્વમાં હજારો કાર્યક્રમો કર્યા છે. તેણે સંગીત નિર્દેશન માટે ૨૦૨૪ ક્લેફ એવોર્ડ્સમાં ૭ પુરસ્કારો જીત્યા. તે શાસ્ત્રીય અંગ સરળતાથી ગાય છે. ''રાગ ઇન અ સોંગ'' તેમનું ખૂબ વખાણાયેલ આલબમ છે. આ આલબમમાં લોકપ્રિય શાસ્ત્રીય બંદિશના ગીતોના અનુકૂલન છે.

સદર કાર્યક્રમના અંતર્ગત પંચમદાના લાગણીસભર ગીતો રજૂ કરવામાં આવશે. 'ના કોઈ ઉમંગ હૈ', 'ક્યા જાનુ સજન', 'કુછ તો લોગ કહેંગે', 'એક દિન બિક જાયે', 'સુહાની ચાંદની રાતે', 'રૈના બીતી જાયે', 'મેરા કુછ સામન', 'તેરે બિના જિયા જાયેના', 'શર્મ આતી હે મગર', 'કરવટે બદલતે રહે', વગેરે એવા લોકપ્રિય અને પ્રશંસા પામેલ ગીતો રજૂ કરવામાં આવશે.

આ ૨૦ વાદ્યોનું સંચાલન યુવા સંગીત આયોજક ચિરાગ પંચાલ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમમાં એકત્ર કરાયેલાં નાણાં આ વર્ષે ગુજરાતના ઝઘડિયામાં ''સેવા રૂરલ'' સંસ્થા અને મહારાષ્ટ્રની સમતા શિક્ષણ સંસ્થા તથા ઓપન લિંક્સ ફાઉન્ડેશન સામાજિક સેવા સંસ્થાઓને માસ્ટેક ફાઉન્ડેશન દ્વારા નાણાકીય સહાય તરીકે આપવામાં આવશે.

સંગીતપ્રેમીઓ માટે તહેવાર કહી શકાય.

ડોનેશન પાસ માટે સંપર્ક +૯૧ ૭૫૫૯૪ ૫૫૪૭૯ અથવા બુક માય શો પર ઉપલબ્ધ છે. ■

# ગુનેગારોની સાથે પોલીસ કોન્સ્ટેબલે પોલીસ સ્ટેશનમાં જ મનાવ્યો બર્થ-ડે

## બર્થ-ડે બોય અને હાજર અન્ય સાથીઓને કરાયા સસ્પેન્ડ

મુંબઈ: પિંપરી-ચિંચવડમાં પોલીસ સ્ટેશનમાં જ બર્થ-ડે સેલિબ્રેશન કરનારા કોન્સ્ટેબલ પર પોલીસ કમિશનરે કાર્યવાહી કરી છે. ભરરસ્તે રાતના ૧૨ વાગ્યાનો ડંકો વાગતાં જ સાંગવી પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ પ્રવીણ પાટીલના જન્મદિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમયે ચાર ગુનેગાર પણ હાજર હતા. આ ગુનેગારોએ જ પોલીસની બર્થ-ડે પાર્ટીનું આયોજન કર્યું હોવાની વાત બહાર આવતાં સિનિયર અધિકારીએ આ અંગે ગંભીર નોંધ લઇને પ્રવીણ પાટીલ અને તેની સાથેના કર્મચારીઓને સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરી હતી. હવે બર્થ-ડેનું આયોજન કરનારા ગુનેગારો વિરુદ્ધ ગુનો નોંધાશે કે કેમ, એની તરફ બધાની નજર છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાતના ૧૨ના ટકોરે પ્રવીણ પાટીલના જન્મદિવસ નિમિત્તે પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં જ રસ્તા પર ટેબલ ગોઠવવામાં આવ્યું હતું. તેના પર કેક રાખીને ફટાકડા પણ ફોડવામાં આવ્યા. આટલું જ નહીં આના માટે ડ્રોનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. ■

# વીજપુરવઠા માટે સ્માર્ટ મીટર બનશે ફરજિયાત

## પાંચ વર્ષમાં આપીશું ૧૦ ટકાની સવલત: ઘરનાં વીજજોડાણો સ્માર્ટ મીટર કરવા માટે મુખ્ય પ્રધાનની અપીલ

મુંબઈ: રાજ્યમાં હવેથી સ્માર્ટ મીટર ફરજિયાત બનાવવાનો ઉલ્લેખ શુક્રવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કર્યો હતો. ઘરનાં વીજજોડાણો સ્માર્ટ મીટર કરવા માટે મુખ્ય પ્રધાને અપીલ કરી હતી અને તેઓને પ્રિપેડ મીટર ન લગાવવા માટે પણ જણાવ્યું હતું. ફડણવીસે એવી પણ જાહેરાત કરી હતી કે પાંચ વર્ષ દરમિયાન બિલમાં ૧૦ ટકાની સવલત આપવામાં આવશે.

છેલ્લા એક વર્ષ દરમિયાન સ્માર્ટ મીટર એ રાજ્યમાં સૌથી મોટો ચર્ચાનો વિષય રહ્યો છે. મોબાઈલ રિચાર્જ પ્રમાણે વીજબિલને પણ રિચાર્જ કરી શકાય એવા ઉદ્દેશથી સ્માર્ટ મીટર શરૂ કરવામાં આવ્યાં હતાં. મહાવિતરણ દ્વારા અનેક ઠેકાણે મીટર લગાવવામાં પણ આવ્યાં હતાં. જોકે વીજળીનું બિલ વધારે આવવાની ફરિયાદો સામે આવવા લાગતાં તેનો જોરદાર વિરોધ ઊઠ્યો હતો. ■











**સમસ્યાને વાચા આપતું રેતશિલ્પ:** દેશમાં છોકરીઓના શિક્ષણનું પ્રમાણ વધ્યું છે પણ હજી જોઈએ એટલું નથી વધ્યું. આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની પૂર્વસંધ્યાએ જુહુ પર જાણીતાં રેતશિલ્પકાર લક્ષ્મી ગૌડે નવ બાય સાત ફૂટનું છોકરીઓમાં શિક્ષણના અભાવની સમસ્યાને દર્શાવતું અદ્‌ભુત રેતશિલ્પ બનાવ્યું હતું.

# પુરુષો કરતા મહિલાઓ વધુ ચિંતામાં: આત્મહત્યાનું પ્રમાણ પણ વધુ છે

મુંબઈ: વૈશ્વિક મહિલા દિન નિમિત્તે એક ચોંકાવનારો અભ્યાસ સામે આવ્યો છે જેમાં પુરુષો કરતા મહિલાઓમાં ચિંતા અને નિરાશાનું પ્રમાણ વધુ હોવાનું અને વૈશ્વિક સ્તરે આ સમસ્યા વધુ વ્યાપક હોવાનું જણાવાયું છે. આદિત્ય બિરલા એજ્યુકેશન ટ્રસ્ટના એમ્પાવર ટીમે આ અભ્યાસ રજૂ કર્યો ચે.

ભારતમાં પુરુષોની સરખામણીમાં મહિલાઓમાં આ સમસ્યા બમણી હોઇ તેને કારણે ૧૮-૩૯ વર્ષની મહિલાઓમાં આત્મહત્યાનું પ્રમાણ ૩૬.૬ ટકા છે.


ભારતીય મહિલાના માનસિક આરોગ્ય બાબતનો અનવ્હેલિંગ ધ સાયલેન્ટ સ્ટ્રગલ ડેટા રજૂ કરવામાં આવ્યો હતો. ૧.૩ મિલ્યન પર અભ્યાસ કરવામાં આવ્યો હતો જેમાં કોલેજના વિદ્યાર્થિની, કોર્પોરેટ વ્યવસાયિક, ગ્રામીણ મહિલા અને સશસ્ત્ર દળની મહિલાઓના માનસિક આરોગ્ય સંબંધિત અભ્યાસ કરવામાં આવ્યો જેમાં મહિલાઓમાં આ સમસ્યા વધુ અને વ્યાપક હોવાનું જાણવા મળ્યું હતું. નિષ્ણાતે જણાવ્યું હતું કે મુંબઈની મહિલાઓ સમક્ષ વધુ પડકારો હોય છે તેથી તેઓમાં ચિંતા અને તાણનું પ્રમાણ પણ વધુ હોય છે. નિર્ણય લેવાની સ્વાયત્તતા, આર્થિક રીતે બીજા પર નિર્ભર રહેવું, એકલા હાથે બાળકોનો ઉછેર, પ્રજનન ક્ષમતા અને હોર્મોનલ ચિંતા વગેરે મુદ્દાઓ ચિંતાનો વિષય છે.

આ સમસ્યાઓમાં સમયસર હસ્તક્ષેપ કરવાનું જરૂરી છે. યોગ્ય ઉપચાર અને થેરેપી દ્વારા તેઓ પોતાનું જીવન સારી રીતે જીવી શકે છે, એમ તેમનું કહેવું છે. ૪૭ ટકા મહિલાઓ નિંદ્રાની સમસ્યાથી પીડાય છે જેમાં મોટા ભાગે ૧૮-૩૫ વર્ષની મહિલાનો સમાવેશ થાય છે. ૩૮ ટકા મહિલાઓ કરિયરની અને આર્થિક ચિંતા, ૪૨ ટકા તાણને કારમે, ૮૦ ટકા મહિલાઓ પ્રસૂતિની રજા અને કામની જગ્યાએ અડચણો હોવાને કારણે પીડાય છે. ■
















# આવતાં ૧૦ વર્ષમાં આ ત્રણ મહિલા ક્રિકેટરના અસરદાર પર્ફોર્મન્સ જોવા મળી શકે

નવી દિલ્હી: આજે (૮મી માર્ચે) આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે અસંખ્ય ભારતીય મહિલા ક્રિકેટરો અને ઍથ્લીટોના પર્ફોર્મન્સને તેમ જ સિદ્ધિઓને યાદ કરવામાં આવશે અને બિરદાવવામાં આવશે, પરંતુ અહીં આપણે એવી ત્રણ ભારતીય ક્રિકેટરની વાત કરવાની છે જેમના ભાવિ પર્ફોર્મન્સીસ આવતા ૧૦ વર્ષમાં સમગ્ર ક્રિકેટ જગતનું ધ્યાન ખેંચી શકે.

ભારતે ક્રિકેટ જગતને ડાયના એદલજી, મિતાલી રાજ અને ઝુલન ગોસ્વામી સહિત ઘણી ખ્યાતનામ ખેલાડીઓ આપી છે. આ ખેલાડીઓએ પોતાની ક્રિકેટ સંબંધિત લાક્ષણિકતાઓ તથા ટૅલન્ટથી સૌને આકર્ષિત કર્યા છે, જ્યારે વર્તમાન ક્રિકેટની વાત કરીએ તો સ્મૃતિ મંધાના, હરમનપ્રીત કૌર, જેમાઇમા રૉડ્રિગ્સ, દીપ્તિ શર્મા, શેફાલી વર્મા, રેણુકા સિંહ ઠાકુર વગેરે ખેલાડીઓ હાલમાં ભારતનું અને મહિલાઓની આઇપીએલ તરીકે ઓળખાતી વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)માં પોતાની ટીમનું નામ રોશન કરી રહી છે.

અહીં આપણે એવી ત્રણ આશાસ્પદ ભારતીય ક્રિકેટરની વાત કરવાની છે જેમનું ભાવિ તેમના વર્તમાન પર્ફોર્મન્સની દૃષ્ટિએ ઉજ્જવળ જણાય છે.

(૧) રિચા ઘોષ: ૨૧ વર્ષની વિકેટકીપર-બૅટર રિચા ઘોષ જેવી બહુ ઓછી મહિલા ક્રિકેટરો છે જેઓ પોતાની બે પ્રકારની મોટી જવાબદારીઓથી ક્રિકેટજગતમાં અનેરી પ્રતિભા ધરાવે છે. પશ્ચિમ બંગાળમાં જન્મેલી રિચા પાંચ વર્ષથી ભારતીય ટીમમાં છે. તેણે ૬૨ ટી-૨૦માં ૧૪૨.૧૩ના સ્ટ્રાઇક-રેટથી ૯૮૫ રન બનાવ્યા છે. ૩૧ વન-ડેમાં તેના નામે ૬૯૦ રન છે. અન્ડર-૧૯ ટી-૨૦ વર્લ્ડ કપ વિજેતા રિચા છેલ્લા થોડા મહિનાઓમાં ભારતીય ટીમને ઘણી મૅચો જિતાડી ચૂકી છે.





(ડાબેથી જમણે) વિકેટકીપર-બૅટર રિચા ઘોષ તેમ જ કાશ્વી ગૌતમ અને પ્રતિકા રાવલ. આવનારા વર્ષોમાં આ ત્રણ ખેલાડી ભારતનું નામ રોશન કરી શકે

(૨) કાશ્વી ગૌતમ: ૨૧ વર્ષની કાશ્વી ગૌતમ હાલમાં ડબ્લ્યૂપીએલમાં સ્પિન-ઑલરાઉન્ડર તરીકે છવાઈ ગઈ છે. ચંડીગઢમાં જન્મેલી ગુજરાત જાયન્ટ્સની આ સ્ટાર ખેલાડી ડબ્લ્યૂપીએલ-૨૦૨૫માં નવ વિકેટ લઈ ચૂકી છે અને તમામ બોલર્સમાં સંયુક્ત રીતે બીજા સ્થાને છે. તે બૅટિંગમાં પણ ઉપયોગી બને છે.

(૩) પ્રતિકા રાવલ: ૨૪ વર્ષની આ સાયકૉલૉજીની વિદ્યાર્થિની અને યુવા બૅટરે તાજેતરમાં ભારત વતી ધમાકેદાર કારકિર્દી શરૂ કરી હતી. કરીઅરની પહેલી છ ઇનિંગ્સમાં ૪૪૪ રન ફટકારી ચૂકેલી પ્રતિકાની ૭૪ની બૅટિંગ-ઍવરેજ છે. આ છ દાવમાં તેની એક સેન્ચુરી અને ત્રણ હાફ સેન્ચુરી સામેલ છે. આ દમદાર શરૂઆતને લીધે તે આવતા ૧૦ વર્ષમાં ઘણી સિદ્ધિઓ મેળવશે એની ક્રિકેટ-નિષ્ણાતોને ખાતરી છે. ■

# લેનિંગની કૅપ્ટન્સ ઈનિંગ્સ, પણ આઠ રન માટે 'પ્રથમ સદી' ચૂકી ગઈ

લખનઊ: મહિલાઓની આઇપીએલ એટલે કે વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)માં ગઈ કાલે દિલ્હી કૅપિટલ્સને કૅપ્ટન મેગ લેનિંગે (૯૨ રન, ૫૭ બૉલ, એક સિક્સર, પંદર ફોર) તેની ટીમને ૧૭૭/૫નો પડકારરૂપ સ્કોર અપાવ્યો હતો. જોકે આ વખતની ટૂર્નામેન્ટની પ્રથમ સદી આઠ રન માટે ચૂકી ગઈ હતી.

ગુજરાત જાયન્ટ્સે બૅટિંગનું આમંત્રણ આપ્યા પછી દિલ્હીની ટીમે ધમાકેદાર શરૂઆત કરી હતી. લેનિંગ અને શેફાલી વર્મા (૪૦ રન, ૨૭ બૉલ, ત્રણ સિક્સર, ત્રણ ફોર) વચ્ચે ૮૩ રનની બહુમૂલ્ય ઓપનિંગ ભાગીદારી થઈ હતી.

ત્યાર બાદ કોઈ પણ બીજી બૅટરનો લેનિંગને લાંબા સમય સુધી સાથ નહોતો મળ્યો એમ છતાં લેનિંગ જાણે એકલા હાથે ટીમના સ્કોરને ૧૫૦-પ્લસ સુધી લઈ ગઈ હતી.

ઍનાબેલ સધરલૅન્ડે ૧૪ રન બનાવ્યા હતા જે દિલ્હીની ઇનિંગ્સમાં થર્ડ-હાઇએસ્ટ હતા.

ગુજરાત વતી મેઘના સિંહે ત્રણ તેમ જ ડીએન્ડ્રા ડૉટિને બે વિકેટ લીધી હતી.

કાશ્વી ગૌતમ, તનુજા કંવર, ઍશ ગાર્ડનર અને પ્રિયા મિશ્રાને એક પણ વિકેટ નહોતી મળી શકી.

પ્લે-ઑફમાં પહોંચવા ઝઝૂમી રહેલી ઍશ ગાર્ડનરના સુકાન હેઠળની ગુજરાતની ટીમે ખરાબ શરૂઆત કરી હતી અને આ અહેવાલ લખાઈ રહ્યો હતો ત્યાં સુધીમાં બીજી જ ઓવરમાં પ્રથમ વિકેટ ગુમાવ્યા બાદ ૧૨ ઓવરમાં બે વિકેટે ૯૭ રન બનાવ્યા હતા અને એણે જીતવા ૪૫ બૉલમાં બીજા ૮૦ રન બનાવવાના બાકી હતા.

આ મૅચ પહેલાં દિલ્હીની ટીમ પ્રથમ સ્થાને, મુંબઈની ટીમ બીજા નંબરે, ગુજરાતની ટીમ ત્રીજા ક્રમે, ડિફેન્ડિંગ ચૅમ્પિયન બેન્ગલૂરુની ટીમ ચોથા સ્થાને અને યુપીની ટીમ પાંચમા નંબરે હતી. ■

# મૅટ હેન્રી આવતી કાલે ડાઉટફુલ: ભારતને ફાયદો થઈ શકે

## ભારતની પાંચ વિકેટ લેનાર કિવીઓનો મુખ્ય ફાસ્ટ બોલર ફાઇનલમાં ખભાની ઈજાને લીધે ન પણ રમે

દુબઈ: આઇસીસી ટૂર્નામેન્ટોની અનેક ટ્રોફીઓ જીતી ચૂકેલા ભારત અને વારંવાર બહુમૂલ્ય ટ્રોફીથી વંચિત રહેનાર ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે આવતી કાલે દુબઈમાં (બપોરે ૨.૩૦ વાગ્યાથી) ચૅમ્પિયન્સ ટ્રોફીની રોમાંચક ફાઇનલ રમાશે એ પહેલાં ટીમ ઇન્ડિયાને ફાયદો થઈ શકે એવો એક અહેવાલ બહાર આવ્યો છે જેમાં જણાવાયું છે કે ન્યૂ ઝીલૅન્ડનો મુખ્ય ફાસ્ટ બોલર મૅટ હેન્રી ઈજાને કારણે આ નિર્ણાયક મુકાબલામાં કદાચ ન પણ રમે.



મૅટ હેન્રીને ખભામા ઈજા થઈ છે

આ સ્પર્ધાની સેમિ ફાઇનલમાં ભારતે ઑસ્ટ્રેલિયાને ચાર વિકેટે અને ન્યૂ ઝીલૅન્ડે સાઉથ આફ્રિકાને ૫૦ રનથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. કિવીઓના સ્ટાર ફાસ્ટ બોલર હેન્રીને સેમિ ફાઇનલમાં સાઉથ આફ્રિકાના વિકેટકીપર-બૅટર હિન્રિક ક્લાસેનનો કૅચ પકડતી વખતે ખભામાં ઈજા થઈ હતી. એ ઈજા બાદ હેન્રીએ બે ઓવર બોલિંગ કરી હતી અને એક સમયે બૉલ ઝડપવા માટે તે મેદાન પર ડાઇવ મારતો પણ જોવા મળ્યો હતો. કૅપ્ટન મિચલ સૅન્ટનરે હેન્રીના ફાઇનલમાં રમવા વિશે આશાવાદી પણ હતો, પરંતુ હેડ-કોચ ગૅરી સ્ટીડે કહ્યું છે કે ફાઇનલના ૪૮ કલાક પહેલાં હેન્રીની ફિટનેસને લગતી સ્થિતિ વિશે સ્પષ્ટ જાણ નહોતી થઈ.

હેન્રીએ બીજી માર્ચે ભારત સામેની અંતિમ લીગ મૅચમાં પાંચ વિકેટ લીધી હતી જેમાં શુભમન ગિલ (બે રન), વિરાટ કોહલી (૧૧ રન), હાર્દિક પંડ્યા (૪૫ રન), રવીન્દ્ર જાડેજા (૧૬ રન) અને મોહમ્મદ શમી (પાંચ રન)નો સમાવેશ હતો. બુધવારે હેન્રીએ સાત ઓવર બોલિંગ કરી હતી જેમાં તેણે સાઉથ આફ્રિકાના ઓપનર રાયન રિકલ્ટન (૧૭ રન) અને કૅગિસો રબાડા (૧૬ રન)ની વિકેટ લીધી હતી તેમ જ હિન્રિક ક્લાસેન (ત્રણ રન)નો કૅચ પણ ઝડપ્યો હતો.

હેડ-કોચ ગૅરી સ્ટીડે એવું પણ કહ્યું છે કે 'સેમિ ફાઇનલમાં ખભાની ઈજા થયા પછી પણ હેન્રી બે ઓવર બોલિંગ કરવા માટે પાછો આવ્યો એ અમારા માટે સકારાત્મક બાબત છે. અમે તેના ખભાના કેટલાક સ્કૅન કરાવ્યા છે અને અન્ય ચેક-અપ પણ કરાવ્યા છે. તે ફાઇનલ માટે પૂર્ણપણે ફિટ થાય એનો અમે તેને પૂરી તક દઈશું. જોકે તેની ફિટનેસ વિશેની સ્થિતિ હજી પણ પૂરી સ્પષ્ટ નથી. નીચે પડવાથી તેના ખભા પર શરીરનું વજન આવી ગયું હતું જેને કારણે તેને હજી દુખાવો છે. આશા રાખીએ છીએ કે તે ફિટ થઈ જશે.'

જો હેન્રી આવતી કાલની ફાઇનલ નહીં રમી શકે તો તેના સ્થાને જૅકબ ડફીને ભારત સામે રમવાનો મોકો મળી શકે. ■

### બન્ને દેશની સ્ક્વૉડ:

**ભારત:** રોહિત શર્મા (કૅપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન), કેએલ રાહુલ (વિકેટકીપર), વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, રિષભ પંત (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, વરુણ ચક્રવર્તી, મોહમ્મદ શમી, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ અને વૉશિંગ્ટન સુંદર. (નૉન-ટ્રાવેલિંગ સબસ્ટિટ્યૂટ: યશસ્વી જયસ્વાલ, મોહમ્મદ સિરાજ, શિવમ દુબે.

**ન્યૂ ઝીલૅન્ડ:** મિચલ સૅન્ટનર (કૅપ્ટન), કેન વિલિયમસન, વિલ યંગ, માઇકલ બ્રેસવેલ, માર્ક ચૅપમૅન, ડેવૉન કૉન્વે, કાઇલ જૅમિસન, મૅટ હેન્રી, ટૉમ લેથમ (વિકેટકીપર), ડેરિલ મિચલ, વિલ ઑ'રુરકે, ગ્લેન ફિલિપ્સ, રચિન રવીન્દ્ર, જૅકબ ડફી, નૅથન સ્મિથ.

# એશિયન ક્રિકેટ કાઉન્સિલમાં શુક્લા અને શેલાર કરશે ભારતનું પ્રતિનિધિત્વ

દુબઈ: જય શાહ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના સૌથી યુવાન અધ્યક્ષ બન્યા એને પગલે હવે બીસીસીઆઇ વતી એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)માં કોણ પ્રતિનિધિત્વ કરશે એ નક્કી થઈ ગયું છે. ભારતીય ક્રિકેટ બોર્ડના ઉપ-પ્રમુખ અને કૉન્ગ્રેસના રાજ્યસભાના સંસદસભ્ય રાજીવ શુક્લા એસીસીના બોર્ડ ઑફ ડિરેક્ટર્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. ભાજપના નેતા તેમ જ બીસીસીઆઇના ભૂતપૂર્વ ખજાનચી આશિષ શેલાર એસીસીમાં એક્ઝિક્યૂટિવ બોર્ડ મેમ્બર તરીકેની જવાબદારી સંભાળશે.

પીટીઆઇના અહેવાલ મુજબ આ માહિતી બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયાએ આપી હતી.

અત્યાર સુધી જય શાહ એસીસીના બોર્ડમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા હતા. હાલ સુધી તેઓ એસીસીના પ્રમુખપદે હતા. જોકે હવે આઇસીસીના ચૅરમૅન બની ગયા હોવાથી તેમની જવાબદારીઓ હવે શુક્લા અને શેલારને સોંપાઈ છે.

એસીસીના નવા શાસનમાં પાકિસ્તાનના મોહસિન નકવી પ્રમુખપદ મેળવશે.

બહુચર્ચિત એશિયા કપ આગામી સપ્ટેમ્બરમાં યોજાશે. ભારતમાં આ સ્પર્ધા યોજવામાં આવશે, પરંતુ આઇસીસી સાથે થયેલી સમજૂતી મુજબ પાકિસ્તાન પોતાની ટીમને ભારત નહીં મોકલે એટલે પાકિસ્તાનની મૅચો તટસ્થ સ્થળે રમાશે.

એવું મનાય છે કે એશિયા કપમાં તટસ્થ સ્થળે ભારત-પાકિસ્તાન વચ્ચે ત્રણ મૅચ થઈ શકે એમ છે. ■

# બાવન વર્ષના સચિને ૬૪માંથી બાવન રન બાઉન્ડરીઝમાં બનાવ્યા

## માસ્ટર બ્લાસ્ટરની ફટકાબાજી પર ચાહકો આફરીન: ઇન્ટરનૅશનલ લીગમાં ૨૭ બૉલમાં ફટકારી હાફ સેન્ચુરી

વડોદરા: 'ક્રિકેટના ભગવાન' તરીકે ઓળખાતા સચિન રમેશ તેન્ડુલકરે બાર વર્ષ પહેલાં મેદાન પરથી નિવૃત્તિ લીધી, પરંતુ બાવન વર્ષની ઉંમરે પણ તે એક જ દાવમાં બાવન રન જો બાઉન્ડરીઝ (સિક્સર અને ફોર)થી બનાવી શકતો હોય તો કયો ક્રિકેટપ્રેમી તેના પર આફરીન ન થાય! સોશિયલ મીડિયામાં તેની આ ઇનિંગ્સ જોઈને અનેક ક્રિકેટપ્રેમીઓએ તેની પ્રશંસા કરતી સંદેશા પોસ્ટ કર્યા છે.

બુધવારે વડોદરામાં તેણે ઇન્ટરનૅશનલ માસ્ટર્સ લીગ (આઇએમએલ) ટી-૨૦ ટૂર્નામેન્ટમાં ઇન્ડિયા માસ્ટર્સ વતી રમીને ઑસ્ટ્રેલિયા માસ્ટર્સ સામેની મૅચમાં જે ફટકાબાજી કરી એ જોઈને ક્રિકેટજગત ચોંકી ગયું છે. ૨૪મી એપ્રિલે જીવનના બાવનમા વર્ષમાં પ્રવેશ કરનાર લિટલ ચૅમ્પિયન સચિને ૩૩ બૉલમાં ચાર સિક્સર અને સાત ફોરની મદદથી ૬૪ રન બનાવ્યા હતા. આ મૅચમાં તેની ટીમ (ઇન્ડિયા માસ્ટર્સ) જીતી નહોતી શકી, પણ સચિન વડોદરાના બીસીએ સ્ટેડિયમમાં ઉપસ્થિત હજારો પ્રેક્ષકો અને કરોડો ટીવી દર્શકોના દિલોદિમાગ પર ફરી છવાઈ ગયો હતો.



સચિન ૨૦૧૩ની ૧૬મી નવેમ્બરે વાનખેડે સ્ટેડિયમમાં વેસ્ટ ઇન્ડિઝ સામેની ટેસ્ટ મૅચ રમીને રિટાયર થયો હતો. તે એ નિવૃત્તિ પહેલાં જે સ્ટાઇલ, જોશ અને ઉત્સાહથી રમતો હતો એ તેનો અસલ અંદાઝ અહીં વડોદરાની બુધવારની મૅચમાં તેની શાનદાર ઇનિંગ્સ દરમ્યાન જોવા મળ્યો હતો.

ઑસ્ટ્રેલિયા માસ્ટર્સે શેન વૉટસન (૧૧૦ અણનમ, બાવન બૉલ, સાત સિક્સર, બાર ફોર) તથા વિકેટકીપર બેન ડન્ક (૧૩૨ અણનમ, ૫૩ બૉલ, દસ સિક્સર, બાર ફોર) વચ્ચેની બીજી વિકેટ માટેની ૨૩૬ રનની દર્શનીય ભાગીદારીની મદદથી ૨૦ ઓવરમાં એક જ વિકેટના ભોગે ૨૬૯ રન બનાવ્યા હતા. એમાં શૉન માર્શના બાવીસ રન પણ સામેલ હતા. ઇન્ડિયા માસ્ટર્સ વતી એકમાત્ર પવન નેગીને વિકેટ મળી હતી. તેણે ૩૪ રનના ખર્ચે માર્શની વિકેટ મેળવી હતી. એ સિવાય, વિનય કુમાર (૪-૦-૭૩-૦), અભિમન્યુ મિથુન (૪-૦-૪૬-૦), રાહુલ શર્મા (૪-૦-૪૨-૦), ઇરફાન પઠાણ (૨-૦-૩૧-૦), ગુરકીરત સિંહ (૧-૦-૧૫-૦) તેમ જ સ્ટુઅર્ટ બિન્ની (૨-૦-૨૮-૦)ને વિકેટ નહોતી મળી.

ઇન્ડિયા માસ્ટર્સ ટીમ વતી એકમાત્ર સચિન હાફ સેન્ચુરી ફટકારવામાં સફળ થયો હતો. વિકેટકીપર નમન ઓઝા (૧૯), સૌરભ તિવારી (૧), ઇરફાન પઠાણ (૧૧), યુસુફ પઠાણ (પચીસ), પવન નેગી (૧૪), સ્ટુઅર્ટ બિન્ની (બે), રાહુલ શર્મા (૧૮) વગેરે બૅટર્સ સારું રમવામાં નિષ્ફળ રહ્યા હતા.

જોકે સચિનની ધમાકેદાર ઇનિંગ્સ તેના અનેક ચાહકોના દિલોદિમાગને સ્પર્શી ગઈ છે. તેના ચાહકોએ 'એક્સ' (ટ્વિટર) પર તેને બિરદાવતી કમેન્ટ કરી છે:

(૧) 'ક્રિકેટોપિઆ' નામ ધરાવતા તેના ચાહકે લખ્યું: ફક્ત ૩૩ બૉલમાં ૬૪ રન! સાત ફોર અને ચાર સિક્સર...૧૯૩.૩૩નો સ્ટ્રાઇક-રેટ. બાવન વર્ષના સચિને જાણે ૧૯૯૦ના દાયકાનો જૂનો સમય પાછો લાવી દીધો. જાણે ૨૧ વર્ષનો સચિન બૅટિંગ કરી રહ્યો હોય એવું લાગ્યું.

(૨) સુહાસ ડી. નામના સચિનના ચાહકે લખ્યું: મારે ખાસ કહેવું જોઈએ કે એક તરફ ચૅમ્પિયન્સ ટ્રોફી ચાલી રહી છે ત્યારે સચિને પોતાની અસલ ઉત્કૃષ્ટ બૅટિંગથી આઇએમએલટી-૨૦ તરફ આપણા સૌનું ધ્યાન ખેંચ્યું છે.

(૩) 'આઉટ ઑફ કૉન્ટેક્સ્ટ ક્રિક...' નામ હેઠળ એક ક્રિકેટપ્રેમીએ લખ્યું છે: સચિન બાવન વર્ષનો થઈ ગયો છે, પણ હજીયે તે અસલ સ્ટાઇલના ઉમદા શૉટ રમી શકે છે. આ લેજન્ડ હજીયે પહેલા જેવો અસરદાર છે.

(૪) શેબાસ નામના ક્રિકેટલવરે લખ્યું છે: બાવન વર્ષે હજી એ જ ફૂટવર્ક અને એ જ પરફેક્શન!

(૫) 'એટ૧૦' નામ ધરાવતા સચિનલવરે લખ્યું છે: તે હજી મોટી ઉંમરનો થયો જ નથી. તે તો પોતાનો સુવર્ણકાળ લંબાવી રહ્યો છે.

(૬) 'ટોટલ ક્રિકેટ' સ્લગ ધરાવતા સચિનપ્રેમીએ લખ્યું: બાવન વર્ષની ઉંમરે ૨૭ બૉલમાં ૫૦ રન! ખરેખર તે ગૉડ ઑફ ક્રિકેટ છે....'સચિન રમેશ તેન્ડુલકર.'

(૭) આશિષ જાધવ નામના ક્રિકેટપ્રેમીએ સચિનની ઇનિંગ્સ વિશે લખ્યું: બાવન વર્ષની ઉંમરે તેની આ ઇનિંગ્સ કેમ અનોખી બની ગઈ જાણો છો? કારણ એ છે કે ઉંમર મોટી થવા છતાં તમારે આવી ઉમદા ઇનિંગ્સ રમવા તમારા શરીર/આંખોને તેમ જ પગની મૂવમેન્ટને બૉલના પેસ (ઝડપ)ને અનુરૂપ રાખવા પડે. આવું થાય તો જ આવી ઉત્કૃષ્ટ ઇનિંગ્સ રમી શકાય અને એ સચિને બતાવી આપ્યું છે. એટલે જ તો સચિન 'માસ્ટર ઑફ બૅટિંગ' તરીકે જગવિખ્યાત છે. ■

# બૉલ પર થૂંક લગાડવાનો પ્રતિબંધ પાછો ખેંચો: શમી

## ભારતીય ફાસ્ટ બોલરે આઇસીસીને કરેલી વિનંતીને સાઉધી-ફિલૅન્ડરનો પૂરો ટેકો



દુબઈ: ક્રિકેટના મેદાન પર રમતી વખતે બૉલ ચમકાવવા માટે એના પર થૂંક લગાડવા પરનો પ્રતિબંધ પાછો ખેંચી લેવા વિનંતી કરી છે જેને ન્યૂ ઝીલૅન્ડના પીઢ બોલર ટિમ સાઉધી અને સાઉથ આફ્રિકાના વર્નોન ફિલૅન્ડરે ટેકો આપ્યો છે.



બૉલ પર થૂંક કે લાળ લગાડવાની ફરી છૂટ આપવાની માગણી પાછળનો હેતુ રિવર્સ સ્વિંગની કળાને પાછી લાવવાનો છે.

મંગળવારે ભારતે ઑસ્ટ્રેલિયા સામેની સેમિ ફાઇનલ ચાર વિકેટે જીતી લીધી ત્યાર બાદ શમીએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે 'અમે રિવર્સ સ્વિંગ માટે ખૂબ પ્રયત્ન કરતા હોઈએ છીએ, પણ બૉલ પર થૂંક લગાડવાની છૂટ ન હોવાથી એ થઈ નથી શક્તા. અમે ઘણી વાર અપીલ કરી છે કે અમને બોલિંગ વખતે અમને બૉલ પર થૂંક લગાડવાની છૂટ આપો કે જેથી કરીને રિવર્સ સ્વિંગની કળા પાછી લાવી શકીએ અને મૅચને વધુ રસપ્રદ બનાવી શકીએ.'

મે, ૨૦૨૦માં કોવિડ મહામારી વખતે આઇસીસીએ બૉલને ચમકાવવા માટે એના પર થૂંક લગાડવા પર કામચલાઉ ધોરણે પ્રતિબંધ લાગુ કર્યો હતો. ત્યાર બાદ સપ્ટેમ્બર, ૨૦૨૨માં એ પ્રતિબંધને કાયમી ધોરણે લાગુ કરાયો હતો.

શમીએ આઇસીસીને જે વિનંતી કરી છે એમાં તેને સાઉધી અને ફિલૅન્ડરનો પણ પૂરો સાથ મળ્યો છે. તેઓ કહે છે કે ક્રિકેટમાં ખરેખર, રિવર્સ સ્વિંગની ગેરહાજરી ખૂબ વર્તાઈ રહી છે. ખાસ કરીને બૅટિંગ માટે વધુ અનુકૂળ હોય એવી પિચ પર બોલિંગની આ પ્રકારની કળા ખૂબ કારગત નીવડે, પણ બૉલ પર થૂંક લગાડવાની બોલરને પરવાનગી નથી એટલે એ કળા રજૂ નથી કરી શકાતી.

સાઉધીએ એક જાણીતી ક્રિકેટ વેબસાઇટને કહ્યું, 'વન-ડેમાં હવે ૩૦૦ અને ૩૫૦ રનનો ટીમ-સ્કોર સામાન્ય થઈ ગયો છે. એ જોતાં બોલરની તરફેણમાં પણ કંઈક સગવડ હોવી જોઈએ. મને એ નથી સમજાતું કે બૉલ પર થૂંક લગાડવાની છૂટ પાછી કેમ નથી લાવવામાં આવી રહી.'

ફિલન્ડરે તો ત્યાં સુધી કહ્યું કે 'બોલરને બૉલ પર થૂંક લગાડવાની જો છૂટ હોત તો બુધવારે ન્યૂ ઝીલૅન્ડ સામેની સેમિ ફાઇનલમાં સાઉથ આફ્રિકાના બોલર્સને ઘણો ફાયદો થયો હોત. બૉલ વધુ વપરાય એમ એની જે હાલત થાય એમાં જો એના પર બોલરને થૂંક લગાડવાની છૂટ હોય તે એ ચમકાવી શકાય અને અસરકારક બોલિંગ કરી શકાય.'

સાઉધીનું એવું પણ કહેવું છે કે 'વાઇટ બૉલ ક્રિકેટમાં (મર્યાદિત ઓવર્સની મૅચોમાં) બૉલ શરૂઆતમાં થોડો સમય જ રિવર્સ સ્વિંગ થતો હોય છે. જોકે રેડ બૉલમાં આ પ્રકારના સ્વિંગ પાછા કરી શકાય છે. વિશ્વના ઘણા મેદાનો પર (ભિન્ન હવામાન વચ્ચે) બૉલ પર પસીનાનો ઉપયોગ ઘણી વાર મર્યાદિત બની જતો હોય છે, જ્યારે બૉલ પર થૂંક લગાડવાની છૂટ હોય તો બોલરને ગમે ત્યારે ફાયદો થઈ શકે.' ■

# ગાવસકરે રોહિતને સલાહ આપી કે 'તું પચીસ ઓવર સુધી બૅટિંગ કરીશ તો...'

દુબઈ: આઇસીસીની ચારેય મોટી ઇવેન્ટ (વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ, વન-ડે વર્લ્ડ કપ, ટી-૨૦ વર્લ્ડ કપ અને ચૅમ્પિયન્સ ટ્રોફી)ની ફાઇનલમાં પહોંચનાર વિશ્વના એકમાત્ર કૅપ્ટન રોહિત શર્મા માટે બૅટિંગ-લેજન્ડ સુનીલ ગાવસકરે ઉપયોગી ટિપ્સ આપી છે. સનીએ તેના માટે સલાહ આપી છે કે જો તે પચીસ ઓવર સુધી પણ ક્રીઝ પર ટકી રહે તો પછીથી ભારત ૩૫૦ કે ૩૫૦-પ્લસના સ્કોર સુધી પહોંચી શકે.

વન-ડે ફૉર્મેટમાં સૌથી વધુ ત્રણ ડબલ સેન્ચુરી ધરાવતા અને ૨૬૪ રનનો વિશ્વ વિક્રમ ધરાવતા રોહિત વિશે સનીએ એક જાણીતી વેબસાઇટને કહ્યું છે કે 'જો રોહિત પચીસ ઓવર સુધી પણ ક્રીઝમાં ટકી રહે તો ભારતનો સ્કોર ૧૮૦થી ૨૦૦ આસપાસ પહોંચી શકે અને ત્યારે ભારતે જો અંદાજે બે વિકેટ ગુમાવી હોય તો પછીથી ભારતીય ટીમ ૩૫૦ રનનો કે ૩૫૦-પ્લસ રનનો જુમલો નોંધાવી શકે અને હરીફ ટીમને તોતિંગ લક્ષ્યાંક આપી શકે.'




ગાવસકરે એવું પણ જણાવ્યું કે 'રોહિતે આ બાબતમાં ખાસ વિચારવું જોઈએ. આક્રમક રમવું અલગ વાત છે અને પચીસથી ત્રીસ ઓવર સુધી ક્રીઝમાં ટકવું એ બીજી બાબત છે. એ માટે તેણે સંયમપૂર્વક રમવું જોઈશે. જો તે એવું કરશે તો વિદેશી ટીમના હાથમાંથી વિજય છીનવી શકશે.'

સનીએ એવું પણ કહ્યું કે 'શું બૅટરે માત્ર પચીસ-ત્રીસ રન બનાવીને ખુશ થવું જોઈએ? ના, જરાય ખુશ ન થવું જોઈએ. એટલે હું તેના માટે એવું જ કહીશ કે તે જો સાતથી નવ ઓવરને બદલે પચીસ ઓવર સુધી બૅટિંગ કરશે તો ટીમ પર એની બહુ સારી અસર પડશે.'

રવિવારે દુબઈમાં (બપોરે ૨.૩૦ વાગ્યાથી) ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે ચૅમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ રમાશે. ■

# વીક એન્ડ

## સ્પોર્ટ્સ મેન

યશવંત ચાડ
feedback@bombaysamachar.com



જસપ્રીત બુમરાહ



રોહિત શર્મા

# વર્ક લૉડ મૅનેજમેન્ટ? આ વળી કઈ બલા છે?

### જૂના બોલર્સ તેમ જ સ્કૂલ-કૉલેજના ખેલાડીઓની દિવસની ૩૦થી ૫૦ ઓવર બોલિંગની સરખામણીમાં વન-ડેમાં આપણા બોલર માંડ ૧૦ ઓવર બોલિંગ કરીને થાકી જાય છે!

ભારતીય ક્રિકેટ ટીમના સહાયક-કોચ રાયન ટેન ડૉશ્ચેટે તાજેતરમાં 'વર્ક લૉડ મૅનેજમેન્ટ'ની વાત કરી હતી. મેદાન પર ખેલાડીઓ પર કેટલો ભાર રહે એટલે કે ખાસ કરીને બોલિંગ કરવામાં બોલરની કેટલી શક્તિ વપરાય એની સંભાળ રાખવી. એક તો વન-ડેમાં બોલરે વધુમાં વધુ ૧૦ ઓવર બોલિંગ કરવાની હોય છે અને જો તેણે એ ૧૦ ઓવર વન-ડે મૅચમાં મધ્યાંતર બાદ એટલે કે પોતાની ટીમની બૅટિંગ થઈ ગયા પછીની ઇનિંગ્સમાં કરી હોય અને ત્યાર બાદની મૅચમાં પોતાની ટીમની પ્રથમ ફીલ્ડિંગ આવે તો એમાં ૧૦ ઓવર બોલિંગ કરવાની હોય તે એ તબક્કે 'વર્ક લૉડ મૅનેજમેન્ટ'નો સિદ્ધાંત લાગુ કરવામાં આવે છે. એમાં ટીમના તમામ બોલર્સને શારીરિક રીતે સુસજ્જ રાખી શકાય એ માટે બોલર્સને થાકથી દૂર રાખવા તેમ જ તેઓ દરેક વખતે જોશભેર બોલિંગ કરી શકે એ હેતુથી બધા બોલર્સને સહભાગી કરવા પડે કે જેથી કોઈ એક બોલરના શિરે બોલિંગનો બોજ રહે નહીં.

આ વળી શું? ફક્ત ૧૦ ઓવર બોલિંગ કરી અને ભાઈ થાકી ગયા! ખરેખર શું ૧૦ ઓવર બોલિંગ કરવાથી બોલર થાકી જાય ખરો? આ વાત હજમ નથી જ થતી. જૂના ક્રિકેટરો અને પ્રથમ કક્ષાની મૅચો રમી ચૂકેલા ખેલાડીઓ તો જાણે સમજ્યા, પરંતુ ગાઇલ્સ શીલ્ડ કે હૅરિસ શીલ્ડ રમતા મુંબઈના સ્કૂલના ખેલાડીઓ તેમ જ કૉલેજોના ક્રિકેટરો તો હસવા જ માંડે, કારણકે આવી ટીમોના બોલર એક ઇનિંગ્સમાં ૧૫થી ૨૦ ઓવર બોલિંગ સહેજે કરી લેતા હોય છે. તો શું આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ ફિટનેસની સઘન તાલીમ લીધા પછી પણ ૧૦ ઓવર બોલિંગ કરીને હાંફી જાય છે? આ વળી કેવું?

જેમ ઓજારની ધાર કાઢવાથી એ વધુ ધારદાર અને અસરદાર બને એમ બોલિંગનું પણ એવું જ છે. બોલર જેટલી વધુ બોલિંગ કરે એમ એ વધુ દમદાર અને અસરકારક બને. કોઈ પણ બોલરને પૂછો, તે કહેશે કે ઇનિંગ્સમાં જેમ બોલિંગ વધુ કરવામાં આવે એમ વધુ લય જાળવી શકાય, વધુ ચોકસાઈભરી બોલિંગ કરી શકાય, ઇકોનોમી-રેટ પણ સારો જાળવી શકાય તેમ જ વિકેટ અપાવતી લાંબા સમયની બોલિંગ કરવામાં શ્રમનો નહીં, પણ આનંદનો અનુભવ થતો હોય છે.

અહીં સવાલ એ થાય છે કે આ 'વર્ક લૉડ મૅનેજમેન્ટ' ભારત વતી મૅચો રમવા માટે જ છે કે પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વધુ શક્તિ ખર્ચાઈ જાય તો (હાજી, સમજી ગયા હશો કે...) પછી ઇન્ડિયન પ્રીમિયર લીગનું ભવિષ્ય શું?

વન-ડે મર્યાદિત ઓવર્સની હોય છે જેમાં બોલરે વધુમાં વધુ ૧૦ ઓવર બોલિંગ કરવાની હોય છે અને એમાં શું બોલર થાકી જાય? આ શક્ય જ નથી. માનવામાં જ નથી આવતું. કારણ એ છે કે કપિલ-બેદી ઍન્ડ કંપનીને મર્યાદિત ઓવર્સમાં ૧૦ ઓવર ઓછી લાગતી હતી. ટેસ્ટ મૅચમાં તેઓ ૩૦, ૪૦, ૫૦ ઓવર તો સહેજે કરી લેતા હતા. ત્યારે 'વર્ક લૉડ મૅનેજમેન્ટ' જેવું ક્યાં કંઈ હતું!

વર્તમાન બોલર્સમાં ખાસ કરીને મોહમ્મદ શમી નેટ પ્રૅક્ટિસમાં જેટલી વધુ બોલિંગ કરે એટલે તે એ તાલીમ પછીની મૅચમાં લયમાં આવી જતો હોય છે એની આપણા ક્રિકેટ સત્તાધીશોને જાણ હશે જ.

હા, જો કોઈ બોલર ઈજામુક્ત થઈને મેદાન પર વાપસી કરે ત્યારે તેના માટે 'વર્ક લૉડ મૅનેજમેન્ટ' લાગુ કરીને એટલે કે બોલિંગમાં તેને ત્રણથી ચાર ઓવરના નાના સ્પેલમાં બોલિંગ કરાવીને તેને ફરી લયમાં લાવી શકાય.

આશા રાખીએ કે 'વર્ક લૉડ મૅનેજમેન્ટ' જેવા ભારે શબ્દોને બદલે દરેક ખેલાડી શારીરિક રીતે સુસજ્જ રહીને પોતાનું ફૉર્મ જાળવી રાખે તો ચૅમ્પિયન્સ ટ્રોફી જેવી ટૂર્નામેન્ટ જીતતાં ભારતને કોઈ રોકી ન શકે. ખરી વાત છેને! ■



મોહમ્મદ શમી

## રોહિત, કેમ તું આડેધડ બૅટિંગ કરવા લાગ્યો છે? રવિવારે ન્યૂ ઝીલૅન્ડ સામેની ફાઈનલમાં ધૈર્યપૂર્વક રમજે...

રોહિત શર્માને આજકાલ થયું છે શું? પહેલા બૉલથી જ તેણે પહિટ ઑર ગેટ આઉટ'ની નીતિ અપનાવી છે કે શું? અને એ પણ ૫૦ ઓવરની મૅચમાં કે જેમાં ૩૦૦ બૉલ જેમાં ફેંકાવાના હોય એવી મૅચમાં? પ્રથમ ૧૦ ઓવરમાં એટલે કે પાવરપ્લેની આ ઓવર્સમાં (પહેલા ૬૦ બૉલમાં) જેટલા રન મળે એટલા ચોરી લેવાનો ઘણાનો હેતુ હોય છે, કારણકે ૩૦ યાર્ડના સર્કલની બહાર બે જ ફીલ્ડર હોવાથી રનનો ધોધ વહેવડાવી શકાય છે. જોકે આ બધું કાગળ પર જ સારું લાગે. હકીકતમાં ૫૦ ઓવરની વન-ડે કે જેમાં ૩૦૦ બૉલ રમવા મળે ત્યારે દરેક બૉલ પર એક રન કરો તો પણ ૩૦૦ રન સહેજે થઈ શકે.

આવું લખવું સહેલું છે, કારણકે આજકાલ ચુસ્ત ફીલ્ડિંગ વચ્ચે એ સંભવ નથી એ કબૂલ, પરંતુ ૫૦ ઓવરમાં વાઇડ બૉલ, નો બૉલ વગેરે મળે. એ ઉપરાંત ફીલ્ડિંગમાં પહેલી ૧૦ ઓવરમાં બે તથા છેલ્લી ૧૦ ઓવરમાં ૩૦ યાર્ડની બહાર મર્યાદિત સંખ્યામાં (પાંચ) ફીલ્ડર ઊભા રાખી શકાતા હોવાથી બૅટર આસાનીથી રનનો ઢગલો કરી શકે જો તેની ટીમના હાથમાં પૂરતી વિકેટો બચી હોય તો.

રોહિત શર્મા મહાન ખેલાડી જરૂર છે, પણ તેણે બૅટિંગમાં આવો ઉતાવળિયો અભિગમ અપનાવવાની જરૂર જ નથી. તે ક્રીઝ પર જેટલો લાંબો સમય રહે એટલો ભારતીય ટીમને ફાયદો થાય. તે અસલ કલાત્મક રમત રમે તો ટીમને જ લાભ મળે.

હાલમાં તે જે અપ્રોચથી રમી રહ્યો છે એના પરથી લાગે છે કે તે ટીમને પોતાની ઇચ્છાશક્તિ બતાવવા આડેધડ ફટકા મારીને રન ચોરી લેવા પોતાની કીમતી વિકેટ ફેંકી દેતા ગભરાતો નથી. આવું છે કે પછી તે પોતાની અસલ ટેક્નિક ભૂલી ગયો છે? પોતાની જ બૅટિંગની આવડતમાંથી તેનો વિશ્વાસ ડગમગી ગયો છે કે શું? વાસ્તવમાં જો રોહિત શરૂઆતમાં ટકી જાય તો પછીથી ટીમનો મોટો જુમલો નિશ્ચિત છે.

આશા રાખીએ કે રવિવારે દુબઈમાં ન્યૂ ઝીલૅન્ડ સામે બપોરે ૨.૩૦ વાગ્યે શરૂ થનારી ચૅમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં રોહિત પોતાની બહુમૂલ્ય વિકેટનું મહત્ત્વ સમજીને જવાબદારીપૂર્વક રમશે.

એના બદલે અત્યારે તો રોહિતના અસંખ્ય ચાહકોને અને અનેક ક્રિકેટ રસિકોને તેના હાલના બૅટિંગ અભિગમથી ચિંતા થઈ રહી હશે. ઘણાને થતું હશે કે રોહિતની આંખ કે તેની ટેક્નિક તેને પોતાને દગો તો નથી દઈ રહીને?

આશા રાખીએ, રોહિત સંયમપૂર્વક આક્રમક રમત બતાવશે. એ જ ભારતીય ટીમના અને ભારતીય ક્રિકેટના હિતમાં છે.

૧૯૮૫માં ઑસ્ટ્રેલિયામાં રમાયેલી વન-ડે સ્પર્ધામાં રવિ શાસ્ત્રીએ દરેક મૅચમાં લગભગ ૫૦ ઓવર સુધીની લાંબી ઇનિંગ્સ રમી હતી. તે એક છેડો સાચવી રાખીને ટીમનો મોટો જુમલો થાય એમાં મદદરૂપ થવાનો તેનો અભિગમ હતો. એ અપ્રોચે તેને 'ચૅમ્પિયન ઑફ ચૅમ્પિયન્સ'ના ખિતાબ સાથે ઑડી કાર જિતાડી આપી હતી.

જોકે એ વખતે રમતમાં અત્યારે છે એવા કાયદા નહોતા એ ઉલ્લેખ કરવો અસ્થાને નથી.

ટૂંકમાં, શરૂઆતમાં વિકેટ ટકાવી રાખીને પણ સિંગલ્સથી કે યોગ્ય પ્લેસિંગથી મોટા જુમલા નોંધાવી શકાય છે. રોહિત જો ક્રીઝમાં ટકી જાય તો પછી 'સ્કાય ઇઝ ધ લિમિટ' જેવું થઈ જાય. રવિવારે તે ધૈર્ય અને આક્રમક રમતના મિશ્ર અભિગમ સાથે રમશેને?

રોહિત આડેધડ બૅટિંગ કરવાને બદલે પોતાના અસલ અપ્રોચથી રમશે અને ટીમ ઇન્ડિયાને ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ચૅમ્પિયન બનાવશે એ વિશે 'મુંબઈ સમાચાર'ના અસંખ્ય વાચકોને 'ઑલ ધ બેસ્ટ'.

રોહિતને ફરી યાદ અપાવીએ કે 'વિકેટ ફેંકતો નહીં. રનનો ઢગલો જરૂર થશે જો ક્રીઝમાં ટકી રહીશ તો.'

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# પાલ્મિટોસ પાર્કનાં ઓલમોસ્ટ આઝાદ પક્ષીઓ...



કેનેરી ટાપુઓના માસપાલોમાસના રણમાં જ્યારે અમે અઘરો રસ્તો ખેડી રહ્યાં હતાં ત્યારે રેતીમાં એક ચળકતું બ્લુ પીંછું મળ્યું હતું. ત્યાં ગરમીમાં આમ તો ખાસ ઊડતાં પક્ષીઓ દેખાતાં ન હતાં, પણ જ્યારે એક બિલ ભરતી વખતે મારા વૉલેટમાંથી એ પીંછું ઊડીને નીચે પડ્યું ત્યારે એક સ્થાનિક દુકાનદારે અમને સમજાવેલું કે અહીં નજીકમાં એક બર્ડ પાર્ક છે, ત્યાંનાં પક્ષીઓ ઘણી વાર ઊડીને અહીં રણ પરથી નીકળતાં હોય છે. એમાંથી જ કોઈ પક્ષીનું પીંછું રણમાં ખરી ગયું હોવાની શક્યતા છે. ત્યારથી અમે તે બર્ડ પાર્ક જવાનું નક્કી તો કરી જ લીધેલું. વાંચવામાં એવું આવેલું કે ત્યાં આખો દિવસ વિતાવી શકાય તેમ છે. આમ પણ અમે એપાર્ટમેન્ટની બાલ્કનીમાંથી સનસેટ જોવાનો ટ્રેડિશન જાળવી રાખેલો એટલે તે પહેલાં તો અમારે ઘરે પાછાં આવી જ જવું પડતું. એવામાં પાછાં જવાનો દિવસ નજીક આવી ગયેલો, એટલે એક સવારે અમે નાસ્તો અને લંચ પેક કરીને તે બર્ડ પાર્ક તરફ નીકળી પડ્યાં.

પાર્કની બહાર એક મોટી સાઇકલની મેરેથોન માટે મેળો જામેલો હતો. આમ તો જ્યાં પણ જતાં ત્યાં ટૂરિસ્ટ સ્પોટની મેઇન હાઇલાઇટ સિવાય ભીડ દેખાતી નહીં. પાર્ક દરિયાથી દૂર, ટેકરીઓની વચ્ચે એકદમ આયોજનથી ગોઠવાયેલો લાગતો હતો. પાર્કનું સૌથી મોટું એટ્રેક્શન ત્યાંનો બર્ડ શો અને ડોલ્ફિન શો હતા. અમે આ પહેલાં ટેનેરિફેમાં ડોલ્ફિન શો તો જોઈ ચૂક્યાં હતાં, પણ અહીંની ડોલ્ફિનનાં પણ ઘણાં વખાણ સાંભળેલાં. ડોલ્ફિનને પાર્કમાં કેદ કરીને ન રાખવા માટે ઘણાં ટૂરિસ્ટ આવા પાર્કનો વિરોધ પણ કરે છે. હવે દુનિયામાં સતત દરેકને યોગ્ય લાગે તેવું જ કરવાનું તો શક્ય નથી હોતું. પાલ્મિટોસમાં દિવસમાં ડોલ્ફિન શો બે વાર હતો, અને બે પ્રકારના બર્ડ શો પણ. અમે તે બધાં વચ્ચે પૂરતો બ્રેક લઈને દરેક શોનો પૂરતો આનંદ લઈ શકાય તેવું આયોજન કરેલું.

અહીં માત્ર પક્ષીઓ અને ડોલ્ફિન જ નહીં, થોડાં આડાઅવળાં પ્રાણીઓ પણ હતાં. શરૂઆત એક મીરકેટના ઘરથી થઈ. તેમની બાજુમાં થોડા મગરનું ઘર હતું. જરા આગળ જઈને એક શાહૂડી ફેલાઈને બેઠી હતી. બધાં એકદમ મજેથી આનંદ કરી રહ્યાં હતાં. અમે પણ તેમને જોઈને હરખાઈ ગયેલાં. પહેલો શો માત્ર દસ મિનિટનો પક્ષીઓ સાથે મળવાનો હતો. તેમાં ખાસ તો નાનકડાં બાળકોને કાકાટુઝને પોતાના હાથે ખવડાવવાની મજા કરાવવાની હતી. એક વાર મુખ્ય બર્ડ શો માટે રસ્તો પકડ્યા પછી રસ્તામાં આવેલાં બીજાં ઘણાં અનોખાં પક્ષીઓ સાથે ફોટા પડાવવાનો મોકો મળ્યો. બર્ડ માટેનું સ્ટેજ મોટો ઢાળ ચઢીને છેક ટેકરીની ટોચ પર રાખવામાં આવેલું. પાર્કમાં તો લોકો છૂટાછવાયાં આંટા મારતાં હોય તેવું લાગતું હતું, પણ અહીં શો માટેનું થિયેટર ભરચક હતું.


બર્ડ એક્સપર્ટ એન્ટર થયો અને 'ગેમ ઓફ થ્રોન્સ' સિરીઝનું ટાઇટલ સોંગ વાગવા માંડ્યું. માહોલ કોઈ યુદ્ધ માટે કૂચ શરૂ થવાની હોય તેવો બની ગયો હતો. આ શોનું નામ હતું 'બર્ડ્ઝ ઓફ પ્રે' એટલે મિલિટરી, પોલીસ, યુદ્ધ દરમ્યાન વપરાતાં ઇગલ્સ, વલ્ચર અને એવાં ભવ્ય પણ જરા અગ્રેસિવ પક્ષીઓને મળવાનું હતું. ઘણાં એકદમ અમારા માથા પરથી ઊડી જતાં હતાં. મેઇન હોસ્ટ અને તેના સહાયકોની આસપાસ માંસના ટુકડા ખાવા માટે સ્ટેજ અને સીટિંગ એરિયાને ચક્કર લગાવતાં ઘણાં ઇગલ્સ ઊડીને એકદમ દૂર સુધી ચાલ્યાં જતાં. તેમાં એક બોલ્ડ ઇગલ તો એટલી દૂર ચાલી ગઈ કે કલાક સુધી પાછી ન આવી.


આમ તો આ બધાં પક્ષીઓનાં પોતાનાં મોટાં પાંજરામાં જ ઘર હતાં, પણ તેમને દિવસમાં ઘણો સમય ખુલ્લી હવામાં ઊડવા મળતું. અને તે મન પડે ત્યારે પાછાં આવતાં. આમ તો પક્ષીઓ ટ્રેઇન થયેલાં હતાં, પણ તેમને કોઈ સરકસની માફક પરફોર્મ કરવાનો ફોર્સ ન હતો. આમ જોવા જાઓ તો આ પક્ષીઓ અહીં નોકરી કરતાં હોય અને અહીં એપાર્ટમેન્ટમાં રહેતાં હોય તેવું પણ લાગે. શો દરમ્યાન જાણવા મળ્યું કે ક્યારેક અહીંથી ઊડી ગયેલી સમડીઓ દિવસો સુધી પાછી નથી આવતી. તે પછી થોડા કલાકોમાં બીજો એક શાંત પણ એક્ઝોટિક બર્ડનો શો જોયો તે દરમ્યાન અમને અમારું પેલું પીંછું જે પક્ષીનું હોઈ શકે તે પણ જોવા મળ્યું. મજાની વાત એ હતી કે તે પીંછું અમને અહીંથી પચાસ કિલોમીટર દૂર મળ્યું હતું. રસ્તામાં અલગ અલગ રંગોનાં પારાકીટ્સ પણ આવ્યાં. થોડાં તો પોપટની જેમ જે પણ બોલો તે સામે રિપીટ કરતાં હતાં.

હવે ડોલ્ફિન શોનો વારો હતો. ડોલ્ફિન પુલની સામે તો ભવ્ય ઓડિટોરિયમ બંધાવાયેલું. તેની સામે અને પાછળનું બેકગ્રાઉન્ડ ટેકરીઓ અને લીલોતરીનું હતું. એક પછી એક સીટ ભરાવા માંડી હતી. આ પહેલાં એક્વેરિયમમાં અમે અહીંની ડોલ્ફિનનું કઈ રીતે ધ્યાન રાખવામાં આવે છે તેની ડોક્યુમેન્ટરી જોઈ ચૂક્યાં હતાં. અહીં ડોલ્ફિન સાથે ફોટા પડાવીને તેમની સાથે અડધો કલાક વિતાવવાની અલગ ટિકિટ હતી. બાકી ૪૫ મિનિટના ડોલ્ફિન શોમાં તેમનો ડાન્સ, તેમનાં ગ્રીટિંગ્સ અને તેમને હસતી-રમતી જોવાની ઘણી મજા કરવા મળી ગઈ. ડોલ્ફિન બુદ્ધિશાળી હોય છે અને માણસો સાથે ઘણી સરળતાથી ઇન્ટરેક્ટ કરી શકે છે એ તો અમને ખબર હતી જ, પણ તેમને લાઇવ એક્શનમાં જોવાનો આનંદ અલગ જ હતો.

ડોલ્ફિન ભલે આ પાર્કની હાઇલાઈટ હોય, અમારા માટે તો અહીંનું આકર્ષણ પક્ષીઓ હતાં. એક પછી એક પક્ષીઓ સાથેનો અનુભવ યાદગાર બનતો જતો હતો. વચ્ચે ક્યાંક વાંદરા અને ક્યાંક પતંગિયાંનો વિભાગ પણ આવી ગયેલો. અમે વારંવાર પક્ષીઓ તરફ જ આવી જતાં હતાં. છેલ્લેછેલ્લે થોડા સાપ અને અજગર પણ દેખાઈ ગયેલા. પાલ્મિટોસની એક વાત મજાની લાગી. અહીંનાં પક્ષીઓ, પ્રાણીઓ અને કામ કરનારાં લોકો પણ મુલાકાતીઓ જેટલી જ મજા કરતાં હોય તેવું લાગતું હતું. ■








## આ વામમાર્ગીઓમાં પાંચ 'મ'કારનું ખાસ મહત્ત્વ એક યા બીજા સ્વરૂપે હંમેશાં દેખાયું છે. માંસ - મદિરા - મંત્ર - મૈથુન અને મૃત્યુ!

બાબા અલખઆનંદ કર્કશ અવાજે બોલ્યાઃ

'પહેરવાનાં કપડાં સિવાય તમારે કશું જ લેવાનું નથી. બધો સામાન તમારે અહીં રાખવો પડશે. આ નિશ્ચિત છે.'

'કૅમેરા, ટેપ?' મેં પૂછ્યું .

'કશું જ નહીં, એક ટોર્ચ પણ નહીં. તમારી ઘડિયાળ પણ અહીં મૂકી દેજો.' એણે દૃઢતાથી કહ્યું,

'અર્ધા કલાકમાં તમારે મારી સાથે નીકળવું પડશે. તૈયાર રહેજો.' એટલું કહી અલખઆનંદ ફરી અંદર ચાલ્યો ગયો.

હું અને શિવાનંદ એકબીજાને તાકતા ઊભા રહ્યા.

*************************

માંડલાના એ બ્રાહ્મણનું નામ પ્રેમશંકર હતું. એ પ્રેમાળ માણસે અમને પ્રેમથી જમાડ્યા. દરમિયાન જીપમાંથી બધો જ સામાન એમના પુત્રોએ લાવી એમના ઘરમાં મૂક્યો. અલખઆનંદનો સ્વભાવ વિચિત્ર અને અતડો હતો. એના હાથમાંનું ત્રિશૂળ એ જરાય રેઢું મૂકતો જ નહોતો. અમારી સાથે જમવા બેઠો ત્યારે પણ ત્રિશૂળને ખોળામાં લઈને જ બેઠો હતો. પ્રેમશંકર એ અઘોરી બાવાના વિચિત્ર વ્યવહારથી નારાજ હતા, પણ શિવાનંદના કારણે એ નભાવી લેતા હોય એમ મને લાગ્યું. શિવાનંદ પ્રત્યે પ્રેમશંકરને પુષ્કળ માન છે, એ તો એમના વર્તાવ પરથી જ દેખાતું હતું.

અલખઆનંદે મને અડધો કલાકમાં તૈયાર થવા કહ્યું હતું, પણ એમનું સ્ટેશન વેગન જ આવ્યું નહોતું. મેં મારો કૅમેરો, ટેપરેકોર્ડર વગેરે કીમતી સામાન શિવાનંદની મદદથી અને તેમના જ ભરોસે પ્રેમશંકરને ત્યાં રાખવાનું નક્કી કર્યું હતું. બે જોડ કપડાં સિવાય કશું જ મેં મારી સાથે લીધું નહોતું. દાઢીનો સામાન અને ટૂથબ્રશ પણ બાવા અલખઆનંદે મને લેવા દીધાં નહીં. એની પાસે એક જ જવાબ હતોઃ 'તમારે કપડાં સિવાય કશું જ લેવાનું નથી.' એ અઘોરી સાથે વિવાદ કરવાનો કોઈ અર્થ પણ નહોતો. શિવાનંદ અને પ્રેમશંકર પાસેથી જાણવા મળ્યું કે સાધના શિબિરમાં લગભગ સોએક અઘોરી બાવાઓ અને કેટલીક સ્ત્રી પણ છે. એમના માટેનો જરૂરી સામાન દરરોજ સ્ટેશન વેગન મારફતે પહોંચાડવામાં આવે છે. કેટલોક સામાન આજુબાજુના આદિવાસીઓ પાસેથી મેળવી લેવામાં આવે છે.

'આમ છતાં આ લોકો સ્થળને છૂપું કેવી રીતે રાખી શકયા છે?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'આ અઘોરી બાવાઓનો ડર એટલો છે કે સામાન્ય લોકો કે સત્તાવાળાઓ સુદ્ધાં એમની નજીક ફરકતા નથી. એ ઉપરાંત કેટલાક પ્રતિષ્ઠિત અને ઊંચી લાગવગ ધરાવતા લોકોનો પણ એમને સાથ છે.' પ્રેમશંકરે કહ્યું, પછી એમણે કંઈક સ્નેહ અને મમતાથી મને કહ્યુંઃ

'તમે શા માટે આ જોખમ ઉઠાવી રહ્યા છો?'

'ઘણાં કારણ છે એમાં ખાસ તો હું આને જોખમ ગણતો નથી. મારી માન્યતાઓ, મારા વિચારો કેટલે અંશે સત્યની નજીક છે એ પણ મારે ચકાસવું છે - આવી મુલાકાત વગર એ શક્ય નથી.'

'મારી એક વિનંતી સ્વીકારશો?' એમણે કહ્યું.

'કહો.'

એમણે ઊભા થઈને દીવાલમાંના એક ગોખલામાંથી એક મોટો દાબડો કાઢ્યો. દાબડો ખોલી એક આછા નીલા રંગના સ્ફટિકનું શિવલિંગ મારા હાથમાં મૂકી કહ્યુંઃ 'આને તમારી સાથે રાખજો.' એ તમારું રક્ષણ કરશે.'

મેં હસીને એમના હાથમાં શિવલિંગ પાછું મૂક્યુંઃ

'તમારી શુભ ભાવના માટે ખૂબ આદર કરું છું, પણ એને હું મારી સાથે લઈ જઈ શકીશ નહીં. એ સાથે લઈ જઉં તો મારા જવાનો અર્થ જ ન રહે.' એ પ્રેમાળ વૃદ્ધ બ્રાહ્મણ મારી સામે તાકી રહ્યો.

શિવાનંદે એમના ખભા પર હાથ મૂકી કહ્યુંઃ 'વહ ઠીક કહતે હૈ, કસોટી સિર્ફ શ્રદ્ધા કી નહીં હૈ, સ્વાભિમાન ઔર અપને મન કી કસૌટી હૈ, આપ બૂરા મત માનીએ.'

એટલામાં અલખઆનંદ પ્રવેશ્યોઃ

'ચલો અપના વેગન આ ગયા હૈ.'

હું, શિવાનંદ અને પ્રેમશંકર બહાર આવ્યા. મારા હાથમાં મારાં કપડાંની થેલી હતી. શિવાનંદે સ્નેહથી મારો હાથ દબાવ્યો. મેં કહ્યુ 'થોડા દિવસ પછી તમને હું અહીં મળીશ, છ-સાત દિવસ પછી.'

'ચોક્કસ', શિવાનંદ બોલ્યા.

'પાછા ફરતાં એક દિવસ તમારે મારે ત્યાં રોકાવું પડશે.' પ્રેમશંકરે કહ્યું.

મેં જવાબમાં ફક્ત હાથ ઊંચો કરી સમ્મતિ આપી.

સ્ટેશન વેગન પાછળના ભાગમાં કોથળા અને ડબ્બાઓથી ચિક્કાર ભર્યું હતું. આગળની સીટમાં ડ્રાઈવર હતો. એની બાજુમાં પેલો પ્રચંડ અલખઆનંદ બેસે તો મારી સ્થૂળ કાયા માટે ત્યાં ભાગ્યે જ જગ્યા રહે એટલે મેં કહ્યુંઃ

'હું અહીં પાછળ આ સામાનની બાજુમાં જગ્યા કરી લઈશ.'

'ઠીક હૈ.' અલખઆનંદે કહ્યું.

શિવાનંદ અને મેં થોડો સામાન આમ તેમ ખસેડી પાછળ જગ્યા કરી. એ સાંકડી જગ્યામાં ટૂંટિયુંવાળીને ભરાયો. બન્નેની વિદાય લઈ મેં દરવાજો બંધ કર્યો. ગઈ આખી રાતનો ઉજાગરો અને આખા દિવસની થકવી નાખે એવી મુસાફરીના કારણે મારી આંખો ભારે ભારે થઈ ગઈ હતી. આમ છતાં ઊંઘવાની ઇચ્છા નહોતી થતી. એકાદ ઝોકું આવતું અને ફરી આંખો ખૂલી જતી. અલખઆનંદ ચરસવાળી ચલમ ફૂંકતો હતો. એની તીવ્ર વાસ પણ મને જંપવા દે એમ નહોતી. કેટલો સમય એમને એમ પસાર થયો એ પણ ખબર ન પડી. એ પછી મને લાગ્યું કે, સ્ટેશન વેગન ઊભું રહ્યું છે. હું એમ જ પડ્યો રહ્યો.

અચાનક દરવાજો ખોલી અલખઆનંદ મારી સામે આવી ઊભો રહ્યો. અંધારામાં પણ એની આંખો હિંસક પશુની જેમ ચમકતી હતી. એક થર્મોસમાંથી પ્યાલામાં કંઈક પ્રવાહી રેડી એ બોલ્યોઃ 'એ પી લીજિયે દૂધ હૈ.'

કોઈ પણ જાતની દલીલ વગર હું ગટગટાવી ગયો. એ પછી શું થયું તે મને ખબર ન પડી.

*****************

અલખઆનંદ જોરશોરથી મને હલબલાવી રહ્યો હતો. ઝબકીને આંખો ખોલી ત્યારે મારી સામે દસેક આદિવાસી લાગતાં સ્ત્રી-પુરુષો ઊભાં હતાં. બસ્તર વિભાગની જે મેં તસવીરો જોઈ હતી એમાં મેં એવો વેશ પહેરેલા આદિવાસીઓ જોયા હતા.... આછું અજવાળું ચારે બાજું ફેલાયું હતું. મેં ચારે તરફ નજર ફેરવી. જે તરફથી સ્ટેશન વેગન આવ્યું હતું ત્યાં તાજું ઘાસ ચગદાયેલું હતું. ચારે બાજું ઊંચાં ઊંચાં વૃક્ષો હતાં. શેનાં હતાં તે મને ખબર નથી. શિવાનંદ સાથે હોત તો એણે એકએક વૃક્ષને ઓળખી બતાવ્યું હોત. બીજી તરફ ઊંચો પહાડ હતો.

'આ પહાડ ચડીને પેલી તરફ જવું પડશે.' અલખઆનંદ બોલ્યો.

મેં ઊંડો શ્વાસ લીધો. એ અઘોરી બાવો મારી તરફ તિરસ્કારથી જોઈ રહ્યો. પહાડ તો ગમે તેમ ચડી જઈશ, પણ બાવાનો તિરસ્કાર દૂર કરી શકીશ કે કેમ એ વિશે મને શંકા થવા લાગી હતી. મેં પ્રશંસાનું શસ્ત્ર વાપરવાનું નક્કી કર્યું.

'કુદરતે જો મને તમારી જેવું ખડતલ અને સુંદર શરીર આપ્યું હોત તો!' મેં પ્રશંસાથી એની તરફ જોઈ કહ્યું.

'ગાદી-તકિયા પર બેસી ફક્ત વિચારો કરવાથી કંઈ વળતું નથી, મહાશય અઘોરી બની સાધના કરો. શક્તિ પ્રાપ્ત થશે.' એ ગર્વથી બોલ્યો.

ઠીક છે તો આ બાવાને અઘોરી હોવાનું અભિમાન છે. મેં વિચાર્યું. હવે એને જીતવો સહેલો છે. એની નબળી નસ મારા હાથમાં આવી ગઈ હતી. પ્રથમ પ્રયાસે જ.

પહાડ ચડતાં પહેલાં કુદરતી હાજતો પતાવવી જરૂરી હતી. રાતના એ બાવાએ જે કંઈ પિવડાવ્યું હતું એનાથી મારું માથું પણ ભારેખમ લાગી રહ્યું હતું.

'ચા મળી જાય તો-' મેં અલખઆનંદ સામે જોઈ કહ્યું.

એ કંઈ પણ બોલ્યા વગર સ્ટેશન વેગનની આગળની સીટ પાસેથી એક થર્મોસ લાવ્યો. મેં પૂછ્યુંઃ 'રાતના જેવું પીણું તો નથી ને?'

'યહ અલગ હૈ, ચાય હૈ.' એના જવાબમાં કંઈક ફરક લાગ્યો. એટલે મેં રાહત અનુભવી. ખાસ તો ભયાનક જંગલ વચ્ચે પણ ચા મળી હતી એટલે દોઢ કપ જેટલી ચા પીધાં પછી માથું કંઈક હળવું થયું.

સ્ટેશન વેગનમાંનો સામાન પેલા આદિવાસીઓએ ઊંચકી લીધો હતો. બારેક આદિવાસીઓ, એમની પાછળ અલખઆનંદ અને સૌથી છેલ્લે હું હતો. જતાં જતાં મેં સ્ટેશન વેગનનો નંબર જોવાનો પ્રયત્ન કર્યો, પણ સ્ટેશન વેગનની નંબર પ્લેટ જ ગાયબ હતી!

સૂરજ ક્ષિતિજ પરથી થોડો ઉપર આવ્યો હતો. માર્ગ ખૂબ વિકટ હતો. થોડી થોડી વારે મારે શ્વાસ લેવા થોભવું પડતું હતું. મજૂરો તો આગળ નીકળી ગયા હતા. અલખઆનંદને પરાણે મારી સાથે રહેવું પડતું હતું એટલે થોડો ચીડાયો પણ હતો. એણે મને એક મોટી લાકડી આપી હતી, જેનાથી એ પહાડ ચડવો સુગમ થયો હતો. બેએક કલાક પછી અમે ટોચ પર પહોંચ્યા. ટોચ પર પુષ્કળ વૃક્ષો હતાં. એ વૃક્ષો વચ્ચે થોડું ચાલ્યા પછી એક ખુલ્લી જગ્યા પાસે લઈ જઈ અલખઆનંદે મને ત્યાંથી તળેટી બતાવી. એ સુંદર દૃશ્યને હું થોડીવાર જોઈ રહ્યો. પહાડની એકદમ નજદીક તળેટીમાં અંગ્રેજી અક્ષર 'યુ'ના આકારમાં એક મેદાન દેખાતું હતું. એના છાપરાંનાં લાલ નળિયાં કાળાં બની ગયાં હતાં અને મોટા ભાગમાં લીલ બાઝી હોવાના કારણે આજુબાજુના જંગલના લીલા રંગ સાથે આસાનીથી ભળી જતાં હતાં.

એ 'યુ' આકારની વચ્ચે ઉપરથી પણ કેટલાક મનુષ્યોની હાલચાલ દેખાઈ આવતી હતી. એમનામાંના કેટલાકનાં વસ્ત્રનો ચમકતો ભગવો રંગ કેસૂડાં ખીલ્યાં હોય એવો લાગતો હતો. હું કેટલોક સમય મંત્રમુગ્ધ બની એ દૃશ્યને જોઈ રહ્યો.

'ચલીએ હમે ભી વહાં હી જાના હૈ.'

પહાડનું ઉતરાણ ધાર્યું એટલું આસાન નહોતું. આ તરફ પથ્થર કરતાં માટી વધારે હતી અને વરસાદને કારણે કીચડ બની ગઈ હતી.

'આ જંગલમાં હિંસક પશુઓ છે?'

'ઘણાં. ખાસ કરીને વાઘ. વાઘ કરતાં અહીંના ભેંસા વધારે ભયાનક છે.'

'ભેંસા?'

'અંગ્રેજીમાં બાઈસન કહે છે.'

વિશાળ અણીદાર ભાલા જેવાં બન્ને બાજુ શિંગડાંવાળા કદાવર જંગલી પાડાની તસવીર મારી આંખ સામે ઊપસી આવી. ઝાડ પર વાંદરાઓ કૂદાકૂદ કરતા હતા અને થોડે દૂર હરણના ટોળામાંથી હરણ ડોક ઊંચી કરીને કાન અમારા તરફ ઊંચા કરીને જોઈ લેતાં હતાં.

'વો દેખો ઉસે કાળિયાર કહેતે હૈ!' અલખઆનંદે દૂર એક હરણ જેવા પણ ઊંચા અને કાળા જનાવર પ્રત્યે આંગળી ચીંધી કહ્યું. મને કાળિયાર જોવા કરતાં એના મારા પ્રત્યેના બદલાયેલા વલણથી આનંદ થયો હતો.

અમે છેક તળેટીમાં ઊતરી આવ્યા હતા.

થોડે દૂર પેલું ઉપરથી જોયેલું મકાન દેખાઈ રહ્યું હતું. એક કંપ, અગમ્ય લાગણી, એક વિચિત્ર અનુભૂતિ મને થવા લાગી.

ચારેક હજાર વર્ષ પહેલાં આ વામમાર્ગ કે અઘોરી પંથની સ્થાપના થઈ હશે એમ માનવામાં આવે છે. માનવી જેમ જેમ જીવન વિશે વિચારતો ગયો તેમ તેમ એ પ્રકૃતિથી વિમુખ થવા લાગ્યો. મૃત્યુના ભયે અને સ્વાભાવિક જિજીવિષાએ એને ધર્મની કલ્પના આવી. જીવનની ક્ષણભંગુરતાના કારણે કેટલાક તત્ત્વજ્ઞાનીઓ જીવનના મોજશોખથી ઉદાસીન બની ગયા. એમણે ત્યાગનો મહિમા ગાયો, સત્ત્વસંશુદ્ધિમાં ભોગો એમને બાધક લાગ્યા. સગુણ બ્રહ્મના વિચારે પરમાત્માની કલ્પનાને જન્મ આપ્યો. વેદાંત, તત્ત્વોનું, સાંખ્ય, શાસ્ત્ર, પુરુષ અને પ્રકૃતિનો ભેદ પાંડિત્યમાં અટવાયાં. સામાન્ય મનુષ્ય 'યોગ'માં માનસિક શાંતિ શોધવા લાગ્યો અને પછી અનેક ભ્રમણાઓમાં ફસાયો.

આનાથી સામા પક્ષે કેટલાક વિચારકોએ ભોગને પ્રાધાન્ય આપ્યું. એમના મૂળ વિચાર મુજબ એમને અવતાર આ સૃષ્ટિ પર એટલા માટે આપવામાં આવ્યો છે કે સ્વર્ગસમાન આ સૃષ્ટિનો એ યથેચ્છ ઉપભોગ કરી શકે. વેદકાળ યજ્ઞાદિક ક્રિયાકાંડોમાંથી જ આ વિચાર ઉદ્ભવ્યા હતા. તે સમયે ક્રિયાકાંડ ફક્ત પોતાના જીવનને સુખરૂપ બનાવવા યોજાતા હતા. આ બન્ને શાખા આશરે બેથી અઢી હજાર વર્ષ પહેલાં વધુ સ્પષ્ટ બની અને એકબીજાથી અલગ દેખાવા લાગી. લોકપ્રિય ત્યાગના માર્ગથી-વિચારથી સામી બાજુ જનારા બધા વામમાર્ગીઓ કહેવાયા. કાપાલિકો, અઘોરીઓ, તાંત્રિકો અને માંત્રિકો આમાં મુખ્ય હતા.

આ વામમાર્ગીઓમાં પાંચ 'મ'કારનું ખાસ મહત્ત્વ એક યા બીજા સ્વરૂપે હંમેશાં દેખાયું છે. માંસ, મદિરા, મંત્ર, મૈથુન અને મૃત્યુ. આ વામમાર્ગીઓ પશુઓનું બલિદાન તો આપે જ છે. માંસ ભક્ષણ પણ કરે છે અને તક મળે તો માનવ બલિદાન આપતાં પણ અચકાતા નથી. એમના મત મુજબ અન્ય વ્યક્તિની (એમના પંથની બહારની વ્યક્તિની) કોઈ કિંમત નથી. માંસાહાર એમના માટે સહજ છે. મદિરા પીવી એ એમનો ધર્મ છે. મદિરા ઉપરાંત ભાંગ, ગાંજા, ચરસનું સેવન પણ એ કરે છે. મંત્રશક્તિમાં એમને ગજબનો વિશ્વાસ છે. એમનું તંત્રશાસ્ત્ર મૈથુનના અનેક પ્રકારોથી ભર્યું પડ્યું છે. એ વામમાર્ગીઓ જીવનની શરૂઆત જન્મથી નહીં, પણ મૈથુન-સંભોગથી ગણે છે. મૈથુનથી શક્તિ પ્રાપ્ત થાય છે એમનું દૃઢપણે માનવું છે. સ્ત્રીને આ વામમાર્ગીઓ પ્રકૃતિ સ્વરૂપ ગણે છે અને પુરુષે એને યથેચ્છ ભોગવવી જોઈએ એમ એમનું માનવું છે. એમના તંત્રશાસ્ત્રમાં અનેક યંત્રોની રચના છે. આ યંત્રો ભૂમિતિના અનેક આકારનાં સંયોજન જેવાં છે.

એમાંય શિવલિંગને આ અઘોરીઓ પુરુષ અને પ્રકૃતિના સંભોગનું પ્રતીક માને છે. કેટલાક વામમાર્ગીઓ શક્તિની પૂજા કરે છે. મહાકાલી અને ચામુંડાની પૂજા આમાં મુખ્ય છે. શિવમંદિર પર મૈથુનની આકૃતિઓ ન હોય તો આ અઘોરીઓ એવાં મંદિરો પર હલ્લો કરી એને તોડી નાખતાં એમ પણ કહેવામાં આવે છે. સ્ત્રીઓ સાથે અનેક પ્રકારે શરીરનું સંયોજન કરી કલાકો સુધી એ જ દશામાં પડી રહીને આ અઘોરીઓ અલૌકિક શક્તિ પ્રાપ્ત કરે છે. એમની કોઈ પણ સાધના માંસ, મદિરા, મંત્ર, મૈથુન અને મૃત્યુ વગર પૂરી થતી નથી. મૃત્યુને આ અઘોરીઓ સ્વાભાવિક ગણે છે. માનવ ખોપરીઓને એ લોકો પાત્ર તરીકે વાપરે છે. એ ખોપરીમાં જ ખાવું અને પીવું એમના માટે સ્વાભાવિક છે. એક સમયે કુંભના મેળામાં એક અઘોરીએ મને કહ્યું કે એના હાથમાં જે ખોપરી છે તે એના ગુરુની છે! જીવન પ્રત્યેનું તેમનું તત્ત્વજ્ઞાન એક જ શબ્દમાં સમાવવું હોય તો એને 'ભોગ' કહી શકાય.

મંત્રશક્તિના આ અઘોરીઓ જબરા ઉપાસક હોય છે. મેં વર્ષો પહેલાં એક એવો અઘોરી જોયો હતો જે પોતાનાં બધાં જ કામ મંત્રથી કરતો. મંત્રથી એ પોતાની ચલમ સળગાવતો અને મંત્રથી જ પોતાના ખાલી ખપ્પરમાં મદિરા ભરી દેતો હતો. મૂઠ મારવી, યેતુ વિદ્યાથી બીજાના તનમન પર કબજો મેળવવો કે વશીકરણથી ગમે તે સ્ત્રીને પોતાના વશમાં કરવી, આ અઘોરીઓ માટે સ્વાભાવિક અને સહજ મનાય છે.

મારા મત મુજબ આ બધી જ માનસિક શક્તિઓ છે. ફરક માત્ર એટલો છે કે એ ખોટા માર્ગે મેળવવામાં આવે છે અને ફક્ત સંહારના કામ માટે જ એનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આ વામમાર્ગીઓ હંમેશાં સત્તાલાલસામાં ફસાયેલા રહ્યા છે. સીધેસીધા સત્તા હાંસલ કરવામાં એ માનતા ન હોય તોપણ ભારતનો મધ્યકાલીન ઇતિહાસ એવા વામમાર્ગીઓથી ભર્યો પડ્યો છે, જેમણે રાજાઓ પર પોતાનો અધિકાર જમાવી સત્તા ભોગવી હોય.

અમે પેલા મકાનની નજીક પહોંચ્યા.

અહીં તળેટીમાં પથ્થરથી બાંધેલું એ મકાન મજબૂત દેખાતું હતું. એક ખૂણામાં લાકડાનો ઊંચો માંચડો બાંધવામાં આવ્યો હતો. મેં અનુમાન કર્યું કે કોઈ રાજાએ પોતના શિકારના શોખને પોષવા માટે એ બાંધકામ કર્યું હોવું જોઈએ. એ મકાનની બહાર કૂવા પર કેટલાક અઘોરીઓ પાણી ખેંચી રહ્યા હતા. એ બધા અલખઆનંદ જેવા ભયાનક વેશવાળા નહીં, પણ ભગવા વસ્ત્ર પહેરેલા અને સામાન્ય સાધુના દેખાવના હતા. અમને જોઈ એમાંના પાંચેક યુવાન બાવા અમારી તરફ આવ્યા. એમણે અલખઆનંદને અભિવાદન કર્યું અને મારા તરફ જોઈ પૂછ્યુંઃ

'યહિ હૈ ક્યા તૂમ્હારે અતિથિ?'

'હા.' અલખઆનંદે હસીને કહ્યું.

એમાંના એકે મારી તરફ વ્યંગભરી નજરે જોઈ કહ્યુંઃ

'ચલેગા, બલિદાન કે લિયે અબ બકરે કી કોઈ જરૂરત નહીં પડેગી.'

આ સાંભળી બધા બાવા ખડખડાટ હસી પડ્યા. એમના આવા ઉદ્ધત વ્યવહારથી હું સમસમી ઊઠયો. એ પછી તો એમણે જે એક પછી એક મારી મજાક ઉડાવવા માંડી એ મેં માંડ સહન કરી. ચૂપચાપ એમને સાંભળી લીધાં સિવાય મારો છૂટકો નહોતો. ચોક્કસ, મેં આવા સ્વાગતની આશા તો રાખી જ નહોતી!

મારા ચૂપ રહેવાથી એ થોડા શાંત પડ્યા એટલે મેં એમને કહ્યુંઃ

'જુઓ હું તમને જોવા, તમને મળવા, તમને સમજવા, તમારી શક્તિઓને ઓળખવા આવ્યો છું. મને મિત્ર તરીકે સ્વીકારશો તો તમારો હું આભારી થઈશ.' મેં બને એટલા નમ્ર બની કહ્યું.

'મિત્ર, હમારી શક્તિયાં દેખોગે?' એ ટોળામાંના એક યુવાન ટીખળી અઘોરીએ મને કહ્યું.

'અવશ્ય.'

'હાથ દિખા તેરા.' એણે આજ્ઞા કરી. મેં મારો જમણો હાથ એની તરફ ધરી દીધો. મારો હાથ પકડી એ મારી આંખોમાં આંખો પરોવી જોતો રહ્યો. એની તેજસ્વી આંખોમાં એક વિચિત્ર પ્રકારની ઘાતક અસર હતી. એક અદૃશ્ય ભયની આછી ધ્રુજારી મારા શરીરમાંથી પસાર થઈ ગઈ.

'અબ યહ હથેલી યે દીવાલ પર રખો.' એણે આજ્ઞા કરી. મેં યંત્રવત્ મારો પંજો સામેની દીવાલ પર મૂક્યો.

'અબ યહ ચિપક જાયેગી.'

-અને ખરેખર મારો પંજો દીવાલ સાથે ચોંટી ગયો હતો! ખભા પાસેથી હાથ જ ન હોય એમ મને લાગતું હતું. મારું મન, મારું દિમાગ, મારી બુદ્ધિ બહેર મારી ગયાં હોય એમ એક ઠંડો સન્નાટો આખા શરીરમાં વ્યાપી ગયો. દિમાગ અને હાથનો સંબંધ જ જાણે છૂટી ગયો. દિમાગ હાથને આજ્ઞા કરવા જાણે અસમર્થ બની ગયું હતું. મારું આજ્ઞાચક્ર જ જાણે કુંઠિત બની ગયું હતું. એ બાવાઓનું ખડખડાટ હસવું અને મજાક પણ હવે મને સંભળાતાં નહોતાં, એ મજાકમાં ભાગ લેવા મારી સામેનું ટોળું મોટું ને મોટું થતું જતું હતું...

(ક્રમશઃ)■

---

### મસ્તરામની મસ્તી

# હોય એટલું 'બટર' વાપરો... મહિલા દિવસે!

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

આજે વિશ્વ મહિલા દિવસ...

મહિલાઓને પ્રાધાન્ય આપવાનો સોનેરી અવસર આજે ગણાય. આજના દિવસે તમામ પુરુષ પોતાના ઘરમાં રહેલા મહિલા સભ્યોને શાબ્દિક રીતે ઉચ્ચ આસન પર બેસાડી ભરપૂર વખાણ કરશે. જરૂરી છે, પરંતુ મારું તો માનવું છે કે દિલથી ઈજ્જત આપો તો શાબ્દિક રજૂઆત કરવાની જરૂર નહીં. સામેવાળા સ્ત્રી પાત્રો આપણી રહેણી કહેણીને સમજી જ જાય. આમ છતાં, આ બધાં સ્ત્રી પાત્રોમાં અમુક સ્પેશિયલ પણ હોય છે, જેમકે ગર્લફ્રેન્ડ, પ્રેમિકા, ફિયાંસી, પત્ની.

આ તમામ પાત્રને વિશેષ પ્રશસ્તિની જરૂર રહે છે.

સૌથી વધારે માવજત ગર્લ ફ્રેન્ડની કરવી પડે. શરૂઆતમાં તો સવાર બપોર- સાંજ દવાના ત્રણ ડોઝ હોય તેમ મેસેજ કે રૂબરૂ એના વખાણ કરતો એક એક મેસેજ કરવો પડે.

તેના ગમા -અણગમા પ્રમાણે સરપ્રાઈઝ ગિફ્ટ આપવી પડે. ખોટે ખોટું રિસાઈ જાય ત્યારે સાચે સાચું ચાંપલુસાઈની હદ સુધી પહોંચી મનાવવી પડે. ત્યારે એ પ્રમોટ થઈ અને પ્રેમિકાના લિસ્ટમાં આવે. અહીં 'ગોરધન' ની જવાબદારી વધી જાય છે.

નાની નાની ચોકલેટ કેડબરી કે ફુલ બુકેમાં માની જતી ગર્લફ્રેન્ડ પ્રમોટ થઈ અને પ્રેમિકા બને એટલે ખર્ચ પણ વધે. વેલેન્ટાઇનનું આખું અઠવાડિયું વર્ષ આખાનું બજેટ ખોરવી નાખે. છેલ્લા છ મહિનાથી ભાઈબંધ દોસ્તારોને ચા- પાણી, ઈત્યાદિમાં કાપ મૂકી એમની સાથે કંજૂસાઈની હદ સુધી કરકસર કરી હોય ત્યારે જે ફંડ ભેગું થયું હોય તે વેલેન્ટાઈનના એક જ વીકમાં પીઝા બર્ગરના એક એક બાઈટ તથા કોલ્ડ્રિંકના ઘૂંટડે ઘૂંટડે ઊડતું જોઈ કોઈ પણ જુવાનિયાનો જીવ કળીયે કળીએ કપાતો હોય તેમ છતાં હસતા મોઢે દરેક ડે ઉજવવાના.



પ્રેમિકામાંથી સગાઈ થાય તેવા ઓછા કિસ્સા હોય છે, પરંતુ માની લો કે એની સાથે સગાઈ થઈ જાય એટલે ખર્ચ થોડો વધી જાય. તમારા ખિસ્સામાં ૫૦૦ રૂપિયા હોય તો તે લઈ અને તમને ₹૫૦ તથા પોતે પોતાના માટે સાડા ચારસો રૂપિયાનો ખર્ચ કરાવે. ગોરધન હોશે હોશે કરે પણ ખરો.

અને છેલ્લો તબક્કો એટલે પત્ની.

લગ્ન થઈ જાય એટલે શરૂઆતમાં શાહબુદ્દીન સાહેબ કહે છે તેમ 'કેટલી ગરમી છે ' શબ્દ સાંભળતા જ માઉન્ટ આબુની એસી ડબ્બાની ટિકિટ થઈ જાય. આબુરોડ ઊતરી અને બસની તો સામું પણ ન જોવે અને ટેક્સી કરી સીધા માઉન્ટ આબુ સારામાં સારી હોટલમાં આરામ ફરમાવે. આ જે જર્ની છે તે ઉમળકાની જર્ની છે. જેમ જેમ સમય વીતતો જાય તેમ તેમ વાસ્તવિકતા સમજાતી જાય.

પછી જનરલ ડબ્બામાં આબુની જર્ની ચાલુ થાય અને શેરિંગ જીપ અથવા એસટીની બસમાં આબુ ધર્મશાળામાં ઉતારો ગોઠવાય. સમય જતા ફેન્ટસીમાંથી રિયાલિટી સમજાતી હોય છે. આ બધી હસવાની વાત છે બાકી એક વાત નક્કી કે કોઈ પણ બહેનોની એ તાકાત હોય છે કે એક લાખ રૂપિયા હાથમાં આપી અને એમ કહો કે આ મહિનામાં વાપરી નાખજે તો ૨૫માં દિવસે તમારી પાસે આવી બીજા ૧૦,૦૦૦ માંગે કે ઓલા ખાલી થઈ ગયા છે બીજા આપો.! પરંતુ એ જ બહેનને હાથમાં ૧૦,૦૦૦ રૂપિયા આપી અને એમ કહો કે 'આખો મહિનો આમાંથી પૂરું કરવાનું છે. આ વખતે હાથ થોડો ખેંચમાં છે.' મહિનાના અંતમાં ૩૦૦૦ રૂપિયા પાછા આપે અને કહે કે ૭,૦૦૦ માં પૂરું થઈ ગયું છે!'

જોકે, મારે તો અહીં વાત કરવી છે મહિલા દિવસની. સાચા અને સારી ભાષામાં વખાણ કરો તો લોકોને ગમે. વાસ્તવિક પણ લાગે, પરંતુ આજકાલ સોશિયલ મીડિયામાં અમુક મહિલા એકાઉન્ટે જે ઉપાડો લીધો છે તે વાત જવા દો. તેનું કારણ હરખપદૂડાપણાની ચરમસીમા વટાવી ગયેલા પુરુષો જ છે.

રાત્રે કોઈ છોકરીના એકાઉન્ટમાં પોસ્ટ આવે કે 'ઊંઘ નથી આવતી' આટલું લખીને તે સૂઈ જાય અને હરખ પદુડા પુરુષો આખી રાત જાગી, આંખનું મટકુ માર્યા વગર, ઊંઘ માટેના નુસખા સુઝાડતા રહે.

સોશિયલ મીડિયામા છોકરી જો એક પોસ્ટ મૂકે કે

'હાથ ઉપર મચ્છર કરડી ગયું..!'

પોસ્ટ વાંચતા જ ધરતી ફાડીને અચાનક પાતાળમાંથી પ્રગટ થયેલાં બાયુઘેલા સેવાભાવી લોકોની એ પોસ્ટ પરની અમુક કોમેન્ટું ઉપરા ઉપર પડે, જેમકે ..

'ઓહ માય ગોડ...જાનું, તું ઠીક તો છે ને...? બહુ ઊંડો ઘા તો નથી થયો ને? હું એ નાલાયક મચ્છરનું લોહી પી જઈશ. છોડીશ નહીં. મને ખાલી લોકેશન મોકલ કંઈ જગ્યાએ થયું? કોર્પોરેશન ઉપર કેસ કરવો જોઈએ જો તેમણે સફાઈ ઉપર ધ્યાન દીધું હોત તો આજે તને મચ્છર ના કરડ્યું હોત.

મચ્છર એટલામાં જ હશે હું આવું છું. છોડીશ નહીં. પેલા પરસુરામની જેમ તારા એ વિસ્તારને 'ન- મચ્છ રિયો ' ન કરી નાખું તો મારું નામ બદલી નાખજે.

ઓહ બેબી, તું તારું ધ્યાન રાખજે ચંદનમાં ગુલાબજળના બે ટીપા ઉમેરી ઘા ઉપર લગાડજો ટેક કેર.

હું હમણાં ઘરે આવું છું પછી આપણે હોસ્પિટલ જઈશું. તને મચ્છરનું ઇન્ફેક્શન પણ લાગી શકે છે. ગમે તેટલો ખર્ચ થાય હું બેઠો છું. સ્વીટુ, તું ટેંશન ના લે...! '

હવે ધારો કે કોઈ છોકરાએ પણ આ જ પોસ્ટ ફેસબુક ઉપર મૂકી - 'હાથ ઉપર મચ્છર કરડી ગયું..! ' ત્યારે કેવી કેવી કોમેન્ટસ આવે?

'ડફોળ, ગટરમાં સૂતો હતો કે શું...?

તારે પણ એને કરડી લેવું હતું ને, હિસાબ બરાબર થૈ જાત...

ચાદર ઓઢીને સુવાનું રાખ, લપોડશંખ...

ફાટેલી મચ્છરદાનીમાં સૂઈશ તો આવું જ થાશે...

કછુઆ-છાપ અગરબત્તી સળગાવવાનું રાખ, ભિખારી...

લગ્ન કરી લે હવે, ઘરવાળી મચ્છરનાં ભાગનું પણ લોહી પીઇ જશે. જેથી મચ્છર બીજી વાર તારી પાસે આવતાં પહેલાં પણ વિચારશે.'

પોસ્ટ મૂકનાર પુરુષને એવું થઈ જાય કે મેં શું કામ પુરુષ તરીકે જન્મ લીધો?! ■

**વિચારવાયુઃ**

*બહેનો વગરનું વિશ્વ એટલે મીઠાં વગરની રસોઈ.*

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# એક માતાએ લખ્યું: ‘બી અ ગુડ બોય!’ ને અમેરિકન મહિલાઓનું ભાગ્ય પલટાઈ ગયું!

મૂળભૂત અધિકાર, બંધારણ બદલવાની ખેવના, ઉગ્રવાદી ચળવળ અને ચૂંટણીમાં પોતાને પણ મત આપવાનો અધિકાર છે એવું સાબિત કરવા માટે દશકાઓ સુધી લડતી રહેલી પ્રજા.!

આ બધું વાંચીને તમને જે પ્રારંભિક ખ્યાલ આવે તે કોઈ દમનકારી સરકાર સામે લડી રહેલા શોષિતોનો હોય. એક એવી સરકાર તમારા મગજમાં તાદ્રશ્ય થઇ જાય જે બંધારણ બદલી નાખવાના પ્રયત્નો કરતી હોય, પણ અહીં વાત થઇ રહી છે સ્ત્રીઓની. જગતમાં સૌથી આધુનિક, સૌથી મુક્ત ગણાતી અમેરિકન સ્ત્રીઓની!

શરૂઆતમાં જે શબ્દો વાપર્યા છે એ બધા જ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ અને વીસમી સદીના પૂર્વાર્ધ દરમિયાન અમેરિકન સ્ત્રીઓના જીવન સાથે પ્રગાઢપણે જોડાયેલા છે.




આજે ભલે મહિલા દિવસ હોય, પણ આપણે વાત હેરી ટી. બર્ન નામના એક પુરુષ વિશે કરવાની છે.

આ પુરુષનું નામ તમે ભાગ્યે જ સાંભળ્યું હશે, પણ કમસેકમ આજના દિવસે એને એક વાર યાદ કરી લેવો જોઈએ. આજના મુક્ત અમેરિકી સમાજને જાણનારાને નવાઈ લાગે એવી વાત એ છે કે અમેરિકન સ્ત્રીઓને લાંબા સમય સુધી મતાધિકાર આપવામાં નહોતો આવ્યો. પરિણામે કોઈ રાજકીય પક્ષ સ્ત્રીઓની સમસ્યાઓ કે એમને લગતા ગમે એવા મહત્ત્વના મુદ્દા પર ઝાઝું ધ્યાન નહોતો આપતો. તત્કાલીન બ્રિટિશ અને અમેરિકી સમાજમાં સ્ત્રીઓની પરિસ્થિતિ પ્રમાણમાં ઘણી નબળી હતી. ખાટલે મોટી ખોડ એવી કે સ્ત્રીઓને કાયદાકીય રક્ષણ પણ નજીવું જ મળતું! એ વખતે અમેરિકાએ પોતાના બંધારણનો ઘણોખરો હિસ્સો બ્રિટિશ બંધારણ અને સિદ્ધાંતો પર આધારિત રાખેલો. બ્રિટન સહિતના યુરોપિયન દેશો વિશ્વના બીજા દેશોને ગુલામ બનાવીને આખા વિશ્વમાં પોતાનાં થાણા સ્થાપવામાં વ્યસ્ત હતા. એ સમયગાળો ‘કોલોનિયલ એરા’ (કે ઈરા) તરીકે ઓળખાય છે. કોલોનિયલ યુગ દરમિયાન ઇસ ૧૭૫૬માં એક લીડિયા ટાફ્ટ નામની એક માત્ર મહિલા એવી હતી, જેણે પોતાના મતાધિકારનો ઉપયોગ કરેલો. એ સિવાય બીજી કોઈ મહિલા કે ઘટના એવી જડતી નથી, જ્યાં સ્ત્રીઓએ મત આપવાના અધિકારનો ઉપયોગ કર્યો હોય. એ પછી ઠેઠ ૧૭૭૬માં ન્યૂજર્સીએ અમુક માત્રામાં સંપત્તિ ધરાવતા હોય એવા


હેરી બર્ન

તમામ સ્ત્રી-પુરુષને મતાધિકાર આપ્યો. બીજા શબ્દોમાં કહીએ તો સંપત્તિ હોય એ જ મત આપી શકે! અઢારમી સદીના છેલ્લા દશકમાં તમામને મતાધિકાર આપતો કાયદો બન્યો ખરો, પણ ૧૮૦૭માં ફરી એક વાર સ્ત્રીઓ પાસેથી મતાધિકાર છીનવી લેવાયો!

એક વાર અધિકાર આપ્યા બાદ છીનવી લેવાય એ જરા વધારે પડતું હતું, પણ આવું થયું એની પાછળ જવાબદાર છે તત્કાલીન સમાજવ્યવસ્થા. અમેરિકી સમાજને લાગતું હતું કે સ્ત્રીઓને મતાધિકાર આપવાનો વિચાર અત્યંત આત્યંતિક અને ઉગ્રવાદી (extremist) છે! ત્યાં ઠેઠ અઢારમી સદીથી મહિલાઓ પોતાના મતાધિકાર માટે લડતી રહી. દશકાઓ લાંબા આ સંઘર્ષમાં લેખિત રજૂઆતો, પ્રવચનો, બૌદ્ધિકો વચ્ચેની જાહેર ચર્ચાઓ, વિવિધ પત્રોમાં છપાતા લેખોથી માંડીને ભૂખ હડતાલ, ધરણા અને પ્રદર્શનો સુધીના તમામ ઉપાય અજમાવી લેવામાં આવ્યા. સામે પક્ષે સ્ત્રીઓને મતાધિકાર આપવાના વિરોધીઓ પણ એડી ચોટીનું જોર લગાવી રહ્યા હતા. મતાધિકારની તરફેણ કરાનારા લોકોને જાહેરમાં ઉતારી પાડવાથી માંડીને જેલમાં નાખવા સુધીના રસ્તા અપનાવવામાં આવ્યા. તેમ છતાં યેન કેન પ્રકારેણ આ લડત ચાલુ રહી. એમાં વળી તરફેણ કરનારા અમુક લોકોએ પોતાની પદ્ધતિ બદલી. આખા અમેરિકામાં લડવું એના કરતાં એક પછી એક રાજ્યોની સરકારોને સમજાવવાનું સહેલું હતું એટલે એ દિશામાં કામ શરુ થયું. એ વખતે અમેરિકામાં કુલ ૪૮ રાજ્ય હતાં. એમાંથી જો ત્રણ ચતુર્થાંશ રાજ્ય એટલે કે ૩૬ રાજ્ય સ્ત્રીઓને મતાધિકાર આપવાનું નક્કી કરે તો આ બહુમતીના જોરે બંધારણમાં સુધારો કરીને આખા દેશમાં સ્ત્રીઓને મતાધિકાર આપી શકાય. દાયકાઓની લાંબી આ લડતમાં સ્ત્રીઓને મતાધિકારની તરફેણ કરનારા કેટલાય લોકોનું જીવન પૂરું થઇ ગયું. તેમ છતાં સારી બાબત એ હતી કે નવા નવા લોકો આ મુદ્દા સાથે જોડાતા ગયા. ૧૯૨૦ નો ઉનાળો આવતા સુધીમાં અમેરિકાના ૩૫ રાજ્ય સ્ત્રીઓને મતાધિકાર આપવા રાજી થઇ ગયાં. એક સમયે સ્ત્રીઓને મતાધિકાર આપવાના વિરોધી એવા તત્કાલીન અમેરિકી પ્રમુખ વુડ્રો વિલ્સનનો દ્રષ્ટિકોણ પણ સમયાંતરે બદલાયો અને એ ય તરફેણ કરતા થયા. આમ છતાં અસરકારક બહુમતી માટે હજી એક રાજ્ય ખૂટતું હતું અને પેલા હેરી ટી. બર્ન નામના પુરુષ વિષેની વાત પણ બાકી જ છે..

હવે પછી આખી વાતમાં જોરદાર વળાંક આવે છે. બાકી રહેલા ૧૩ પૈકીનાં અનેક રાજ્યોએ આને લઈને પોતપોતાની એસેમ્બ્લીમાં ચૂંટણીઓ યોજવાની ના પાડી દીધી, પણ ટેનેસી રાજ્ય તૈયાર થઇ ગયું. જો સ્ત્રીઓને મતાધિકાર મુદ્દે ટેનેસી રાજ્યના ધારાસભ્યો ચૂંટણી કરે, અને એમાં મતાધિકારની તરફેણ કરનારા મત વધુ હોય, તો ટેનેસી મતાધિકારની તરફેણ કરનારું છત્રીસમું રાજ્ય બને. એ સાથે જ બંધારણમાં સુધારો કરવાનો માર્ગ મોકળો થઇ જાય.

હવે દ્રશ્યમાં આવે છે હેરી બર્ન. માત્ર ચોવીસેક વર્ષનો હેરી એ સમયે ટેનેસીની ધારાસભામાં ચૂંટાયો હતો.. એની છાપ સ્ત્રી મતાધિકારના કટ્ટર વિરોધી તરીકેની! એ જે મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતો હતો ત્યાંના લોકોય એવા જ. જોકે, આ હેરીની માતા શિક્ષિકા હતાં. મતદાન થવાનું હતું એ પૂર્વે માતાએ પોતાના દીકરાને પત્ર લખ્યો. એમાં સ્ત્રી મતાધિકારની તરફેણમાં કેટલુંક લખ્યું, પણ એમણે છેલ્લે લખેલું વાક્ય સૌથી ચોટદાર હતું: ‘ડોન્ટ ફરગેટ ટુ બી અ ગુડ બોય. એક ઉમદા માનવી બનવાનું ભૂલતો નહિ!’

કદાચ આ વાક્ય હેરીને અસર કરી ગયું. મતદાન થયું. પરિણામ આશ્ચર્યજનક હતું. ટેનેસીના ધારાસભ્યોએ સ્ત્રી મતાધિકારની તરફેણમાં અને વિરોધમાં સરખેસરખા મતો આપેલા. માત્ર એક વધારાનો વોટ સ્ત્રીને મતાધિકાર આપવાની તરફેણમાં પડ્યો અને આ વોટ રાજકારણમાં લબરમૂછિયા ગણાતા હેરી ટી. બર્નનો હતો!

હેરીના આ એક મતને પ્રતાપે ટેનેસી સ્ત્રી મતાધિકારની તરફેણ કરનારું છત્રીસમું રાજ્ય બન્યું. એ સાથે જ ત્રણ ચતુર્થાંશ બહુમતી સિદ્ધ થતા અમેરિકન બંધારણમાં ઓગણીસમો સુધારો કરવામાં આવ્યો અને અમેરિકન સ્ત્રીઓને મતાધિકાર પ્રાપ્ત થયો! એક માતાના એક વાક્ય અને એના પુત્રના એક મતથી અમેરિકન સ્ત્રીઓનું ભાગ્ય પણ પલટાઈ ગયું !

મા જ્યારે તમને ‘ગુડ બોય’ બનવાની સલાહ આપે, ત્યારે એ સીધાસાદા શબ્દોમાં ઇતિહાસ બદલવાની ક્ષમતા હોય છે! ■

## શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# NRI લોકોની દુનિયા: કિતને પાસ... કિતને દૂર

**(આજે ગેરકાયદે ઘૂસેલા NRI લોકોને અમેરિકાથી બેડીઓ પહેરાવીને પાછા મોકલામાં આવી રહ્યા છે ત્યારે ૩૬ વરસ પહેલાનાં શરદજીના આ લેખમાં વ્યક્ત થયેલી ત્યારની પરિસ્થિતિ અને આજની સ્થિતિ તમને અદલોદલ લાગશે!)**



જે NRI અર્થાત્ વિદેશ વસતા ભારતીય લોકો અને અહીં દેશમાં રહેતા ભારતીયો સાથેની દૂરી અને નિકટતા આપણે માપીને જોવી જોઈએ.

કોણ જાણે એ કેટલા ભારતીય છે કે કેટલા વિદેશી છે? આપણે એમની પાસે એ જ આશા રાખીએ કે એ જ્યાં પણ હોય, જે પરિસ્થિતિમાં હોય, ભારતનાં નામની માળા જપતા રહે! ત્યાં ભૂખે મરે તો એ એમનું નસીબ. જો એ ત્યાં કમાશે તો એમણે આપણને તરત મનીઓર્ડર મોકલવો પડશે. જેવી રીતે ગામમાં બેઠેલો બૂઢ્ઢો બાપ મોટાં શહેરમાં સંઘર્ષ કરતા છોકરા પાસેથી મનીઓર્ડરની આશા રાખે છે, એવી જ રીતે વિદેશમાં રહેલા ભારતીયો ભારત માટે નાની-મોટી બેંક છે. એમાં દરેક વ્યક્તિ કાં તો વિજય માલ્યા હોય અથવા એમનામાં વિજય માલ્યા બનવાની શક્યતા હોય છે. એમાં જો કોઈ વૈજ્ઞાનિક હોય તો એ રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરિત હોય. એ ભારત પાછો આવી જાય અને ઓછા પગારમાં આપણી નોકરી સ્વીકાર કરે. એમાં જો મજૂર હોય તો એ ત્યાં વધારેમાં વધારે ત્યાં રહીને દિવસો કાઢે, જેથી દેશમાં બેરોજગાર લોકોની ભીડ થોડી ઓછી થાય.

હા, જો એ વેપારી કે ઉદ્યોગપતિ હોય તો એ કાયમ ભારત આવતો જતો રહે. એ વેપારની કમાઇ ત્યાં કરે અને ખર્ચ અહીં ભારતમાં કરે. ત્યાં પૈસા બનાવે અને અહીં ભારતમાં રોકાણ કરે.

આપણે ભારતની બહાર સ્થાયી થયેલા ભારતીયો સાથે બસ સારા સંબંધો રાખવા માગીએ છીએ. આપણને એમના જીવનની મીઠાશમાં ભાગ જોઈએ છે , પણ એમના જીવનની કડવાશને નકારવા માગીએ છીએ. જો એ લોકોએ વિદેશી નાગરિકતા લઈ લીધી હોય તો પણ આપણે એમને ભારતના નાગરિક જ માનીએ છીએ. જ્યારે આપણા નેતાઓ વિદેશ જાય છે ત્યારે હરખઘેલી આ NRI પ્રજા નેતાનો અને ભારતનો જય-જયકાર કરવા ભેગા થાય. એ શાહરૂખ ખાનને જોવા ભીડ જમા કરે. સોનુ નિગમ કોનસર્ટ કરવા આવે તો હોંશે હોંશે ટિકિટ ખરીદે. જ્યારે આપણી ક્રિકેટ ટીમ વિદેશ પ્રવાસે જાય ત્યારે ત્યાં રહેતા ભારતીયોએ એમનું બધું કામ છોડીને સ્ટેડિયમમાં જઈને ટીમનો ઉત્સાહ વધારવો જોઈએ.

આમ વિદેશમાં વસતા ભારતીયો પાસેથી અમને ઘણી અપેક્ષાઓ છે. ભારતમાં વસેલા નાગરિકો કરતાં વિદેશમાં વસેલા નાગરિકો પાસે આપણે વધારે અપેક્ષાઓ રાખીએ છીએ, પણ જ્યારે આરબ દેશોમાં ગરીબ ભારતીય મજૂરોની કમાઈ અને પાસપોર્ટ છીનવી લેવામાં આવે છે, જ્યારે ભારતમાંથી ગયેલી છોકરીઓની ત્યાં દુર્દશા કરવામાં આવે છે, ત્યારે આપણે ચૂપ રહીએ છીએ. જ્યારે આફ્રિકન દેશોમાં ભારતીયોના જીવ પર સંકટ આવે છે ત્યારે પણ આપણે ચૂપ રહીએ છીએ. આપણને ત્યારે એ ડિપ્લોમેટિક સંબંધનો વિચાર આવે છે જે બે દેશોની વચ્ચે હોય છે એટલે આપણો સૂર નથી બદલાતો, શબ્દો નથી બદલાતા, બસ આપણે આંખ બંધ કરી લઈએ છીએ! આપણને આરબ લોકોના પૈસા જોઈએ. એમની અનૈતિકતા એમનો મામલો છે. પછી ભલેને જ્યારે શ્રીલંકામાં તમિલોની હત્યા થાય છે ત્યારે આપણે ક્રિકેટ પ્રવાસની તૈયારીઓ કરીએ છીએ. એ તમિલો જ્યારે મરે છે ત્યારે શ્રીલંકાના તમિલ થઈ જાય છે. પારકા તમિલ, દૂરના તમિલ. જ્યાં સુધી એ લોકો જીવે છે ત્યાં સુધી એવું ઇચ્છે કે ત્યાંના તમિલો ભારત- પોતાના ઘરે પૈસા મોકલતા રહે. ભારત આવે, તીર્થયાત્રા કરે, ભારતમાં ખૂબ ખર્ચ કરે. મતલબ કે વિદેશમાં કમાયેલી પૂંજી ભારતમાં આવીને બેફામ રીતે ખર્ચે, પણ જ્યારે એમની વિદેશમાં હત્યા થાય ત્યારે આપણે ચૂપ રહીએ છીએ, કારણ કે આપણાં માટે આખરે તો એ લોકો બીજા દેશના નાગરિક જ છેને?

ટૂંકમાં જે લાભ પહોંચાડે એ ભારતીય. જે દુઃખી હોય, સમસ્યા ઊભી કરે, એ પરદેશી. અમને એમનાથી શું લેવા-દેવા? બરોબર ને?

(મૂળ લેખ ૧૯૮૯)■




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| વર્ણ | ફાંફાં |
| વલખાં | મદદ |
| વલણ | રંગ |
| વસમું | વૃત્તિ |
| વહાર | મુશ્કેલ |

### ઓળખાણ પડી?



૧૯૭૦ના દાયકામાં વર્લ્ડ ટેનિસ સ્પર્ધામાં શાનદાર દેખાવ કરી પછી કોમેન્ટેટર તરીકે ખ્યાતિ મેળવનારની ઓળખાણ પડી?

અ) જયદીપ મુખરજી બ) રમેશ કૃષ્ણન ક) પી. લાલ ડ) વિજય અમૃતરાજ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ક્ષ | ૨ મા | યા | ૩ ચ | ના | | ૪ ન | ૫ હીં | ત | ૬ ર |
| ૭ ત્રિ | યા | | ર | | ૮ સ | ન | મ | | ફે |
| ય | | ૯ અ | ણ | ૧૦ ન | મ | | ત | | દ |
| ૧૧ પ | ણ | છ | | ૧૨ વ | જ | હ | | ૧૩ કા | ફે |
| ણું | | ૧૪ ડ | મ | રો | | | ૧૫ ખ | ગ | |
| | ૧૬ પો | તું | | ૧૭ ઝ | ૧૮ ટ | પ | ટ | | ૧૯ દે |
| ૨૦ કા | ળ | | ૨૧ સ | | સ | | ૨૨ પ | ૨૩ ના | હ |
| ર્ય | | ૨૪ સ | હિ | ૨૫ ત | | ૨૬ અ | ટ | કે | લા |
| ક | | ૨૭ લા | ય | ક | | શાં | | | લિ |
| ૨૮ મ | જિ | યા | રો | | ૨૯ સં | ત | સા | હિ | ત્ય |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ૩ | | | ૪ | | ૫ |
| | | | ૬ | | | ૭ | | | |
| ૮ | | ૯ | | | ૧૦ | | | | |
| | | ૧૧ | ૧૨ | ૧૩ | | | | ૧૪ | |
| | ૧૫ | | | | ૧૬ | | | | |
| ૧૭ | | | ૧૮ | | | | ૧૯ | ૨૦ | |
| ૨૧ | | ૨૨ | | | | ૨૩ | | | |
| | | | | ૨૪ | | | | | |
| ૨૫ | ૨૬ | | ૨૭ | | | | | ૨૮ | ૨૯ |
| ૩૦ | | | | | | ૩૧ | | | |

**આડી ચાવી**

૧. પ્રસંગોપાત, કદી કદી (૬)
૪. જૈન ધર્મગ્રંથ (૩)
૬. બહાદુર, યોદ્ધો (૨)
૮. શૂળ ભોંકાતી હોય એવું દરદ (૩)
૧૦. આગાહી, ભવિષ્યનું સૂચન (૩)
૧૧. માંસ (ઘેટાં-બકરાનું) (૩)
૧૪. સાંજ (૨)
૧૫. અસ્પષ્ટ, ઝાંખું (૬)
૧૭. એકઠું થયેલું, આવક (૨)
૧૮. કમળાના રોગમાંથી --- થાય (૩)
૧૯. --- જણાવવાનું કે (૨)
૨૧. રાણી --- અને બાજ બહાદુર જાણીતી પ્રેમકથા (૪)
૨૩. રોક્કળ, બુમરાણ (૪)
૨૪. મુખ્ય શિક્ષક, શાળાના અધ્યક્ષ (૩)
૨૫. સ્મરણ, સ્મૃતિ (૨)
૨૭. શાબાશ (૨)
૨૮. વાઘા (૨)
૩૦. ઉત્સાહ, થનગનાટ (૫)
૩૧. ત્રાસેલું (૨)

**ઊભી ચાવી**

૧. આસક્તિ ના હોય એવું (૪)
૨. આકાશ, ગગન (૨)
૩. ખેતરની સીમાએ હોય (૨)
૫. મનને ગમે એવું (૫)
૭. સંવાદ, વાતચીત (૪)
૯. નાજુક, સ્નિગ્ધ, મુલાયમ (૩)
૧૨. રક્ત --- સો સો ઝોળી સમરાંગણથી આવે (૪)
૧૩. ગઝલ જેવો ઉર્દૂ કાવ્ય પ્રકાર (૩)
૧૫. માપી ના શકાય એવું (૩)
૧૬. --- પડવું એટલે નમી જવું (૨)
૧૭. આવશ્યકતા, અગત્ય, ગરજ (૫)
૧૯. સ્થળ, ઠેકાણું, (૨)
૨૦. તાજગીભર્યું, હર્યું ભર્યું (૪)
૨૨. ઉન્મત, મસ્ત, ગાંડું (૨)
૨૩. કામકાજનું ક્ષેત્ર (૪)
૨૪. અવાજ (૩)
૨૬. ઉંદર સાપનું ઘર (૨)
૨૭. --- પછી વારો (૨)
૨૯. કન્યા વરને પહેરાવે (૨)

### ગુજરાત મોરી મોરી રે

ઈબ્ન બતુતા અને માર્કો પોલો જેવી વિખ્યાત હસ્તીઓએ ગુજરાતના કયા શહેરની મુલાકાત લઈ એની પ્રશંસા કરી હતી?

અ) માંડવી બ) વાંકાનેર ક) ખંભાત ડ) અંકલેશ્વર

### જાણવા જેવું

ગણિત એટલે અંકગણિત, બીજગણિત અને ભૂમિતિ એ ત્રણેનો સમૂહ. પ્રાચીન ગણિતનું જ્ઞાન આપનારાં મુખ્ય પુસ્તકો છે: (૧) પ્રમાણમંજરી, (૨) માનવિજ્ઞાન, (૩) સાધ્વક, (૪) નિબંધન, (૫) આર્યભટ્ટ, (૬) લીલાવતી, (૭) ગોલાધ્યાય, (૮) માનસંગ્રહ, (૯) જયમધ્વમાન, (૧૦) વિમાનાદિમાન અને (૧૧) માનબોધ.

### સુડોકુ-૮૦૩૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | | | ૯ | | ૩ | |
| ૫ | | | ૮ | | | | | ૯ |
| ૧ | | ૯ | ૫ | | | | | ૪ |
| | ૪ | | | ૮ | ૨ | | | |
| | | ૫ | | | | ૬ | | |
| | | | ૬ | ૫ | | | ૧ | |
| ૨ | | | | | ૭ | ૪ | | ૬ |
| ૪ | | | | | ૮ | | | ૭ |
| | ૭ | | ૧ | | | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૩૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૧ | ૩ | ૮ | ૪ | ૯ | ૫ | ૬ |
| ૩ | ૯ | ૪ | ૬ | ૨ | ૫ | ૧ | ૮ | ૭ |
| ૮ | ૬ | ૫ | ૯ | ૭ | ૧ | ૩ | ૨ | ૪ |
| ૯ | ૩ | ૬ | ૫ | ૪ | ૭ | ૨ | ૧ | ૮ |
| ૫ | ૮ | ૭ | ૧ | ૬ | ૨ | ૪ | ૩ | ૯ |
| ૪ | ૧ | ૨ | ૮ | ૩ | ૯ | ૭ | ૬ | ૫ |
| ૬ | ૪ | ૮ | ૨ | ૯ | ૩ | ૫ | ૭ | ૧ |
| ૭ | ૫ | ૩ | ૪ | ૧ | ૮ | ૬ | ૯ | ૨ |
| ૧ | ૨ | ૯ | ૭ | ૫ | ૬ | ૮ | ૪ | ૩ |

### ચતુર આપો જવાબ

મનુષ્ય શરીરના ગળા અને નાકને અસરગ્રસ્ત કરતી અને બેક્ટેરિયાથી ફેલાતી ચેપી બીમારી કયા નામે ઓળખાય છે?

માથું ખંજવાળો

અ) કન્ઝક્ટિવાઈટિસ
બ) ઈબોલા
ક) ડિપ્થેરિયા
ડ) મિઝલ્સ

### નોંધી રાખો

યોગ્ય નિર્ણય લેતા આવડે એ સારી આવડત છે, પણ એ નિર્ણય લઈ તેને યથાર્થ ઠેરવવો એ વધુ સારી આવડત છે.

### માઈન્ડ ગેમ

૩૦૦ની ૬૦% રકમને પાંચ વડે ગુણ્યા બાદ એના અડધા કરવાથી કઈ સંખ્યા મળે એ ગણતરી કરીને જણાવો.

અ) ૫૬૦ બ) ૧૫૦
ક) ૪૫૦ ડ) ૩૮૦

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| હુન્નર | કારીગરી |
| હુરિયો | ફજેતો |
| હુલ્લડ | બખેડો |
| હેરત | આશ્ચર્ય |
| હીંડવું | ચાલવું |

ગુજરાત મોરી મોરી રે
હળવદ

ઓળખાણ પડી
પી. ગોપીચંદ

માઈન્ડ ગેમ
૧૦૦

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
લ્યુકેમિયા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મહેશ સંઘવી (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) ડૉ. પ્રકાશ કટકિયા (૫) ભારતી પ્રકાશ કટકિયા (૬) સુભાષ મોમાયા (૭) નીતા દેસાઈ (૮) ખુશરૂ કાપડિયા (૯) ભારતી બુચ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) પુષ્પા પટેલ (૧૨) મહેશ દોશી (૧૩) નૂતન વિપીન (૧૪) મીનળ કાપડિયા (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) હર્ષા મહેતા (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) અરવિંદ કામદાર (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) ભાવના કર્વે (૨૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૨૬) જ્યોત્સના ગાંધી (૨૭) રમેશ દલાલ (૨૮) ઈનાક્ષી દલાલ (૨૯) હિના દલાલ (૩૦) નયના ગિરીશ મિસ્ત્રી (૩૧) પુષ્પા ખોના (૩૨) જગદીશ ઠક્કર (૩૩) નિતિન બજરિયા (૩૪) અંજુ ટોલિયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) ચૌહાણ જયેશભાઈ પરબતભાઈ (૩૭) જયવંત પદમશી ચિખલ (૩૮) વિણા સંપટ (૩૯) દેવેન્દ્ર સંપટ (૪૦) પુષ્પા ખોના (૪૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ

# તમને દુનિયાની સફર કરાવવાની જવાબદારી લીધી છે આ માનુનીઓએ

માર્ચની એક્ઝામ પૂરી થશે એટલે સેંકડો પરિવારો દેશ-વિદેશની ટૂરમાં ઊપડી જશે. આ માટેનું પ્લાનિંગ પહેલેથી જ થઈ ગયું હોય છે અને બાળકોના વેકેશનની ડેટ પ્રમાણે ફૅમિલી રિલેક્સ થવા દુનિયાના એકાદ છેડે પહોંચી જાય છે. બજેટ અને ફરવાના ઑપ્શન ચેક કર્યા બાદ કંઈ રીતે જવું તે નક્કી થાય છે. અમુક લોકો આખી ટ્રિપ પોતાની રીતે પ્લાન કરી બધી જ એરેન્જમેન્ટ પોતે જ કરી લે છે. અમુક પરિવારો સાથે મળી ટૂર પ્લાન કરે છે, પણ એક મોટો વર્ગ એવો છે જે આમાંથી કોઈ ઝંઝટમાં પડતો નથી અને સીધો જાય છે ટૂર પ્લાન કરતી ટ્રાવેલ્સ એજન્સી પાસે. આપણે તો ભઈ મજા કરવાની બાકીની ચિંતા કરે એજન્સી. તમારી ટિકિટ બુકિંગથી માંડી હોટેલ બુકિંગ, ડે પ્લાન્સ, ફૂડ અને જરૂર પડે તો કોઈ ઈમરજન્સી આવે તોપણ આ એજન્સી જ બધું એરેન્જ કરીને આપે. આ સાથે તેમના એક્સપર્ટીસ તમને મળે અને તેમનો અનુભવ તમારા અનુભવને વધારે રોમાંચક અને આરામદાયક બનાવે. ટ્રાવેલ એજન્સીઓનો આ ઉદ્યોગ છેલ્લાં દસેક વર્ષથી ફૂલ્યોફાલ્યો છે અને તેમાં પણ ફરવાના શોખીન ગુજરાતીઓની મોનોપોલી છે. જોકે આજે આપણે વાત કરવાના છીએ આ ગુજરાતણોની જેમણે આ પડકારજનક ક્ષેત્રમાં પગ જમાવ્યો છે અને દિવસે ને દિવસે પોતાના કુનેહ અને કૌશલ્યોથી પ્રગતિ કરી રહી છે.



## આજના સમયમાં દરેક ક્ષેત્રમાં મહિલાઓનું સ્વાગત થઈ રહ્યું છે એટલે આપણી જવાબદારી વધી છેઃ

## શ્વેતલ કાણકિયા



શ્વેતલ કાણકિયા



ઘરની દીકરીઓની જેમ આજકાલ પુત્રવધૂઓ પણ સાસરિયા પક્ષના બિઝનેસમાં ભાગ ભજવતી થઈ ગઈ છે. અંધેરીમાં આવા જ એક પરિવારની યુવાન પુત્રવધૂએ બિઝનેસ તો શરૂ કર્યો, પણ પોતાનો. અંધેરી વેસ્ટમાં રહેતા કેતન કાણકિયાને ફરવાનો ખૂબ શોખ અને તેઓ દેશ-વિદેશમાં ખૂબ ફર્યા છે. ઘણીવાર તેમને એમ લાગતું કે ફરવાની મજાની સાથે સારું મનગમતું ભોજન મળવું જરૂરી છે અને ફરવાનો અનુભવ લક્ઝુરિયસ હોવો જરૂરી છે. બસ, આ વિચાર તેમણે ઘરમાં સૌની સાથે શેર કર્યો અને યુવાન પુત્રવધૂ શ્વેતલે શરૂ કરી દીધી ટ્રાવેલ એજન્સી વેલ્વેટ.

ટ્રાવેલ એજન્સીની દુનિયામાં ડગ માંડતી શ્વેતલ મુંબઈ સમાચાર સાથે વાત કરતાં જણાવે છે કે મને પપ્પાની વાત ગમી ગઈ અને મને થયું કે જે તેમને જોઈએ છે તેવું ઘણા લોકોને જોઈતું હશે. આથી તેમના બધાના સપોર્ટથી આ એજન્સી મેં શરૂ કરી અને એક જ વર્ષમાં અમને ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

શ્વેતલ કહે છે કે બિઝનેસ ફૅમિલી હોવા છતાં આ ફિલ્ડ અમારી માટે નવું હતું, આથી અમે અનુભવી લોકોને અમારી સાથે જોડ્યા. ત્યાર બાદ અમારી સ્પેશિયાલિટી શું તે નક્કી કર્યું અને જવાબ મળ્યો ફૂડ. ફરવા તો દરેક લઈ જાય છે, પણ તેની સાથે હેલ્ધી અને ટેસ્ટી ફૂડ ન મળે તો જલસો પડતો નથી. એકાદ દિવસ બહારનું ખાવાનું ખાધાં બાદ આપણને બીજા દિવસે જ ઘરનું કે ઘર જેવું ખાવાનું મન થાય છે. એક વીક કે દસ દિવસ કે તેનાથી વધારે સમયની ટૂરમાં જો ફૂડ માટે સતત સમાધાન કરવું પડે તો મૂડ બગડે છે અને તબિયત પણ.

આથી સૌથી પહેલાં ટૂર નક્કી થાય એટલે અમે ક્લાયન્ટ્સ સાથે મીટિંગ કરીએ છીએ, તે સમયે રસોઈયાને પણ હાજર રાખીએ છીએ અને તેમની પસંદનું બેસ્ટ ફૂડ અમે કઈ રીતે આપી શકીએ તેનો પ્લાન તૈયાર કરીએ છીએ. અમે ખાસ અહીંથી જ રસોઈયા અને સામગ્રી લઈ જઈ બેસ્ટ ફૂડ આપવાની કોશિશ કરીએ છીએ. જોકે અમારી સ્પેશિયાલિટી અમારી માટે ચેલેન્જ પણ છે. એક તો અહીંથી બધો સમાન લઈ જવો અને વિદેશમાં કે ઘણીવાર દેશમાં પણ ૫ સ્ટાર હોટેલોમાં કિચન એક્સેસ કરવા મળતું નથી અને ક્લાયન્ટ્સ હોટેલોમાં પણ સમાધાન કરવા માગતા નથી. આથી અમારે એવી હોટેલો શોધવી પડે છે જ્યાં કિચન એક્સેસ મળે અને તે લક્ઝુરિયસ પણ હોય. જોકે ક્યારેક આમ ન બને તો ક્લાયન્સ્ટ્સ સમજી જતા હોય છે અને કો-ઑપરેટ પણ કરે છે.

શ્વેતલ આ ફિલ્ડમાં જોવા મળતી સ્પર્ધાને આવકારે છે. તે માને છે કે દરેક જગ્યાએ સ્પર્ધા છે અને તેના લીધે જ તમે તમારાં કામ પર સતત ધ્યાન આપો છો, તમારી જવાબદારીઓ નિભાવો છો અને સતત નવું કરતા રહો છો, જેથી તમે પણ ટકી શકો અને આગળ વધી શકો.

મહિલાઓને આજના સમયમાં કામ કરવાનું વાતાવરણ કેવું મળે છે તે વિશે વાત કરતાં તે કહે છે કે આજના સમયમાં તમામ ક્ષેત્રોમાં મહિલા ખૂબ જ પ્રશંસનીય કામ કરી રહી છે. હવે તેને અલગ નજરથી જોવાતી નથી. ઊલટાનું મહિલાઓને આવકારવામાં આવી રહી છે, આથી હવે આપણે સાબિત કરવાનું છે કે આપણે જવાબદારીઓ લઈ શકીએ છીએ અને ઊંચાં શિખરો સર કરી શકીએ છીએ.

તેણે મહિલાઓને ખાસને ખાસ અપીલ કરી કે તમારામાં અપાર શક્તિ છે. આજના સમયમાં તમને સારું વાતાવરણ પણ મળે છે. તમે પણ તમારી ઓળખ બનાવો. બિઝનેસ હોય કે જીવન, પડકારો તો આવશે અને તેને ઝીલવાની ક્ષમતા બધામાં હોય છે, માત્ર પોતાના પર ભરોસો રાખી શરૂઆત કરવાની હોય છે. શ્વેતલે એમ પણ કહ્યું કે જો મહિલાઓના સાહસમાં પરિવાર પડખે આવીને ઊભો રહે તો સોનામાં સુગંધ ભળી જાય. કોઈ પણ વ્યક્તિ માટે પરિવારનું પીઠબળ મળવું ખૂબ જરૂરી છે. મારા પરિવારમાં ઘરના તમામ સભ્યો મને સાથ આપે છે અને તેથી હું મારું કામ એન્જોય કરું છું, તેમ શ્વેતલે જણાવ્યું હતું. ■

# આ બહેનપણીઓ સાથે મળી તમને કરાવે છે દુનિયાની સહેલ



રત્ના શાહ

મહિલાઓ સાથે મળે તો કિટી પાર્ટી થાય, રેસિપી શેર થાય, વધીને ફિલ્મ જોવાનો કે કપડાં-ક્રોકરીના સેલમાં જવાનો પ્લાન થાય કે વળી એક ટ્રિપ પર જઈએ તેવું નક્કી થાય, પણ બિઝનેસ થાય? હા કેમ નહીં, થાય અને સફળતાપૂર્વક થાય. ૧૯૯૬માં ચાર ગુજરાતી મહિલાઓ પરિવાર સાથે ટૂર પર ગયેલી અને ત્યાંથી તેમને લાગ્યું કે આ સેક્ટરમાં સારી ઑપરચ્યુનિટી છે અને આપણે સારું કામ કરી શકીએ તેમ છે. બસ પછી શરૂ થઈ ફ્લેમિંગો ટ્રાવેલ એજન્સી. આ એજન્સીના ફાઉન્ડર મેમ્બર છે મીતા શાહ, દીપલ શાહ, ગોપીકા જોશી અને હેતલ મુનશી. હવે તેમની સાથે ૨૦૦૮થી જોડાયેલા છે રત્ના શાહ. તો આપણે રત્ના શાહ સાથે વાત કરીશું.

રત્ના શાહ ઑસ્ટ્રેલિયાથી એમબીએની ડિગ્રી લઈને આવ્યાં અને પછી બહેને શરૂ કરેલી એજન્સીમાં જોડાયાં. ફ્લેમિંગોમાં લગભગ ૬૦ ટકા કરતાં વધારે ડિપાર્ટમેન્ટ્સના હેડ મહિલા જ છે અને આ મહિલાઓની મોનોપોલી ધરાવતી ટ્રાવેલ એજન્સી છે. દરેક ડિપાર્ટમેન્ટ પોતપોતાના ડિપાર્ટમેન્ટના નિર્ણયો લે છે અને કંપની કઈ રીતે પ્રવાસીઓનો અનુભવ સુખદ અને યાદગાર બનાવી દે તેના પર ફોકસ કરે છે.

માર્કેટમાં આટલી બધી ટ્રાવેલ એજન્સી હોવા છતાં ફ્લેમિંગોને પ્રવાસીઓ શા માટે પસંદ કરે તેમ પૂછવામાં આવતાં રત્ના કહે છે કે પર્સનલ ટચ અને અટેન્શન. તમારાં ૭૦ કે ૮૦ વર્ષનાં માતા-પિતાને પણ અમારી સાથે ઈન્ટરનેશનલ ટૂર પર મોકલતાં તમે અચકાશો નહીં, કારણ કે જેટલું તેમનું ધ્યાન તમે રાખશો તેટલું જ અમે રાખીશું. અમે દરેક ડેસ્ટિનેશન પર અમારા મૅનેજર રાખ્યા છે, તેઓ જે તે દેશના જાણીતા છે અને તેમને ખબર છે કે અમારા ક્લાયન્ટ્સ સાથે પરિવારના સભ્યની જેમ જ વર્તન કરવાનું હોય છે. અમે તેમની દરેક વાતનું ધ્યાન રાખીએ છીએ અને તેમનો અનુભવ સુખદ રહે તે અમારે પહેલી અને છેલ્લી પ્રાથમિકતા છે. આને લીધે અમારે ખાસ માર્કેટિંગ પણ કરવું પડતું નથી કારણ કે અમારી સાથે જોડાતા લોકો જ પોતાનો અનુભવ શેર કરી બીજાને પણ અમારી સાથે પ્રવાસ કરવા કહે છે. ક્લાયન્ટ્સનો ભરોસો ક્યારેય તૂટવા દેતા નથી. આવો જ એક અનુભવ શેર કરતાં રત્ના કહે છે કે એક લગભગ ૮૫ વર્ષના વૃદ્ધ ગૃહસ્થ અને તેમનાં પત્ની અમારી સાથે ટૂર પર આવ્યાં હતાં. અંકલની ઑપેરા જોવાની ખૂબ ઇચ્છા હતી, પરંતુ અચાનક તેમની તબિયત લથડી. અમે તેમની મેડિકલ કેરની બધી જ વ્યવસ્થા કરી અને તેમને ઠરીઠામ પરત પહોંચાડ્યા. એ અંકલે ફરી અમારી સાથે જ ટૂર કરી અને ઑપેરા જોવાની ઇચ્છા પૂરી કરી.

દરેક વર્કિંગ મહિલા માટે એક સવાલનો જવાબ આપવો અનિવાર્ય છે અને એ સવાલ એટલે તમે કામ અને ઘર બન્નેની જવાબદારી કઈ રીતે નિભાવો છો. આ સવાલના જવાબમાં રત્ના કહે છે કે Balance is way of life...મારી માતા એમ માનતી હતી કે સ્ત્રીએ ભણીગણીને પગભર થવું જોઈએ અને મારા સાસુનું માનવું હતું કે ઘર સંભાળવાનું કામ પણ સ્ત્રીઓ માટે જરૂરી છે. આ બન્નેની શીખ સાથે હું સહમત છું. ઑફિસ અને ઘર બન્ને હું સંભાળું છું અને આમાં મારા બન્ને પરિવારો મને સાથ આપે છે. મહિલાઓએ પોતે પણ બેવડી જવાબદારી લેવા તૈયાર રહેવું જોઈએ અને પરિવારે તેમને હિંમત અને સહકાર આપવો જોઈએ, તેમ રત્ના કહે છે. ■

# દુનિયાના નકશામાંથી નવા સ્થળો શોધી તમને પણ તેની સફરે લઈ જાય છે આ ગુજરાતણ




ફોરમ શાહ




છેલ્લાં પંદરેક વર્ષથી દેશમાં અને ખાસ કરીને વિદેશમાં જઈ ફરવાનો ટ્રેન્ડ વધ્યો છે. માત્ર શ્રીમંતો જ નહીં, ઉચ્ચ મધ્યમવર્ગ અને મધ્યમવર્ગ પણ વિદેશ પ્રવાસનું સપનું સેવે છે અને બચત કરી વિદેશોમાં ફરવા જાય છે. જોકે વિદેશોમાં વારંવાર ફરવા જવું દરેકને પરવડે તેવું નથી, પરંતુ એક મોટો વર્ગ છે જેમણે દુનિયા ખૂંદી છે અને હજુ તેમનું મન ભરાતું નથી. તેમને હજુ કંઈક નવું જોઈતું હોય છે. કોઈને પ્રકૃતિને માણવી હોય, કોઈને નવા સાહસો કરવા હોય, કોઈ દુનિયાના નવા નવા દેશોની સંસ્કૃતિ, સ્થાપત્યોને માણવા માગતું હોય, આ બધાની ડિમાન્ડ પૂરી કરવાનો કોન્ટ્રાક્ટ છે આપણા ગુજરાતી ફોરમ શાહ પાસે. વીસેક વર્ષથી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના ક્ષેત્ર સાથે જોડાયેલા ફોરમ શાહ સાત વર્ષથી પોતાની એજન્સી ફોરમ વર્લ્ડવાઈડ સફળતાપૂર્વક ચલાવે છે.

ફોરમ માત્ર ઈન્ટરનેશનલ ટૂર્સ અરેન્જ કરે છે, પરંતુ આ ક્ષેત્રમાં પણ ઘણા પ્લેયર છે ત્યારે લોકો તમારી સર્વિસ શા માટે પસંદ કરે છે તેમ પૂછવામાં આવતા ફોરમ કહે છે કે અમે એવા ડેસ્ટિનેશન પર લઈ જઈએ છીએ જે ખૂબ જ ઓછા લોકોએ એક્સપ્લોર કર્યા હોય છે અને એકદમ નવા હોય. ઈન્ડિયામાં લગભગ અમારી એજન્સી એવી હશે જે એક સાથે ૧૨૦ પ્રવાસીઓને આફ્રિકન કોન્ટિનેન્ટ ફરવા લઈ ગયા હતા. આવી જ રીતે સાઉથ અમેરિકા, ટાન્ઝાનિયા જેવા દેશોમાં અમે લોકોને લઈ જઈએ છીએ અને તેમાં પણ એવા ડેસ્ટિનેશનની સફર કરાવીએ છીએ જે તેમની માટે એકદમ નવો તાજો અનુભવ બની રહે છે. અમે સાત વર્ષમાં સાત કોન્ટિનેન્ટમાં પ્રવાસીઓને લઈ ગયા છીએ.

આવા દૂરના અવનવા દેશોમાં જાઓ છો તો વ્યવસ્થાઓ કરવાનું અઘરું નથી પડતું, ખાવા પીવાથી માંડી કોઈ ઈમરજન્સી આવે ત્યારે કઈ રીતે મેનેજ કરો છો, તેમ પૂછવામાં આવતા ફોરમ મુંબઈ સમાચારને વાત કરતા જણાવે છે કે અમે અહીંથી જ મહારાજ સાથે લઈને જઈએ છીએ અને જેટલા દિવસની ટૂર હોય તેનું મેનૂ અમે સેટ કરી લઈએ છીએ અને તેની વ્યવસ્થા પહેલેથી જ કરી લેવામાં આવે છે. હા, ટૂર પર જઈએ, અજાણ્યા દેશમાં જઈએ તો પડકારો તો આવે જ, ક્યારેક ઈમરજન્સી જેવી સ્થિતિ આવે, કોઈની તબિયત બગડે અને હૉસ્પિટલાઈઝ્ડ પણ કરવા પડે, પરંતુ આ બધું અમારી જવાબદારીનો એક ભાગ છે. આ સાથે ટ્રીપ કઈ રીતે સુખદ અનુભવ સાથે પાર પડે તે જોવાનું તો અમારું કામ છે.

ફોરમ મૂળ તો પેઈન્ટર. બાળપણથી ચિત્રકામનો શોખ, પણ પપ્પાએ કહ્યું કે તારું જ્યોગ્રાફી ઘણું સારું છે અને તું દેશ-દુનિયાનો નકશો જાણે છે તો ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સનું ક્ષેત્ર ખૂબ જ વિકસી રહ્યું છે અને તેમાં ઘણી તકો છે (આજથી વીસેક વર્ષ પહેલા). પપ્પાની વાત માની મેં બે મહત્ત્વના કોર્સ કર્યા અને ત્યારબાદ ટ્રાવેલ એજન્સી સાથે જોડાઈ. પતિ વિરલને મળી અને લગ્ન બાદ અમે આ જ ફિલ્ડમાં કામ કરી રહ્યા છે અને પ્રવાસીઓને સુખદ અનુભવો કરાવતા કરાવતા અમે પણ કેટલાય સંભારણા ભેગા કરી લીધા છે.

ફોરમ કહે છે કે ઘણા સારા અનુભવો મને આ સાત વર્ષમાં થયા છે, પણ હું એક ખાસ અનુભવ શેર કરવા માગું છું જે પેરેન્ટિંગ રિલેટેડ છે અને દરેક મમ્મી-પપ્પાને પણ જાણવો જોઈએ. એક ટૂર સમયે અમારી સાથે એક કપલ અને તેમનો લગભગ ૧૮ વર્ષનો દીકરો હતો. તેની માતાએ મને કહ્યું કે મારો દીકરો દાળભાત કે એવું નહીં ખાય, તેને લંચ અને ડિનરમાં સ્પેશિયલ ડીશ, વેરાયટી જ જોઈશે. આ અમારી માટે શક્ય છે કે નહીં તે અલગ વાત છે, પરંતુ મને તેના માતા-પિતાની આ વાત ન ગમી. એમાં છોકરાએ પણ મારી સાથે યોગ્ય રીતે વાત ન કરી. મેં એ છોકરા સાથે શરત લગાવી કે ચાલ આપણે રેસ લગાવીએ. હાલમાં તું મને આન્ટી કહે છે, પણ જો તું હારીશ તો હું તને અંકલ કહીશ. છોકરો માન્યો અને અમે રેસ લગાવી અને તે હારી ગયો. ત્યારે મેં તેના મમ્મી-પપ્પાને સમજાવ્યું કે આ તેનો નહીં તમારો વાંક છે. બાળકને હેલ્ધી ફૂડ હેબિટ્સ આપવાનું કામ પરિવારનું છે. દાળભાત કે ખીચડી કઢી આપણા માટે હેલ્ધી છે અને તેથી અમીર-ગરીબ દરેક એ ખાય છે. તે સમયે તે માતા-પિતાને મારી વાત સમજાઈ અને આજે પણ તેઓ મારી સાથે જોડાયેલા છે. ફોરમ કહે છે કે મારો ૧૩ વર્ષનો દીકરો છે અને મેં તેને તે રીતે જ ટ્રેઈન કર્યો કે તે પોતાની જવાબદારી સમજે અને દરેક પરિસ્થિતિમાં અનુરૂપ રહેતા શિખે. મારે મહિનાઓ સુધી ટૂર પર જવાનું હોય તો આવી સ્થિતિમાં કે ક્યારેક આપણે તેની સંભાળ ન લઈ શક્યા તો તે આત્મવિશ્વાસ સાથે મેનેજ કરી શકવો જોઈએ.

જેમ દરેક સફળ પુરુષ પાછળ એક મહિલા છે તેમ દરેક સફળ મહિલા પાછળ પણ પુરુષ હોય છે. તે પિતા હોય, ભાઈ હોય, પતિ હોય કે મિત્ર. ફોરમ પોતાની સફળતાના સાથીદાર પતિ વિરલને ગણાવે છે. ઘરની મહિલા અને માતા માટે બે ત્રણ મહિના ટૂર પર રહેવું સહેલું નથી, પરંતુ પતિ વિરલનો સાથ આ બધું સરળ કરી નાખે છે. ફોરમ કહે છે મને પાંખો આપનારા મારા પતિ વિરલ છે અને તેમને લીધે જ હું મારું આકાશ શોધી ઊંચી ઉડાન ઊડી શકી છું. ■

# ડૉલર સામે રૂપિયો ૨૦ પૈસા વધીને ૮૬.૯૨ પર બંધ થયો

મુંબઈ: વિદેશી હૂંડિયામણ બજારમાં ડોલર સામે શુક્રવારે રૂપિયા ૨૦ પૈસા વધીને ૮૬.૯૨ (પ્રોવિઝનલ) પર બંધ થયો હતો, કારણ કે અમેરિકન ચલણનો ઇન્ડેક્સ તેના પાંચ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો હતો અને માગની અપેક્ષાઓ ઓછી થવાને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થયો હતો.

જોકે, સ્થાનિક ઇક્વિટી બજારની અસ્થિર અફાતફડી અને વિદેશી મૂડીના અવિરત બાહ્યપ્રવાહે સ્થાનિક ચલણ પર ભાર મૂક્યો હતો, ફોરેક્સ વેપારીઓએ જણાવ્યું હતું કે, વિશ્વભરમાં ટેરિફ અસ્પષ્ટતાને કારણે જોખમ ટાળવા માટ રોકાણકારો ઇક્વિટીથી દૂર થઇ રહ્યા છે અને વિદેશી રોકાણકારો પણ વેચવાલી કરી રહ્યા છે. ઇન્ટરબેંક ફોરેન એક્સચેન્જ પર, રૂપિયો ૮૭.૧૩ પર ખુલ્યો અને ગ્રીનબેક સામે ૮૭.૨૨ના ઇન્ટ્રા-ડે નીચા સ્તરે સ્પર્શ્યો. ઇન્ટ્રા-ડે ટ્રેડ દરમિયાન યુનિટ ૮૬.૮૮ પર મજબૂત થયો અને પછી ડોલર સામે ૮૬.૯૨ (પ્રોવિઝનલ) પર બંધ થયો, જે તેના અગાઉના બંધ કરતા ૨૦ પૈસા વધારે છે.

# રિલાયન્સના શૅરમાં પચીસ ટકાના ધોવાણ બાદ બ્રોકરેજ હાઉસના અપગ્રેડેશનને પગલે ઉછાળો

મુંબઇઃ મેક્વેરી અને એમકે સહિતના સ્થાનિક અને ગ્લોબલ બ્રોકરેજ હાઉસ દ્વારા અપગ્રેડેશન બાદ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરમાં શુક્રવારના સત્ર દરમિયાન ચાર ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. નોંધવું રહ્યું કે તાજેતરમાં રિલાયન્સના શેરમાં અંડરપર્ફોમન્સ જોવા મળ્યું હતું. રિલાયન્સે બીએસઇ પર આઠમી જુલાઇએ નોંધાવેલી તેની રૂ. ૧૬૦૮.૯૫ની વિક્રમી ઊંચી સપાટીની સામે ૨૫ ટકાનો કડાકો નોંધાવ્યો હતો અને તેમાં રોકાણકારોના રૂ. ૫.૦૮ લાખ કરોડનું ધોવાણ થઇ ગયું હતું. રીટેલ સ્લો ડાઉન અને રિફાઇનીંગ માર્જિનના ઘટાડાને કારણે એફઆઇઆઇએ આ શેરમાં ભારે વેચવાલી કરી હતી. આ શેર જાન્યુઆરી ૨૦૨૪થી અત્યાર સુધીમાં બેન્ચમાર્ક નિફ્ટી સામે ૧૦ ટકા નબળો દેખાવ કર્યો હતો. વિવિધ બ્રોકરેજિસે શેરના ટાર્ગેટ પ્રાઇસમાં વધારો કર્યાના અહેવાલો પછી શુક્રવારે ઇન્ટ્રા-ડે ટ્રેડમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરનો ભાવ લગભગ ચાર ટકા વધીને રૂ. ૧,૨૫૪ સુધી પહોંચ્યો હતો. આ શેર સતત ત્રીજા ટ્રેડિંગ દિવસે ઊંચો ભાવ દર્શાવે છે, આ સમયગાળા દરમિયાન આઠ ટકાનો વધારો થયો છે.

# નિફ્ટી અણનમઃ અફડાતફડી બાદ સેન્સેક્સ ફરી નેગેટિવ ઝોનમાં લપસ્યો, મિડકૅપ શૅરોમાં પીછેહઠ અને સ્મોલ કૅપમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિવિધ પરબિળોની અસરે સેન્સેક્સ અને નિફ્ટીએ નેગેટિવ ઝોનમાં શરૂઆત કર્યા બાદ સત્ર દરમિયાન ઠીક ઠીક સુધારો પણ દર્શાવ્યો હતો. ટ્રમ્પે કેનેડા અને મેક્સિકોના ઓટો સેક્ટરની ટેરિફ એક મહિનો પાછળ ઠેલવાની કરેલી જાહેરાત, ડોલર ઇન્ડેક્સના ઘટાડા, ક્રૂડ ઓઈલના ભાવમાં ઝડપી પીછેહઠને કારણે બજારના સેન્ટિમેન્ટમાં સુધારો આવ્યો હતો.

જોકે અંતે સેન્સેક્સ નાના ઘસરકા સાથે નેગેટિવ ઝોનમાં ગબડ્યો હતો, જ્યારે નિફ્ટી મામૂલી સુધારા સાથે પોઝિટિવ ઝોનમાં ટકી રહ્યો હતો. મિડકેપ શેરોમાં પીછેહઠ અને સ્મોલકેપમાં સુધારો જોવા મળ્યો હતો.

સત્ર દરમિયાન ૨૦૦થી ૩૦૦ પોઇન્ટની રેન્જમાં અથડાઇને અંતે સેન્સેક્સ ૭.૫૧ પોઇન્ટ અથવા તો ૦.૦૧૦ ટકાના ઘસરકા સાથે ૭૪,૩૩૨.૫૮ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો અને નિફ્ટી ૭.૮૦ પોઇન્ટ અથવા તો ૦.૦૩ ટકાના સુધારા સાથે ૨૨,૫૫૨.૫૦ પોઇન્અટની સપાટી પર સ્થિર થઇ પોઝિટિવ ઝોનમાં આગળ વધ્યો હતો.

નિફ્ટીમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, નેસ્લે, બજાજ ઓટો, ભારત ઇલેક્ટ્રોનિક્સ, હિન્ડાલ્કો ટોપ ગેઇનર્સ રહ્યા હતા, જ્યારે ઇન્ડસઇન્ડ બેંક, એનટીપીસી, શ્રીરામ ફાઇનાન્સ, ઇન્ફોસિસ, એચસીએલ ટેક્નોલોજીસ ટોપ લુઝર્સની યાદીમાં હતા. ક્ષેત્રીય મોરચે, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, આઇટી, પાવર, રિયલ્ટી અડધોથી એકાદ ટકા ઘટ્યો હતો, જ્યારે કેપિટલ ગુડ્સ, એનર્જી, મેટલ, મીડિયા ઇન્ડેક્સ અડધાથી બે ટકા સુધી વધ્યા હતા. બીએસઈ મિડકેપ ઇન્ડેક્સ ૦.૩ ટકા ઘટ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૭ ટકા વધ્યો હતો.

એચપીસીએલ અને ટાટા મોટર્સે કો-બ્રાન્ડેડ ડીઝલ એક્સહોસ્ટ ફ્લુઇડ જેન્યુઇન ડીઇએફ લોન્ચ કર્યું છે. અગાઉ એસ્સાર ઓઇલ તરીકે જાણીતી નાયરા એનર્જી તેના ૨.૫૯ કરોડ આઉટસ્ટેન્ડિંગ શેર પાછાં ખરીદવા માટે શેરદીઠ રૂ. ૭૩૧ના ભાવે બાયબેક યોજના લાવી રહી છે.

કંપનીના બે લાખ રિટેલ ઇન્વેસ્ટર્સ માટે આ યોજના બહાર પડાશે. ટેસ્લાએ બીકેસીમાં મહિને રૂ. ૩૫ લાખના ભાડે ૪૦૦૦ ચોરસ ફૂટની જગ્યા મેળવી છે. બીપીસીએલ યુએસથી ઓઇલ ઇમ્પોર્ટ કરવાની તૈયારી કરી રહ્યું છે. ક્રિએટિવ વિઝ્યુઅલ ઇફેક્ટ્સ (વીએફએક્સ) સ્ટુડિયો, ફેન્ટમ ડિજિટલ ઇફેક્ટ્સ લિમિટેડે ગ્લોબલ વિસ્તરણ, ટેક્નોલોજીકલ, એઆઇ ઇન્ટિગ્રેશન તેમ જ ઓપરેશનલ ક્ષમતા વિસ્તરણ માટે ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યૂશનલ પ્લેસમેન્ટ (ક્વિબ્સ) દ્વારા રૂ. ૮૦ કરોડ સુધીના ભંડોળ એકત્ર કરવાની અને રૂ. ૫૯.૯૫ કરોડના સંપૂર્ણ કન્વર્ટિબલ વોરંટના પ્રેફરન્શિયલ ઇશ્યૂની જાહેરાત કરી છે.

એનએસઇ અને દિવ્જ ફાઉન્ડેશને નાણાકીય સાક્ષરતા અને રોકાણકાર જાગૃતિ માટે કરાર કર્યા છે. ધ ઇન્ડિયન ફાર્માસ્યુટિકલ અલાયન્સ (આઇપીએ)એ મુંબઇ ખાતે યોજેલી ધ ગ્લોબલ ફાર્માસ્યુટિકલ ક્વોલિટી સમિટ ૨૦૨૫માં નિષ્ણાતોએ ફાર્મા ક્ષેત્રે વૈશ્વિક ઉત્કૃષ્ટતા માટે ગુણવત્તાની સંસ્કૃતિ અને નવી પેઢીને પ્રોત્સાહિત કરવાની હિમાયત કરી હતી. આ વખતની થીમ નેવીગેટીંગ ધ નેક્સ્ટ ડિકેડ ફોર ગ્લોબલ એક્સલન્સ હતી.

કેનેડા અને મેક્સિકો પર ટેરિફ લાદવાનું બીજી એપ્રિલ સુધી મુલતવી રાખવાના તાજેતરના નિર્ણય સાથે ટ્રમ્પ ટેરિફ પર વિલંબ કરી રહ્યા છે તેની બજારોએ ગંભીર નોંધ લીધી છે. જિયોજિતના સીઆઇએસ ડો. વી. કે. વિજયકુમાર કહે છે કે, યુએસ પ્રેસિડેન્ટની આ હરકતથી બજારોને લાગે છે કે ટ્રમ્પ લાંબા ગાળા માટે ઊંચા ટેરિફને વળગી રહેવાને બદલે વાટાઘાટો કરવા આતુર છે. આ એ હકીકતની સ્વીકૃતિ છે કે લાંબા ગાળા માટે ઊંચા ટેરિફ દર ખૂદ અમેરિકાના અર્થતંત્ર પર પણ નકારાત્મક અસર કરશે. યુએસ શેરબજારોમાં વેચવાલી પણ એ સંકેત આપે છે કે ટ્રમ્પની નીતિઓ યુએસમાં વૃદ્ધિ અને કમાણીને અસર કરી શકે છે.

આ ઉપરાંત ચીન અને જર્મની ટ્રમ્પની નીતિઓથી તેમના સ્થાનિક અર્થતંત્રને ઉત્તેજીત કરવા માટે સુધારા અમલમાં મૂકી રહ્યા છે. વૈશ્વિક રચનામાં આ ફેરફાર શેરબજારોને અસર કરી શકે છે. ડોલર ઇન્ડેક્સ સતત નરમ પડી રહ્યો છે. અમેરિકા દ્વારા ટેરિફ લાદવાની કવાયત અને તેના ટ્રેડ પાર્ટનર્સ તરફથી તેના વળતા જવાબની પ્રતિક્રિયાઓને કારણે વૈશ્વિક ઇક્વિટી બજાર અનિશ્ચિતતામાં વધારો અનુભવી રહ્યું છે. આ અસ્પષ્ટતાને કારણે જોખમ ટાળવામાં વધારો થયો છે અને ઇક્વિટીના આકર્ષણમાં ઓટ આવી છે. ખાસ કરીને ઇમર્જિંગ માર્કેટ્સ પર અસર પડી છે, તેઓ નોંધપાત્ર આઉટફ્લોનો અનુભવ કરી રહ્યા છે.

તાજેતરમાં, એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ તીવ્ર કડાકાના સંકેતો દર્શાવે છે, જે અમેરિકન અર્થતંત્ર પર ટેરિફની સંભવિત અસર વિશે ચિંતાઓને પ્રતિબિંબિત કરે છે. તેનાથી વિપરીત, ભારતીય બજારોએ વેપાર યુદ્ધની સંભાવના હોવા છતાં મોડેથી સ્થિતિસ્થાપકતા દર્શાવી છે. જ્યારે કોર્પોરેટ કમાણીમાં સુધારો સ્થાનિક ભાવનાઓમાં નોંધપાત્ર સુધારો કરી શકે છે. કમાણીમાં સ્થિરતા અને મૂલ્યાંકનમાં સુધારો થવાને કારણે રોકાણકારો લાર્જ કેપ્સમાં ઓક્સઝપોઝર વધારી શકે છે.

દરમિયાન, નાના શેરોમાં ફરી લેવાલીનો સળવળાટ વધ્યો હતો. સ્મોલ કેપ શેરોમાં જોરદાર બાઉન્સબેક જોવા મળ્યું હતું. એકંદર માગમાં મંદીને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં સુધારો થવા ઉપરાંત ચીને જાહેર કરેલા આર્થિક સ્ટિમ્યુલસને કારણે એનર્જી અને મેટલ સેક્ટરમાં આશાવાદ જાગ્યો છે. ચીને ૧.૩ ટ્રિલિયન યુઆનના અલ્ટ્રા લોંગ ટર્મ સ્ટિમ્યુલસ બોન્ડ જારી કરવાની જાહેરાત કરી છે.

ભારત માટે આ સારા સમાચાર છે. મહત્વપૂર્ણ છે કે ભારતનો વિકાસ સુધરી રહ્યો છે અને શેરબજારનું મૂલ્યાંકન હવે વાજબી છે. સ્થાનિક ફંડોની ખરીદી કરતાં વિદેશી ફંડોની વેચવાલી વધુ હોવા છતાં, બજાર ઉપર જઈ રહ્યું છે જે રિટેલ, એચએનઆઇ અને યુએચએનઆઇની લેવાલીમાં વધારો દર્શાવે છે. આ વલણ ચાલુ રહી શકે છે, એવો અભિપ્રાય તેમણે વ્યક્ત કર્યો હતો.

જોકે, નોંધવું રહ્યું કે, ટ્રમ્પે બીજી એપ્રિલથી ભારત સહિતના દેશોને લક્ષ્ય બનાવીને પારસ્પરિક ટેરિફની જાહેરાત કરી છે. આ પગલાથી ભારતના નિકાસ ક્ષેત્રોને અસર થઈ શકે છે, જેના કારણે વાર્ષિક સાત અબજ ડોલરનું નુકસાન થઈ શકે છે. પાછલા શુક્રવારે સેન્સેક્સ ૧૪૧૪.૩૩ પોઇન્ટના જોરદાર કડાકા સાથે ૭૩,૧૯૮.૧૦ પોઇન્ટની સપાટીએ પટકાયો હતો અને નિફ્ટી ૪૨૦.૩૫ પોઇન્ટના ભયાનક કડાકા સાથે ૨૨,૧૨૪.૭૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. પાછલા સપ્તાહમાં તમામ સેક્ટરના ઈન્ડેક્સની પીછેહઠ સાથે માર્કેટ કેપમાં રૂ. ૧૮.૧૯ લાખ કરોડનો ઘટાડો અને એફઆઈઆઈની રૂ. ૨૫,૪૬૧ કરોડની ચોખ્ખી વેચવાલી જોવા મળી હતી. ૨૮ ફેબ્રુઆરીએ પૂરા થયેલા સપ્તાહે બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૭૫,૩૧૧.૦૬ના બંધ સામે ૨,૧૧૨.૯૬ પોઈન્ટ્સ (૨.૮૧ ટકા) ઘટ્યો હતો.

# એફઆઇઆઇની પાંચ માસમાં ત્રણ લાખ કરોડની વેચવાલી, ભારતીય શૅરબજારમાં હોલ્ડિંગ ૧૩ માસના તળિયે પહોંચ્યું

મુંબઇઃ ભારતીય શેરબજાર માટે નવું કેલેન્ડર વર્ષ ૨૦૨૫ અત્યારસુધી અપશુકનિયાળ રહ્યું છે. ચાલુ કેલેન્ડર વર્ષમાં અત્યારસુધી સેન્સેક્સ ૪૪૦૮.૭૮ પોઈન્ટ (૫.૬૪ ટકા), તો નિફ્ટી ૧૩૦૭.૫ પોઈન્ટ (૫.૫૩ ટકા) તૂટ્યો છે. ભારતીય શેરબજારમાં આટલા મોટા કડાકા પાછળ જવાબદાર પરિબળો પૈકી એક કારણ વિદેશી રોકાણકારોની મોટાપાયે વેચવાલી છે. વિદેશી રોકાણકારોએ છેલ્લા પાંચ માસમાં ભારતીય શેરબજારમાંથી રૂ. ૩,૨૩,૭૬૫.૨૩ કરોડનું રોકાણ પાછું ખેંચ્યું છે.આ વેચવાલીના પગલે તેમનું હોલ્ડિંગ ૧૩ માસના તળિયે નોંધાયું છે.

એફઆઈઆઈની એસેટ્સ અંડર કસ્ટડી (એયુસી) ફેબ્રુઆરી સુધીમાં રૂ. ૬૨.૩૮ લાખ કરોડ થઈ હતી. જે જાન્યુઆરી ૨૦૨૪ પછીની સૌથી નીચી સપાટી દર્શાવે છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં એયુસી રૂ. ૭૭.૯૬ લાખ કરોડની ટોચથી રૂ. ૧૫.૫૮ લાખ કરોડ ઘટી છે. ઓટો સેક્ટર્સમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી છે.

વિદેશી રોકાણકારોએ સૌથી વધુ વેચવાલી ઓટો સેક્ટરમાં નોંધાવી છે. ફેબ્રુઆરીના બીજા અર્ધમાસિકમાં એફઆઈઆઈએ ઓટો સેક્ટરમાંથી રૂ. ૩૨૭૯ કરોડનું રોકાણ પાછું ખેંચ્યું છે. હેલ્થકેર સેગમેન્ટમાં રૂ. ૨૯૯૬ કરોડ અને એફએમસીજીમાં રૂ. ૨૫૬૮ કરોડના શેર્સની વેચવાલી દર્શાવી છે.

આ સિવાય કંસ્ટ્રક્શન મટિરિયલ્સ (રૂ. ૧,૮૨૦ કરોડ), નાણાકીય (રૂ. ૧,૬૪૭ કરોડ), બાંધકામ (રૂ. ૧,૪૬૫ કરોડ) અને કેપિટલ ગુડ્સ (રૂ. ૧,૨૫૮ કરોડ) તથા કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, પાવર અને ઓઇલ એન્ડ ગેસમાંથી અનુક્રમે રૂ. ૧,૨૪૧ કરોડ, રૂ. ૧,૨૩૪ કરોડ અને રૂ. ૯૪૩ કરોડનું વેચાણ કર્યું છે.

વિદેશી રોકાણકારોએ છેલ્લા પાંચ માસ સળંગ નેટ વેચવાલી વચ્ચે ઘણા સેક્ટર્સના શેર નીચા મથાળે ખરીદ્યા પણ હતાં. ટેલિકોમ, કેમિકલ, મીડિયા સેગમેન્ટમાં એફઆઈઆઈએ ક્રમશઃ ૫૬૬૧ કરોડ, ૧૧૨ કરોડ અને ૩૪ કરોડની ખરીદી નોંધાવી હતી. એફઆઈઆઈની વેચવાલી પાછળના કારણો અનેક છે.

ચીનમાં કોવિડ મહામારી દરમિયાન નોંધાયેલી આર્થિક મંદી છેક હવે રિકવર થઈ છે. ઓક્ટોબરથી ચીનનો મજબૂત આર્થિક ગ્રોથ અને વિદેશી રોકાણકારોને આકર્ષવા આર્થિક રાહત પેકેજના પગલે એફઆઈઆઈ ચીનના બજાર તરફ ડાયવર્ટ થયા છે. જિઓ-પોલિટિકલ ક્રાઈસિસના કારણે ડોલરની સતત મજબૂતી પણ વેચવાલીનું એક કારણ રહ્યું છે. વિદેશી રોકાણકારોમાં ફેડ દ્વારા વ્યાજના દરોમાં ઘટાડાની ભીતિ તેમજ છેલ્લા બે વર્ષથી મજબૂત તેજી સાથે વેગવાન બનેલા ભારતીય શેરબજારમાંથી પ્રોફિટ બુક કરવાનું વલણ જોવા મળ્યું છે.

નિષ્ણાતોના મતે ઓવરસોલ્ડ માર્કેટમાં ટેક્નિકલી રિકવરી જોવા મળી શકે છે. જો કે, એફઆઈઆઈ આ રિકવરીમાં ભાગ લેશે કે કેમ તે તો વૈશ્વિક પરિબળો જ નક્કી કરશે.

વિદેશી રોકાણકારોની સતત વેચવાલીએ આર્થિક ગ્રોથ મંદ પડી શકે છે, તેમજ કોર્પોરેટ્સની આવક પણ ઘટી શકે છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના અમેરિકાના આર્થિક વિકાસ લક્ષી પગલાંઓ વિદેશી રોકાણકારોને ભારતીય શેરબજારથી દૂર કરી શકે છે.

# અમેરિકા દ્વારા પચીસ ટકા ટેરિફ વચ્ચે દેશમાં સ્ટીલ આયાતમાં ચિંતાજનક વધારો

મુંબઈ : અમેરિકા દ્વારા ૨૫ ટકા ટેરિફ વચ્ચે દેશમાં સ્ટીલ આયાતમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે અને ભારત ક્રુડસ્ટીલનો બીજો મોટો ઉત્પાદક દેશ હોવા છતા નેટ આયાતકાર બન્યો છે, જેનાથી સ્થાનિક ઉદ્યોગોને ભારે નુકસાની વેઠવી પડી રહી છે. અમેરિકા દ્વારા ભારતના સ્ટીલ તથા એલ્યુમિનિયમ પર એપ્રિલથી ૨૫ ટકા ટેરિફ લાગુ કરવાની જાહેરાત કરાઈ છે ત્યારે વર્તમાન નાણાં વર્ષમાં ભારતની સ્ટીલ આયાતમાં જોરદાર વધારો થયો છે, જે આગળ જતા ભારત માટે ચિંતાની સ્થિતિ બની શકે છે. ચીન, દક્ષિણ કોરિઆ તથા જાપાન ખાતેથી ભારતની સ્ટીલ આયાત વર્તમાન નાણાં વર્ષના પ્રથમ દસ મહિનામાં વિક્રમી રહી હોવાનું પ્રાપ્ત સરકારી ડેટા જણાવે છે. વિશ્વમાં ભારત ક્રુડ સ્ટીલનો બીજો મોટો ઉત્પાદક દેશ હોવા છતાં વર્તમાન નાણાં વર્ષમાં તેણે ફિનિશ્ડ સ્ટીલની વિક્રમી આયાત કરીને નેટ ઈમ્પોર્ટર રહ્યો છે.દક્ષિણ કોરિઆ ખાતેથી ભારતે ૨૪ લાખ ટન ફિનિશ્ડ સ્ટીલની આયાત કરી છે જે ગયા નાણાં વર્ષના પ્રથમ દસ મહિનાની સરખામણીએ ૧૧.૭૦ ટકા વધુ છે. પ્રથમ દસ મહિનામાં દક્ષિણ કોરિઆ ભારત ખાતે સ્ટીલનું સૌથી મોટું નિકાસકાર રહ્યું છે. ચીન ખાતેથી આયાત આંક ૨૩ લાખ ટન જ્યારે જાપાન ખાતેથી ૧૮ લાખ ટન સ્ટીલ આયાત કરાયું હોવાનું સરકારી ડેટા જણાવે છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

O/o આસિસ્ટન્ટ કમિશનર, આર/નોર્થ વોર્ડ ઓફિસ, પહેલા માળે, રંગનાથ કેસકર રોડ, દહીંસર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૮ નં. : PCO/૮૪૦/RN/SR તારીખઃ ૦૭.૦૩.૨૦૨૫

નોટિસ

૦૭ મહિના એટલે કે ૧૭૩ દિવસો માટે RN વોર્ડમાં એન્ટિલાર્વલ ટ્રીટમેન્ટ, ફોગિંગ, માખી નિયંત્રણ અને વગેરે જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે સ્વયંસેવકોની જોગવાઈ માટે રજિસ્ટર્ડ/સહકારી/બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવાઈ છે.

રસ ધરાવતી સંસ્થાઓએ એમસીજીએમના પોર્ટલ http://portal.mcgm.gov.in પર અરજી ડાઉનલોડ કરવી અથવા તો પેસ્ટ કન્ટ્રોલ ઓફિસરની ઓફિસનો સંપર્ક સાધવો. (ઓફિસ એડ્રેસઃ O/o ધ પેસ્ટ કન્ટ્રોલ ઓફિસ આર/નોર્થ વોર્ડ ઓફિસ, ૩૦૧, ત્રીજે માળે, રંગનાથ કેસકર રોડ, દહીંસર (વે), મુંબઈ-૪૦૦૦૬૮. ટેલિ નં. ૨૮૯૨૦૨૫૭ એક્સ્ટેન્શન ૩૦૧) અરજી સુપ્રત કરવાની છેલ્લી તારીખ ૧૭/૦૩/૨૦૨૫ના કામકાજના દિવસે બ. ૦૨.૦૦ ક. પહેલાં કરવાની રહેશે.

સહી/-
આસિસ્ટન્ટ કમિશનર
R/N વોર્ડ

PRO/2729/ADV./2024-25

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો


# બુલિયન બજારમાં ચમકારોઃ શુદ્ધ સોનું ફરી ₹ ૮૬,૦૦૦ની ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ઇક્વિટી બજારમાં સુધારા સાથે એફઆઇઆઇની વેચવાલી ધીમી પડવા ઉપરાંત ડોલરની નરમાઇ વચ્ચે સ્થાનિક બુલિયન બજારમાં ખૂલતા સત્રમાં સોનાચાંદીના ભાવમાં ચમકારો જોવા મળ્યો હતો. શુદ્ધ સોનાના ભાવ ૧૦ ગ્રામે રૂ. ૮૫,૮૭૬ના પાછલા બંધ સામે રૂ. ૮૫,૯૬૬ની સપાટીએ ખૂલ્યું અને રૂ. ૮૬,૦૦૦ની સપાટી વટાવી દીધી હતી. જ્યારે સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૮૫,૫૩૨ની પાછલી બંધ સપાટી સામે આગળ વધતું રૂ. ૮૫,૬૨૨ની સપાટીએ ખૂલ્યા હતા. એ જ રીતે, હાજર ચાંદી એક દીલો દીઠ રૂ. ૯૬,૪૬૦ના પાછલા બંધ સામે ખૂલતા સત્રમાં રૂ. ૯૬,૭૯૬ પ્રતિ કિલો બોલાઇ હતી. સત્રને અંતે ૯૯૯ ટચનું શુદ્ધ સોનું પાછલા બંધ સામે દસ ગ્રામદીઠ રૂ. ૧૮૩ના સુધારા સાથે રૂ. ૮૬,૦૫૯ની સપાટી પર સ્થિર થયું હતું.

જ્યારે ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું પાછલી બંધ સપાટી સામે રૂ. ૧૮૨ના સુધારા સાથે દસ ગ્રામદીઠ રૂ. ૮૫,૭૧૪ની સપાટી પર પહોંચ્યું હતું. જ્યારે, હાજર ચાંદી એક દીલો દીઠ લેવાલીના પર્યાપ્ત ટેકાના અભાવમાં ખૂલતા સત્ર સામે સહેજ પીછેહઠ સાથે, પાછલા બંધ સામે રૂ. ૨૬૪ના સુધારા સાથે રૂ. ૯૬,૭૨૪ પ્રતિ કિલો બોલાઇ હતી. મોડી સાંજે સોનાના ભાવમાં પણ પ્રોફિટ બુકિંગ જોવાયું હતું. વૈશ્વિક સોનું ૨,૯૦૦ની સપાટી તોડી ૨,૮૯૮ ડોલરની સપાટીએ ટ્રેડ થતું હતું, જે ૨૦ ડોલરનો ઘટાડો સૂચવતું હતું. બજારની નજર અમેરિકાના જોબલેસ ડેટાની જાહેરાત અને ઇસીબીની બેઠકના નિષ્કર્ષ પર મંડાયેલી રહી હતી.

દેશાવરોમાં નવી દિલ્હી ખાતે માગમાં નરમાઈને કારણે સોનું ૮૯,૦૦૦ રૂપિયાથી નીચે ગબડ્યું હતું, જોકે ચાંદી ૫૦૦ રૂપિયા વધી હતી.

સ્થાનિક માગમાં ઘટાડો થવાને કારણે શુક્રવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાનો ભાવ ૮૯,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામથી નીચે ગબડ્યો હોવાનું ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના સાધનોએ જણાવ્યું હતું.

સત્રને અંતે નવી દિલ્હી ખાતે ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતી કિંમતી ધાતુ ૨૦૦ રૂપિયા ઘટીને ૮૮,૯૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ, જે બીજા દિવસે ઘટાડો દર્શાવે છે. ૯૯.૫ ટકા શુદ્ધતા ધરાવતું સોનું પણ ૨૦૦ રૂપિયા ઘટીને ૮૮,૫૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ બોલાયું હતું.


પશ્ચિમ રેલવે
સપ્લાય કામ

આસીસ્ટન્ટ ડિવિઝનલ મટેરિઅલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮ ટેન્ડર નં.: ૮૧૨૪૬૧૧૯A પાકતી તારીખ ૦૭.૦૪.૨૦૨૫ના ખૂલશે મંગાવે છે. વર્ણનઃ AT વેલ્ડીંગ સાધનો (કેપ પ્રી હિટીંગ સિસ્ટમ) કોમ્પ્રેસ્ડ એર બ્લોઅર મશીનની સપ્લાય કામની અંદા. કિંમતઃ ₹ ૫૪૯૬૪૪૦/- બારડીઃ ₹ ૧૦૯૯૩૦/- ઈ-ટેન્ડર દસ્તાવેજોની સુપ્રતિ માટેની બંધ થવાની તા. અને સમયઃ ૦૭.૦૪.૨૦૨૫, ૧૧.૦૦ ક. સુધી. ઈ-ટેન્ડરની ખોલવાની તારીખ અને સમયઃ ૦૭.૦૪.૨૦૨૫ના ૧૧.૦૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 1157

અમને લાઈક કરો : facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે
એન્જિનિયરિંગ કામ

ડીવીજનલ રેલવે મેનેજર (WA), પ. રે., મું. સેન્ટ્રલ, મુંબઈ-૮ ટે. નો. નં.: BCT/૨૪-૨૫/૩૦૩ તા. ૫/૩/૨૫ મંગાવે છે. કામનું સ્થળઃ ઉકાઈ-સોનગઢ-જલગાંવ સેક.: DEN/ઈસ્ટ સેક્શન હેઠળ રસ્ટેડ વોટર પાઈપલાઈનની બદલી કરવી, ૪ નં. ઓવરહેડ ટેન્ક, સમ્પ, પંપરૂમની જોગવાઈ. કામની અંદા. કિંમતઃ ₹ ૩,૨૨,૭૧,૩૫૪.૫૧ બારડીઃ ₹ ૩,૧૧,૪૦૦/- સુપ્રતિની તા. & સમયઃ ૧/૪/૨૫ ના ૧૫ ક. સુધી. ખુલવાની તા. અને સમયઃ ૧/૪/૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1154

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે
જાળવણી કામ

SR.CDO-MMCT ટેન્ડર નોટીસ નં.: CAMC-EVAC-VBE-KBI- ૨૦૧૪ તા. ૦૪.૦૩.૨૦૨૫ મંગાવે છે. કામનું સ્થળઃ ૦૬ વર્ષની મુદત માટે MMCT કોચિંગ ડેપોની VBE ટ્રેનસેટ નં. ૨૨૬૪૩૦ માટે વેક્યુમ ઈવેક્યુએશન સિસ્ટમના વ્યાપક વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ. કામની અંદાજિત કિંમતઃ ₹ ૧,૩૦,૯૭,૨૫૦.૭૦. બારડીઃ ₹ ૨,૧૫,૫૦૦/-. સુપ્રતિની તારીખ અને સમયઃ ૦૨.૦૪.૨૦૨૫ના ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૦૨.૦૪.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1152

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગઃ ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)
નં. E.E. મીકે./EI/૮૧૯૪/મેઈન્ટ. તા. ૭-૦૩-૨૦૨૫

ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ સમાપ્તિ તારીખ અને સમય ટેન્ડર સેક્શન હેઠળ B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર.નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧. | ૨૦૨૫_ MCGM_ ૧૧૫૬૩૦૧_૧ | ૦૩ વર્ષની મુદત માટે E વોર્ડમાં વાડીબંદર મુંબઈ પબ્લિક સ્કૂલ, GST ભવનની સામે, મઝગાંવ ખાતે સ્થિત આઉટડોર લિફ્ટમાં રિપેર્સ અને વ્યાપક સર્વિસિંગ અને જાળવણી. |
| ૨. | ૨૦૨૫_ MCGM_ ૧૧૫૬૩૦૩_૧ | ૦૧/૦૪/૨૦૨૫થી ૩૧/૦૩/૨૦૨૮ સુધી ૩૬ મહિનાની મુદત માટે વિવિધ BMC પ્રિમાઈસેસ ખાતે સ્થિત ૦૪ નં. લિફ્ટોની વ્યાપક સર્વિસિંગ અને જાળવણી. |
| ૩. | ૨૦૨૫_ MCGM_ ૧૧૫૬૩૦૬_૧ | ૦૧/૦૫/૨૦૨૫ સુધી ૩૬ મહિનાની મુદત માટે વિવિધ BMC પ્રિમાઈસેસ ખાતે સ્થિત ૦૭ નં. ''શિંડલર''ની વ્યાપક સર્વિસિંગ અને જાળવણી. |
| ૪. | ૨૦૨૫_ MCGM_ ૧૧૫૭૭૪૯_૧ | ૦૧/૦૩/૨૦૨૫થી ૨૯/૦૨/૨૦૨૮ સુધીની મુદત માટે વિવિધ મ્યુનિસિપલ પ્રિમાઈસિસ હોસ્પિટલો ખાતે સ્થિત ૦૫ નં. લિફ્ટોની સેમિ-વ્યાપક સર્વિસિંગ અને જાળવણી. |
| ૫. | ૨૦૨૫_ MCGM_ ૧૧૫૭૭૫૩_૧ | ૩૬ મહિના (એટલે કે ૦૧.૦૩.૨૦૨૫થી ૨૯.૦૨.૨૦૨૮ સુધી)ની મુદત માટે વિવિધ BMC પ્રિમાઈસેસ ખાતે સ્થિત ૦૮ નં. લિફ્ટોની વ્યાપક સર્વિસિંગ અને જાળવણી. |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે BMC વેબસાઈટ http://portal.mcgm.gov.in ખાતે મુલાકાત લો.

સહી/-
E.E. મિકે. (EI) મેઈન્ટ.

PRO/2733/ADV./2024-25

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# રિઝર્વ બૅંક આ મહિને ₹ ૧.૯ લાખ કરોડની લિક્વિડિટી ઈન્જેક્ટ કરશે

મુંબઈઃ રિઝર્વ બેન્કે બેન્કિંગ સિસ્ટમમાં લિક્વિડિટી સતત જાળવવાનું ચાલુ રાખ્યું છે. તેના ભાગરૂપે આરબીઆઈએ બુધવારે કહ્યું હતું કે તે આ મહિને સરકારી સિક્યુરિટીઝના ઓપન માર્કેટ પરચેઝ અને યુએસ ડોલર/રૂપી સ્વેપની કવાયત હાથ ધરીને કુલ ૧.૯ લાખ કરોડની લિક્વિડિટીનો ઉમેરો કરશે.

આરબીઆઈએ વર્તમાન લિક્વિડિટીની પરિસ્થિતિ અને નજીકના ગાળામાં ઊભી થનારી સ્થિતિનો તાગ મેળવીને બુધવારે કહ્યું હતું કે તે ઓપન માર્કેટ ઓપરેશન દ્વારા એક લાખ કરોડની સરકારી સિક્યુરિટીઝ ખરીદશે. તે ૧૨ માર્ચ અને ૧૮ માર્ચ એમ બે તબક્કામાં આ સિક્યુરિટીઝ ખરીદશે.

આ ઉપરાંત તે ૨૪ માર્ચે ૧૦ અબજ ડોલરના મૂલ્યના યુએસ ડોલર/રૂપી સ્વેપ ઓક્શન હાથ ધરશે જેની મુદત ૩૬ મહિનાની હશે. આરબીઆઈએ ગત ૨૮ ફેબ્રુઆરીએ ૧૦ અબજ ડોલરના યુએસ ડોલર-રૂપી સ્વેપ દ્વારા લોંગ ટર્મ લિક્વિડિટી ઉમેરી હતી જેને સારો એવો પ્રતિસાદ મળ્યો હતો.

આરબીઆઈએ આ સાથે કહ્યું હતું કે તે લિક્વિડિટી અને માર્કેટની પરિસ્થિતિ પર નજર રાખશે અને જરૂર લાગશે ત્યારે તે યોગ્ય પગલાં લેશે અને લિક્વિડિટી જાળવશે. દરમિયાન, શનો જીડીપી ગ્રોથ ઓક્ટોબરથી ડિસેમ્બરના ક્વાર્ટરમાં ઘટીને ૬.૩ ટકા થયો હતો. ગત વર્ષે આ ગાળામાં ગ્રોથ ૯.૫ ટકા હતો.

જોકે ચરના ૫.૬ ટકા ગ્રોથ કરતાં તેમાં વધારો થયો હતો, જે છેલ્લાં સાત ક્વાર્ટરમાં સૌથી ઓછો હતો. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસએ શુક્રવારે આ ડેટા જાહેર કર્યા હતા. તેણે આ સાથે સમગ્ર વર્ષના જીડીપીનો બીજો અંદાજ ૬.૫ ટકા આપ્યો હતો જે અગાઉ ૬.૪ ટકા આપ્યો હતો.

# અર્થતંત્રના નબળા દિવસો પૂરા, ત્રીજા ક્વાર્ટરનો જીડીપી ગ્રોથ ૬.૨ ટકા રહેશેઃ જર્મન બ્રોકરેજ

મુંબઈઃ ભારતીય અર્થતંત્ર માટે નબળા દિવસો પૂરા થયા છે અને આગામી સમયમાં ગ્રોથ વધશે. તેણે કહ્યું કે ડિસેમ્બર ક્વાર્ટરનો જીડીપી ગ્રોથ ૬.૨ ટકા રહેશે તેવો અંદાજ છે. અગાઉ સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૫.૪ ટકા ગ્રોથ નોંધાયો હતો, જે છેલ્લાં સાત ક્વાર્ટરમાં સૌથી ઓછો હતો, એમ જર્મન બ્રોકરેજ ડોઇશે બેન્કે તેના રિપોર્ટમાં જણાવ્યું છે.

ડોઈશે બેન્કના એનલિસ્ટ્સે કહ્યું હતું કે ભારતના ગ્રોથ અંગે નબળો સમય પૂરો થઈ ગયો હોય તેમ લાગે છે, મોમેન્ટમમાં સુધારો જોવા મળી રહ્યો છે, તેમ છતાં ૨૦૨૫-૨૬માં જીડીપી ગ્રોથ ૭ ટકાથી નીચો રહેશે. તેમણે કહ્યું કે જીડીપીના અંદાજ જાહેર થવાના છે, પરંતુ તે અંગે સાવચેત રહેવું પડશે.

ગત વર્ષના ડેટામાં રિવિઝનની સંભાવના જોવા મળી શકે છે. ૬૫ જેટલા હાઈ-ફ્રિક્વન્સી ઈન્ડિકેટર્સમાંથી કેટલાક ઈન્ડિકેટર દર્શાવે છે કે ડિસેમ્બર ક્વાર્ટરનો ગ્રોથ ૬.૨ ટકા રહેશે. તેમના મતે રિઝર્વ બેન્ક એપ્રિલની પોલિસી મીટિંગમાં રેપો રેટમાં વધુ ૦.૨૫ ટકાનો ઘટાડો જાહેર કરી શકે છે, જે ગ્રોથમાં મદદરૂપ થશે.

રિપોર્ટ અનુસાર ગત પોલિસી મીટિંગની મિનિટ્સ દર્શાવે છે કે એમપીસીના તમામ છ સભ્યોને લાગે છે કે રેપો રેટ રિસ્ટ્રિક્ટિવ લેવલ પર રહ્યા છે. એપ્રિલના રેટ કટ પછી આરબીઆઈનું ફોકસ લિક્વિડિટી વધારવા તરફ રહેશે અને રિયલ ઈકોનોમીમાં ૦.૫૦ ટકાના રેટ કટની અસર થાય છે કે કેમ?

એપ્રિલ પછી નજીકના ગાળામાં રેટ કટની સંભાવના નથી તેમ પણ આ રિપોર્ટમાં કહેવાયું છે. તેણે કહ્યું કે રિઝર્વ બેન્કને લિક્વિડિટીની જરૂરિયાત ધ્યાનમાં છે જ અને તાજેતરમાં ૧૦ અબજ ડોલરના સ્વેપની જાહેરાત એ દિશામાં પ્રોત્સાહક છે.

# મહારાષ્ટ્રના અર્થતંત્રનો ૭.૩ ટકાના દરે વિકાસ થશે

## વિધાનસભામાં રજૂ ૨૦૨૪-૨૫ના આર્થિક સર્વેક્ષણમાં બાંધવામાં આવ્યો અંદાજ: કૃષિ ક્ષેત્રનો વૃદ્ધિદર ૮.૭ ટકા રહી શકે

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભામાં શુક્રવારે રજૂ કરાયેલા રાજ્યના આર્થિક સર્વેક્ષણમાં જણાવાયું છે કે મહારાષ્ટ્રનો અર્થતંત્ર ૨૦૨૪-૨૫ માં ૭.૩ ટકાના દરે વૃદ્ધિ પામશે, જે ગયા નાણાકીય વર્ષમાં ૭.૧ ટકા રહ્યો હતો. આમ આ વર્ષે વિકાસદરમાં વધારો જોવા મળ્યો છે.

રાજ્યના વિકાસને વેગ આપતા મુખ્ય સેવા ક્ષેત્રનો વિકાસ દર ગયા વર્ષના ૮.૩ ટકાથી ઘટીને ચાલુ નાણાકીય વર્ષમાં ૭.૮ ટકા થવાની ધારણા છે, જોકે કૃષિ અને ઉદ્યોગ ક્ષેત્રો અનુક્રમે ૮.૭ ટકા અને ૪.૯ ટકાના દરે વૃદ્ધિ પામવાની ધારણા છે, જે ગયા વર્ષે અનુક્રમે ૩.૩ અને ૬.૨ ટકા રહ્યા હતા. રાજ્યનો જીડીપી ગયા વર્ષે ૪૦,૫૫,૮૪૭ કરોડ રૂપિયાથી વધીને ૪૫,૩૧,૫૧૮ કરોડ રૂપિયા થયો છે, જ્યારરાજ્યની માથાદીઠ આવક ગયા વર્ષે ૨.૭૮ લાખ રૂપિયાથી વધીને ૩.૦૯ લાખ રૂપિયા થઈ છે. જોકે, રાજ્યના ૩૬ જિલ્લાઓમાંથી બાર જિલ્લાઓમાં ૨૦૨૩-૨૪માં રાષ્ટ્રીય માથાદીઠ (જુઓ પાનું ૬) ▶▶

## મહારાષ્ટ્રનું દેવું જીએસડીપીના ૧૭.૩ ટકા સુધી વધશે

મુંબઈ: રાજ્ય વિધાનસભામાં શુક્રવારે રજૂ કરાયેલા આર્થિક સર્વે અનુસાર રાજ્યમાં કરજનું પ્રમાણ ગયા વર્ષની સરખામણીમાં ૧૦.૧ ટકા સુધી વધશે જ્યારે તે ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ્સ (જીએસડીપી)ના ૧૭.૩ ટકા સુધી રહેશે.

૧૭.૩ ટકા કરજ જીએસડીપીના પચીસ ટકાની હદમાં રહેશે, એમ તેમાં વધુમાં જણાવાયું હતું.

સર્વેમાં જણાવ્યાનુસાર અંદાજિત બજેટ અનુસાર હાલમાં કરજનું પ્રમાણ ૭,૮૨,૯૯૧ કરોડ રૂપિયા છે જ્યારે વ્યાજ બાકી ૫૬,૭૨૭ કરોડ છે.

કુલ કરજમાં ૮૧.૪ ટકાનું મુખ્ય યોગદાન આંતરિક કરજ છે જે (જુઓ પાનું ૬) ▶▶

## મહાવિતરણના કરજને શૅરબજારમાં લિસ્ટિંગ દ્વારા ભરપાઈ કરવાની યોજના

મુંબઈ: રાજ્ય વિધાનમંડળનું બજેટ સત્ર મુંબઈમાં ચાલી રહ્યું છે. શાસક અને વિરોધ પક્ષો વચ્ચે ક્યારેક વિવાદ, ક્યારેક બોલાચાલી તો ક્યારેક વિવિધ મુદ્દાઓ પર સર્વસંમતિ સધાઈ જાય છે. સત્રના બીજા દિવસે ધનંજય મુંડેએ રાજીનામું આપતા શરૂઆતમાં જ ધાંધલધમાલનું વાતાવરણ જોવા મળ્યું હતું. મુખ્ય પ્રધાને મુંડેના

રાજીનામાની જાણ ગૃહને કરવાને બદલે મીડિયાને જાણકારી આપી એ મુદ્દે વિપક્ષે સરકારને ઘેરી હતી. ત્યારબાદ બપોરે રાજ્યપાલના અભિભાષણ પર અભિનંદનના પ્રસ્તાવ પર બોલતા દેવેન્દ્ર ફડણવીસે જાણીતા મરાઠી કવિ સુરેશ (જુઓ પાનું ૬) ▶▶


SOUTH KOREA
SEOUL - BUSAN - JEJU
MAR - JUN GROUP DEPARTURES

10 DAYS


13 DAYS
SOUTH AFRICA
CAPE TOWN - GARDEN ROUTE - PORT ELIZABETH - PILANESBERG - SUNCITY - JOHANNESBURG
MAY - JUN GROUP DEPARTURES

TURKEY
ISTANBUL - ANKARA - CAPPADOCIA - ANTALYA - PAMUKKALE - KUSADASI
MAY - JUN GROUP DEPARTURES

12 DAYS


11 DAYS
VIETNAM
HO CHI MINH - DANANG - HOI AN - HANOI - SA PA - HA LONG BAY CRUISE
FEB - MAY GROUP DEPARTURES

AZERBAIJAN WITH GEORGIA
MAY - JUN GROUP DEPARTURES

12 DAYS

PACKAGE INCLUSIONS :- Economy Class Group Airfare • Luxurious Hotels
• શુદ્ધ શાકાહારી / જૈન જમણ. • ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા.
• એન્ટ્રન્સ ફી, VISA સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74



અજય મોદીનાં સમર વેકેશન પ્રવાસો
ગુજરાતી-પંજાબી કાઠીયાવાડી ભોજન તથા સંપૂર્ણ આયોજન ગુજરાતી ટુર મેનેજર દ્વારા

LUXURY ૧૧ દિવસ આસામ-મેઘાલયા
May 1-7-14-20-29 | June 3-9-15-21
3/4 સ્ટાર હોટલ - ૪ પ્રવાસી દીઠ એ.સી. ઈનોવા બ્રેકફાસ્ટ-લંચ-ડિનર - સાઈટસીન એન્ટ્રી ફી સાથે
Ex. ગુવાહટી એરપોર્ટ ₹59499* વ્યક્તિ દીઠ થી શરૂ

લક્ઝરી કાશ્મીર 3 સ્ટાર હોટલ APR TO JUNE DAILY ₹41900* વ્યક્તિ દીઠ થી શરૂ
APR.: 1-5-9-13-17-21-24-25-26-27-28-29-30 MAY & JUNE DAILY
૨ રાત્રિ ગુલમર્ગ - ૨ રાત્રિ સોનમર્ગ
૨ રાત્રિ શ્રીનગર - ૨ રાત્રિ પહેલગામ
સિંથન ટોપ સાઈટસીન એન્ટ્રી ફી સાથે

કાશ્મીર ૦૯ દિવસ APRIL MAY JUNE વૈશ્નોદેવી
APR.: 2-4-6-8-10-12-14-16-18-20-22-23-24 25-26-27-28-29-30 MAY & JUNE DAILY
₹25900* વ્યક્તિ દીઠ અને વધુ પીક-અપ : શ્રીનગર ડ્રોપ : જમ્મુ

પ્રિમિયમ કાશ્મીર 3 સ્ટાર હોટલ APR TO JUNE DAILY ₹32900* વ્યક્તિ દીઠ થી શરૂ
૧ રાત્રિ ગુલમર્ગ - ૧ રાત્રિ સોનમર્ગ
૧ રાત્રિ હાઉસ બોટ - ૨ રાત્રિ શ્રીનગર - ૨ રાત્રિ પહેલગામ
APR.: 2-4-6-8-10-12-14-16-18-20-22-23-24 25-26-27-28-29-30 MAY & JUNE DAILY

KANDIVALI - 63596 19321
PUNE - 92270 86539



OFF 60 FEET ROAD
RDK BELVEDERE

ARTISTIC IMPRESSION*
LUXURIOUS LIVING @ GHATKOPAR EAST
1 BHK | 2 BHK | 4 BHK
Double Height Designer Entrance lobby
G + 18 Storey Tower
Jodi Flats with deck
Fitness Center
RDK CONSTRUCTIONS
Project by Mr Nitin Kamdar Mr Rakesh Kanani
9892211170 | 9920129866
PRAKASH KAMDAR ESTATE CONSULTANT,
A/7, Morar Baug, R. B. Mehta Marg, Ghatkopar (E) Mumbai 77
Tel: 21021777-21022512 | sales@pckrealtors.com
Maha Rera No. A51800036615 maharera.mahaonline.gov.in
PRAKASH KAMDAR ESTATE CONSULTANT
marisha



PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




10 N 11 D
Vietnam
Feb - 27 | March - 08, 15 (Full), 19, 30
April - 10, 19, 30
May - 04, 11, 15, 22, 31
June - 11, 22


10 N 11 D
Japan Cherry Blossom
March: 20 (Full)
April: 02 (Special Departure), 09 (Full)
Alpine Route
April: 19 (Full) May: 09, 19


11 N 12 D
Azerbaijan with Georgia
May: 05, 12, 19
June: 02, 09, 16
July: 04, 16


12 N 13 D
Turkey
April: 15 (Full), 30
May:01 (Full), 04, 13, 15 (Full), 17,19 (Full) 20, 23, 26 | June - 05, 18

૩૦ વર્ષનો અનુભવ, ૩૦ વર્ષનો વિશ્વાસ



7 N 8 D
South Korea Cherry Blossom
Mar: 14 & 21
Apr: 02 & 09
Summer in south Korea
May: 02,12,20,25 | June: 02

સમાવેશ: ઍરફેર, ટુરિસ્ટ વિઝા, ટ્રાવેલ ઈન્શ્યોરન્સ, લક્ઝરિયસ હોટેલ, સાઈટીંગ માટે પ્રવેશ ફી, એક્ટિવીટીઝ, ભારતીય ટૂર મેનેજર, રાજસ્થાની મહારાજ*, ટીપ્સ અને બીજું ઘણું બધું
સિવાય આ ટૂર્સ તો ખરીજ
Croatia with Slovenia * Azerbaijan
*શરતો લાગુ

ઔરોરા ટ્રાવેલ્સ ટુર્સ પ્રા. લી.
AURORA TRAVEL-TOURS PVT.LTD
સંપર્ક : ઓફિસ નંબર ૭૦૨,૭મે માળે, મહાલક્ષ્મી ચેમ્બર્સ, બી.ડી. માર્ગ, મુંબઈ-૨૬, મહારાષ્ટ્ર.
ફોન : 022-23519710 / 11 / 12 / 13 / 14

| જેસલ | નીરાલી | ખુશ્બુ | વિશાલ ગોસાલિયા | ધવલ | નીલ |
|---|---|---|---|---|---|
| 98331 00845 | 9137601052 | 9820798588 | 98196 37535 | 98219 21920 | 98218 90405 |



શ્રી૧
કુલીન કુમાર હોલિડેઝ એક માત્ર ટૂર કંપની "Word of Mouth" થી પ્રગતિના પંથે
વિશાળ અને ધનાઢ્ય દેશ. કુદરતી સૌંદર્ય અપાર.
અત્યાધુનિક સિસ્ટમથી સજ્જ.
અમેરિકા
ફક્ત કુલીન કુમાર સાથે જ


| ગ્રાન્ડ અમેરિકા | ગ્રાન્ડ અમેરિકા (Without Orlando) | અમેરિકા (West Coast) | અમેરિકા (East Coast) |
|---|---|---|---|
| ૨૦ રાત્રી / ૨૧ દિવસ | ૧૬ રાત્રી / ૧૭ દિવસ | ૧૦ રાત્રી / ૧૧ દિવસ | ૦૬ રાત્રી / ૦૭ દિવસ |

ટૂર ની વિશેષતા:
▶▶ રાજસ્થાની મહારાજ બનાવશે દરરોજ બ્રેકફાસ્ટ, લંચ અને ડીનર
▶▶ ભરપુર સાઈટ સીઈંગનો સમાવેશ
▶▶ ટૂર કિંમત કોઈપણ છુપા ખર્ચ વગર
▶▶ કિંમતમા બધી જ Tips સામેલ
▶▶ ગુજરાતી, હિન્દી, ઈંગ્લીશ બોલતા નિષ્ણાંત ટૂર લીડર
▶▶ લક્ઝરી હાયટેક એ.સી. બસમાં મુસાફરી
▶▶ સ્પષ્ટ ટૂર પ્રોગ્રામ તથા પ્રામાણિક વ્યવહાર
▶▶ Internal Flights by સાઉથ વેસ્ટ
પ્રસ્થાન એપ્રિલથી સપ્ટેમ્બર સુધી દર અઠવાડિયે
Book Now NIRAJ - 9820149217 | BHAVNA - 9833973233
SCAN ME
KULIN KUMAR HOLIDAYS
Head Office: Opera House, Mumbai. Tel.: +91-22-4355 5555
sales@kulinkumar.com | www.kulinkumar.com | Toll Free: 1800 103 8055
Ahmedabad: 079-40036900 | Surat: 0261-4883555 | Pune: 020-25537344 | Mulund: 022-25695500


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**